بسم الله الرحمن الرحيم

અકીદે જુદે જુદે સબકે, સબ હેં અ

સબ હેં અ

વૅ ભાઇ મેરા દીનકા, જે સુની

જે સુની કૅલાવે નામ.

(પાનુ ૨૬૬ મકતુલ નામા ભાગ. ૨)

★

દીવાને મશાયખ

# મકતુલ નામા

ભાગ ‖ બીજો

★

ફસલ નવમી

હ૦ ઇમામ હુસેન (રદી.) ની શહાદત ના બયાન ત્થા સુન્ની જમાતના આકીદાઓનો ખુલાસાવાર તેમજ હ. પીર મશાયખના શજરાના બયાન વગેરે લખેલ છે.

★

છપાવી પ્રગટ કરનાર

અબ્દુલ ગની નસીરૂદ્દીન (સેક્રેટ્રી)

મોમિન એક્ષલસીયર એસોસીએશન.

૨૭૭, બીલાસીસ રોડ, મુંબઇ ૮.

★

આવૃતિ પહેલી
ઈ. સ. ૧૯૫૨

( કીમત પાંચ રૂપીઆ )

277

પ્રત ૫૦૦
હી. સન ૧૩૭૧

—: છપાવી પ્રગટ કરનાર :—
આ કીતાબ અબ્દુલ ગની નસીરૂદ્દીન (સેક્રેટ્રી) મોમિન એક્ષલસીયર એસોસીએશન,
૨૭૭, બીલાસીસ રોડ, મુંબઈ, ૮. અને
અલહીજાઝ પ્રીંટીંગ પ્રેસ, ૫૯ એ. બી. મોહંમદઅલી રોડ, મુંબઇ, ૩.
—: માં છપાવી પ્રગટ કરી :—

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِيْمِ

# પ્ર સ્તા વ ના

અમ્મા બાદઃ—સર્વે તારીફ અલ્લાહ તઆલા માટે છે. જે બધી દુનીયાનો સરજનહાર અને પાલનહાર છે. તેજ ઇબાદતને લાયક છે. આસમાન, ઝમીન અને તેની વચ્ચે સમાયલી કુલ કાએનાતનો માલીક છે.

બાદ આકાએ નામદાર તાજદારે મદીના હઝરત મોહંમદ મુસ્તુફા (સ.અ.વ.) પર તેમજ અહલેબેત તેમના અસહાબો અને તમામ તેમની પૈરવી કરવા વાળાઓ પર હઝારો બલકે લખો દરૂદો સલામ.

આ કિતાબ **મકતુલ નામા** ભાગ બીજો હઝરત પીર મશાયખ ચીસ્તી (રહ.) ની લખેલ **"દીવાને મશાયખની"** તેર ફસ્લોમાની આ નવમી ફસ્લ રબ્બુલે ઇઝતની મહેરબાનીથી છપાવી બહાર પાડવા અમો શક્તિ શાળી થયા છીએ સાથે સાથે મોમિન કોમના બુઝરૂગ જનાબ હાજી જમાલુદીન નુરમોહમદ સાલેહ, ગામ પીરોજપુરાવાલા અને હાજી ઇબ્રાહીમ જમાલ ઢુકા ગામ ગઢામણવાળા તેઓ એ અમારૂ ધ્યાન ઉપરની લખેલ કિતાબ તરફ **મકતુલ નામા** ભાગ બીજો છપાવી પ્રગટ કરવા માટે સલાહ આપી કે, આ કિતાબ છપાવી બહાર પાડો કારણ કે ઘણા મોમીન ભાઇઓનો તે વીશે આગ્રહ છે તેમની રાય પર ધ્યાન આપી, તે બારગાહે ઇલાહીની કૃપાથી અમો સફળ થયા છીએ.

આ કિતાબમાં હઝરત પીર મશાયખ ચીશ્તી ( રહ. ) પોતાના "મોમિન મૂરીદોને" યાને સુન્નત વલ જમાઅત ના તરીકાઓ પર ચાલવાવાળાઓને શીયા મઝહબના અકાયદોથી બચવા માટે બહુ જરૂરી બયાનો ફરમાવેલ છે જુઓ પાનુ ૨૬૫ થી ૨૭૧ મકતુલ નામા ભાગ બીજો.

**અકીદે સબ સબ કે જુદે, વે સુન્ની મન ધર બાતરે,**
**વે સુન્ની મન ધર બાત;**
**અકીદા સુન્નત જમાતકા, સહી કર આપકી જાતરે,**
**સહી કર આપકી જાત.**

(પાનુ ૨૬૫, મકતુલ નામા ભાગ ૨.)

**અકીદે હેં સબ કે જુદે, જેતે મઝહબ નામરે,**
**જેતે મહઝબ નામ;**
**ભાઇ મેરા દીન કા, જે કરે સુન્ની કે કામરે,**
**જે કરે સુન્ની કે કામ.**

(પાનુ ૨૭૦, મકતુલ નામા ભાગ ૨.)

હઝરત પીર મશાયખ ચીસ્તી ( રેહ. ) પીરી મુરીદીનો પણ ખુલાસો આ કિતાબમાં બ્યાન કરેલ છે, ને પીરી મુરીદીના ચૌદ **ખનવાદા** એમનુ પણ બ્યાન ફરમાવેલ છે. અને આપ **એક શેખ ઝાદાના** ચીશતી ખંનવાદામાં મુરીદ થઇને પીર તરીકેની ખીલાફત હાસીલ કરેલ હતી તે પણ ખુલાસાવાર બ્યાન કરેલ છે. હવે ચૌદ ખનવાદો સીવાય જે કોઇ નવો ખંવાદો જાહેર કરે તે કેવી રીતે ખાનદાની પીર કહેવાય?

મહેરબાન વાચકોને નમ્ર યાચના કરીએ છીએ કે આ કિતાબને બહુ ધીયાન દઇ શુરૂ થી આખર સુધી પઢવીજ કારણ કે પીર મશાયખ (રેહ.) એ પોતાના મોમિન મુરીદોને સમજાવાની ખાતર કેટલી મહેનત અને ઝેહમત ફરમાવી સીધો તરીકો અખત્યાર કરવાર નીચે મુજબ નુ બ્યાન ફરમાવેલ છે.

**શીયા લોક ફાસુ તમે ચાહો રે, તમે સુનો રે;**
**એક નાહી તમ વે દેખાહો રે, તમે સુનો રે.**
**તમારા હે અકીદા હે અનેરા રે, તમે સુનો રે;**
**શીયા ઓસે કરે નાહી પીયારા રે, તમે સુનો રે.**
**ઓસ કાજે તમુ કુ બુઝાયા રે, તમે સુનો રે;**
**લખી દઆં સબ હે દેખાયા રે, તમે સુનો રે.**
**હમના કે ભાઇ હોને ચાહો રે, તમે સુનો રે;**
**સુન્ની સહી હોકર આહો રે, તમે સુનો રે.**

(પાનુ ૨૬૭ મકતુલ નામા ભાગ ૨)

છેવટમા અલ્લાહ તઆલાને બેહદ એહસાન માનવો જોઇએ કે આપણોને તેના પીયારા નબી (સ અ વ )ની ઉમ્મતમાં બનાવી હઝરત પીર મશાયખ ચીસ્તી ( **રેહ** ) જેવા સાચા પીર (સત ગોર પીર મશાયખ) આપણોને અર્પણ કર્યા જેઓ એ અપણોને **"દીવાને મશાયખની"** તેર ફસ્લો જેવે મોતેબર કિતાબ લખી આપી તેના બદલ ખુદાએ તઆલાથી હઝરત પીર મશાયખ (રેહ.) પર પોતાની રેહમત ઉતારે અને કબર મુબ રક નુરથી ભરપુર કરે "આમીન".

**આકેબત કીજીયો ખેરતુ, સાહબ તુ સત્તાર રે,**
**સો દોસ્તી ખાતમ નબીકી, ભી અનુકે ચાર યાર રે.**

(કિતાબ "ખુલફાએ રાશેદીન" પીર મશાયખ)

વસ્સલાતો વસ્સલામો અલા સય્યેદીલ મુરસલીન વઆલા આલેહી વઅસહાબેહી અજમઇન.

લી૦ સેવક:

**દાઉદ હાજી શંજમોહમદ દાઉવા.**

---

આ કિતાબ છાપતી વખતે નજર ચુકથી કોઇ શબ્દોમાં અગર ભુલ જોવામાં આવે તો ભુલ પત્રાકા જોઇ શબ્દો સુધારીને વાંચવા વિનંતી કરીએ છીએ છતા કોઇ તરાહની ભુલ રહી ગઇ હોય તો દર ગુજર કરશો.

# આભાર સ્વીકાર

"પીર મશાયખ ચીશ્તી (રહ.)" ની કીતાબ **મકતુલ નામુ** ભાગ બીજો છપાઇ રહીયો હતો, તેના અમુક પેજો "મોમિન એક્ષલસીયર એસોશી-એશન ના સેક્રેટ્રી સાહેબ" તરફથી મને વાંચવા ખાતર આપ્યા તે વાચીને મારા મનમા ખુશી ઉત્પન થઇ, ને સાથે વીચાર થયો કે, અભિનંદન ના બે બોલ લખુ.

મજકુર એસોસાયેશન ઇ સ. ૧૯૪૨, ના સ્પટેંમ્બર મહીનાની પહેલી તારીખે સ્થાપના થઇ, તે સંસ્થાએ "**દીવાને મશાયખ" ની** કિતાબ **મકતુલ નામું** ભાગ પહેલો ઇ સ ૧૯૪૪માં, **ઇમાનનો** ભાગ બીજો ઇ. સ. ૧૯૪૫ માં, **ઇબાદતનો** ભાગ બીજો ઇ. સ. ૧૯૪૮ માં, અને **વીસાલ નામું** ઇ. સ. ૧૯૫૨ ના ઉપરાંત તેની ખીદમત વધીને બીલાસીસ રોડ પર આવેલી "મોમિન ગુજરાત એસોસીએશન ની ફ્રી રીડીંગ રૂમ અને લાયબ્રેરી" નામે ચાવતી, એસોસીએશનના કુશળ ને ઉતસાહી કાર્ય કરતાઓને મોમિન કોમની એવી યદગાર ખીદમત માટે, અલ્લાહ તઆલા વધુ તક આપતો રહે.

ઉપરનો ટુંકો મજમુન લખી રહીયા બાદ વીચાર થયો કે **દીવાને મશાયખની** કિતાબો બીજા બુઝરૂગોએ પણ છપાવી બહાર પાડી છે માટે તેમના પણ ટુંકસાર લખી જણાવુ. તેવો વીચાર થતાની સાથે મજકુર લાયબ્રેરીની મદદ લઇ લખવા પ્રેરાયો

અમુક વર્ષો ઉપર આપણી મોમિન કોમનુ માસીક પત્ર "મુમન મિત્ર" જનાબ **મુનશી ઇબ્રાહીમ પીરમોહમદ** સાહેબના અધિપણા નીચે લગભગ બાર વર્ષ સુધી ચાલ્યું, તેમા આપે જે મહેનત ને ઝેહમત ઉપાડી ઘણીજ કલ્મી ખીદમત કરી; ને દીલગીરી સાથે લખવું પડે છે, કે તે માસીક કોમની ખીદમત કરતુ, હોવા છતાં બંધ કરવું પડયું. કારણ કે કૌમે તે માસીક ને સહકાર આપ્યો નહિ. તેમજ જનાબ મુંનશી સાહેબે પીર મશાયખ ચીશ્તી (રહ.) નુ **જીવન ચરીત્ર** સ. હી. ૧૩૬૫ માં લખ્યું, અને **દીવાને મશાયખની** ફરસોમાંથી **મેઅરાજ નામુ** નકલ કરી હી. સ. ૧૩૫૬ માં બહાર પડયુ.

# આભાર સ્વીકાર

"પીર મશાયખ ચીશ્તી (રહ.)" ની કીતાબ **મકતુલ નામુ** ભાગ બીજો છપાઇ રહીયો હતો, તેના અમુક પેજો "મોમિન એક્ષલસીયર એસોશી-એશન ના સેક્રેટ્રી સાહેબ" તરફથી મને વાંચવા ખાતર આપ્યા તે વાચીને મારા મનમા ખુશી ઉત્પન થઇ, ને સાથે વીચાર થયો કે, અભિનંદન ના બે બોલ લખુ.

મજકુર એસોસાયેશન ઇ સ. ૧૯૪૨, ના સ્પટેંમ્બર મહીનાની પહેલી તારીખે સ્થાપના થઇ, તે સંસ્થાએ **"દીવાને મશાયખ" ની** કિતાબ **મકતુલ નામું** ભાગ પહેલો ઇ સ ૧૯૪૪માં, **ઇમાનનો** ભાગ બીજો ઇ. સ. ૧૯૪૫ માં, **ઇબાદતનો** ભાગ બીજો ઇ. સ. ૧૯૪૮ માં, અને **વીસાલ નામું** ઇ. સ. ૧૯૫૨ ના ઉપરાંત તેની ખીદમત વધીને બીલાસીસ રોડ પર આવેલી "મોમિન ગુજરાત એસોસીએશન ની ફ્રી રીડીંગ રૂમ અને લાયબ્રેરી" નામે ચાવતી, એસોસીએશનના કુશળ ને ઉતસાહી કાર્ય કરતાઓને મોમિન કોમની એવી યદગાર ખીદમત માટે, અલ્લાહ તઆલા વધુ તક આપતો રહે.

ઉપરનો ટુંકો મજમુન લખી રહીયા બાદ વીચાર થયો કે **દીવાને મશાયખની** કિતાબો બીજા બુઝરૂગોએ પણ છપાવી બહાર પાડી છે માટે તેમનો પણ ટુંકસાર લખી જણાવુ. તેવો વીચાર થતાની સાથે મજકુર લાયબ્રેરીની મદદ લઇ લખવા પ્રેરાયો

અમુક વર્ષો ઉપર આપણી મોમિન કોમનુ માસીક પત્ર "મુમન મિત્ર" જનાબ **મુનશી ઇબ્રાહીમ પીરમોહમદ** સાહેબના અધિપણા નીચે લગભગ બાર વર્ષ સુધી ચાલ્યું, તેમા આપે જે મહેનત ને ઝેહમત ઉપાડી ઘણીજ કલ્મી ખીદમત કરી; ને દીલગીરી સાથે લખવું પડે છે, કે તે માસીક કોમની ખીદમત કરતુ, હોવા છતાં બંધ કરવું પડયું. કારણ કે કૌમે તે માસીક ને સહકાર આપ્યો નહિ. તેમજ જનાબ મુંનશી સાહેબે પીર મશાયખ ચીશ્તી (રહ.) નુ **જીવન ચરીત્ર** સ. હી. ૧૩૬૫ માં લખ્યું, અને **દીવાને મશાયખની** ફરસોમાંથી **મેઅરાજ નામુ** નકલ કરી હી. સ. ૧૩૫૬ માં બહાર પડયુ.

કોમી ખીદમતના બુઝરૂગ તે લગભગ ઘણી કિતાબો ના સંગ્રહકના નામે કોમમાં મશહૂર થએલા જનાબ **હાજી જમાલુદ્દીન નુરમોહંમદ સ્વાલેહ** સાહેબને મુમન ભાઇઓમાં કોણ નહિ ઓળખતુ હોય તેમની પણ ખીદમતોનો ટુંક વૃતાંત આપવા ભાગ્યશાળી થઉં છુ, તેમને પહેલા તો "પીર **મશાયખ** ચીશ્તી (રહ.) ના હાથનુ લખેલ **દીવાને મશાયખની** તેર ફસ્લો પોતાના હાથે લખી બહાર પાડી ઉપરાંત જયાં જયાં બ્યાનો અધુરા હતા તે માટે મુમનો ના ગામડે ગામડે ફરી બહુજ શોધ ખોળ કરી ઘણી **તકલીફો** સહીને તે અધુરા બ્યાનો મેળવી પુરા કરયા. ને ખુલફાએ રાશેદીન ઇ. સ. ૧૯૨૩ માં **ઇબાદતનો** ભાગ પહેલા ઇ. સ. ૧૯૨૪ માં અને **ઇમાનનો** ભાગ પહેલા ઇ. સ. ૧૯૨૮ માં છપાવી કોમને મશાયખનો સહી તરીકો ને સાચો રસ્તો ગ્રહણ કરવા તેને પઢી ફૈઝ ઉપાડવા ખાતર બહાર પાડયો.

કોમના જવાન ઉત્સાહી વરકર જનાબ **મોહંમદ શરીફ દાદુમીયાં** દુધવાળા સાહેબ તેમને પણ દીવાને મશાયખમાંથી ગઝવાત હી. સ. ૧૩૪૧માં અને **મોજિઝાત** હી. સ ૧૩૪૩માં છપાવી કોમને સાચા માર્ગ પર અમલ કરાવ્વાની ખાતર બહાર પાડી.

મશાયખી કિતાબો દવારા ને વેહવારીક અને ઇખ્લાકી ખીદમતો કરનાર ઉપરના બુઝરૂગોને મારા હારદીક અભિનંદન આપુ છુ, ઉપરાંત અલ્લાહ તઆલાથી દુઆ કરૂ છું, કે કોમમાં આવી ખીદમતો કરવાનો વધુ મોકો તેમને મળતો રહે. ને બીજાઓને સારા કામો કરવાની તોફીક ખુદાવંદે કરીમ આપતો રહે, અને નેક અમલ કરાવે. " આમીન "

લી૦ ખાકસાર

**ગુલામ રસુલ હાજી તાજમોહંમદ**
**ભાગળવાળા.**

---

તા. ક. :—આ કિતાબ લખવા, લખાવવા, નકલ કરવા, ઉપરાંત જે સાહેબોએ અમારી મદદ કરી હોય, તેમનો આભાર સાથે અલ્લાહ તઆલાથી યાચના કરીયે છીયે, કે મદદ કર્તાઓને નેક બદલો આપેજ. "આમીન"

## પાચથી વધુ કીતાબો અગાઉથી ખરીદનાર ગ્રહસ્થોના નામ

| કીતાબો | નામ | ગામ |
|---|---|---|
| ૨૫ | હાજી અબ્દુલ ગનીભાઇ વલીભાઇ મોમિન, (સાબર કાઠાના ખરીદારો બનાવ્યા) | હીમતનગર |
| ૨૬ | દાઉદ ઇબ્રાહીમ કરડીયા (ઇસોલના ખરીદારો બનાવ્યા) | ઇસોલ |
| ૧૮ | મોહંમદ શરીફ ઇબ્રાહીમ મોળપીયા | સેવાણી |
| ૧૦ | હાજી જાનમોહંમદ હાજી નસીરૂદીન બાલવા | પીરોજપુરા |
| ૧૦ | હાજી નસીરૂદીન વલીમોહંમદ ચોધરી | મેતા |
| ૬ | હબીબ મેમનજી ચારોલીયા | સેદરાણા |
| ૫ | હાજી ઇબ્રાહીમ નસીરૂદીન ચોધરી | મેતા |
| ૫ | સુલેમાન રાજમોહંમદ મરેડીયા | સેમોદરા |
| ૫ | હાજી તાજમોહંમદ જાનમોહંમદ અથાણીયા | બસુ |
| ૫ | હાજી સુલેમાન મેમનજી અથાણીથા | બસુ |
| ૫ | તુરમોહંમદ જલાલુદીન બાલસોણીયા | પીરોજપુરા |
| ૫ | દાઉદ હાજી તુરમોહંમદ સુણસરા | પીરોજપુરા |
| ૫ | અબ્દુલ અલીમ વલીમોહમદ રણાસરીયા | બસુ |
| ૫ | અબ્દુર રહીમ ઇસુફ ભોરણીયા | ડુગરીયાસણા |
| ૫ | હાજી રાજમોહંમદ વલીમોહમદ કરડીયા | સેદરાણા |
| ૫ | હાજી જમાલુદીન વલીમોહંમદ હુકા | અમરપુરા |
| ૫ | હાજી ઇબ્રાહીમ પીરમોહંમદ સેલીયા | ગઢામણ |
| ૫ | હાજી સુલેમાન કરીમોહંમદ વગડીયા | તેનાવાડા |
| ૫ | હાજી વલીમોહંમદ દાઉદ સેલીયા | ફતેહગઢ |
| ૫ | ઇબ્રાહીમ તુરમોહંમદ બાલવા | વદાણી |
| ૫ | સુલેમાન મીયાજી ભોરણીયા | ભાલવણ |
| ૫ | મુનશી હાજી ઇબ્રાહીમ મીયાજી કાંઝી | મજાદર |
| ૫ | હબીબ દાઉદ (નાસરી રેસ્ટોરેન્ટ) | સેવાણી |
| ૫ | સુફી હાજી ઇસુફ તુરમોહંમદ | ભાગળ |
| ૫ | હાજી ફતે મોહંમદ હાજી જાનમોહંમદ સાજી | ભાગળ |
| ૫ | હાજી દોસ્તમોહંમદ જીવા | ડેડલોલ |
| ૫ | હાજી તુરમોહંમદ અલીજી મુખી | ભાગળ |
| ૫ | હાજી અલાઉદીન હાજી મોહંમદ | મેતા |
| ૫ | હાજી હબીબ હાજી કરીમ મોહંમદ | ડેડલોલ |
| ૫ | હાજી ઇસુફ હાજી જમાલુદીન સુણસરા | ડેડલોલ |
| ૫ | હાજી વલીમોહંમદ જલાલુદીન | ડેડલોલ |
| ૫ | હબીબ હાજી વલીમોહંમદ (હીજાઝ રેસ્ટોરેન્ટ) | રસલુપુર |
| ૫ | દોસન ઇસુફ સેલીયા | ડેડલોલ |
| ૫ | ઇસુફ હાજી દોસ્તમોહમદ | ડેડલોલ |
| ૫ | હાજી ઇબ્રાહીમ હાજી રાજમોહંમદ પટેલ | પીરોજપુરા |
| ૫ | હબીબ હાજી તુરમોહંમદ કડીવાળ | મજાદર |

# મકતુલ નામા ભાગ બીજાનુ સાંકળ્યું.


| પાનુ નં. | બ્યાન નં. | વિગત |
|---|---|---|
| ૧ | ૩૦૮–૧ | શેહઝાદાઓના ઓરમાન ભાઇઓનો જંગ |
| ૫ | ૩૧૨–૫ | અલી અબ્બાસનો જંગ |
| ૧૬ | ૩૨૨–૧૫ | અલી અકબરનો જંગ |
| ૨૬ | ૩૩૨–૨૫ | ઇમામ હુસેનનો જંગ |
| ૬૮ | ૩૭૪–૬૭ | કબુતરોનુ લોહીમા લોટી મદીના મુનવ્વરા જવું |
| ૬૯ | ૩૭૫–૬૮ | અહલેબેતનો ખેમો (તંમ્બુ) લુટવો |
| ૭૪ | ૩૮૦–૭૩ | ખોલી બીન યઝીદ અને તેની ઔરત |
| ૮૧ | ૩૮૭–૮૦ | શીશ અને અહલેબેતનુ કુફે જવું |
| ૮૧ | ૩૮૭–૮૦ | ઝીયાદનો બેટો અને એક અસહાબી |
| ૮૯ | ૩૯૪–૮૭ | શીશની એક અસહાબીથી વાતો કરવી |
| ૯૯ | ૪૦૪–૯૭ | ખનુકના બેટાનો કીસ્સો |
| ૧૦૫ | ૪૦૯–૧૦૨ | ડેરાના પુંજારાનો કીસ્સો |
| ૧૨૦ | ૪૨૪–૧૧૭ | અકલન સહેરમાં જરીર ખજાઇનો કીસ્સો |
| ૧૨૯ | ૪૩૩–૧૨૬ | યઝીદે શીશ મંગાવી કતલ બાબત પુછવુ |
| ૧૩૨ | ૪૩૬–૧૨૯ | યઝીદ અને એક સહાબાનો કીસ્સો |
| ૧૩૪ | ૪૩૮–૧૩૧ | યઝીદ અને એક યહુદીનો કીસ્સો |
| ૧૩૮ | ૪૪૧–૧૩૪ | યઝીદને એક નસારાએ આપેલી દલીલ |
| ૧૪૮ | ૪૫૧–૧૪૪ | યઝીદે અહલેબેતથી કરેલી વાત ચીત |
| ૧૫૪ | ૪૫૭–૧૫૦ | ઝેનુલઆબેદીન અને યઝીદની વાત ચીત |
| ૧૭૦ | ૪૭૨–૧૬૫ | ઇમામ હુસેનની બેટી અને તેનો ખ્વાબ |
| ૧૭૮ | ૪૮૧–૧૭૪ | અહલેબેતનુ દમીશ્કથી મદીના મુનવ્વરા રવાના થવુ |
| ૧૮૪ | ૪૮૭–૧૮૦ | અહલેબેતનુ મદીને આવ્વુ અને હઝરતના રોઝાની ઝીયારત કરવી. |
| ૧૮૯ | ૪૯૩–૧૮૬ | વઇલના બેટાનુ બ્યાન |
| ૧૯૨ | ૪૯૨–૧૮૫ | મોહંમદ હનીફનો જંગ |
| ૨૨૩ | ૫૨૩–૨૧૬ | કયામતમા ઇમામોના માટે બીબી ફાતમા (રદી.)ની ફરીયાદ. |
| ૨૩૨ | ૫૩૧–૨૨૪ | આસુરાનુ બ્યાન |
| ૨૩૬ | ૫૩૫–૨૨૮ | બાર ઇમામની ઔલાદ અને કુનીયત |
| ૨૬૭ | ૫૬૩–૨૫૬ | ચઉદ માસુમના રદનુ બ્યાન |
| ૨૭૦ | ૫૬૬–૨૫૯ | પીર મશાયખનુ નસલ નામુ ઇમામ ઇસમાઇલથી |
| ૨૯૩ | ૫૮૬–૨૭૯ | પીર મશાયખે મુરીદોને કરેલી નસીહત |
| ૩૧૧ | ૬૦૦–૨૯૩ | પીર મશાયખના પીરોનો શજરો |
| ૩૧૭ | ૬૦૬–૨૯૯ | ચઇદ ખનવાદા |
| ૩૧૮ | ૬૦૭–૩૦૦ | પટેલ અને પેડારનુ બ્યાન |

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

## દીવાને મશાયખ-ફસલ નવમી

# મકતુલ નામા ભાગ-૨ જો

—: ✻ :—

૩૦૮—૧

ઓનુ બાજ આયે, ઉસમાન બિન અલી રે કહીયે;
એ ભી ઓરમાઇ, શેહઝાદેકે ભાઇ રે લહીયે. ૧
ઓનુ શેહઝાદે પાસ આવ, રજા રે મંગાઇ;
એ રજા તો શેહઝાદે ને, દીતી રે સોણાઇ. ૨
ઓનુ ધસ આવ, મેદાન રણકા લીતા;
અને ☆મુબારજ ઓનુ ને, તલબ રે કીતા. ૩
હો મુબારજ ઓનુ કે, સામી આયા ÷કો' નાંહાં;
તબ ઘોડા તો ડાલા, ઓનુ ફોજ કે માંહાં. ૪

☆ સીપાહી લડવા વાળો ÷ કોઇ

તબ માર માર કહીયુંકુ, લે ઘોડેથી ગિરાયે;
અને કહીયું કે સર કાટ, લે ધુળમાં બાયે. ૫
એ તે ઓનુ તો શહાદત, ઑાસ ઠામ પાઇ;
બૅાત દુશમન મારે, ઐસી કરને લડાઈ. ૬
ઓનુ બાજ આયે, અનસારી રે જાનો;
એ મુરતુઝા અલી કે. એ ભી બેટે પછાનો. ૭
એ શેહઝાદેકે ઓરમાઇ, ભાઇ રે સહી;
કાજ અરજ આવ, શેહઝાદેકુ કહી. ૮
પણ શેહઝાદેને રજા. દીતી રે નાંહાં;
તબ *રદબદલ હુઇ, બૅાત અસ રે માંહાં. ૯
બીજી વાર કૅ કર રજા. અનુ માગ રે લીતી;
અને રણ માંહે ચલકર, આયે બાત રે સોણીતી. ૧૦

( રે તું હી )

સુન સુન ભાઇ દીનકે, દલમાં રાખો બેન રે,
દલમાં રાખો બેન;
* * * સુનતે, નસીહત કેરે કેન રે,
નસીહત કેરે કેન. ૧૧

૩૦૯—૨

તબ ઓનુને સવાર હો, ઘોડા રે દલાયા;
સહી ગુસ્સા તો પુરા, મન રે આયા. ૧
અને ઘોડા તો ડાલા, ઑાસ લશકર માંહાં;
ઓનુ મોબારજ રણમા, માગા રે નાંહાં. ૨
બેગે સત્તર તો દુશમન, ફના રે કીતે;
માર શીશ તો કાટ કર, લે જમીંમા દીતે. ૩
તબ હજાર દોને, લે ☆કુડે રે બાયે;
તબ શમશેર લેકર, સામી ઓનુકે આયે. ૪

* વાત ચીત, બાંધ છોડ ☆ ઘેરામા

કે શમશેર તલે, કહી ફના રે કરાયે;
કે દોનુરે હઝાર, માર ખેત રે ભરાયે, ૫
એતે બેગેસુ ચલકર, પાસ શેહઝાદેકે આયે;
સો નેહ કાજ મિલનેકુ, આયે રે સોણાયે. ૬
બાત ઝખમી હુવડે, યું શેહઝાદેને આખા;
તમ આસ કાજ તંબુમા, જાહો રે દાખા. ૭
સો ખીમેમા જાકર, પટા રે બંધાહો;
અને ઘાવ હો સેતી, કુછ આરામ રે પાહો. ૮
એ શેહઝાદે કી બાત, સુન ઓનુને લીતી;
એ સુન સુન મુમનુ, એતી ચંતારે કીતો. ૯

[ રે તું હી ]

અનુ માર ફોજ્જુ ભાનકર, આયે શેહઝાદે પાસ રે,
આયે શેહઝાદે પાસ;
શેહઝાદે કહે બેઠો સહી, ઘાવ ☆ભાનાને આશ રે,
ઘાવ ભાનાને આશ. ૧૦

૩૧૦—૩

આખા ÷બુઝુર્ગવાર, તમે ભાઇ રે મેરે;
કંવે ઓન મોજે જંગમા, જાને દો રે સવેરે. ૧
હે ∗સોગંધ નમુકુ, દાદે તમારે હો કેરી;
કે જંગકી રાહા, ના બંધાહો મેરી. ૨
કંવે આશ હો સેતી, વખત મેરા હે પોચાયા;
અને હોઝકૌસરકા પયાલા, હે મોજે રે દેખાયા. ૩
વં કૌસરકે શરાબસુ, હે પુરા રે ભરયા;
હાથ મેરે હેં દેતે, એ નજરૂ પડયા. ૪
મેં ચાતા હું કે સતાબી, વં પીયું રે પાની;
એતી ઓનુને શેહઝાદે, સુ બાત કહી જાની. ૫

☆ રૂઝાવું ÷ બુઝુરગીવાલા ∗ કસમ

તબ શેહઝાદેને ઓનુકુ, રજા રે દલાહી;
ફેર રણ માંહે આવકર, કીતી રે લડાઇ. ૬
તબ હજાર હજારકી, ફોજાં આઇ કહી;
અનુ માર માર ભાની, વેં ફોજાં હેં લહી; ૭
તબ ઝખમી અનુકી, બોત હુઇ રે જાતા;
તબ શહીદ હુવડે, સુની એ બાતા. ૮
આયે ઓનુ બાજ જાફર, બિન અલી રે કહીયે;
સો અનુ હો કેરે, ભાઇ સગે રે લહીયે. ૯
સો ઓરમાઈ ભાઇ, શેહઝાદેકે જાનો;
એ સુન સુન મનમા, નત એતના આનો. ૧૦

[ રે તું હી ]

જે ચાવે સોહી કરે, એસા રબ હે માન રે,
એસા રબ હે માન;
દુનીયા દુઃખ દે મીતકુ, કરે હે બુઝુર્ગ શાન રે,
કરે હે બુઝુર્ગ શાન. ૧૧

—: ❋ :—

૩૧૧—૪

ઐસ તન નેહે લગાના રે, તમે સુનો રે;
સુન ભઇ દીન કે દાના રે, તમે સુનો રે. ૧
ઐસી ઐસી ભસતકી હે ઠામા રે, તમે સુનો રે;
ઓસ કાજ કીયા કૈસા કામા રે, તમે સુનો રે. ૨
બોત જંગ ઓને રણ કીતા રે, તમે સુનો રે;
કૌસરકા પાણી દેખ લીતા રે, તમે સુનો રે. ૩
દેખતે તો તન ગમાયા રે, તમે સુનો રે;
જીવનેકા લોભ ના આયા રે, તમે સુનો રે. ૪
☆અંત તો કાજ તન કીયા ફના રે, તમે સુનો રે;
મઝલુમ હોના રાખા મંના રે, તમે સુનો રે. ૫

☆ આખેરત

એ સબ આકેબંત કાજા રે, તમે સુનો રે;
ભસત માંહે કરનેકુ રાજા રે, તમે સુનો રે. ૬
શેહઝાદે તો રણ રોવે રહે રે, તમે સુનો રે;
એગઠે હો જંગમા ના ગહે રે, તમે સુનો રે. ૭
મઝલુમ હોના ચંત દીતા રે, તમે સુનો રે;
ઓનુકુ ચાતા સહી મીતા રે, તમે સુનો રે. ૮
નબીયું કે ફરજંદ ખાસે રે, તમે સુનો રે;
બાત રંતે નબીજીકે પાસે રે, તમે સુનો રે. ૯
ભસત કેરી કૈસી ઓનુ ચંતા રે, તમે સુનો રે;
તો ભી ના હોવડે નચંતા રે, તમે સુનો રે. ૧૦
તો ભી દુઃખ તન કસી લીતા રે, તમે સુનો રે;
નામ આપ મઝલુમ કીતા રે, તમે સુનો રે. ૧૧
ઝાલીમના હુઓ દીન વીરા રે, તમે સુનો રે;
દુની દુઃખ સહોને શરીરા રે, તમે સુનો રે. ૧૨
તન કરો મજલુમ ફી રીતા રે, તમે સુનો રે;
રબથી જો રાખની હૈ પીતા રે, તમે સુનો રે. ૧૩

—: * :—

૩૧૨—૫

સુનો જાફરને આવકર, તબ રજા રે મંગાઇ;
તબ શેહઝાદે રજા, દીતી રે સુણાઇ. ૧
તબ બેગેસુ આયે, રણ હો રે અસવારા;
તબ દુશમન સઘળે, હુએ બેકરારા. ૨
જા કહી કહી દુરીજન, માર દુર રે કીતે;
એતે શહીદ તો એ ભી, હુએ રે સોણીતે. ૩
ઓનુ બાજ આયે અબ્દુલ્લા, બિન અલી રે કહીયે;
એ ભી ઓરમાઇ ભાઇ, શેહઝાદેકે લહીયે. ૪

કે દાજ તો ઓનુકે, બાૅત લાગી રે સીના;
કે ☆એશુ કેરા ÷ફેરાક, બાૅત મન રે દીના. ૫
કે અનુકે નેંનુ, બાૅત ચલા રે નીરા;
બેગે રજા કાજ, ના ઓનુ કીતી રે ધીરા. ૬
તબ શેહઝાદેને અનુકુ, રજા રે દીતી;
તબ રણકી ઝમીંયાં, બેગે અનુ જા લીતી. ૭
પેલે મશહુર અબ્દુલ્લા, થે જંગકે કામા;
ઓનુ રણ થે જીતે, કમી કણી ઠામા. ૮
ઓનુ આવને કીતી, ખુબ રણમા લડાઇ;
તબ સીત્તેર ને એકસો, મારે ખબર સોણાઈ. ૯
તબ ઘાવ તો વૅ આપ, અનુ તનકુ આયે;
તબ અબ્દુલ્લા ઘોડેથી, જમીંમાં આયે. ૧૦
અને કલમા શહાદત, ઝોબાં પર લાયે;
યું શહીદ તો અબ્દુલ્લા, હુએ રે સોણાયે. ૧૧
એ સુન સુન બાતી, સહી કર લીજે;
અને એક કર રબકુ, મન એતના દીજે. ૧૨

[ રે તું હી ]

ચલના પાસ રબકે, ઘાટીકા, દુઃખ જાન રે,
ઘાટીકા દુઃખ જાન;
મુએ બના ના પોચના, વીર એ સાચા માન રે,
વીર એ સાચા માન. ૧૩

—: ❋ :—

૩૧૩—૬

આયે ઓનુ બાજ અબ્બાસ, બિન અલી રે કહીયે;
એ ઓરમાઇ ભાઇ, શેહઝાદેકે લહીયે. ૧

☆ સગાવહાલા ÷ ગમ.

એ ખિજમત શહેઝાદે, કેરી થે કરતેં;
ભાઇ બુઝુર્ગ બુઝ કર. નેહે મન થે ધરતે. ૨
કહયા ખિજમત તમારી, હુઇ કિયામત ઠામા;
દો રજા કે જંગ, કામ કરૂં રે કામા. ૩
તબ શેહઝાદેને કેતી, બાત ઓનુકુ કહી;
અને રજા તો પછે, દીતી રે સહી. ૪
એ થે મુબારજ કૅલાતે. હર જંગ ઠામા;
ઓનુ જંગ હો કેરે, બૅાત ફીયે થે કામા. ૫
સોનુ કહી ઠામ જંગમા, થી ફોજાં રે ભેજાઈ;
સોનુ ફહી કહી ઠામ, ખુબ ફીતી થી લડાઇ. ૬
એ મોબારજ મશહુર, થે રે કૅલાતે;
કભી ઓનુકે સામી, કોહી જંગમા ના આતે. ૭
અને અસવારી કાજ, ખુબ ઘોડા રે લીતા;
સો બીજલી હો જેસા, નામ ☆સિફત સોણાતા. ૮
અનુ ÷ઝરે તો દાઉદી, તનમા પેનાહી;
મહંમદી તલવાર, કમર બંધાહી. ૯
સુનો અસ રીતે કમર બાંધ, ચલે રે અબ્બાસા;
હો પુરે રે રીસમા, કાજ જંગકી આશા. ૧૦
તબ ચલાને ઘોડેકુ, લીયા રણ મેદાના;
એ સુન સુન મુમનુ, મન એતના આના. ૧૧

( રે તું હી )

દાઉદી ઝરે તન પેન કર, ઘોડા લીયા ખાસ રે,
ઘોડા લીયા ખાસ;
સીખ માંગ ચઢીયે જંગકુ, જિનકા નામ અબ્બાસ રે,
જિનકા નામ અબ્બાસ. ૧૨

☆ ખુબી ÷ બખતર

૩૧૪—૭

જબ અબ્બાસ તો ચલકર, આયે રે મેદાના;
તબ દુશમન લશકર, પાસ આયે રે જાના. ૧
તબ અબ્બાસને ઘોડેકી, બાગ રે ખેંચાઇ;
જો શેહઝાદેને કહી થી, બાત અનુકુ સોણાઇ. ૨
હેં શેહઝાદેને કેંલાયા, કામ સુનો રે તમના;
એ હેં સઇદ ખાસે, સુન રાખો રે મંના. ૩
સહી બુઝો અનુકુ, હેં એ નબીકે નવાસે;
એ લડકુ હો સેતી, હેં રેતે રે પીયાસે. ૪
એ કેંતે હેં કે તમુને, મેરે યાર મરાયે;
અને સગે ભી મેરે, તમુ ફના રે કરાયે. ૫
અબ થોડા દેઉ મોજકુ, કુછ પાણીકી નીશાની;
કે લડકે બાલે, વેં પીએ રે પાની. ૬
કે ઓનુકી તો ઓછી, હોવે રે પીયાસા;
અને મેં ભી તમુસુ, કરૂં કૉલકી આશા. ૭
અને મેં ભી ઍાસથી, પીઉં થોડા રે પાની;
એ અબ્બાસને શેહઝાદે, કી બાત કહી ઓનુ જાની. ૮
યા કેંતે હેં કે રાહા દો, મેં જાને રે પાહું;
બાકી રહે હેં લડકે, લે અનુકુ જાહું. ૯
કે ઉઠ કર રૂમકુ, મેં જાહું રે સવેરા;
કે હીંદ જાહું મોલક, યા બેલાદ હો કેરા. ૧૦
અને અરબને વલાએત, અને હેજાઝ જે નામા;
એ કરને ખાલી, દેઉં તમુકુ ઠામા. ૧૧
એતા અબ્બાસને શેહઝાદે આખા ઓનુકુ સંદેસા;
એ સુન સુન મુમનુ, કીતી રે આશા. ૧૨

[ રે તું હી ]

શેહઝાદે સીખ હેં માંગતે, દુરીજનકે પાસ રે,
દુ રી જ ન કે પા સ;
સોકિસી મુલકકુ લડકે, લેકર ચલને આશ રે,
લેકર ચલને આશ, ૧૩

૩૧૫—૮

પાણી બના સુન ટળવળે, રણ માંહે નંને બાળરે;
શેહઝાદેતો આજીજ આહીયે, દેખ દેખ ઓનુકા હાલરે. ૧
☆અતશ અતશ નામસુ, સારે કરે પોકાર રે;
શેહઝાદે તો ઑસ કાજ સહી, હુએ તો બેકરાર રે. ૨
ભાઇ તો શહીદ હુવડે, સબ રણ કેરે માંયે રે;
ભતીજે ભી શહીદ હુવડે, આઘે કો નજરૂ ના આયે રે. ૩
સુનો તો વૅ આપ કરે, ચાવે જે અપના મીત રે;
આશ રબ કેરે નેહસુ, દુનીયાકી અવળી રીત રે. ૪
શેહઝાદે રજા હેં માંગતે, દુરીજન કેરે પાસ રે;
જાને તો લે ઉઠ લડકે, કસી મુલકકી આશ રે. ૫
દુશમન તો છોડે નાહી, ઘેરા દીયા જે ઠાંમ રે;
મજલુમ સહી હુવડા, શેહઝાદે કેરા નામ રે. ૬
ફરઝંદ ખાતમ નબીકે, આજીજ હુવે રણ માંયે રે;
બાળે તો તરસે ટળવળે, પાણી ના ટીપ કો' પાયે રે. ૭
શહીદ હુવડે તન ખાસે, રાખે ખીમે તીર રે;
અહલબેત દેખ દેખ ઝુરીયે, નેંનુ તો ધાર નીર રે. ૮
કે દાજે જલે ઓનુ દેખતે, શહીદું તો કેરે તન રે;
તરસે તો જીભાં સુકીયાં, એસા થા દુઃખ ઑસ દન રે. ૯
દાજાં તો દો એકઠી ભઇ, ચાવે જે સુરીજન આપ રે,
દુરીજન ભી તલ તલ ધાયેકર, બેગે દેખાવે તાપ રે. ૧૦

☆ પિયાસ, તરસ

૩૧૬-૯

—: * :—

ભી અબ્બાસને કહીયા, એતા શેહઝાદેને આખા;
મેં દાવા તો કિયામત, ના કરૂં રે દાખા. ૧
☆ફેલ હવાલે તમારે, કરૂં રબ હો કેરે;
પછે જું વૅ ચાવે, ત્યું કરે રે સવેરે. ૨
પણ દાવા તમુસુ, મેં કરૂં રે નાહાં,
જબ હશરરે હોવે, કિયામત માહાં. ૩
એતા અબ્બાસને સંદેશા, શેહઝાદેકા આખા;
સો દુશમન સારૂંકુ, કૅ કર રે દાખા. ૪
તબ દુશમનુ માંહે, શોર રે પડીયા;
અને સર તો સબુને, નીચા રે કરીયા. ૫
અને કેતને રોયે, ભર ભર નેંના;
એ સંદેશે હો કેરે, સુનતે બેના. ૬
સબુ નીચી મુડી બાઇ, દીયા જેવાબા રે નાહાં;
તબ સોમર જુલહબ્બસ, બોલા એસે રે માહાં. ૭
કે જાકર હુસેનકુ, એતના કૅના;
નાહી પાણી રે તમુકુ, હેં હમુકુ દેના. ૮
જેતી જમીં રે પીઠ પર, પીયે પાણી વૅ સારે;
પણ તમુકુ જાને ના, દેવે રે કિનારે. ૯
સો એક ટીપ પાણી, ના તમુકુ દલાવે;
જાં બેત તો તમારી, હમ ના પાવે. ૧૦
તમ ઇજ્જત હો સેતી, જબ બેત રે કરાહો;
તો ટીપ ભી પાણી, પીનેકુ પાહો. ૧૧
અને જાને ભી તમુકુ, હમ દેવેરે નાહાં;
કે બેત બના જાહો કિસી, મુલકકે માહાં. ૧૨
એ અબ્બાસને સુનકર, આપ શેહઝાદેકુ આખા;
એ સુન સુન મુમનુ. મન એતના રાખા. ૧૩

☆ કામ

[ રેતુંહી ]

પાણી ટીપ દેવે નાહી, કંવે દુરીજન બાત રે,
કંવે દુરીજન બાત;
બાળે ફરઝંદ નબીકે, તરસે રહે સબ જાત રે,
તરસે રહે સબ જાત. ૧૪

૩૧૭–૧૦

જબ અબ્બાસને આવકર, બાત શેહઝાદેકુ કહી;
સર ચંતા હો સેતી, નીચા કીયા તબ સહી. ૧
અને ઝારઝાર રોયે, ભર ભર નેંના;
એ દુશમનુ કેરી, બાત સુનએ મેંના. ૨
તબ ખીમે હો માંહેથી, અવાજ રે આયા;
સો અતશ અતશકા, કાનુ રે સોણાયા. ૩
યું પિયાસકે લીતે, અહલબેત રે પોકારે;
સો તરસકી દાઝે, બૅાત હુએ બેકરારે. ૪
સો આસમાન તક, પોચીયા શોરા;
જું ચાવે ત્યું કરે, સોરીજન મોરા. ૫
હેં અજબ કે આસમાન, નેંનુ ના ઝરીયા;
એસા દુઃખ હો સેતી, શોર સબુને કરીયા. ૬
તબ અબ્બાસકુ સોણતે, બૅાત દાઝરે લગાઇ;
લીતે ફિરાકકે કુવ્વત, હાથ પગુકી ગમાઇ. ૭
તબ મસકાં પાણીકી, અનુ દોરે લીતી;
અને ફોરાત નદીકુ, જાના ચંતા મન દીતી. ૮
ચાયા પાણી મેં જાકર, નદી થી લાહું;
યા કે તન તો મેરા, મેં જા કનારે કરાહું. ૯
કે ટુંક પાહું, દુઃખ અહલબેત કેરે;
એતા બુઝકર અબ્બાસ. ચલીએ સવેરે. ૧૦

એતા બુઝને અબ્બાસ, ચલના કીતા;
એ સુન સુન મુમનુ, ચંત એતના દીતા. ૧૧

[ રે તુંહી ]

તરફ નદી ફરાતકી, સહી ચલે અબ્બાસ રે,
સહી ચલે અબ્બાસ;
મસકાં દો સાથ લીયા, પાણી લેને આશ રે,
પાણી લેને આશ. ૧૨

—: * :—

૩૧૮—૧૧

દો હઝાર અસવાર, એતે પયાદે કૅલાયે;
સો ફરાતકે ઉપર, થે ચોકી રે બેઠાયે. ૧
જબ એનુ ને આતે, દેખે રે અબ્બાસા;
સારે ચલે નદીકી રાહા, રોકનેકી આશા. ૨
બેગે પાણી આવ ને, એનુ રાહા રે બંધાઇ;
તબ અબ્બાસને એનુકુ, એતી બાત રે પુછાઈ. ૩
પુછા તમે હો કાફેર, કે મુમન જાતી;
કહયા હમ હૈં મુમન, એનુ કહી રે બાતી. ૪
કહયા મુમન કેરી, એ કૈસી રે નીશાની;
કે બાત એ તમુસુ, નાંહી રે પછાની. ૫
કે કુત્તેને સુવ્વર, હે પાણી રે પીતે;
અને ચરીંદે ને પરીંદે, સબ પીતે દેખીતે. ૬
કે મુસતુફાકે ફરઝંદ, હો પીયાસે રખાતે;
બીબી ફાતમાકે બેટે, જે હૈં રે કૅલાતે. ૭
એ તરસકે લીતે, સબ આજીજ હૈં આયે;
સો અહલ રે બેત, હ જેતે રે કૅલાયે. ૮
તમે અનુકુ તરસકી, ચંતા મનનાંહી ધરતે,
તમે કિયામત દનસુ, નાંહી રે ડરતે. ૯

કે ઑસ દન ☆ખજલત, બૅાત હોવેગી તમના;
જબ દેખો રે આવે, કિયામત દંના. ૧૦
આજ પાણીકે ઉપર, હો ખુશાલી કરતે;
અને તરસુંકી ચંતા, મન નાંહી રે ધરતે. ૧૧
જબ ચોકી વાલું ને, એતી સુની રે બાતી;
તબ હમલા કીયા, અબ્બાસકી જાતી; ૧૨
તબ અબ્બાસને ઢાલ, લે આગે રે ધરાઈ;
એ સુનતે સુમન, એતી ચંતા રે આઇ. ૧૩

[ રે તું હી ]

ઘર ઘર દુશમન દોડીયે, બાત ના દીતી કાન રે,
બાત ના દીતી કાન;
જે નદી કિનારે રહે થે, ચોકી કાજ જાન રે,
ચોકી કાજ જાન. ૧૪

૩૧૯—૧૨

તબ અબ્બાસને ઢાલ લે, આગે બરછી ફેરાહી;
અસી દુશમન મારે, એેસી ખબર સોણાહી. ૧
અને બાકીને ખસકર, રાહા રે દીતી;
તબ અબ્બાસને ધસકર, જા નદી રે લીતી. ૨
પછે ઉતરને મસકાં, દોનું પાણી સુ ભરાઇ;
આપ પીયા રે નાંહાં, એેસી ખબર સોણાઇ. ૩
સો શેહઝાદેને એહલેબેત, એ યાદ રે કીયે;
વૅ પાણી રે પીતે, ચઢીયે રે હૈંયે. ૪
ઑાસ કાજ તો પાણી, ના પીયા રે અબ્બાસા;
દો મસકાં ભરીયાં, લે આનેકી આશા. ૫
તબ દુશમનુ સમોકર, ફેર રાહા બંધાઇ;
તબ વળતે અબ્બાસકે, ફેર પડી રે લડાઇ. ૬

☆ શરમીંદગી,

તબ અરઝોકકે બેટેને, આવ ધાવ રે ડલાયા;
તબ અબ્બાસકા જમણા, હાથ જુદા રે કરાયા. ૭
તબ અબ્બાસને બેતાં, પઢી રે સહી;
સો હાલ હો સેતી, કવતાહી કહી. ૮
એતે તીર એક આવકર, મસકકુ રે લગાયા;
ત'બ છેદ રે પડીયા, પાણી ચલીયા સોણુાય; ૯
તબ અબ્બાસને ચંતા, દલ રે કીતી;
એ સુન સુન મુમનુ. બાત એતી મન દીતી. ૧૦

[ રે તું હી ]

પાણી મસકાં ભરાયે કર, અબ્બાસ ફરીયે માન રે,
અબ્બાસ ફરીયે માન;
મસકાં કાટી પાણી ગયા, એ સુન રાખ મન રે,
એ સુન રાખ મન. ૧૧

૩૨૦–૧૩

પાણીકે કાજબેગે પોચે. નદીકુ અબ્બાસ રે;
મસકાં તો ભરીયાં દો સહી, લે આને કેરી આશ રે. ૧
એસે તો લાગે તીર આસકુ, ફાટ ચલીયા નીર રે;
ગમ તો અનુ ખાયા સહી, દાઝીયા સબ શરીર રે. ૨
યા ઇલાહી તુ કરે, ચાતા તો આપ કામ રે;
એક આહુઆ પોચીયા, પાણી શેહઝાદે ઠામ રે. ૩
મઝલુમ હેં તરસે રહે, હળવળે તરસે બાળ રે;
તરસ લીતે મોતકા; પોચા હે નજદીક હાલ રે. ૪
હલક ના મેરે પોચીયા, યા રબ સહી એ નીર રે;
મજલુમ ભી તરસે રહે, કૈસે કરે વે ધીર રે. ૫
અબ્બાસને એ આખીયા, ગમ કેરા કર બાત ધાન રે;
અવાજ ☆હાતફ સોણીયા, તમારે કાજ જાન રે. ૬

☆ ગેબી ફીરીશતાનો આવાજ

શરબત ભસતમા હે કીયા, તમારે કાજ જાન રે;
હે ☆હેફ પાણી એ રે તમુ પીઓ, એ સહી માન રે. ૭
અબ્બાસને એ સોણીયા, હાતેફ કેરા અવાઝ રે;
હેરત જબ આહી ઓનુ. સોણીયા એ ઑસકે બાજ રે. ૮
સુરીજન અપના, સુન સુન મુમન વીર રે;
સુન સુન એસે બેંનકુ. કરની હે મનમા ધીર રે. ૯
ફરઝંદ અપને નબીકે, તરસે રહે જંગ કામ રે;
બાલે તો તરસે ટળવળે. ઓસ રણ કે ઠામ રે. ૧૦

—: ✻ :—

૩૨૧—૧૪

પણ જાતે અબ્બાસ, હેરત રે કીતા;
બોત અફસોસ આપકે, મન રે દીતા. ૧
તબ હાતેફકા અવાઝ, સોણીયા કાના;
રે હેફ કે પાણી એ પીઓ, કહયા યું જાના. ૨
હે ભસતકા શરબત, કાજ તમારે સવારા;
સો રબકા તમુકુ, હે રે એસા પીયારા. ૩
એ કેના હાતેફકા, સોણારે અબ્બાસા;
જબ પાણી હો કેરી, મન કીતી બોત આશા. ૪
તબ અબ્બાસ વે ધાવથી, તલે ઘોડેથી આયે,
શો જમીં રે આયે, અબ્બાસ સોણાયે. ૫
કહયા પોચો તમે ભાઈ, તમારે ભાઈ;
યું અબ્બાસને ગિરતે, હાંકરે મરાઇ ૬
સો આવાઝ પડીયા, શેહઝાદેકે કાના;
તબ શહઝાદેને બેગેસુ. પોચેરે જાના. ૭
તબ અબ્બાસને આહકા નારા રે ડાલાં,
અને શેહઝાદેને આહ, કહયા ઓસ હાલા. ૮

☆અફસોસ

એ નારે હોસેતી, જમી ધુરજી રે કહીયે;
સો કરબલા કેરી, જે જમીયાં લઇએ. ૯
મહંમદ બિન અનસથે, ધસ આઘેરે આયે;
સો અબ્બાસકુ રણથી લીએ ઓચાએ. ૧૦
એભી દુશમન હમલા, કર શહીદ કરાયે;
એ સુનતે મુમનુ, મન એતના લાયે. ૧૧

[ રે તું હી ]

મહંમદ બિન અનસથે, હુએ શહીદ મી જાનરે,
હુએ શહીદ ભી જાન;
સો અબ્બાસકુ ઓચાહતે, રણથી સહી માનરે
રણથી સહી માન રે. ૧૨

—: * :—

૩૨૨—૧૫

અબ્બાસ ગિરીયે રણમા, ગિરતે તો હાંક મારી સહી;
શેહઝાદે તો ચઢકર દોડીયે, જબ હાંકતો સોણકર લહી. ૧
અનસકે બેટેને લીયે, ઓચા આપ હાથ રે;
વોભી શહીદ હુએ સહી, અબ્બાસ કેરે સાથરે. ૨
અબતો રહે દેખો એકલે, શેહઝાદે રણકે માંયરે
ફરઝંદસુ આપ રહે, મદત કીસકી નાયેરે. ૩
ફરઝંદ તીનુસુ રહે, શેહઝાદે ઓસહી ઠામરે;
કે અલી અકબર જાનીયે બેટે બડેકા નામરે. ૪
અલી જૈનુલઆબેદીન નામહેં દોજે વલી જાનો સહી;
અલી અસગર તીજા નામરે એ ખબર તો સુનકર લહી ૫
રણ માંહે રહે એકલે, જાનો એ ચાર તનરે;
સુન સુન ભાઈ દીન કે, એસા હુઆ વૅ દન રે. ૬
શહેઝાદેકુ દેખતે એકલે, અહલ બેત તો ઝુરે સહી;
આપ તો ચાતા તું કરે, જું મન ચાવે દહી. ૭

દલ ગમ.મેહાવટ મંડાયે, નેંનું તો બરસે નીર રે;
બાલ્લે તો દેખ દેખ રોહીયે, કરે ના તલ ભી ધીર રે. ૮
રોને તો લાગે પંખીયાં, રોવે તો મુરગાં ×બન રે;
દેખ દેખ લરજી ધરતી, એસા• તો થા વૅ દન રે. ૯
શેહઝાદે કે ઘોડે ઝુરીયે, દેખ દેખ એકલે નેન રે;
સુન સુન ભાઇ દીનકે, એ દુઃખ કેરે બેન રે. ૧૦

—: ✻ :—

૩૨૩—૧૫

સુનો શાહઝાદે હુસન, તબ એકલે રહે;
સો ફરઝંદ તીનુંસુ, રહે કહે. ૧
સો અલી અકબર, નામ રે કહીયે;
ભી અલી જૈનુલ આબેદીન સુનકર લહીયે. ૨
ભી અલી અસગર, નામ રે જાનો;
થે શેહઝાદે કે ફરઝંદ, તીનુ એ રે પછાનો. ૩
જબ શાહઝાદે ને દેખા, અબ ભાઇકાં નાંહાં;
અને ખેશભી શહીદ, સબ હુએ રણ માંહાં. ૪
અબ ઔર તો જંગકાજ, કોઇ નાંહીરે દેખાતા;
એતી શેહઝાદેને બુઝી, મન ચંતા કી બાતા. ૫
તબ શેહઝાદે ને આપ, કમર બંધાઇ;
અને રણમાં જાનેકી, મન ચંતારે લાઇ. ૬
તબ અલી અકબર, આપ કદમુ પડીયે;
અને શેહઝાદેકુ ચલને, ના દીયે રે સોણીયે. ૭
અને બાપકુ તો સોગંદ, બૅાત રે દલાઇ;
અને ☆રકત તો અનુકુ, તબ બૅાતરે આઇ. ૮
તબ રોયે રોયે નેંનુ, નદીયાં બહાવા;
કે શેહઝાદે રણમાં, હુયે એકલે દેખાવા. ૯

× જંગલમા ☆રોવું

તબ શેહઝાદે ને કમર, આપ હાથુરે બંધાઇ;
સો બેટે હો કેરી, બાંધી કમર સોણાઇ. ૧૦
સો અલી અકબર, બુઝો જનુકા નામા;
એ સુન સુન મુમનુ, રાખા દલકે ઠામા. ૧૧

[ રે તુંહી ]

અલી અકબર રોયે સહી, ભર ભર નેંનુ નીરરે,
ભર ભર નેંનુ નીર; ૧૨
ના હુઇ અનુ મન ધીર રે.
દેખ શેહઝાદેકુ કમર બાંધતે, ના હુઇ અનુમન ધીરરે,

—: * :—

૩૨૪—૧૭

શેહઝાદે હુએ રણ એકલે, રબ બના નાંહી અધારારે;
દુરીજન બના નાંહી આદમી, કરે કરે અપને સારરે. ૧
બેટેને દેખા બાપ એકલા, હેં ચલે જાતે રંણ માંયેરે;
આપને સોગંદ દીતી રબકી, ચલાને બાપકુ દીયે નાંયેરે ૨
બડે બેટે શેહઝાદેકે રે, બુઝો અલી અકબર નામરે;
અનુને માગીરે સીખ આવતે, જાના જાના રણકે ઠામરે. ૩
શેહઝાદેને બંધાઇ કમર, કો લેકર અસ હાથરે;
બડા બેટા સીખહેં માગતે, રબ બના નાંહી કાં સાથરે. ૪
અફાએસ ઘોડેકા નામ થા, હુયે હુયે બેગે અસવારરે;
રકાબ લીતીરે માંયે હાથમા, નેંનુ તો બરસે નીર ધારરે. ૫
ભેંન કંવ ભાઇ જીવ મેરડા, રહો તલપલ હમુ પાસરે;
વીર હબે તમુકુ કાં દેખના કૈસી હમ રાખીયે આશરે. ૬
તરસે નેંનાં બાત બરસીયે, નદીયાં બહાલ્યું નીરરે;
દલ દુઃખ ભરા રોવે ભેન, મત છોડ જાહો તમ વીરરે. ૭
માતા કંવેરે જીવ મેરડા, હબે કેસા દેખના નેંનરે;
ફરઝંદ મેરે મેઠે બોલરે, બોલ કરો તમે બેનરે. ૮

દેદાર કાં હબે દેખના, રોહે રોહે એક તલ બારરે;
રધન કરેરે યું દેખતે, દલકુ ના હોવે કરારરે. ૯

૩૨૫—૧૮

તબ શેહઝાદે ને રકાબ, છોડો રે આખા;
વખત આખર હે સફર કા, કૅ કર દાખા. ૧
તબ ભેન ને માતા ને, હાથ રે ખસાયે;
તબ સૈયદ તો રણમા, ચલકર આયે. ૨
થે અઢાર રે બરસ કે, સુની ઉમર કી બાતી;
સો પુનમકે ચાંદસી, થી ઓનુ કી જાતી. ૩
અને બાલ તો જૈસે, થે મોસક રે રંગા;
ઓનુ રણ માંહે આવકર, ચાયા રે જંગા. ૪
અને નબીજી કી સુરત, જૈસી શકલ થી કહીયે;
અને મોં પર રોશની, ભી થી રે લહીયે. ૫
દેખના મદીને કે લોક, જબ નબીજીકુ ચાતે;
કે દેખના નબીકા, જબ મન રે લાતે. ૬
તબ સુરત દેખને અલી અકબર કેરી;
તબ ☆જમીએત અનુકુ, હોતે દેખતે સવેરી. ૭
જૈસી નબીજી કી સુરત, થી વૈસી રે દેખાતી;
ઍાસ કાજ સબ દેખતે, એ સુની રે બાતી. ૮
ઐસે ÷ગુલ જેસે ફરઝંદ, નબીજી હો કે રે;
સો તરસે રણમા, આયે રે અને રે. ૯
અને રણમાં હી આવકર, બેતાં રે પઢાઇ;
સો હકીકત આપકી, લે સબુકુ બતાઇ. ૧૦
યું બેતા પઢકર, આવ લીયા મેદાના;
એ સુન સુન મુમનુ, મન એતના જાના. ૧૧

☆ તસલ્લી, સુખ અને સંતોશ ÷ગુલાબનુ ફુલ

[ રે તું હી ]

ચાંદ શરમાતા દેખતે, આયે વે રણ ઠામ રે,
આયે વે રણ ઠામ;
સો ફરઝંદ ખાસે નબીકે, અલી અકબર નામરે,
અલી અકબર નામ. ૧૨

૩૨૬–૧૯

આવ મુબારજ રણમાં, અનુ તલબરે કીતા;
એ સામી કો ના આયા, ઐસા હે રે સોણીતા. ૧
તબ જમણે ને ડાબે, એનુ ઘોડા રે ડલાયા;
માર લશકર એનુકા, સબ ધુલ રે મેલાયા. ૨
કે લશકર સારેકુ, ખુબ જંગ માંહે લીતા;
કીયે અજીજ તો દુશમન, બૅાત રે સોણીતા. ૩
અને ઘોડું થી મારકર, કહી જમીંમા ગિરાયે;
અને મારકર કહી પીયાદે, લે ધુળ માંહે બાયે. ૪
એસા જંગ રે કરને, પાસ શેહઝાદે કે આયે,
સો અરજ હો કરતે, આયે રે સોણાયે. ૫
યા બાવા મેરા હોઠુ પર, જીવ આયારે આખા;
સો પીયાસ કે લીતે, કરને દાખા. ૬
અને ઝરે તો તનકુ, મોજે, ભારી હે દેખાતી;
સો તરસ કે લીતે, બાત કહી રે સોણાતી. ૭
જો એક ઘુંટ બાવા, મેં પાણીરે પાહું;
તો મેં એનુકુ સજા, ખુબ રે દલાહું. ૮
એતી સૈયદે ક,હી આવ શેહઝાદેકુ બાતી;
તબ શેહઝાદેકે હાથમા, થી અંગુઠીરે સોણાતી. ૯
વે અંગુઠી થી ખાતમ, નબીજી હો કેરી;
વૅ સૈયદે મોંમા, લે ધરી રે સવેરી. ૧૦

તબ કુછ આંસથી, સંતોક રે પાયા;
એ સુન સુન મુમનુ, મન એતના આયા. ૧૧

[ રે તું હી ]

ગોલાબ ગુલ ફુલ સે, સૈયદ ઝુઝે રણ માંયેરે,
સેયદ ઝુઝે રણ માંયે;
રબ બના કોઇ મદદકુ, પોચનહારા નાયેરે,
પોચનહારા નાયે. ૧૨

૩૨૭—૨૦

સુન સુન ભાઇ દીનકે, ઐસા હેં અપના રબરે;
તરસે તો રણ માંહે રહે, ફરઝંદ નબીજીકે સબરે. ૧
સેયદ ગુલસે સહી, આયે તો રણકે તીરરે;
લડાઇ આવકરે દુરીજના, તરસે સુકી જીભ વીરરે. ૨
પાણી બના તન દાઝ લાગી, ઝરે તો ભારી ભહી;
શેહઝાદેકુ સૈયદ આવકર, અરજ તો એતી કહી. ૩
ચાતા હે આપ કરતા, ઐસા તો હે રહમાનરે;
મોત બના ના હે પોચના, રબકુ સહી હે જાનરે. ૪
દેખો તો પરદેશમાં રહે, ફરઝંદ નબીકે ખાસરે;
હોકમકુ રાજી હુએ, રબ ખુશી કેરી આશરે. ૫
દેખોને ગુલકે ફુલસે, ચલ ચલને રણમા ગહે;
શહીદ તો તરસે હુએ, રણ માંહે એક એક જા રહે. ૬
દુશમનુને દેખા આવકર, ચલ ચલ ફીયે ધાવરે;
મેહબુબ એસે દેખતે, ફીયા ના નેહેસુ ચાવરે. ૭
રોવે તો પંખી ઉડતે, રોવે તો ☆બાસી વનરે,
લરજને લાગી ધરતી, એસા હુઆ વેદનરે. ૮

☆ જંગલમા રહેનાર જાનવર

૩૨૯—૨૧

તબ સૈયદ તો ફેરકર, આયે રે મેદાના;
આવ મુબારજ માગા, એસા રે જાના. ૧

તબ મુબારજ કોહી, હુઆ રે નાંહીં;
કે સામી રે ના આયા, કો રણકે માંહીં. ૨

તબ સાઅદ કે બેટેને, તારક બતાયા;
જે ખોસી કા બેટા, થા રે કૅલાયા. ૩

કે મોબારજ હોકર, તુ જા રે સામી;
જે હે લડકા આયા, હાશમી નામી. ૪

મેં ઝીયાદ કે બેટે પાસ, તોજે ઇનામ દલાહુ;
મેં તેરે રે કાજે, ઓસે અરજ પોચાહુ. ૫

તબ તારક તો મુબારજ, હો આયારે સામી;
જાં અલી અકબર, રહે થે નામી. ૬

થા તારક બકતર, પેન સજે રે બંધાયા;
એસા લોહેકે ગોલેસા, હો સામી રે આયા. ૭

આવ સૈયદ કે ઉપર, નેજા રે ચલાયા;
તબ સૈયદને નેજા, વઁ આતારે ચુકાયા. ૮

તબ સૈયદને ચલકર, નેજા ઐસારે ડાલા;
કે ઘોડેથી ઢાલ કર, પાડા ઑાસ હાલા. ૯

તારક ઝીયાદકે બેટેકા, કૈસા ઇનામ રે પાયા;
કે ઘોડેકે પગુસુ, જીવ રે ગમાયા. ૧૦

ઓસે ગુદનેકુ ઘોડા, સૈયદે ચલાયા;
અને હાડુ હો કેરા, શુરમા કરાયા. ૧૧

યું તારક તો મારકર, ફના રે કીતા;
એ સુન સુન મુમનુ, મન એતના દીતા. ૧૨

[ રે તું હી ]

તારક બરછી મારકર, ફના કીયા રણ ઠામરે,
ફના કીયા રણ ઠામ;
ઉપર ઘોડા દોડા સહી, ઓ સુરમા કરને કામરે,
ઓ સુરમા કરને કામ. ૧૩

૩૨૯—૨૨

તબ બેગે તારક આયા, રણકે માંહાં;
મારા સૈયદ ને ધસકર, રૅને દીયા રે નાંહાં. ૧
ભી તલ્હ બેટા, દોજા તારક કેરા;
વૅ સૈયદ કે સામી, આયા રે સવેરા. ૨
ઓસે સૈયદને મારકર, દુર રે કીતા;
ઍસા મેદાન રણકા, આવ કર લીતા. ૩
થા મસરા નામા, એક દુશમન કેરા;
ઑસે સાઅદકે બેટેને, ભેજા રણમા સવેરા. ૪
વૅ બરાબર સૈયદકે, આયારે સોનીતા;
તબ સૈયદને ઑસકુ, હકારને લીતા. ૫
ઐસા હકારા કે દુરીજન, સબ રે ધ્રુજાયે;
શાંમી લશકર કેરે, સબ ડર મન લાયે. ૬
જબ તલવાર કાઢની, મસરને ચાયા;
તબ સૈયદને ધસકર, ઑસે ઘાવ રે લગાયા. ૭
ધસ સરકે ઉપર, ઐસી શમશેર દીતી;
કે દો ભાગ કીયે, હેં ખબર સોણીતી. ૮
તબ જમીં પર ગિરતે, વૅ હુઆ રે ફના;
યું મુબારજ મારે, કહી રણકે મેંના. ૯
તબ સાઅદકે બેટેને, બાત સવાર ભેજાયે;
સો દો હજાર અસવાર, આયે રે સોણાયે. ૧૦

તબ સૈયદને હમલા, એકબાર રે કીતા;
વૅ ફોજ રે ભગાઇ, એસા રણ રે લીતા. ૧૧
એસા તલપે કે દોમું પર, જું શેર હે જાતા;
એ સુન સુન મુમનુ, કહયા, દન ઓર રાતા. ૧૨

[ રે તું હી ]

હજાર દો આઇ ફોજ થી, સૈયદ તલપે જાનરે,
સૈયદ તલપે જાન;
હે બકરી ઉપર વાઘ કુદતા, એસી રીત જાનરે,
એસી રીત જાન. ૧૩

—: ※ :—

૩૩૦—૨૩

એસે તલપે સૈયદ, આયે શેરકી રીતા;
કે ફોજકા ઝુંડા, માર ભાન રે દીતા. ૧
ફોજ ભાગકર ગહી, ફેર લશકર માંહાં;
જાં સાઅદ કા બેટા, થા રે તાંહાં. ૨
પાસ શેહઝાદેકે સૈયદને, ફેર આના રે ચાયા;
તબ દુશમનુ અ.વકર, નાકા રે બંધાયા. ૩
સો લશકર સારેને, આવ ઘેરા રે દીતા;
યું રણ માંહે સૈયદકુ, ઘેર જંગ રે કીતા. ૪
તબ ઘાવ તો લાગે, બૅાત મુબારક જાતા;
તબ ઘોડેથી નીચે, આયે સુની રે બાતા. ૫
તબ સૈયદને અવાઝ, ગિરતે દીતા;
વે શેહઝાદેને બેગે, સુનકર લીતા. ૬
આવ પોચો રે બાવા, યું અવાઝરે કરીયા;
જે બેટા તો પગુસુ, હે જમીંમાં ગિરીયા. ૭
તબ શેહઝાદેને ઘોડા, ઓચકને ડાલા,
બેગે દુશમનુ દુર કર, જા પોચે ઓસ હાલા. ૮

જા ઘોડેથી ઉતર કર, શીશ ગોદ માંહે લીતા;
ચું ગોદમા લે બેઠે, સો સર રે સોણીતા. ૯
કહયા વાએ રે આરામ, દિલકે મેરે;
વાએ ફરઝંદ નુર, મેરે નેનુંકે સવેરે. ૧૦
તબ સૈયદને નેંના ખોલ, એતના આખા;
હુરાં શરબત લે આઇયાં, હેં રે દાખા. ૧૧
અને પીનેકી ઇશારત, હેં મોજે રે કરાતી;
તમે પીઓ જીવ મેરે. કહી શેહઝાદેને બાતી. ૧૨
તબ સૈયદને પીયાલા, વૅ સુનતે પીતા;
અને શહીદ તો હુવડે, તબ રે સોણીતા. ૧૩
તબ શેહઝાદે રોયે, ભર ભર નેંના;
એ સુન સુન મુમનુ, કહે એતને બેંના. ૧૪

[ રે તું હી ]

શેહઝાદે લે સૈયદ ગોદમા, નેંનુ ભરાવે નીરરે,
નેંનુ ભરાવે નીર;
રધન કીયા અહલ બેતને, હુઇ ના તલ ભી ધીરરે,
હુઇ ના તલ ભી ધીર. ૧૫

૩૩૧–૨૪

અલી અકબર શહીદ હુએ, રોવે માતા નેંનરે;
શેહઝાદેને બાત રધન કીયા, કૅ કૅ એસે બેંનરે. ૧
અરે દોસ્તરે તુ બાપકે, ઓઠ કર એકાએક કાં ગયા;
કિસ વાસતે તુ ગોદથીં. બાપકે સેતી જુદા રયા. ૨
કુલ જગ જીવને કેરડા, ફરઝંદ તેં ખાયા નાંહાં;
ઓઠ કર ચલ તુ બેગેરે, દારૂલબકાકી રાહા માંહાં. ૩
મુસતુફા દાદા તેરડા, ફરઝંદ ઓન પાસે ગયા;
મુસતુફા અલીકે પાસ જા, દાદે કે સહી રયા. ૪

ઝોહરાકે પાસે તુ ગયા, ફાતમા જનુકા નામરે;
શેહઝાદેને બેન કહે સહી, રધન કીયા ઓસ ઠામરે; ૫
માતા કૅવે તુ ચંદરે, ફરઝંદ મેરે નેંનરે;
તોજસુ જુદાઇ હે પડી, રોયે કૅ કૅ બેંનરે. ૬
ફરઝંદ અબકાં દેખના, પડીયા તો હે બિછરનરે;
વાએ જીવ માતા કેરડે, મલના હે કિયામત દનરે. ૭
બીબી સાહેબ રોવે સહી, નીર તો ભર ભર નેંનરે;
બિછરનકે પડે, સહી કહે ફરાકકે બેંનરે. ૮
પંખી રોયે ઉડતે સહી, રંધન સુન સુન મનરે;
કરબલામા એૈસી કસની, હુઇ થી ઓસહી દનરે. ૯

—: ※ :—

૩૩૨—૨૫

બૅાત રધન તો માતાને, અને શેહઝાદેને કીતા;
તબ આંખીયાં સૈયદને, ખોલીરે સોણીતા. ૧
આંખાં ખોલ કહયાં બાવા, હો દેખતે નેંના;
કયા દેખું શેહઝાદેને, આખા અસ મેંના. ૨
કહયા મુસતુફા દાદા, જે હેં દે મેરા;
દો ☆કદ વૅ ભરકર, હેં લાયેરે સવેરા. ૩
સો શરબત ભસતકા, હે ઓનુમા ભરીયા;
વૅ એક તો કદ, હાથ મેરે હેં ધરીયા. ૪
હેં મોજે ફરમાતે, તુ પીરે આ પાની;
એ હે જાહેર દેખીતી, બાવા નુર નીશાની. ૫
હે દુજા ભી કદ મેં, પાણીકા મંગાયા;
બૅાત તરસ હે લાગી, મેં એતારે બતાયા. ૬
કહયા કદ હે દુજા, કાજ બાપ રે તેરે;
કહયા સવારા એ નબીને, ઓસ· કાજરે સવેરે. ૭

☆ પીયાલુ

આપ હોઠરે સુકે, દુઃખ દલરે જલાતા;
બેગે મેરે પાસ આવ, કહી નબીજીને બાતા. ૮
અલી અકબર નેંના ખોલ, ખબર એ કહી;
એતે કલમા શહાદત, પડીયે સહી. ૯
એ તે સૈયદ તો શહીદ, હુએ રે કહીયે;
એ શેહઝાદેકુ દરદ, બૅાત લાગા રે લહીયે. ૧૦

[ રે તું હી ]

સૈયદ શહીદ હુએ સહી, ખાતમકુ દેખતે નેંનરે,
ખાતમકુ દેખતે નેંન;
શેહઝાદે દેખતે ઝુરીયે, કૅ કૅ ફેરાકકે બેંનરે,
કૅ કૅ ફેરાકકે બેંન. ૧૧

—: * :—

૩૩૩—૨૬

જબ સૈયદ તો શહીદ, હુએ અસ રીતા;
તબ શેહઝાદેને એતની, મન દીતીરે ચંતા. ૧
નાંહી મદતકા કરનાર, નાંહી યારીકા દેનારા;
નાંહી એસા કે કો જગમાં, આવ કરે મોજે પીયારા. ૨
એતા શેહઝાદેને બુઝકર, આપ ફરમાયા;
સો અહલ રે બેતકુ, દિલાસા બતાયા. ૩
અબ ચુપ હે રહના, તમુ સબુર હે કરના;
એ નસીહત મેરી, દલ ધર સોણના. ૪
અબ બીછરન પડીયા, તમના હો સેતી;
અબ મલનેકી વેળા, નાંહી તલ હો જેતી. ૫
કેસે અહલ બેત આખે, હમું સબુર આવે;
અબ દલ તો હમારા, કરાર ના કરાવે. ૬
એ દલ તો નાંહી, કુછ પત્થર હો જેસા;
શાહા સબુર હમુકુ, અબ હોવે રે કૈસા. ૭

તબ શેહઝાદેને આખા, ☆રાસ કહીરે બાતી;
પણ સબુર હો બના, નાંહી ચંત રે દેખાતી. ૮
તબ બેટીકુ દીલાસા, દીયા રે સોણીતા;
અને લેનુંકુ ભી દીલાસા, શેહઝાદેને કીતા. ૯
કહયા ભેંનુકુ ચંતામાં, તમ હોઓ આજ દંના;
એ સુન સુન મુમનુ, રાખા મંના. ૧૦

[ રે તું હી ]

શેહઝાદે દીલાસા હેં કરતે, હોને કાજ વિદાયેરે,
હોને કાજ વિદાયે.
રબ કરે આપ સહી, જું મન આપકે ચાયેરે;
જું મન આપકે ચાયે. ૧૧

૩૩૪—૨૭

શેહઝાદે કેંવે સબુર કરો, અહલબેત સુનો એ બેંનરે;
નદીયાં લગાઇ સુનતે, અહલબેત કેરે નેંનરે. ૧
દિલ તો હમારા કૈસે રહે, શાહા સુનો તમે બાતરે;
જીવ ના હમારે તનમાં, જીવ થા તમારી જાતરે. ૨
એક જીવ જું મછી ×મંના, હલતી હેં જીસથી જાતરે;
પણ જીવે પણા ઍાસકા, દીસે એ સહી બાતરે. ૩
મછી નાંહી મરતી કભી, ભુકી તો ખાયે બનરે;
બીછરન પડતે નીરથી, મરતી હે ઓસહી દનરે. ૪
યું જીવ હેં દીસે સહી, શાહા તન તમારે માંયેરે;
જીવ તો હમારે તન માંહાં, વૅ જીવ જીવે હમુ નાંયેરે. ૫
જીવે મછી પાણી બના, નાંહી સુની એ બાતરે;
કયું રહું મેં જીવે સહી, જુદે તમારી જાતરે. ૬
શાહા પાંત ઝાડથી ટુટતે, વૅ સુખ હે જાતા સહી;
જીવે કૈસે હોકર જુદે, તમુસુ ઓનકી દહી. ૭

☆ ઠીક × અંદર

અહલબેત રે રધન કીયા, કૅ કૅ તો ઐસે બેંનરે;
ફિરાકકે લીતે સહી, ઝુરે શેહઝાદે નેંનરે. ૮
શેહઝાદે દિલાસા કરતે, આખર સહી હોવે વિદા;
શેહઝાદે તો સીખ હેં માંગતે, ચલે હમ હોકર વિદા. ૯

૩૩૫—૨૮

અહલબેતકુ કહયા, તમુ સબુર હે કરના;
સો જીવ ☆થર કરના, મન રે ધરના. ૧
કહયા ભેંનકુ યતીમ, આજ હુઓ તમના;
પણ સબુર હે કરના, તમુકુ મંના. ૨
ના પોકાર અવાઝ, મોજબાજ હે કરના;
સો સબુર તો સીનેકે, માંહે રે ધરના. ૩
અને ×જામુકુ ચાક, કીજીયો નાંહાં;
એ નસીહત સુન સુન, રાખો દલ માંહાં. ૪
પણ રોનેકુ તમુકુ, નાંહી મને હે કરાતા;
કાજ મેરે તમુકુ, હે આજાર પોચાતા. ૫
તમ ગરીબને બચારે, મજલુમ હુયે;
તમ રણમા ÷ગરીબ, હો વતનથી જુયે. ૬
એ મોજકાજ મસીબત, તમુકુ પોચાહી;
* * * * * ૭
ભી મેરી રે શહાદત, હુએ રે બાજા;
બોત દુઃખ પોચે તમુકુ, એસા દીયા રે અવાજા, ૮
ઑસ કાજ રોનેસુ, નાંહી મને રે કરાતા;
અહલ બેતકુ શેહઝાદે, ને કહી રે બાતા. ૯
એ સુનતે સબુકુ, *રકત આહી;
તબ ઝારઝાર રોયે, સબ ખબર સોણાહી. ૧૦

☆ મઝબુત × કપડા ÷ મોહતાજ મુસાફીર * રોવું

સુન અહલ બેત, ઝુરે રણકે માંહાં;
અને શેહઝાદે ભી એકલે, ઓર કોઇ નાંહાં. ૧૧
યું ઝારઝાર રોયે, સહી રણકે ઠામા;
એ સુન સુન મુમનુ, લીયા રે નામા. ૧૨

[ રે તું હી ]

નસીહત શેહઝાદેકી સુનતે, રોયે નેંન ભર નીરરે,
રોયે નેંન ભર નીર;
સો અહલબેતને રધન કીયા, હુઇ ના તલભી ધીરરે,
હુઇ ના તલભી ધીર. ૧૩

૩૩૬–૨૯

બીબી ઝૈનબ શેહઝાદેકી, ભેંન રે કહીયે;
ઓમેકુલસુમ દુજી, ભેંન શેહઝાદેકી લહીયે. ૧
બીબી શહેરબાનુ હરમ, શેહઝાદે હો કેરે;
એ વસીહત સુનતે, રોહે રે બોતેરે. ૨
થે ઝૈનુલઆબેદીન, ફરઝંદ જાનો;
એ ભી સીખ રે માંગતે, બૉત રોહે રે માનો. ૩
તબ અજબ કે આસમાન, ઝુરીયા નાંહાં;
ઓન સુનતે રે નીર, નેંનુ કરીયા નાંહાં. ૪
એસા અહલ બેતને, રધન કરાયા;
તબ શેહઝાદેને અનુકુ દિલાસા બતાયા. ૫
તબ શેહઝાદે ઘોડેપર, હુએ અસવારા;
ચાયા જા કર લેવે, રણ કા કિનારા. ૬
તબ અહલબેતે અવાજ, બૉત રે કીયા;
તબ શેહઝાદેને પુછા, જબ સુનકર લીયા. ૭
કહયા ☆સૈયદ ×સોરૂર, દિલ હો કેરે;
અહલ બેતકી એ +ખવારી, હો કરતે સવેરે. ૮

☆ સરદાર × ખુશી + રૂસવાઇ

અલીઅસગર તરસસુ, બેહાલ હે દેખાતા;
અને માકી ચુચીયું, દુધ નાંહી રે આતા. ૯
એ સગીરકા જીવ, લીતે તરસ જાવે;
જો અસ કાજે પાણી, નાંહી રે પાવે. ૧૦
તબ અહલબેતે એતની, ફેર અરજ રે કીતી;
એ સુન સુન મુમનુ, એતી ચંતા ચંત દીતી. ૧૧

[ રે તું હી ]

અલી અસગર દુધ બના ટળવળે, ટીપ ના પાવે નીરરે,
ટીપ ના પાવે નીર;
અહલબેત એ દેખકર ઝુરીયે, ના હુઇ તલ મન ધીરરે,
ના હુઇ તલ મન નીર. ૧૨

—: * :—

૩૩૭—૩૦

દુધ બના બાળ તો ટળવળે, ટીપ ના પાવે તો નીરરે;
અહલબેત દેખ દેખ ઝુરીયે, હોવે ના મનકુ ધીરરે. ૧
શેહઝાદે ઝુરેરે બાર એકલે, સમર સમર આપ રબરે;
યાર તો જે થે સો શહીદ હુએ, કુટમી શહીદ હુએ સબરે; ૨
+દેસી તો નાંહીરે કોહી દેખતે, ઐસા ઐસા એ હુવડા દનરે;
શેહઝાદે ઝુરને લાગે એકલે, ઘર દુ:ખ અહલબેત મનરે. ૩
ઝેનુલઆબેદીન ઝુરીયે, બાવાકુ દેખ દેખ નેંનરે;
રધન અપાર ઓનુ કીયે, કેહ કેહ ફેરાકકે બેંનરે. ૪
આસમાન બાસી લાગે ઝુરને, ઝુરે ઝુરે વનકે મોરરે;
રધન કીયારે અહલબેતને, નારે ડાલ આહ કેરે શોરરે. ૫
રોને લાગે પરિંદે જે ઉડતે, રોજ રેતે વનવાસરે;
લરજે જમીંરે ઝુરી મનસુ, રોયે જે જનાવર પાસરે. ૬
ઘોડુંકુ તરસ ભુલી ભુખભી, ઝુરેરે મોરગ સબ નેંનરે;
જબ ઝુરે અહલબેત ઘરમાં, કઁ કઁ ફેરાકકે બેંનરે. ૭

+ પોતાના વતનનો

અહલબેતકો હમસુ ઝુરીયે,શેહઝાદે હોતે હેં વિદાયેરે;
રણમા રહેરે સહી એકલે, માનવી કો મદત નાયેરે. ૮

—: * :—

૩૩૮—૩૧

અહલબેતને કહી, બાત લડકે કેરી;
તબ શેહઝાદેને ઓનુકુ, બોલાયે સવેરી. ૧
લે આપસકે આગે, ઘોડે પર બેઠાયે;
અને પાણીકી તરફ, જાના મન લાયે. ૨
ચલા ઘોડેકુ ગહે, દુશમનુ પાસા;
અને બાત કહી ઓનુકુ, પાણીકી આશા. ૩
હેં તમુ મન ગુમાન, ગુના મેં રે કીતા;
પણ બાળકકા ગુના, કેસા મન હે દીતા. ૪
તમે લડકેકુ થોડા, પાણી રે પીલાહો;
અસ લડકે કે હકમાં, રહેમ મન હે લાહો. ૫
કે દુધ હેં સુકા, થાન અસ કેરી માતા;
સો ટીપ એક દુધ, નાંહી રણ માંહે આતા. ૬
એતા શેહઝાદેકા કૅના, ઓનુ સુનકર લીના;
અને જોવાબ તો ઓનુને, એસા રે દીના. ૭
કહયા ઝીયાદ કે બેટેકી, રજા હો બના;
ટીપ પાણી ના દેવે, તમારે તંના. ૮
એતા કૅકર ઓનુંને, તીર રે ડલાયા;
સો અલી અસગર કે, હલકમા આયા. ૯
તબ શેહઆદે નીકાલકર, તાંડે રે પાસ આયે;
અલી અસગર હુએ, શહીદ સોણાયે. ૧૦
તબ શેહઆદેને બાલકકી, માતા રે બોલાયે;
લે શહીદ હે લડકા, કે ઓનુકુ દલાયે. ૧૧

બૅાત બીબીને એ દેખકર, રધન હે કીતા;
એ સુન સુન મુમનુ, ચંત એતના દીતા. ૧૨

[ રે તું હી ]

સગીર શેરઝાદે ગોદમા, લાગા ઓનુકુ તીરરે,
લાગા ઓનુકુ તીર;
શહીદ તોરત લાગતે હુએ, સુન તુ દીનકે વીરરે,
સુન તુ દીનકે વીર. ૧૩

૩૩૯—૩૨

જબ અલી અકબર હુએ, શહીદ સોણીતે;
તબ શેહઝાદેને ઓનુકી, માતાકુ દીતે. ૧
કહયા લો એ શહીદ બાલક સવેરે;
હોજ રે કૌસરકા પાણી, ઓને પીયા રે અનેરે. ૨
તબ બીબીને દેખતે, બૅાત રધન કીતા;
સો નેંનુ રે બરસે, મેંહે કી રીતા. ૩
તબ ફેરાકકે કાજે, ઓનુ બેતાં રે આખી;
સો દલકે દરદ કી, બાત રે દાખી. ૪
સો ફરઝંદ કેરા, લે લે નામા;
પડે બેતાંને રધન કીયા, ઓસકે ઠામા. ૫
અને શેહઝાદેને બેતભી, ફેરાકસુ કહી,
સો ફરઝંદ કેરી, બૅાત ચંતા રે લહી. ૬
યું બેતાં પડીયાં, બૅાત ફેરાંકકે લીતે;
બૅાત રધન તો શેહઝાદેને, કીયા રે સોણીતે. ૭
અબ શેહઝાદેને જંગમા, કીયા જાનેકા મંના;
અબ એકલે રહે, આપ એક તંના. ૮
તબ શેહઝાદેને નારા, આહકા ડલાયા;
એ સુન સુન સુમનુ, મન એતના આયા. ૯

[ રે તું હી ]

ફરઝંદ શહીદ ગોદમા, હેં એ આયા તીરરે,
હેં એ આયા તીર;
રૂધન શેહઝાદેને કીયા, દેખતે ના હુઇ ધીરરે,
દેખતે ના હુઇ ધીર. ૧૦

—: * :—

૩૪૦—૩૩

શેહઝાદેકે ફરઝંદ દો સહી. શહીદ હુએ ઑાસ ઠામરે;
સો અલીઅકબર બુઝીયો. અલીઅસગર નામરે. ૧
સુનને રણમાં એકલે. લાગા એ દિલકુ દાગરે;
ફુલ જ્યું ☆કવલે ચુંટીયે, નુર નેનુ કે રે બાગરે. ૨
શેહઝાદેને નારા ડાલીયા. આહકા બૉાત દુઃખસુ સહી;
લરજીયે સુનતે જમીંયાં, ખબર એ સુની ગહી. ૩
ફરઝંદ ખાતમ નબીકે, એકલે રોવે કો' નાયેરે;
એ દરદ જેસે થા લાગીયા, ખાતમ નબી દલ માયેરે. ૪
અહલબેતને ચાક કીયે, પેને જે કપડે જાતરે;
યું ફાડ કપડે ઝુરીયે, એસી સુની હે બાતરે. ૫
દલકુ ડમર સાહીયા, ગરજે ગગન અપારરે;
નેંનુકુ ભાદવ લાહીયા, ખેંચે ના તલ ભી ધારરે. ૬
મઝલુમ માંગે સીખડી, જાના હે રણકે ઠામરે;
શેહઝાદે દેખો હુએ એકલે, હુસેન જનુકા નામરે. ૭
શાહા હમુકુ રણમા, યતીમ હો કરતે તમે;
અહલબેત કૅવે બેકસ, હોકર કહાં જાવે હમે. ૮
અરજ શાહા એ સુનની, યતીમ કયું હમુકુ કરેરે;
યતીમુ કેરી આજીજી, શાહા ના કયું મન ધરેરે. ૯

☆ કુડચું

૩૪૧—૩૪

ઇમામ ઝૈનુલઆબેદીન, દુઃખી થે સોણાતે;
અને તરસકે લીતે, ના થે બોલરે સકાતે. ૧
સો ખીમેમાં રહે થે, લીતે આજાર કે સોકર;
વૅ ઉઠ ના સકતે, ☆બેતાકતી, મનધર. ૨
જબ બાપ તો નજરૂ, અનુ એકલે આયે;
અને આદમી દુજે, ના કો' પાસ રે દેખાયે. ૩
તબ ÷કુવ્વતસુ ઉઠકર, ધસકર ચલીયે;
સો રણકી તરફ, કદમ રે ધરીયે. ૪
અને નેજા તો અનુને, હાથમા લીયા;
બેઝે મેદાન તો ધસકર, લીયા રે સોણીયા. ૫
થે આજારકે લીતે, તન થા કંપાતા;
તો ભી મેદાનમા આયે, ધસ સોણીરે બાતા. ૬
થા તનરે અનુકુ, બૅાત સોણીયા આજારા;
તો ભી મેદાનરે લીયા, બૅાત શેહઝાદેકે પીયારા. ૭
જબ શેહઝાદેકી નજરૂ, એ રણમાં દેખાયે;
તબ શેહઝાદે બેઝે, અનુ પીછે રે ધાયે. ૮
કહયા અલ્લાહ અલ્લાહ બેટા, કરો કૈસા રે કામા;
સહી તમુસુ રૅવેગા, મેરી નસલકા ઠામા. ૯
એતા કૅ કર સૈયદકુ, ખેંચ કર લાયે;
લા ફેર કર ખેમેકે, માંહે રે બેઠાયે. ૧૦
તબ ઝૈનુલઆબેદીન, નીર ભરા રે નેંના;
એ સુન સુન મુમનુ, રાખા દલકે નેંના. ૧૧

[ રે તું હી ]

ઝૈનુલઆબેદીન રણથી, લાયે શેહઝારે વાળરે,
લાયે શેહઝાદે વાળ;
સૈયદ બૅાત ઝુરીયે, દેખ દેખ બાપકા હાલરે,
દેખ દેખ બાપકા હાલ. ૧૨

☆ કમ તાકતહોવાથી ÷ હીંમત કરીને

૩૪૨—૩૫

હરમકુ શેહઝાદેને આખીયા, લાહો મેરે હથીયારરે;
અબ તો હમ હોવે જુદા, કરતે તમ બોત પીયારરે. ૧
રધન મન ના આનના, સબુર કોહી ઠામરે;
રબ તો હે લે સોપના, ચાતા હો કેરા કામરે. ૨
શેહઝાદેને કમર બાંધકર, કહયા હમ હોવે વિદારે;
પોચી નોબત હમારડી, હુએ હમ તમસુ જુદારે. ૩
દરદ સહી પોચના, દોસતો મેરે દલરે;
જીસ વકત તો હોવે સહી, હમતો તમુસેતી જુદા. ૪
નેંન તમારે ઝુરસી, બાદલ મેહેકે રીતરે;
જબ હે જુદાઇ પડની, હુએ હમ તમસુ જુદા. ૫
શેહઝાદે તો એતી બાતકૅ, હુએ સહી સબુસુ વિદા;
અહલબેત તબ બૅાત કરગરે, હુએ શેહઝાદે જબ વિદા. ૬
શાહા કિસે હો સોંપતે, યતીમ હમના જાતરે;
બેકસ હમ અબ કયા કરેં, હુએ હમ તમસુ વિદા. ૭
શાહા દુઃખે હેં દીયા ભરીયા, કૅવે કિસે વૅ બાતરે,
સાર કરેગા કુન રે. તમ તો ચલે હોકર વિદા. ૮
શાહા કિસે હો તમ સોંપતે, હમારી યતીમકી જાતરે,
શાહા હમુકુ એકલે છોડ, ચલે હોકર વિદા. ૯
અહલબેત ઝારઝાર રોયેકર. કૅને એ લાગે બેનરે;
હઈયા તો લાગા ફાટને, હુએ શેહઝાદે જબ વિદા. ૧૦

—: * :—

૩૪૩—૩૬

તબ હથીયાર લે આના, દીયા હરમકુ કામા;
સો બીબી શેરબાનુ, ઓનુકા નામા. ૧
તબ શેહઝાદેને કબા, પેની રે સહી;
અને નબીજીકી પગડી, સરકુ બંધાહી. ૨

અને ઢાલ તો અમીર, હમજાકી લીતી;
સો પીઠકે પીછે, ડાલ ☆હમેલમાં દીતી. ૩
ઝુલફેકાર શમશેર, હમેલમાં બાઇ;
જોલજનાહે ઘોડે પર, કીતી સવારી સોણાઇ. ૪
તબ જાના કે ધસકર, લેવે રે મેદાના;
તબ અહલબેત નીકલે, બાર સહી રે જાના. ૫
બાર પોકારતે તંબુથી, આયે આસ હાલા;
શાહા હમુ કિસકે, કર ચલે રે હવાલા. ૬
હમ બેચારે ગરીબ, કિસ હવાલે કીતે;
એ બેન કં અહલબેત, રોયે ગમકે લીતે. ૭
તબ શેહઝાદેને આખા, તમે રબકુ સુંપાયે;
એ કંતે શેહઝાદે, બાત ×રકતમા આયે. ૮
કહયા રબકુ વકીલ, મેં હેં કીતા;
મેં હવાલા તમારા, લે આસકુ દીતા. ૯
એતા કંકર શેહઝાદે, રણ માંહે આયે;
નેઝા જમીંકુ લગાકર, ઠાડે રહે રે સોણાયે. ૧૦
અને અહલબેત સબુકુ, પીછે રે ફેરાયે;
એ સુન સુન મુમનુ, મન એતના લાયે. ૧૧

[ રેતું હી ]

શેહઝાદેને એકલે તનસુ, લીયા રણ મેદાનરે,
લીયા રણ મેદાન;
અહલબેત ભુકે કર પડે, રધન કીયા બાત જાનરે,
રધન કીયા બાત જાન. ૧૨

૩૪૪—૩૭

લે જમીંમાં નેઝા, ઠાડા રે કરાયા;
અને દુશમન કુમકુ, એતના સોણાયા. ૧

☆ બગલમા × ગળ ગળા, રોવા લાગ્યા

કહયા ડરો રે તમના, રબ હો સેતી;
સુનો ઓસકી સીફ્ત, હે રે કીતી. ૨
કે રાતકુ હે ખસાતા, અને દિનકુ હે લાતા;
હે જીવતેકુ મારતા, અને મુએકુ ★જીલાતા. ૩
સુનો રબ હે એસા, વૅ રોજી હે દેતા;
અને મારતા હે સબકુ, જીવ હે લેતા. ૪
અસ રબકે ઉપર હો, જો કરાર કરાતે;
અને ઑસકે રસુલકુ, જો હો રે ચાતે. ૫
સો મુહંમદ મુસ્તુફા, ઓનુકુ જાનો;
વૅ દાદા તો મેરા, હે રે પછાનો. ૬
જો અનુ પર તમના, હો લાતે ઇમાના;
યું શેહઝાદેને ઓનુકુ, કહયા રે જાના. ૭
તો મોજ પર તમના, ના સિતમ કરાહો;
અસ રબ હો કેરા, ડર મન લાહો. ૮
હબે દાવે મોજ પર, કાએ +સિતમ કરાતે;
કયું કિયામત કેરા, ડર મન નાંહી લાતે. ૯
ઑસ દનરે હોવેંગે, સબ રબકે હજુરી;
તબ બાવા દાદા મેરા, કરે રીસ રે પુરી. ૧૦
કે પાણી રે કૌસરકા, ના તમુકુ દેલાવે;
એસા ઑસ દન ગુસ્સા, તમુ પર લાવે. ૧૧
એથી શેહઝાદેને ઓનુકુ, કહી રે બાતી;
એ સુન સુન મુમનુ કહયા દન ઓર રાતી. ૧૨

[ રે તું હી ]

શેહઝાદે દુશમનુ સામની, કરે હેં નસીહત બાતરે,
કરે હેં નસીહત બાત;
ગુઝને રહે એકલે, આપ શેહઝાદે જાતરે,
આપ શેહઆદે જાત. ૧૩

★ જીવતો કરવો + જુલમ

૩૪૫—૩૮

તમુ સીત્તર તો તન, શહીદ કરાયે;
ભી શેહઝાદે એતના, કૅ ઓનુકુ બતાયે. ૧
સો ભાઇને ભતીજે, મેરે શહીદ કીતે;
અને યારને ગુલામ, સબ તમુ જંગ માંહે લીતે. ૨
અને ફ્હઝંદ મેરે, તમુ શહીદ રે કીયે;
એ ☆કતાલ રે કીતા, તમુ મુલકકે લીયે. ૩
ભી મોજકુ કતલ, તમે કીયા હો ચાતે;
કભી મુલકકે વાસતે, તમે હો રે ચાતે. ૪
તો રાહા છોડો મેરી, મેં ઉઠ કર જાહું;
એ મુલક ખાલી કર, તમુકુ દલાહું. ૫
કે તુર્કસ્તાન મુલક, કે હબસ જાનો;
કે હીંદુસ્તાન જાહું, તમ રે માનો. ૬
અને પાણી તો પીનેકુ, નાંહી હમુકુ પાતા;
÷અહલ અયાલ કા કલેજા, ઑસ કાજ હે જલાતા. ૭
ઑસે પિયાસ જેતા, પાણી હમુકુ પીલાવા;
તો કિયામત તમુસુ, ના મેં કરૂં રે દાવા. ૮
કભી કૅના જો મેરા, તમ ચંત ના દીતા;
તો હોકમ મેં રબકા, સર ધર રે લીતા. ૯
હુઆ રબકે હુકમસુ જીવ રાજી રે મેરા;
એતા શેહઝાદેને બયાન, કહયા ઓનુકુ સવેરા. ૧૦
એ દુરીજન સગલી, સુની કાન ધર બાતી;
એ સુન સુન મુમનુ, કહયા દન ઓર રાતી. ૧૧

[ રે તું હી ]

ફૂરઝંદ નબીકે એકલે, કરે હેં રણમા બયાનરે,
કરે હેં રણમા બયાન;
કે દુરીજનુકુ કભી સુનતે, હોવે દિલકુ શાનરે,
હોવે દિલકુ શાન. ૧૨

☆ લડાઇ ÷ બાલ બચ્ચાં

૩૪૬—૩૯

એતા સુનતે લશકર, જે કહીયે શામી;
વૅ લડાઇસુ ફરીયે, જે આયે થે નામી. ૧
અનુ કુફી તો સારે, રોયે ભર ભર નેંના;
જબ શેહઝાદે કેરે, એ સુને રે બેંના. ૨
તબ બોખતરી રબીએ, કા બેટા રે કહીયે;
અને રબીકા બેટા, ભી સીસ રે લહીયે. ૩
અને સોમર જલ્લહબસ, એ તીનુકી જાતી;
ઓનુ અચરત બુઝા, એ સુનકર બાતી. ૪
કે લશકર સારેને, મોં રે ફરાયા;
કામ હુઆ ના જું હમને, હે રે ચાયા. ૫
એતા બુઝ કર, આયે શેહઝાદેકે સામી;
જે તીનુકે નામ, લખીયે નામી. ૬
યા ઇબને ☆અલી તોરાબ, કહયા શેહઝાદેકી જાતી;
તમ કૈસે હો કરતે, એ કહી રે બાતી. ૭
એ શેહઝાદેને સુનકર, સર નીચા રે કીતા;
જબ જોવાબ તો ઓનુને, સખતી કા દીતા. ૮
જબ સાઅદકે બેટેકુ, લોક રોતે રે દેખાયે;
કે સવાર તો રોતે, સબ નજરૂ આયે. ૯
તબ ડરકે લીતે, બાર ઓનુ થી આયા;
અને પીયાદુંકુ હાકમાર, એતા રે બતાયા. ૧૦
અબુ તોરાબકે બેટેકુ, તમે છોડો નાંહાં;
કે મત ફેર બોલે, એ લશકર માંહાં. ૧૧
ઑસ કાજે બેગે, તમે તીર રે ડલાહો;
ફેર બોલને ના પાવે, એસા સોચ મન લાહો. ૧૨
એ સાઅદકે બેટેને, કહી પોકારને બાતી;
એ સુન સુન મુમનુ, કહયા દન ઓર રાતી. ૧૩

☆ હ. અલી (ર. અ.)

[ રેતું હી ]

પીયાદે બેટે સાદને, હાક માર ભેજે સબરે,
હાક માર ભેજે સબ;
જબ શેહઝાદેકી બાત સુન રોઇયે,લશકરકે સબ તબરે,
લશકરકે સબ તબ. ૧૪

૩૪૭—૪૦

તબ પીયાદે રે હજાર, પીયાદે સોણાયે;
ઓનુ સાથ ધસકર, આવ તીર રે ડલાયે. ૧
અને કો' કો' અસવાર, આયે ઓનુરે સાથા;
ઓનુ તીર ભી ડાલે, ખેંચ કમાન લે હાથા. ૨
સો તીરાં હો કેરા, જું મેંહે બરસાયા;
પણ શેહઝાદેકુ ઘોડેસુ, ના કોઇ રે લગાયા. ૩
તબ તીર તો સગળે. ચું ડાલતે ભુલાયે;
તબ ☆ખેજાલત સેતી, વૅ બોત શરમાયે. ૪
તબ શેહઝાદેને ચાયા, કે હમલા કરાવે;
કે શમશેર નીચે, દુરીજન લાવે. ૫
તબ કહત કેરા બેટા, તમીમ રે કહીયે;
એ ભી શામ કેરા ઉમરાવ, થા રે લહીયે. ૬
વૅ ઓનુકે કોમમા, થા બડા રે કૅલાતા;
અનુ શેહઝાદેકે સામી, આવ કીતી રે બાતા. ૭
કહયા અલીકે બેટે, કેતા કરે હે દાવા;
કે ફરઅંદ તેરે, હેં કતલ કરાવા. ૮
અને કબીલા સારા, માર ફના હે કીતા;
સબ યાર દોસ્ત તેરે, તલે શમશેર લીતા. ૯
અને હજુ લગ એકલા, તુ હે જંગ રે કરાતા;
બીસ હજાર સાંમી, હે લડાઇકુ આતા. ૧૦

☆ શરમીંદગી શરમ

તમામીને આવકર, એતી બાત રે કહી;
એ સુન સુન મુમનુ, યાદ કીયા રે દહી. ૧૧

[ રે તું હી ]

તમીમી શેહઝાદે સામની, આવકર કહી બાતરે,
આવકર કહી બાત;
સો બાત થી ઍાસકે ભેદસી, જે રાખી થી જાતરે,
જે રાખી થી જાત. ૧૨

—: * :—

૩૪૮—૪૧

તબ શેહઝાદેને સામી, કે ઍાસે રે બતાયા;
મેં તમુસુ જંગકુ, નાંહી રે આયા. ૧
પણ તમ હો સામી, આવ કરતા લડાઇ;
અને રાહા તો તમારી, મેં બંદ નાંહી કરાઇ. ૨
પણ તમુને આવકર, રાહા બાંધી રે મેરી;
મેરે ફરઝંદ ભાઇ, કીયે કતલ સવેરી. ૩
અબ પિયાસુકુ પાણી, તમે નાંહી રે દેતે;
અને રાહા મેરી છોડકર, નાંહી ☆કિનારે હોતે. ૪
અને મોજે બેત યઝીદસુ, રવા રે નાંહાં;
સો કહી કહી રીતું, કેરે રે માંહાં. ૫
તો જંગ બના ઔર કયા, મેં કરૂં રે કામા;
જો તમને રોકીયા, મોજે રણુકે ઠામા. ૬
એતા શેહઝાદેને કૅકર, ફેર ઍાસકુ આખા;
અબ તુ કયા હે ચાતા, આવ બેગે રે દાખા. ૭
એતા શેહઝાદેને કૅકર, ફેર હકા રે સારે;
પગ ધ્રુજે સબુકે, હુએ બે કરારે. ૮
તબ પગતો સબુકે, ધ્રુજ હુએ રે પાની;
અને ×સરાસીમો તમીમી, હુઆ બાત એ જાની. ૯

☆ દુરથવું × હેરાન પરેશાન ધબરાઇ ગયો

બાત તમીમીને ડરકી, મન ચંતા રે કીતી;
તબ શેહઝાદેને ધસકર, શમશેર દીતી. ૧૦
તબ શીશ તો ઑસકા, દુર તનથી કરાયા;
સો કદમ તો પચાસ, દુર રે ડલાયા. ૧૧
તબ લશકર ભગાકર, પીઠ રે દીતી;
એ સુન સુન મુમનુ, એતી ચંતા કીતી. ૧૨

[ રે તું હી ]

તમીમીને બોલ મારીયા, શેહઝાદેને કાટા શીશરે,
શેહઝાદેને કાટા શીશ.
પચાસ કદમ સરં તનથી, કીયા દુર કર રીસરે,
કીયા દુર કર રીસ. ૧૩

—: ※ :—

૩૪૯—૪૨

તબ અહલબેત હાયે પોકાર કર, આવાજરે કીતા;
જબ લશકર ભાગતા, નજરૂ દીતા. ૧
અરે હિમત હો બના, કાયે પગ હો ખસાતે;
એક તન કેરા ડર, કયું મન હો લાતે. ૨
દેખો કેસા હું કરતા, તમે કામ રે મેરા;
યું કં કર ☆મુબારજ, આવ હુઆ રે સવેરા. ૩
સો ઝેબાં રે ચલાતા, સામી શેહઝાદેકે આયા;
બેઅદબ તો શરમ, કુછ મન ના લાયા. ૪
જબ સાઅદકે બેટેને, આયે દેખે રે જુવાના;
કે શેહઝાદેકે સામી, આવ લીયા હે મેદાના. ૫
તબ ખુસાલી કરને, અવાજ રે દીતા;
કે તમીમી કેરા, નામ પુકારને લીતા. ૬
થા મેસરકે મુલકમા, બાત સીપાહી કહાવા;
બાત આદમી ઑસકુ, થે કરતે ચાવા. ૭

☆ સીપાહી લડનાર

યું સાઅદકે બેટેને, અવાજ દિલાયા;
સો તમીમીકા કતલ, લે સબુકુ જણાયા. ૮
જબ અબતહી શેહઝાદે, કે સામી રે આયા;
તબ શેહઝાદેને હકાર કર, ઑાસે રે બતાયા. ૯
કહયા હે તુ મોજકુ, પછાનતા નાંહાં;
એ સુન સુન મુમનુ, દીયા મનકે માંહાં. ૧૦

[ રે તું હી ]

અબતહી દુરીજન રીસમાં. બોલે એ ☆સબ બોલરે,
બોલે એ સબ બોલ;
પણ જનુકુ રબે બડે કીયે, નાંહી કો' ઓનુકી તોલરે,
નાંહી કો' ઓનુકી તોલ. ૧૧

૩૫૦—૪૩

કહયા શેહઝાદેને અબતહી, ના કયું મોજકુ પછાણે;
કે બોલ તો ઝોબાં પર, ÷નાસઝારે આને. ૧
એ અબતહીને સુનકર, જવાબ ના દીતા;
અને શેહઝાદેકે ઉપર આવ ઘાવ રે કીતા. ૨
તબ શેહઝાદેને ઑાસકા, ઘાવ રે ચુકાયા;
અને ઘસને કમરમા, ઝટકા લગાયા. ૩
સો આરીયેકી રીતે, માર કીયે દો ભાગા;
તબ જમીંમા પડકર, +ખાક ચાટને લાગા. ૪
ઐસે મારને શહઝાદે, નદી તરફ આયે;
સો પાણી હો કેરા, સોચ મનરે લાયે. ૫
તબ ઘસાને ઘોડા, નદી તરફ ચલાયા;
તબ સોમરને અવાઝ, લશકરકુ દલાયા. ૬
તમે હુસેનકુ ઘેરેથી, મત રે છોડાહો;
રખે પાણી જા પીયે, એતા ખાતરમા લાહો. ૭

☆ ગાળો આપવી ÷ ખરાબ બોલ, નાલાયક બોલ + ધુળ ચાટવા લાગયો

કભી એક ઘુંટ પાણી, અસ ગલેમા જાવે;
તો લશકર સારેકુ, કતલ કરાવે. ૮
એ સુન લશકર, સબ ધસને આયા;
એ સુન સુન મુમનુ, મન એતના લાયા. ૯

[ રે તુંહી ]

તરસે શેહઝાદે બૅાત થે, ચલે પાણીકે તીરરે,
ચલે પાણીકે તીર;
બીચમા દુરીજન આહીયે, સુન સુન મુમનુ વીરરે,
સુન સુન મુમનુ વીર. ૧૦

૩૫૧—૪૪

નદી ફોરાતકે બીચમા, દુરીજન આયે;
આવ શેહઝાદેકે સામની, તીર રે ડલાયે. ૧
તબ શેહઝાદેને શમશેર, લે ઘોડા રે ઓચાયા;
સબ દુશમન લશકર, માર ભાન રે ડલાયા. ૨
તીન સફાં થી ઓનુકી, માર દુર રે કરાઇ;
જા પૅાચે રે પાનીકુ, એસી ખબર રે સોણાઇ. ૩
તબ ઘોડેકુ લેકર, પાણીમા બાયા;
અને પીણેકી ખાતર, આપ ખોબા રે ભરાયા. ૪
તબ શેહઝાદેને ચંતા, પાણી હાથ લે કીતી;
સો દીલગીરી કોટમકી, મન રે દીતી. ૫
કે કોટમ તો મેરે ને, ના પાણી રે પીયા;
એ ઇન્સાફ નાંહી, મેં પીઉં ચંત દીયા. ૬
સબ અહલબેત તરસે, હેં બના રે પાની;
મેં પાણી કયું પીઉં, એતી ચંતા મન આની. ૭
એ શેહઝાદેને ચંતાસુ, પાણી હાથસુ ડલાયા;
અને ઘોડેકા મોં તો, લે પીછા રે ફેરાયા. ૮

તબ દુશમનુ કેરા, લશકર સારા;
વૅ શેહઝાદેકે ઉપર, આયા નદીકે કિનારા. ૯
તબ શેહઝાદેને ઘોડા, ખીમેકુ ચલાયા;
સો ડેરે તક આ, બૅાત રે જંગ કરાયા. ૧૦
તબ ચારસો દુરીજન, મારને ગિરાયે;
યું લશકર ☆બૅર કર, આપ ડેરે પાસ આયે. ૧૧
આવ શેહઝાદે ઉતરે, ડેરેકી ઠામા;
એ સુન સુન મુમનુ, લીયા નામા. ૧૨

[ રે તું હી ]

ફરે શહઝાદે તરસે નદીથી, આયે ડેરે ઠામરે,
આયે ડેરે ઠામ;
અહલબેત બાર આયે સહી, સુન શેહઝાદે નામરે,
સુન શેહઝાદે નામ. ૧૩

૩૫૨—૪૫

અહલબેત આયે સામની, સુનતે શેહઆદે નામરે;
÷બન્નેમ હે ભાઇ પડે, પરદેશ રણકે ઠામરે. ૧
કે નેંન બરસે નેંનસુ, બિછરન એ ભારી લહા;
તનકુ લગાહી દાઝ રે, આખે તો સબ +શહા. ૨
અહલબેત ઢાંપો સીસકુ, ચાદર સેતી સબરે;
રૂધન જબ બોતજ કીયા, બોલે શેહઆદે તબરે. ૩
કપડે તો મત ફાડો તમે, સબુર હે કરના સહી;
મુસીબત હે તમના પોચની, શેહઝાદેને એ બાત કહી. ૪
યતીમુકુ ખુબ કર પાલીયો, દીતી એતી સીખાવના;
બીછરન અબ પડા સહી, વિદા હુએ હમ જાનના. ૫
ઝૈનુલઆબેદીન ગોદમા, શેહઆદેને લીયે આપરે;
બોસે મોંકુ આખીયા, સુનોને જીવડે કે બાપરે. ૬

☆ વિખેરી નાખ્યા ÷ જુદા + શેહઝાદા

જબ તો તમે જા પોચીયો, બેટા મદીને ગામરે;
સલામ ઓનુકુ આખીયો, જે મીત હેં ઓસ ઠામરે. ૭
તરસે રહે હમ રણમા, કરબલા કેરે વનરે;
તરસે હે જીભ તો સુકતી, દાજતા બી હે તો તનરે. ૮
ફરઝંદ નંને લડકે, સુનો હમારી બાતરે;
અબ તો જુદાહી પડી, હમના તમારી જાતરે. ૯
અહલબેત રોવે નીર ભરીયે, નેંન નદીયાં જાયેરે;
અજબ આસમાન ટુટકર, હેઠા નાંહી વૅ આયેરે. ૧૦

—: * :—

૩૫૩—૪૬

જબ શેહઝાદે તો આયે, તંબુકે પાસા;
તબ અહલબેત ધાયે, મલનેકી આશા. ૧
રૅનેવાલે શેહઝાદેને આખા, પરદે કેરે;
તમ સર પર ચાદર, ઓઢો રે સવેરે. ૨
અને કમર તો ☆ઓસતવાર, તમારી બંધાહો;
પોચે મુસીબત તમુકુ, સહી મન રે લાહો. ૩
મેરી મુસીબત પોચની, હે તમારી જાતી;
તમે કપડા ના ફાડીયો, કહી શેહઝાદેને બાતી. ૪
બૅાત રધન તો તમના, કીજીયો નાંહાં;
તમ સબુર તો કીજીયો, દિલકે માંહાં. ૫
અહલબેતકુ શેહઝાદેને, બાત એ કહી;
બૅાત સુનતે રધન, ઓનુ કીયા રે સહી. ૬
પછે ઝૈનુલઆબેદીન, શેહઝાદેને બોલાયે;
અને આપસકી ગોદમા, લેને બેઠાયે. ૭
કહયા બેગે રે આહો, તમ બાપકે જીયા;
હમ વિદા હે હોતે, યું આખા રે સોણીયા. ૮

☆ મઝબુત

એતા કૅને પેશાનીકુ, બોસા રે દીયા;
એ સુન સુન મુમનુ, એતા સોચ કીયા. ૯

[ રે તું હી ]

શેહઝાદેને જંગથી આવકર, ફરઝંદ પાસ બોલાયેરે,
ફરઝંદ પાસ બોલાયે;
વિદા હોનેકે કાજ વૅ, લેકર ગલે લગાયેરે,
લેકર ગલે લગાયે. ૧૦

—: * :—

૩૫૪—૪૭

જબ ફરઝદ પોચો, ગામ રે મદીના;
બેઠા શેહઝાદેને ગોદમા, રોશન એ કીના. ૧
સબ દોસ્તુકુ હમારા, કહીયો સલામા;
યું શેહઝાદેને બૅતુંકા, પડીયા કલામા. ૨
બાત શેહઝાદેને ફેરાકસુ, બૅતાં રે આખી;
સો નેનુ નીર, ભર ભર દાખી. ૩
તબ પાસ આયે હરમ, શેહઝાદે હો કેરી;
સો બીબી શેરબાનુ, નામ સોણીયો સવેરી. ૪
એ સૈયદ સરૂર દિલકે મેરે;
યું બીબીને આવકર, કહયા રે સવેરે. ૫
મેં મુલકમા ગરીબ હું, સેતી ગમ રે સવારી;
અબ ☆પનાકી કિસ પાસ, મેં ચાહું રે યારી. ૬
અને ભેનાને ફરઝંદ, હેં જે તમારે દેખાતે;
વૅ તો નબીકે ફરઝંદ, હેં રે કૅલાતે. ૭
કહયા શાહા બેટીયાં તમારી, અને તમારી ભેંના;
એ તો ફરઝંદ નબીકે, સબ બુઝે દલ મેંના. ૮
અબ મેરા તો હાલ, કેસા રે દેખાવે;
રખે તમારી હરમકી, ના કો’ શરમ કરાવે. ૯

☆ બચાવ, રક્ષણ

જબ બીબી સાહેબે, એતી કહી રે બાતી;
તબ શેહઝાદેને દિલાસા' દીયા ઓનુકી જાતી. ૧૦
સુનો એસા રે હુઆ થા, વૅ સખતીકા દંના;
એ સુન સુન મુમનુ, રાખા રે મંના. ૧૧

[ રે તું હી ]

અરજ બીબીરે કરે સહી, ચંતા બૅાત દે ચંતરે,
ચંતા બૅાત દે ચંત;
દિલાસા શેહઝાદેને કીયા, રહો તમે નચંતરે,
રહો તમે નચંત. ૧૨

૩૫૫—૪૮

શેહઝાદે તો રણુમા એકલે, ભેલ પાડ પોચે દુરીજના;
હરમકુ લાગા ખોફ રે, એસા હુઆ થા વે દના. ૧
શહીદ હુએ ફરઝંદ ધરીયે, સો આગલ લાવરે;
નેંનુ વૅ દેખ દેખ ઝુરીયે, દુરીજનુ દીયા દાવરે. ૨
તરસે તો જીભાં સુખીયાં, સુકે ભી સબકે ☆લબરે;
ફરઝંદ હેં આઘે ધરે, શહીદ હુએ સબરે. ૩
બેરી ભી હેં ચલ આવતે, તલ ભી ના દેવે ધીરરે;
એસી તો દુઃખકી રીત થી. સુન સુન મુમન વીરરે. ૪
શેહઝાદે હેં માગતે સીખડી, અહલબેતસુ કરે ભાવરે;
બેરી તો હેં ઠાડે રહે, દેનેકુ બેગે દાવરે. ૫
એકલે શેહઝાદે રણુમા, અહલબેત સબ ઓનુ પાસરે;
શેહઝાદે હેં માગતે સીખડી. રાખે વૅ કિસકી આશરે. ૬
હરમે રધન કીયા સહી, શાહાસુ હોતે નિરાશરે;
શાહા હો કિસે મોજે સુંપતે, રહું મેં કિસકે પાસરે. ૭
એ હેં દુરીજન મેરડે, શાહા નાંહી છાની બાતરે;
આધાર મેં કિસકા કરૂં, બના તમારી જાતરે. ૮

☆ હોઠ

બીબી તો અહલબેત ઝુરીયે, કં કં તો એસે બેંનરે,
ભાદવ રીતે મેંહે જું, લાગા તો દોનું નેંનરે. ૯

—: * :—

૩૫૬—૪૯

તબ શેહઝાદેને આખા, બાત રે સોણના;
×શેરબાનુ ફિકર, ના મન રે ધરના. ૧
કો' કર નાંહી સકે, હાથ રે ÷દરાજા;
સો તમારે સામી, કીયા શેહઝાદેને અવાજા. ૨
હે શરમકા રાખનાર, અલ્લાહ રે તમારી;
સહી મન તો તમારા, રાખીયો કરારી. ૩
યું શેહઝાદેને દિલાસા, +હરમકુ દીયા:
અને મોં તો રણકે, તરફ રે કીયા. ૪
બેગે શેહઝાદે આયે, ધસ રે મેદાના;
આવ મુબારજ તલબ, કીયા રે જાના. ૫
તબ સાઅદકે બેટેને, લોકુકુ આખા;
તમે એક એક મત કો', જાહો રે દાખા. ૬
એ તરસકે લીતે, હેં મોતકુ પોચાયા;
એસા હાલ તો અસકા, હે રે દેખાયા. ૭
તમે સારે મલકર, એક બારકે જાહો.
બેગે હુસેનકુ ઘેરા, સબ મલને કરાહો. ૮
સબુ સાઅદકે બેટેકી, જબ સુની રે બાતી;
તબ ધસકર આયે, સારે દુરીજન જાતી. ૯
સબુ મલને શેહઝાદે, કુ ઘેરા દીતા;
એ સુન સુન મુમનુ, એતા સોચ રે કીતા. ૧૦

[ રે તું હી ]

× હ.ઇમામહુસેન ર.દી.અ.ની બીબી સા.નુ નામ ÷ લાંબો + બીબી સા. ને

શેહઝાદેકુ ઘેરા ડાલીયા, દુરીજન આવ રણ માંયેરે,
દુરીજન આવ રણ માંયે;
રહે શેહઝાદે એકલે, રબ બના આવે કો' નાયેરે,
રબ બના આવે કો' નાયે. ૧૧

—: ❋ :—

૩૫૭—૫૦

તબ ☆બાગ જું ÷દુમું પર, આવે રે કેસા;
યું શેહઝાદે હમલા, તબ કીયા રે વૅસા. ૧
તબ શમશેર લેકર, પુરી રે બાઇ;
એકસોને સત્તર, સારે ખબર સોણાઇ. ૨
માર ડરકે આખાં, ફરી દુરીજનુ કેરી;
તબ પીઠાં રે દેખાઇ, સબુ ભાગને સવેરી. ૩
યું લશ્કર દુરીજન, મારને *બેરાવા;
ભી શેહઝાદેને ઘોડા, નદીકુ ચલાયા. ૪
તબ બેગે ફોરાતકે કિનારે, જા શેહઝાદે પોચાયે;
અને હાથ માંહે પાણી, લેતે રે સોણાયે. ૫
તબ શેહઝાદેને પાણી લે, હાથ ચંતા રે કીતી;
અહલબેત કેરી તરસ, મન રે દીતી. ૬
અસ ફેરાક કે લીતે, પાણી પીછા રે ડલાયા;
તબ દુરીજનુ સારૂ, હમલા કરાયા. ૭
તબ શહઝાદે તો નદી થી, આયે રે બારા;
તબ દુરીજનુ દાવેકા, પુરા સોચ રે સવારા. ૮
સુનો દુરજનુ ચલ ચલ, કીયે રે ધાવા;
ના જંગ રે કરતે, મન શરમ લાવા. ૯
સો ઘાવ પર ઘાવ આવ રે ડલાયે;
એ ફરઝંદ નબીકે, ના ઓનુને ચાયે. ૧૦

☆ વાઘ ÷ ઘેટાઓપર * વિખેરી નાખ્યું

તબ જખમી હુવડી, શેહઆદેકી જાતી;
એ સુન સુન મુમનુ, કહયા દન રાતી. ૧૧

[ રે તું હી ]

શેહઝાદે રણમા એકલે, વાડ કરે તલવારરે,
વાડ કરે તલવાર;
ફરઝંદ નબીકે બુઝકર, ના કીયા બેરીયું પીયારરે,
ના કીયા બેરીયું પીયાર. ૧૨

૩૫૮—૫૧

દુનીયાસુ રે ભાઇ દીનકે, હાં દીનકે,
રખે કરાવે પીતરે;
☆મધમ અમલ કેરડી, હાં કેરડી,
હે અસ પીતમા રીતરે. ૧
રબ દેવે જો કભી દુનીયા, હાં દુનીયા,
શુકર કર આસ માંયેરે;
ચાવ ના દુની કેરા કીજીયે, હાં કીજીયે,
કભી દિલકે માંયેરે. ૨
એ તો હે ઘાટી વીરા વસમી, હાં વસમી,
બેઠા હે દુરીજન આવરે;
વં ઘેરે રે નાકે આસે આવતે, હાં આવતે,
કરે જો દુનીકુ ચાંવરે. ૩
એસા તો દુનીકુ જાનકર, હાં જાનકર,
મત લોભાવે મનરે;
જાળ હે આસ ઠામ દુરીજના, હાં દુરીજના,
લપેટે તુજ તનરે. ૪

☆ ખરાબ

શેહઝાદે દેખ ઝુરે રણુમા, હાં રણુમા,
તરસ લાગી અપારરે;
બુઝને ફરઝંદ નબીકે, હાં નબીકે,
કરે ના કો' પીયારરે. ૫
ચઉદેશ શેહઝાદેકુ ઘેરને, હાં ઘેરને,
કરે ધસ ધસ ઘાવરે;
ડર ના મન કુચ લાહીયે, હાં લાહીયે,
રાખા જો દુનીસુ ભાવરે. ૬
એસી હે મેલી વીરા દુનીયા, હાં દુનીયા,
બુઝની એ મન બાતરે;
ઘાવ તો ચલ ચલ ડાલીયે, હાં ડાલીયે,
ફરઝંદ નબીકી જાતરે. ૭

૩૫૯—૫૨

બૅાત શેહઝાદેકી ઝખમી, જબ હુઇ રે જાતી;
બૅાત ઘોડેકુ ભી ઘાવ, લાગે બાત હે સોણાતી. ૧
તબ શેહઝાદેને જંગથી, હાથ રે ખેંચાયા;
ઘોડા પુરે રે ઘાવસુ, રહયા રે સોણાયા. ૨
તબ શહઝાદે ઠાડે, રહે રે સોણાયે;
જબ ઘાવ તો પુરે, જાતકુ આયે. ૩
તબ સઅદકા બેટા, ચલકર આયા;
હાલ શેહઝાદેકા ☆જઇફ, જબ ઍાસકુ દેખાયા. ૪
તબ શેહઝાદેને મુબારક, ખોલે રે નેંના;
બેટે સાઅદકેકુ કહયા, એસે રે મેંના. ૫
તુ હાથુસુ મુજકુ, હે મારા રે ચાતા;
કે તુ ઍાસકાજ ધસકર રે બેગે રે આતા. ૬

☆ કમઝોર

અને તુજકુ મારતે, મુજે શરમ હે આતી;
એતી શેહઝાદેને ઑસકુ, કહી રે બાતી. ૭
તબ સાઅદકે બેટેને, ઘોડા પીછા રે ફેરાયા;
અને ☆મોનફએલ હુવડા, બાત રે સોણાયા. ૮
તબ સોમર લઇન ને, પેયાદે બોલાયે;
સો શેહઝાદેકે આસપાસ, ઘેરેકુ ભેજાયે. ૯
તબ શેહઝાદેને શમશેર, એસી રે ફેરાઇ;
સબ પીયાદે ભાગે, એસી ખબર સોણાઇ. ૧૦
તબ +ખજાલત સોમરકુ, આઈ રે બોતેરી;
એ સુન સુન મુમન, કહયા સવેરી. ૧૧

[ રે તું હી ]

સુન બુઝો ભાઇ દીનકે, હે એસા સુરીજનહારરે,
હે એસા સુરીજનહાર;
હે મીતકુ દુનીમા કસતા, હે અંતે કરે હે પીયારરે,
હે અંતે કરે હે પીયાર. ૧૨

૩૬૦—૫૩

તબ દુરીજન દોડ કર, ખીમુ માંહે આયે;
સો લુટને રે લાગે, પેઠે ડેરૂમા સોણાયે. ૧
એ શેહઝાદેકુ દેખતે, બાત ચઢી રે રીસા;
સો રીસકે લીતે, ધધુના શીશા. ૨
અને મેણે તો ઓનુકુ, ભારી રે દીતે;
બાત ગુસે માંહે બોલે, શેહઝાદે સોણીતે. ૩
આલેઅબુ સોફીયાન કર, લીયા રે નામા;
યું નામ લે ગુસેસુ, બાત કહયા ઓસ ઠામા. ૪
તબ સઅદકે બેટેને, સબ મને રે કીતે;
જે લુટતેથે ઓનુકુ, પીછે બોલા રે લીતે. ૫

☆ શરમીંદહ + શરમ

અને સોમરકુ મને, લુટે થી કરાયા;
જે લુટા થા સો પીછા, ડાલો રે બતાયા. ૬
તબ શેહઝાદેને ફેરાકસુ, બૅતાં રે પઢાઇ;
સો રધનકી રીતે, કહી રે સોણાઇ. ૭
કોઇ યારને દોસ્ત, નાંહી મોજકુ દેખાતા;
કોઇ યારી તો મોજકુ, નાંહી રે દિલાતા. ૮
સબ દુરીજન દીસે, મેરે રે નેંના;
નાંહી ☆મિત રે પૅલા, ઓનુકે મેંના. ૯
યું શેહઝાદેને ઓર ભી, કીયા રે બયાના;
એ સુન સુન મુમનુ, મન એતના આનો. ૧૦

[ રે તું હી ]

દુરીજન ચલ ધાવકર, ચઉદેસ થી આવરે,
ચઉદેસ થી આવ;
ફરઝંદ નબીકે એકલે, ના કરે કો' નેહેસુ ચાવરે,
ના કરે કો' નેહેસુ ચાવરે. ૧૧

—: * :—

૩૬૧—૫૪

તબ અસવાર પીયાદું, મલ હમલા રે કીતા;
સબ શેહઝાદેકે ઉપર, આયે રે સોણીતા. ૧
મલ સબુને તીરૂંકા, આવ મેંહે રે બરસાયા;
તબ શેહઝાદેકે દિલમા, એતા રે આયા. ૨
કે સબ મલ આવકર, બૅાત તીર રે ડલાતે;
એતા બુઝને શેહઝાદે, ઉતરે સોણાતે. ૩
જબ દુરીજનુ પીયાદે, શેહઝાદે દેખાયે;
તબ દિલકી ખુશીસુ, સબ ચલે રે આયે. ૪
અને મેંહેકી રીતે, તીર રે ડલાયે;
બુઝો ફરઝંદ નબીકે, કુછ શરમ ના લાયે. ૫

☆ દોસ્ત

એક મુબારક પેશાની, એક તીર રે લગાયા;
વૅ મુબારક હાથસુ, ખેંચને કડાયા. ૬
બૅાત લોહી રે ચલીયા, ઘાવ સેતી જું પાણી
ઉઆં શેહઝાદેને હાથ. દીયા બાત એ જાની. ૭
જબ લોહીસુ હાથ, બૅાત રે ભરાયા;
તબ સરને મોંહોકુ, વૅ મસલા સોણાયા. ૮
કહયા અસ રે હાલસુ. મેં નબી પાસ જાહુ;
સો ફરીયાદ દાદેકે, પાસ જાને કરાહું. ૯

* * * * *

સબ ઓનકે આધે, કરૂં બયાનકા કામા. ૧૦
મેરે મારનારૂં કેરી, કરૂં ફરયાદ સહી;
યું લોહી તો લગાકર, બાત શેહઝાદેને કહી. ૧૧
પણ દુરીજન મન, બાત આઇ રે નાંહાં;
એ સુન સુન મુમનુ, દીયા દલ કે માંહાં. ૧૨

[ રે તું હી ]

લોહી મોંકુ શેહઝાદે લગાયેકર, કરે હેં ફરીયાદ બાતરે,
કરે હેં ફરીયાદ બાત;
કૅવે ફરીયાદ જા બેગે કહુ, ખાતમ નબીકી જાતરે,
ખાતમ નબીકી જાત. ૧૨

—: * :—

૩૬૨—૫૫

ખાતમ નબીકે તો ફરઝંદ, એકલે ઝુઝે રણ માંયેરે;
દુરીજન ઘાવ હેં ડાલતે, મીત તો દીસે કોઇ નાંયેરે. ૧
ભેલ તો પાડી આવ દુરીજના, તંબુકે માંહે પેઠ ધાયેરે;
શેહઆદે દેખ લાગે લુટને, શરમ ના મન કુછ લાયેરે. ૨
બાલે તો દેખતે વૅ રે ધુજીયે, ધુજે અહલબેત કેરે તનરે;
મીત ના દીસે આયે દુરીજના, ધરાસકા પડીલા મનરે. ૩

થર થરે તન અહલબેતકે, ભીત નાંહી કરે હમું ચાવરે;
સમરને લાગે રબ અપના, સુરીજન કરતુ ભાવરે. ૪
શેહઝાદે લે અલગે ઘેરીયે, બરસાવે તીર જુ મેંહેરે;
ઘાવ પર ઘાવ આવ લાગીયે, મુબારક શેહઝાદેકી દેહરે. ૫
અહલબેત બીચ પડે હુરીજના, ઘેરીલે જુદી જુદી ઠામરે;
મજલુમ ×દાદ હેં ચાહતે, શેહઝાદે હુસેન બુઝો નામરે. ૬
એસા એસા સુરીજન અપના, સુન સુન દીનકે રે વીરરે;
ફરઝંદ નબીજીકે રણમા, દુઃખ બૅાત પાવે શરીરરે. ૭
દીસે નાંહી આપકા રણમા, તરસ કેરા નાંહી છેહેરે;
એસે માંહે ઘેરાકર હુરીજના, કરતે હેં ઘાવ ચલ દેહરે. ૮

૩૬૩—૫૬

આયે મુબારક તમકુ, દો ને સીત્તર ઘાવા;
સો તીસ નીજું કે, ઘાવ રે સોણાવા. ૧
તબ શેહઝાદે તો બેઠે, ઑાસ ઠામ રે સોણીતા;
અને મોં તો કીબલેકી, તરફ રે કીતા. ૨
આયે દો તીન હુરીજના, શેહઝાદે કે પાસા;
સો કતલ હો કેરી, મન ધર આશા. ૩
સામી શેહઝાદે કે ઓનુકે, મલીયે નેંના;
તબ શરમ તો આહી, ઓનુ દલ મેંના. ૪
વૅ શરમ કે લીતે, પીછે રે ફરીયે;
અને બૅાલ તો કૅને, એસે મન ધરીયે. ૫
કહયા શેહઝાદે કા ખુન નાંહી, હમ રે ચાતે;
ડર કિયામત કેરા, દલ હમેં લાતે. ૬
રખે એ ખુન પુછાવે, હમારી જાતી;
યું પીછે ફિરતે, ઓનુ કહી રે બાતી. ૭

× ઇનસાફ

સુનો એસેમા તો શેહઝાદે, આપ રે ✩લોબાયે;
તબ જમીંકુ પીઠ દે, સુતે રે સોણાયે. ૮
તબ દુરીજન પીયાદે, એક ધસકર આયા;
સો મારને હો કેરા, સોચ મન રે લાયા. ૯
કહયા શહઝાદેને દેખકર, નાંહી કામ એ તેરા;
તુ નાંહી મારનાર, હે રે મેરા. ૧૦
મેં ડરતા હું રખે તુ, જાવે દોઝખકે માંહાં;
તબ પીયાદા સુનકર, ઠાડા રહયા રે નાંહાં. ૧૧
સો ઝાર ઝાર રોતા, પીછા રે ફરીયા;
એ સુન સુન મુમનુ, મન એતના ધરીયા. ૧૨

[ રે તું હી ]

સુરીજન અપના જાનકર, હોકર રહીયે દાસ રે,
હોકર રહીયે દાસ;
નેહ ના દુનીયા સંગ કર, રાખીયે અંતકી આસરે,
રાખીયે અંતકી આસ. ૧૩

—: * :—

૩૬૪—૫૭

તબ પીયાદે રોએ કર, એતના આખા;
યા ઇબને રસુલલ્લાહ, કરને દાખા. ૧
કહયા અસ તો હાલ, હો પોચે તમના;
તો ભી ગમ હો ખાતે, તમ મેરે રે તંના. ૨
મેં દોઝખમાં જલના, નાંહી આપકુ ચાતા;
ફીયા પીયાદેને રોયે કર, કહી રે બાતા. ૩
જે તલવાર શેહઝાદે, કાજ નીકાલી સોણાઇ;
ઍાસ મુઠસુ પકડ કર, ખુબ રે રખાઇ. ૪
યા ઇબને રસુલલ્લાહ, કહયા હું ચલ જાતા;
બેગે સાઅદ કા બેટા, જાહું સર રે કટાતા. ૫

✩ લાંબા થઇને લેટા

ના તો તન મેરા, હું ફના રે કરાતા;
સો તમારે ઉપર, હું વારને દલાતા. ૬
એતા કૅ દોડ સાઅદ કે, બેટે પાસ આયા;
તબ સાઅદકે બેટેને, ઑસે રે પુછાયા. ૭
કે હુસેનકા કામ, તેં તમામ હે કીતા;
તબ પીયાદેને ના કર, જોવાબ રે દીતા. ૮
પણ કામ તો તેરા, મેરે ચંત હે આયા;
એતા કૅકર ઑસપર, જા ઘાવ રે ડલાયા. ૯
તબ સાઅદકે બેટેકે, દોડ ચાકર રે આયે;
સો ઉસકુ આવકર, બાંત ઘાવ રે લગાયે. ૧૦
ફેર ઘાવુ હો સેતી, આયા શેહઝાદેકે પાસા;
સો શફાએત કેરી, મન કરને આશા. ૧૧

[ રે તું હી ]

દુરીજન શેહઝાદેકુ દેખતે, દોસ્તી કીતી મનરે,
દોસ્તી કીતી મન;
ઉલટ દુરીજનુ પર પડા, વારા આપકા તનરે,
વારા આપકા તન. ૧૨

—: * :—

૩૬૫—૫૮

યા ઇબને રસુલલ્લાહ, તમે હોઇયો ગવાહી;
ચું પીયાદેને કૅકર, અરજ પોચાહી. ૧
મોજે તમારી તન કાજ, હેં શહીદ કરાતે;
સો ડગરકે ઉપર, સબ ચલ હેં આતે. ૨
મોજે શહીદુ સાથ, કિયામત દંના;
પાણી ભસતકા દીજીયો, તમે મેરે રે તંના. ૩
તબ શેહઝાદેને જોવાબ, સુનતે દીતા;
હો યુંહી કરૂંગા, એસા કીયા રે સોણીતા. ૪

તુ રંને ખુશાલા, ફેર શેહઝાદેને આખા;
તબ પિયાદેને સુનકર, મન રે રાખા. ૫
ઍાસ પીયાદે કા હાલ, સબુકુ દેખાયા;
ફેર શેહઝાદે કે ઉપર, ના કો' દુરીજન આયા. ૬
કેને કતલ હો કેરા. સોચ મન ના દીતા;
સબ ડર કર રહે, એસા રે સોણીતા. ૭
નામ તો યઝીદ કા, પછે કેને ના ચાયા;
સબુ દિલ તો ખોફ, રબકા આયા. ૮
તબ સોમર જુલહબસ, ધસ આયા રે સહી;
આવ મુબારક સીને પર. બેઠા ખબર એ લહી. ૯
તબ શેહઝાદેને આંખાં ખોલ, પુછા કે તુ નામા;
તબ સોમર લઇન, બોલા બેઠા ઍાસ ઠામા. ૧૦
કે સોમર જુલહબસ, મેરા યહુદી નામા;
એ સુન સુન મુમનુ, કીયા એતના કામા. ૧૧

[ રે તું હી ]

સોમર સીને પર બેઠીયા, શેહઝાદે કેરી જાતરે,
શેહઝાદે કેરી જાત;
શેહઝાદેને ઍાસે પુછીયા, બેઠે કીતી બાતરે,
બેઠે કીતી બાત. ૧૨

૩૬૬—૫૯

જબ સોમરને આપસકા, નામ રે લીતા;
હો એક એ નીશાની, કહયા શેહઝાદેને સોણીતા. ૧
ફેર શેહઝાદેને આખા, મોં ખોલ રે તેરા;
સો ☆ઝલમ તો મોંહુસુ, દુર કર રે સવેરા. ૨
તબ શોમરને આપકા, મોં રે ખોલાયા;
તબ શેહઝાદેને આંખાં ખોલ, ઍાસકુ દેખાયા. ૩

☆ લોઢાની ટોપી

સો દાંત તો ઑસકે થે, સુવ્વર હો જેસે;
જેસી દાંતી સુવ્વરકી, થે અસકે ભી વેસે. ૪
ભી શેહઝાદેને આખા, એ ભી સાચી રે નીશાની;
જું નબીને કહયા થા, વૅસી નીશાની પછાની. ૫
ફેર શેહઝાદેને કહયા, ખોલ તેરા રે સીના;
તબ સીના ઑને ખોલા, સુનકર લીના. ૬
તબ ☆બરસ કા દાગ, સીનેકુ દેખાયા;
સાચી તીજી એ નીશાની, કે શેહઝાદે બતાયા. ૭
કહયા દાદા તો મેરે, રસુલ ઇલાહી;
મોજે ખવાબ માંહે આવકર, થી ખબર બતાહી. ૮
સોભા ઝોહેરકી નમાજસુ, પેલે નબીજીને થા આખા;
તમે મોજકુ મલોગે, યું કર થા દાખા. ૯
થી મારનાર કેરી, મોજે સુરત બતાહી;
વૅ સબ રે નીશાની, હે મોજકુ દેખાહી. ૧૦
ઑસ વેળા શેહઝાદેને, કહી એ બાતી;
એ સુન સુન મુમનુ, કહયા દન ઓર રાતી. ૧૧

[ રે તું હી ]

જું ખાતમે+સુનેમા આવકર,શેહઝાદેકુ કહીથી બાતરે,
શેહઝાદેકુ કહીથી બાત;
વૅ નીશાની સબ પાહેસી, શોમર તો કેરી જાતરે,
શોમર તો કેરી જાત. ૧૨

૩૬૭—૬૦

જેતી નબીજીને કહીથી, નીશાનીકી બાતી;
એતી શેહઝાદેને દેખી, શોમરકી જાતી. ૧
એતા શેહઝાદેને શોમરકુ, દેખને આખા;
મેરે સીનેથી દુર હો, કે કર દાખા. ૨

☆ કોઢ + ખ્વાબમા, સ્વપનમા

કે વખત હે પોચીયા, નમાઝ હો કેરા;
મોં કિબલેકી તરફ, મેં કરૂં રે સવેરા. ૩
અને મશગુલ્લ હોઉં, મેં નમાઝ હો સેતી;
એ શેહઝાદેને શોમરસુ, બાત રે કીતી. ૪
પણ શોમરને કબુલ્લ, કીયા રે નાંહાં;
☆નાસઝા સુખન, દીયા જેવાબાકે માંહાં. ૫
શેહઝાદેકે સામી, ઓને ઝબાં રે ચલાઇ;
ઓને આપ હો જેસી, બોલી રે કરાઇ. ૬
તબ શેહઝાદેને રીસમા, આપ જાતરે ફેરાહી;
સો ફેરને હો કેરી, ચંતા મન રે લાહી. ૭
તબ શોમરકુ ધકેસુ, દુર રે ડાલા;
સો કદમ રે દસ, દુર ગીરા ઓસ હાલા. ૮
પછે શેહઝાદે બેઠ કર, મોં કીબલેકુ લાયે;
અને સિજદે માંહે, ગહે રે સુણાયે. ૯
સુન કેસી રે વેળા, કેસા રબકુ ચાએ;
એ સુન સુન મુમનુ, મન સોચ એ લાએ. ૧૦

[ રે તું હી ]

સુન સુન ભાઇ દીનકે, એસી કરની રીતરે,
એસી કરની રીત;
શેહઝાદેને જેસી રબસુ, રાખી સબ હાલ પીતરે,
રાખી સબ હાલ પીત. ૧૧

૩૬૮—૬૧

જબ શેહઝાદેને સીજદા, નેહેસુ કીતા;
તબ શોમર લઇન, આયા રે સોણીતા. ૧
આવ શેહઝાદેકુ ઓને, શહીદ કરાયે;
તબ શહાદત કલમા, થે ઝોબાં પર લાયે. ૨

☆ ખરાબ બોલ

કે શેહઝાદેને કલમા, ઝોબાં પર દીતા;
પીયા શરબત શહાદત, કેરા રે સોણીતા. ૩
સુનો શેહઝાદેકુ રણમા, શહીદ રે કીતે;
એ કામ સબ કીતા, સો દુનીયા કે લીતે. ૪
સુનો ફરઝંદ ખાતમ, નબીજી હો કેરે;
વેં કુલસે શેહઝાદે, રણ રહે રે અનેરે. ૫
સુનો શેહઝાદેકુ આપ આવ, કીયે રે ધાવા;
સો કારણ દુનીયા, કેરે રે ચાવા. ૬
સુનો ફરઝંદ ખાતમ, નબીજી કે ખાસે;
એ રંતે નબીજી, કે સદા રે પાસે. ૭
થે નબીજી બાત, નેહેસુ ચાતે;
મુબારક સેતી, બોસે ગલેકુ દિલાતે. ૮
ચું શેહઝાદેકુ નેહેસુ, થે બાત રે ચાતે;
કભી જુદે આપસસુ, ના થે કરાતે ૯
મેવા શેહઝાદેકે કાજે, થે નામુસ રે લાયે;
સો દહીયા કલબી જેસે, થ રે દેખાયે. ૧૦
એસા શેહઝાદે હુસેનકુ, થા રબકા ચાવા;
ઓસ કાજ રે નુરી, બાત રાખતે ભાવા. ૧૧
આવ દુરીજનુ શહીદ, વેં કીયા રે તંના;
એ સુન સુન મુમનુ, રાખા મંના. ૧૨

[ રે તું હી ]

શેહઝાદે ફરઝંદ નબીયે, શહીદ કીયે રણ માંયે રે,
શહીદ કીયે રણ માંયે;
દુરીજન બના અવર કો', મીત થા પાસ નાંયેરે,
મીત થા પાસ નાંયે. ૧૩

૩૬૯—૬૨

સુન સુન ભાઇરે દીનકે, દેખોને કેસા હે રબરે;
ફરઝંદ ખાતમ નબીકે, માંહે ઘેરે પડે સબરે. ૧
પાણી તો બના રહે તરસે, હળવળને લાગે બાળરે;
મીતના દીસેરે કોઇ નજરૂ, દુરીજન પોચે ઓસ હાલરે. ૨
દેશભી થા દુરીજનુ કેરડા, કરબલા ઉજડ થા વનરે;
શહીદ ફરઝંદ હુએ નબીકે, ઑાસઠામ શેહઝાદેકા તનરે. ૩
દુરીજન ધસ ધસ આયે, ડાલે ડાલે ઓનુ ધાવરે;
શેહઝાદે રે રણ એકલે, દીયા દીયા દુરીજનુ દાવરે. ૪
નબીજી બોસે થે દેતે નેહેસુ, શેહઝાદેકે ગલેકે ઠામરે;
દુરીજનુ ઑાસઠામ રીસમા, કીયા કીયા બેરીકા કામરે. ૫
તલવાર ચલાહીયેરે બેરીયું, ગરદન શેહઝાદેકી જાનરે;
શોમરલઇન આવ બેઠીયા, સીનેપર શેહઝાદેકે માનરે. ૬
દેખે વૅ દેખે રબં અપના, પાકી હે જીસકી જાતરે;
સુરીજન મીતકુ હે કસતા, સહીને સહી એ બુઝો બાતરે. ૭
÷લાએોબાલી+દરગાહ હે રબકી, સુન સુન દીનકેરે વીરરે;
સબ સબ હાલુ વીરા ચેતના, કરને સબુર મન ધીરરે. ૮

—: * :—

૩૭૦—૬૩

ખાસે તો ફરઝંદ નબીકે, રણમા રહી વૅ જાતરે;
તરસે હુએ શહીદ વૅ, સુન સુન વીરા બાતરે. ૧
જમીં તો લાગી ઝુરને, આસમાને રધન કીયા;
બેરીના લાજે મનસુ, અજબ થા ઓનુકા જીયા. ૨
*તહતસરાકે ×આલેમા, જેતા તો હેં રબ કેરારે;
રધન ઓનુ સબુ કીયા, ફેરાકસુ સવેરારે. ૩
ચંદા ને સુરજ ઝુરીયે, કર કર બૅાતજ નેહરે;
અરશ ને કુરસી ઝુરીયે, દેખ દેખ શેહઝાદે દેહરે. ૪

÷ + બેપરવા દરબાર બેનિયાઝ * × ઝમીનના નીચેની મખલુકાત

લોહોને કલમ સબ ઝુરીયે, ફેરાક કર આપ જાતરે;
શહીદ જબ હુએ સહી, શેહઝાદેકી સુનતે બાતરે. ૫
ફેરાતકી મચ્છી સહી, પરીંદે જે પાણી કેરડે;
ઝુર ઝુરને રધન કીયા, બાત એ સુન સવેરડે. ૬
પરિંદે ભી સબ થે ઝુરીયે, વલીયુંકી ઝુરી જાતરે;
મુરતુઝા અલીકે નેહેસુ, ઝુરીયે સહી એ બાતરે. ૭
નબીયું થા રધન કીયા, ખાતમ નબી કે ચાવરે;
મુસ્તુફા કેરે નેહેસુ, કીયા ઓનુને ચાવરે. ૮
ભસતકી તો હુરાં રોહીયાં, ☆ખૈરૂન્નીસા કે કારને;
દલ થા કેસા ઓનકા +સંગી, આયે શેહઝાદેકુ મારને. ૯
ઝુરે પરિંદે ઉડતે, ઝુરે ભી મોરગા વનરે;
જનુ બેરીચું ધાવ કીયે, કેસે થા અનુકા મનરે. ૧૦

૩૭૧—૬૪

સુનો શેહઝાદે કા ઘોડા, કુદ કર ચલીયા;
સો દુરીજનુ કેરે, હાથ ના પડીયા. ૧
ભી ઘોડેકે તનકુ, પુરે થે ધાવા;
તો ભી બેરીયું કે હાથ, ના આયા રે સોણાવા. ૨
કર દુરીજન અળગે, હુએ દુરીજન કામા;
તબ ઘોડા ફેર કર, આયા ઑાસ ઠામા. ૩
આવ શેહઝાદેકે લોહીમા, ÷યાલ આપકી ભેજાઇ;
સો ચોટી રે અલગી, ભેગાઇ સોણાઇ. ૪
અને નેંનુ દોનુસુ, ચલીયા નીરા;
સો દુઃખ તો ઘોડે કે, બૉાત લાગા રે શરીરા. ૫
ચું અહલબેત પાસ, આયા કરને નીશાની;
તબ શેહઝાદે કી ખબર, સબુને જાની. ૬

☆ બધી ઓરતોમા સૌથી સારાં એટલે હ. બીબી ફાતમા. ( રદી. અ. )

+ પત્થરનુ ÷ ગરદનના વાળ

તબ બીછરન પડીયા, ઓનુને જાના;
કે શેહઝાદે શહીદ, હુયે રે માના. ૭
તબ અહલબેત સબુને, રદન રે કીતા;
કે લખા રે ના જાવે, એસા કીયા રે સોણીતા. ૮
ઝુલજના હે ઘોડે કા, નામ સબુને લખા;
તેં શેહઝાદે કયા કીતા, રદનસુ દાખા. ૯
એ સુનતે ઘોડાકુ, બાત ફેરાક રે આયા;
ઇમામ ઝૈનુલઆબેદીન, પગુ સર રે લગાયા. ૧૦
બાજ સર તો જમીંકુ, ઘસ ઘસ ને મરાયા;
યું ઘોડેને ફેરાકસુ, જીવ રે ગમાયા. ૧૧
* * * * * ;
એ સુન સુન મુમનુ, મન એતના આયા. ૧૨

[ રે તું હી ]

ઘોડેને જીવ ગમાહીયા, શેહઝાદે કેરે ચાવરે,
શેહઝાદે કેરે ચાવ;
લોહી લગા આયા સહી, ખબર કરને ભાવરે,
ખબર કરને ભાવ; ૧૩

૩૭૨—૬૫

—: રૂબાઇ :—

ફરઝંદ ખાતમ કેરડે, શહીદ હુએ રણ ઠામરે;
તરસે એકલે મલ દુરીજનુ, ઘસ ઘસ છોડીયે ઘાવરે. ૧
ચાતા કરે મીત અપના, સુન સુન દીનકે ભાઇરે;
અસથી દીસે રે એસા સહી, કસનીમા કીતી બડાઇરે. ૨
રણ રહે ખાતમકે ફરઝંદ, એકલે તરસે તનરે;
રબકુ તો બાતએ હે ભાવતી, સુન રાખ મુમન મનરે. ૩

નાંહી તો જમીં ઉલટાયે તે, ના ઉગતા સુરજ દોની માંયેરે;
યું તો ના હુઆ ભાઇ દીનકે, રબ જો હે એસ માંહે ચાયેરે. ૪
અંતે ખુબી રે દેવે સુરીજના, દુની કસે આપકા મીતરે;
દોનીકા રંગ ને નેહે રબકા, દોનુકી ઉલટી રીતરે. ૫
સુન સુન ભાઇ દીનકે, એસા વૅ આપ રહમાનરે;
કસની છોડી ☆દુની મીતકુ, અંતે કરને બડી શાનરે. ૬
ફરઝંદ નબી તો રણ રહે, કરબલા કેરે તો વનરે;
મીત બના દુરીજનુ ઘેરીયે, ઘાવ કીયે મુબારક તનરે. ૭
અસવારી કેરા ઘોડા ઝુરીયા, ઝુરી ઝુરી પંખીયું કી જાતરે;
અહલબેત ખીમે માહે ઝુરીયે, સોચ સોચ સખતીકી બાતરે. ૮
ઘોડેકુ દેખ નેંનુ ભરીયે, આંસુ ચલાયે અપારરે;
રધન કીયા અહલબેતને, નાંહી કુછ ઑસકા શુમારરે. ૯

—: * :—

૩૭૩—૬૬

—: બરહા :—

એકલે શેહઆદે રણ રહે, તરસી તો ઓનુકી જાતરે;
દુરીજન ઘેરે મીત કો', દીસેના સહી બાતરે. ૧
ઘોડા વૅ લોહી લગાયે કર, આયા તો અહલબેત પાસરે;
ખબર આપકી કહી, ઝુરીયાતો હોયે કર દાસરે. ૨
સાહેબ હમારા કાં ગયા, કૅને તો ઘોડા બાતરે;
ઘોડેકુ કૅ કર ઝુરીયે, અહલબેત કેરી જાતરે. ૩
ઘોડા તુ શાહાકુ લેકર ગયા, થા ઘર કે બારરે;
વૅસે કયું ફેર કર ના લાહીયા, કર શાહાકુ પીયારરે. ૪
દુરીજનુ માંહે છોડીયે, શાહા કેરા એકલા તનરે;
શાહાકુ તુ કયું લાયા નાંહી, કર નેહે આપકે મનરે. ૫
અહલબેતે એ રધન કીયા, દેખ દેખ ઘોડા નેંનરે;
ફેરાક કે લીતે સહી, કહે ઘોડેકુ બેંનરે. ૬

☆ દુન્યામા

કહયા યા ઇલાહી કુન કરસી, અબ હમારી સારરે;
શેહઝાદે તો હમુકુ છોડ ગહે, રાખે કયા આધારરે. ૭
પરદેશ દીસે દુરીજના, રણ ભી હે સુના વનરે;
મીત વના હે સગળે દીસતે, દુરીજનુ કેરે તનરે. ૮
હુએ નીરાસી જગ માંહે, બુઝતા હે રબરે;
એ બેન કેં કર ઝુરીયે અહલબેત સાથ સબરે. ૯

—: * :—

૩૭૪—૬૭

—: દુઆ :—

શેહઝાદે રણ માંહે એકલે, હાં એકલે,
રહે તરસી જાતરે;
અસવારીકા ઘોડા તબ ઝુરીયા, હાં ઝુરીયા,
નેહેકી મન ધર બાતરે. ૧
અરશ અજીમ તો ધુજીયા, હાં ધુજીયા,
લખા કિતાબુ ઠામરે;
ધુજી તબ સહી કુરસી, હાં કુરસી,
અરશ પાસે જે નામરે. ૨
નદીકી મછીયાં તો ઝુરીયાં, હાં ઝુરીયાં,
ઝુરે વનકે મોરરે;
ઝુરે પરિંદ નેહેસુ, હાં નેહેસુ,
કર કર બાતજ શોરરે. ૩
ઝુરે ભી મુરગા વનકે, હાં વનકે,
ઔર ભી જનુ વનવાસરે;
ફેરાક લીતે કેતે પંખીયું, હાં પંખીયું,
છોડા વેં વનવાસરે. ૪
તહતસરા માં રોહીયે, હાં રોહીયે,
☆જનુ કેરી જાતરે;

☆ જીન્નાત

ઓનુકુ દુઃખ બૅાત લાગીયા, હાં લાગીયા,
સુનતે શેહઝાદેકી બાતરે. ૫
ખીમેમાં અહલબેત ઝુરીયે, હાં ઝુરીયે,
ઘોડે ઝુરે ઘોડારરે;
ચંદ્રા તો સુરજ થે ઝુરીયે, હાં ઝુરીયે,
કર કર શેહઝાદેકુ પીયારરે. ૬
લરજી જમીં વીરા રણુકી, હાં રણુકી,
કરબલા કે ઠામરે;
કેસીથી જાત ઓનુ કેરડી, હાં કેરડી,
બેરીકે કીયે જનુ કામરે.

—: * :—

૩૭૫—૬૮

સુનો ફરઝંદ નબીકે, રણમા રહે;
સો શેહઝાદે હુસેન, નામ સુન લહે. ૧
તબ પંખીયુંને આપ તન, ઝુરણ લગાઇ;
ઓનુ ☆રોખતન રીતે, સબુને ગમાઇ. ૨
તબ ઉજલે કબુતર, આયે સોણાયે;
સો ફેરાક શેહઝાદે કા, બૅાત મન રે લાયે. ૩
સુનો શેહઝાદે કે લોહીમા, વૅ આવને લોટાયે;
કે પર તો આપકે, લે લોહીસુ ભેગાયે. ૪
યું લોહી તન લગા કર, હો ઉડતે રાતે;
સો ઉડતે ઉડતે, ચલે રે સોણાતે. ૫
* * * , જાં મદીના ગામા;
રોજે ખાતમ નબીજી, કેરી રે ઠામા. ૬
આવ પરિંદુ રોજેકુ, તવાફ રે કીતા;
બૅાત એકઠે હો ઉડે, કરને પીતા. ૭

☆ અકકલ ને હોશ

વૅ લોહી કે ભુમા, ટીપે રે ગિરાયે;
એ મદીનેકે લોકુ, દેખ અજબ રે પાયે. ૮
કે લોહી અનુ પરથી, હે જું મેંહે બરસાતા;
એ મદીનેકી અહલ ને, બુઝી અજબ રે બાતા. ૯
વૅ કેતને દનુ બાજ, ખબર પોચાહી;
હુએ શેહઝાદે શહીદ, ખબર સોણાહી. ૧૦
થે પંખી રે આયે, વૅ અશુરેકા દંના;
એ સુન દેખ મુમન, રાખા મંના. ૧૧

[ રે તું હી ]

પાખુંકુ લોહી લગાયે કર, ઉડી પંખીકી જાતરે,
ઉડી પંખીકી જાત;
વૅમદીનેકે અહલે લોહીદેખકર, અચરત બુઝી બાતરે,
અચરત બુઝી બાત. ૧૨

૩૭૬—૬૯

સુનો શેહઝાદે તો શહીદ, હુએ રે બાજા;
લાગે લુટને દુરીજન, સુણીયા અવાજા. ૧
સો શેહઝાદેકે લોકુંકી, સબ મતા રે લુટાઈ;
સો શોમર જોલહબસને, લુટી રે સોણાઇ. ૨
ઇમામ ઝૈનુલઆબેદીન, કુ મારને ચાયા;
સો શોમરે શમશેર, લેકર આયા. ૩
તબ હમીદ રે બેટા, મસલમ કેરા;
વૅ બીચમા આવકર, પડીયા સવેરા. ૪
ઓન શોમરને બૅાતેરા, કતલ રે ચાયા;
પણ હમીદને સૈયદકા, હાથ રે છોડાયા. ૫
તબ સૈયદ હમીદકે, દુઆ ખેર રે કીતી;
જબ હમીદને સૈયદકો, કીતી પનારે સોનીતી. ૬

તબ સાઅદ કે બેટેને, ☆નકીબ ભેજાયા;
આવ લશકર સારેકુ, ઓને અવાજ દલાયા. ૭
કે મત કો' જાહો, ખીમુકે માંહાં;
અને લુટ તો કોહી, ફોજીયો નાંહાં. ૮
તબ લુટ થે કરતે, વૅ પીછે રે રહે;
એ સુન સુન મુમન, દલ એતના લાહે. ૯

[ રે તું હી ]

અહલબેતકુ ધસે લુટને, લાગે દુરીજન આવરે,
લાગે દુરીજન આવ;
મીત થા કોઇ દીસે નાંહી, કરે જે નેહેસુ ચાવરે,
કરે જે નેહેસુ ચાવ. ૧૦

૩૭૭—૭૦

—: રૂબાઇ :—

શેહઝાદે હુસેન શહીદ હુએ, કરબલા રણકે માંયેરે;
અહલબેત ઍાસ ઠામ ઝુરીયે, મીત તો પાસે કો' નાંયેરે. ૧
તંબુકુ દુરીજન લાગીયે, ઘર ઘર લુટાયા માલરે;
સૈયદકુ લાગે તબ મારને, ઐસા ઐસા હુવડા હાલરે. ૨
+નામહરમ નજરૂ ના દેખતે, અહલબેત રૅતે એસી ઠામરે;
વૅ દેખો રણ માંહે એકલે, નાંહી કોઇ સુરીજન નામરે. ૩
સુન સુન ભાઇ દીનકે, એસાને એસા હે રહમાનરે;
ફરઅંદ નબીકે રણ રહે, અવરૂંકુ કેસા ગુમાનરે. ૪
અહલબેત રણ માંહે એકલે, નાંહી નાંહી આપકા દેશરે;
દુરીજન દેખ દેખ ઝુરીયે, પડીલે જાયે ÷બદેશરે. ૫
×સતરકુ દેખો લાગે લુટને, ★ઓઝલકી રહી ના રીતરે;
નાંહી નાંહી દીસે મીતરા, કરે કોહી આવને પીતરે. ૬

☆ સરદાર + પરાયા લોકો જેઓથી ઓરતના નિકાહ જાયેઝ હોય.
÷ પરદેશ × ★ પરદો

ભુખ કે લીતે બાળ ટળવળે, તરસે દાઝે સુનો તનરે;
શહીદ દીસે રે ઘેરે નજરૂ, એસા એસા હુઆ વેદનરે. ૭
દેખને દેખે વે સુરીજના, સુન સુન મુમન વીરરે;
દુનીયા કે ઢંગ રબકા, અવળી હે રીત કર ધીરરે. ૮

—: * :—

૩૭૮—૭૧

સુનો સર તો મોબારક, શેહઝાદે કેરા;
સો ઉમર સાઅદ ને, સુંપા એરકુ અનેરા. ૧
સો ખોલી ઇબને, યઝીદ રે જાનો;
થી અસબહી અસકી, અડક પછાનો. ૨
સુનો સર તો મુબારક, એસકુ સુંપાયા;
અને ઝીયાદકે બેટેકે, પાસ રે ભેજાયા. ૩
જે કુફાકા હાકમ, થી ફોજ રે ભેજાઇ;
ફોજાં લશકર કેરી, સબ ઑાસકી સોણાઇ. ૪
સર મુબારક લેકર, ભેજા કુફેકે ઠામા;
ઝીયાદકા બેટા, કહીયે નામા. ૫
રહયા સાદકા બેટા, રણ કરબલા માંહાં;
સો દો દન તાંહી, કહીં ગયા રે નાંહાં. ૬
સબ મુરદે તો આપકે, એકઠે કીતે;
જે રણ માંહે મારે, ગહે થે સોણીતે. ૭
અને જનાઝેકી ઓનુ પર, કીતી રે નમાજા;
અને દફન કરાનેકા, દીયા રે અવાજા. ૮
યું લોક તો આપસકે, દફન કરાયે;
સો રણથી ચુન ચુન, રબકુ ઉઠાયે. ૯
અને શેહઝાદેકા લશકર, શહીદું કેરા;
વૅ ખાકને લોહીમા, દીયા રૅને અનેરા. ૧૦

સુનો એસા હુવડા, થા રે વૅ દંના;
એ સુન સુન મુમનુ, રાખીયા મંના. ૧૧

[ રે તું હી ]

શહીદ સબ ગિરે રહે, કરબલા કે વનરે,
કરબલા કે વન;
રહયા લોહીને ખાકમા, શેહઝાદે કેરા તનરે,
શેહઝાદે કેરા તન. ૧૨

૩૭૯—૭૨

ઉઆં બેટા સાઅદકા, દન દો રે રહેયા;
અને તીજે દન, અહલબેતકુ કહેયા. ૧
કે જામે પૅનકર, મોં હો રે બંધાહો;
અને ઉટ્ઠું કે ઉપર, સવારી કરાહો. ૨
અહલબેત સબુકુ, લેકર ચલીયા;
હો રણ કે માંહે, ચલીયા સોણીયા. ૩
તબ શહીદું કે તન, સબ ગીરે રે દેખાયે;
સો અહલબેત નજરૂ, સબ રે આયે. ૪
યું અહલબેત ચલે, હેં રણ માંહે જાતે;
અને શહીદું કે તન, સબ નજરૂં હેં આતે. ૫
અને સબ તો દેખીયા, તન શેહઝાદે હો કેરા;
સો બીબી ઝૈનબને, જબ દેખીયા અનેરા. ૬
તબ રધન રે કીયા, તન દેખતે વીરા;
સો .પોકારને રોયે, ના હુઇ રે ધીરા. ૭
વાએ ☆જદા મહંમદા [સ.અ.વ.], બીબીને આખા;
યા રસુલલ્લાહ કૅને, રધનમા દાખા. ૮
એ હુસેન તમારા, તમે બોસે થે દેતે;
બૅાત નેહેસુ ગોદમા, થે સબુકુ લેતે. ૯

☆ દાદા

વૅ લોહીને ખાકમા, હે તન રે ગીરીયા;
યું બીબી ઝૈનબે, બૅાત રદ્યન રે કરીયા. ૧૦
ભી આપસ કે હાલકી, કહી રદ્યનમા બાતી;
એ સુન સુન મુમનુ, કહયા દન ઓર રાતી. ૧૧

[ રે તું હી ]

દુરીજન અહલબેત સાથ લે, ચલીયે રણકે માંહાંરે,
ચલીયે રણકે માંહાં;
શહીદ સબી દેખાહીયે, જેતે તન ઓસ ઠાંહાંરે,
જેતે તન ઓસ ઠાંહાં. ૧૨

—: * :—

૩૮૦—૭૩

—: બરહા :—

દુરીજન અહલબેતકુ, ચલીયે તો રણુમા જાયેરે;
શહીદ તન દીસે સભી, અફ્સોસ દિલમા ખાયેરે. ૧
બીબી ઝૈનબને દેખતે, આયે તો નેંનુ નીરરે;
ફેરાકસુ રદ્યન કીયા, હુઇ ના તલ મન ધીરરે. ૨
વાહે જદા કર આખીયા, બીબીને ઍાસહી ઠામરે;
વાહે મહંમદ [સ.અ.વ.] નામ લે, ઝુરે તો ઍાસહી ઠામરે. ૩
એ તન હે હુસેન કા, બોસે તમે દેતે સહી;
નબી અનુકુ નેહેસુ, ગોદમા બેઠાતે તમ સહી. ૪
લોહીને ખાકમા ગિરીયા, હુસેન કા વૅ તનરે;
અસ રીતે બીબી ઝૈનબે, રદ્યન કીયા ઍાસ ઠામરે. ૫
અહલબેત નબી તમારડે, જાતે હેં ચલે અસ રીતરે;
અસવારાં હો સેતી રણુમા, કરતા નાંહી કો' પીતરે. ૬
એ કૅત ચલે રદ્યન કીયા, નેંનુ ચલાયા નીરરે;
અહલબેત ઝારઝાર રોહીયે, દુખ પોચીયા શરીરરે. ૭

દુરીજનુ સુરીજનુ સુનતે, રુદન તો સબુ કીયા;
પત્થર બી સુનતે ઝુરતે, હોતા જો ઉન માંહે જીયા. ૮
લાઓબાલી દરગાહ રબકી, ચાતા કરે સુબહાનરે;
દોની માંહે તન દુઃખ હે, ચાવે જીસે રહેમાનરે. ૯

—: ❋ :—

૩૮૧—૭૪

જબ ખોલી સર મુબારક, લેકર ચલીયા;
સો કુફેકે તરફ, મોં રે કરીયા. ૧
થા ☆ફરસખ કુફે થી, ઘર આસકા સોણાતા;
ઉઆં ઉતારા ઉને, જા લીયા રે રાતા. ૨
અને ઔરત તો આસકી, થી બેટી અનસારી;
જેને નબીજીકુ આવકર, દી થી યારી. ૩
અહલબેતકુ વૅ દલ થી, જીવસુ ચાતી;
નત અહલબેત કેરી, થી તારીફ કરાતી. ૪
ખોલી આસ કાજ આસકા, ડર મન લાયા;
લે શેહઝાદેકા સર, +તંદુરમા છુપાયા. ૫
બુઝા રખે રે ઔરત, જાને રે મેરી;
જો બુઝેગી તો રીસ, બાત કરેગી સવેરી. ૬
સીસ આસ લીતે છુપાકર, ઘર માંહે આયા;
તબ ઔરતને આસકુ, એતા રે બતાયા. ૭
કહયા કાં થે ગહે, તમ એતેરે દંના;
દીયા જોવાબ ખોલીને, સુન એ મંના. ૮
એક યઝીદસુ ÷બાગી, હો જંગ થા કરાતા;
એક બેત તો યઝીદકી, ના મન થા ધરતા. ૯
આસ જંગ કાજ જાના, હુઆ થા મેરા;
એ ઔરતને સુનકર, લીયા રે સવેરા. ૧૦

☆ ફરસંગ, ત્રણ માઇલ લાંબુ + ચુલામા ÷ યઝીદની બેત ન કરનાર

ફેર ઓરતને કોછુ હે, બાત ના પુછાહી;
એ સુન સુન મુમનુ, દલ ચંતા એ આહી. ૧૧

[ રે તું હી ]

બેટી અનસારી કેરડી, અહલબેતકુ કરતી ભાવરે,
અહલબેતકુ કરતી ભાવ;
વૅ મરદ ભી પીત થા જાનતા, કે હે બૅાત ઑાસકા ચાવરે,
કે હે બૅાત ઑાસકા ચાવ. ૧૨

૩૮૨—૭૫

—: પહલ :—

મુબારક શીશ શેહઝદે કેરારે;
ખોલી તો લે ચલીયા સવેરારે. ૧
ઓરત કેરા ડર મન કીતારે;
તંદુર માંહે ધરીયા સુણીતારે. ૨
તેહજુદ નમાજ થી વૅ કરતીરે;
ડર રબ કેરા મન થી ધરતીરે. ૩
તંદુર પાસ થી વૅ ડામારે;
નમાજ કેરા જા કરતી કામારે. ૪
વેળાએ નમાજકુ ઉઆં આઇરે;
રોશની તબ તો બૅાત દેખાઇરે. ૫
દેખતે અચરત આપ મન કીતારે;
ઉજાલા કૈસા હે એ દેખીતારે. ૬
રાતકુ આગ નાંહી મેં બાઇરે;
રોશની એસી કહાંસુ આઇરે. ૭
જેસા ☆મશાલ કે યું ઉજાલારે;
એસા દેખાયા ઓસે ઓસ હાલારે. ૮

☆ શમઅ, બતી

એતા વે બુઝને અજબ પાઈરે;
ઓને તો ચંદા દેખને ચાઈરે. ૯
આસમાન સેતી ઉજાલા દેખાયારે;
ઉંચા ભી જાતા નજરૂ આયારે. ૧૦
દેખ શીશ શેહઝાદે કા જાનારે;
અફસોસ દિલ માંહે બૅાત આનારે. ૧૧
શીશ મુબારકકુ, લે ☆પુછાયારે;
શીશ માંહે તેલ ભી ઓને લે બાયારે. ૧૨
રધન દેખતે બૅાત ફીતારે;
અફસોસ દિલ માંહે બૅાત દીતારે. ૧૩
ફેરાક કાજ તન દજાયારે;
ઓરતે ગુસા દેખ મન ખાયારે. ૧૪

૩૮૩—૭૬

ફેર ઓરત ને મરદકુ, ના પુછી રે બાતો;
ના ખાના ભી પકાયા, ઍાસ રે રાતી. ૧
વૅ તેજુદ કી નમાજ કાજ, બાર રે આઇ;
પાસ તંદુર કે આતે, ઓને દેખી રોશનાઇ. ૨
જાને મશાલ કીતી, હોવે કહી હઝારા;
ઓસે અજુવાલા દેખતે, દલ રહયા ના કરારા. ૩
દેખા તંદુરકે માંહે થી, રે વૅ ઉજાલા આતા;
સો આસમાન તરફ, હે રે જાતા. ૪
એ ઓરત તો દેખકર, અચરત ભઇ;
કે ઉજાલેકી રીત, કેસી દેખી મેં સઇ. ૫
કે તંદુર મેં રાતકુ, નાંહી આગ રે કરાઇ;
અને કને ભી ઓરને, નાંહી આગ રે બાઇ. ૬

☆ સાફ કર્યું

એસા અજબ રે સોચ, ઓને મન માંહે દીયા;
એ તે ઓર ભી નજરૂં, ઓને અચરત કીયા. ૭
કે આસમાન સેતી, આઇયાં ઓરતાં ચારા;
વ શેહઝાદેકુ કરને, બાત લાગીયાં પિચારા. ૮
એક બીબીને સરકુ, બાર તંદુર થી લીતા;
ઓને નેહેસુ, બોસા સીસકુ કીતા. ૯
એક બીબી ને ઓનથી, બાત રધન રે કીયા;
એ સુન સુન મુમનુ, મન એતના દીયા. ૧૦

[ રે તું હી ]

દોનીયા કસની દેહે કર, અંતે ચાવે મીતરે,
અંતે ચાવે મીતઃ
અદકી ઓછી પીતકી, કસની કેરી રીતરે,
કસની કેરી રીત. ૧૧

૩૮૪—૭૭

એક બીબી ને ઓનુ થી, બાત રધન રે કીયા;
અને શીશકુ આપસ કે, પાસ રે લીયા. ૧
એ શહીદ માતા, વાયે મઝલુમ તેરી;
* * * , મા કવે રે સવેરી. ૨
મેં દાદ તેરી ચાહું, પાસ સોબહાના;
સો કિયામત દન, કેરે રે મેદાના. ૩
તેરે મારનાર પાસ, દાદ મેં રે ચાહું;
સો રબ કે પાસ, મેં અરજ કરાહું. ૪
જાં રબ તો મુજકુ, દાદ દેવે ના સવેરા;
તાં અરશ થી હાથ, ના ખસે રે મેરા. ૫
ચું કકર બીબી, નેંનુ આંસુ રે ભરાયે;
વ ફાતમાતુઝઝોહરા, બાત રધનમા આયે. ૬

અને દુજીયાં ભી બીબીયાં, રોઇ ભર ભર નેંના;
ફેર શીશકુ લેકર, છોડા તંદુર કે મેંના. ૭
પછે બીબીયાં ચારૂં, વઁ છુપ કર ગહી;
એ હકીકત ઓરતે આને, બબ દેખ લહી. ૮
તબ ઓરતે તંદુરકે, આહી રે પાસા;
સો મુબારક શીશકુ, ખુબી દેખનેકી આશા. ૯
અને તંદુર થી શીશ, બાર દેખને કરાયા;
તબ શેહઝાદે હુસેનકા, શીશ નજરૂ આયા. ૧૦
અને શેહઝાદેકુ પેલે, બૉત દેખે થે નેંના;
એ દેખતે ઓરત, એતા દીયા મન મેંના. ૧૧

[ રે તું હી ]

નુર ઝલકતા શીશકુ, દેખીયા ઓરતે નેંનરે,
દેખીયા ઓરતે નેંન;
ભી બીબીયાં ચાર આઇયાં સહી, કહે ફેરાકકે બેંનરે,
કહે ફેરાકકે બેંન. ૧૨

—: * :—

૩૮૫—૭૮

જબ ઓરતે શેહઝાદે, કા પછાના શીશા;
તબ હુરીજનુ ઉપર. બૉત કીતી રે રીસા. ૧
અને આહકા એને, નારા રે ડાલા;
અને બેહોશ હુવડી, વઁ ઓસહી હાલા. ૨
તબ બેહોશીમા ☆હાતેફ ને, અવાજ રે દીયા;
સો ઓરત ને કાનુ, સુનકર લીયા. ૩
તેરે મરદ કે ગુનાહું, માં તું નાંહી આવે;
ઉઠ સો કયું રહી, રબ તોજે બખશાવે. ૪
ઍાસ હાલ માંહે હાતેફકુ, ઉને ફેર રે પુછાયા;
કહો બીબીયાં કુન થી, એતા કૅને બતાયા. ૫

☆ ગેબી ફરીશતાને

જનુ શીશ તો તંદુર થી, બાર થા લીયા;
અને રધન તો ઓરતું, બાત થા કીયા. ૬
ફેર હાતેફ ને અવાજ, એ સુનકર દીતા;
સો ઓરતકુ જેવાબ, દીયા રે સોણીતા. ૭
જીન બીબીને શીશ થા, લે સીનેકુ લગાયા;
અને પૅલા પૅલ હે રધન, બાત થા કરાયા. ૮
વૅ તો બીબી ફાતમા, તુઝઓહરા નામા;
વૅ રોના ઓનુકા, થા રે અસ ઠામા. ૯
દુજે ઓનકી માતા, બીબી ખતીજા કહીયે;
અને તીજે ઇસેકી, મા થે રે લહીયે. ૧૦
ફીરઓન કી ઓરત, સાથે આસીયે થે આયે;
યું હાતેફ ને ચારૂં નામ રે બતાયે. ૧૧
એ સુનતે ઓરતને, જાગ ખોલે રે નેંના;
અને એતના કીયા, દલકે મેંના. ૧૨

[ રે તું હી ]

બીબી ફાતમા સાથે બીબીયાં, થીઆં બાતકર પીતરે,
થીઆં બાતકર પીત;
શીશકુ દેખ રધન કીયા, ફેરાક કેરી રીતરે,
ફેરાક કેરી રીત. ૧૩

—: * :—

૩૮૬—૭૯

તબ મુબારક શીશકુ, ઓન ઓરત ને લીયા;
અને મોશક ને ગુલાબ, એકઠા કીયા. ૧
યું એકઠા કરને, શીશકુ ધોલાયા;
અને કાફુર તો લેકર, મોં કુ રે લગાયા. ૨
અને મોબારક બાલુંકુ, કંગહી કીતી;
અને પાક ઠામ ધરીયા, લે બાત રે સોણીતી. ૩

પછે આપને મરદકુ, રીસમા જગાયા;
અને ☆મલઉન કરને, નામ રે બતાયા. ૪
તેં શીશા લે કિસકા, હે તંદુરમા ધરીયા;
એ કેસા રે કામ, તેં હે રે કીયા. ૫
કે ફરઝંદ રસુલકા, તું લે આયા શીશા;
હેં નુરી તુજપર, બાત કરતે રીસા. ૬
સો આસમાન સેતી, હેં ફોજ ફોજ આતે;
અને મુબારક શીશકુ, હેં +જારત કરાતે. ૭
હેં બાત બાત રોતે, નેંનુ આંસુ રે ચલાતે;
અને તુજપર લાનત, હેં રે ભેજાતે. ૮
ઓસમાન તરફ, વે હેં રે જાતે;
સો ફોજાં ફોજાં, બાત આતે હેં દેખાતે. ૯
એતા ઓરતને કેંકર, આખા હુઇ મેં બેજારા;
જો ફરઝંદ નબી, ના તેં રાખા પીયારા. ૧૦
એતા ઓરતને કેંકર, ચાદર રે લીતી;
અને ચંતા એતની, મન દીતી. ૧૧

[ રે તું હી ]

ઓરતને અફસોસ ખાયેકર, મરદકુ કીતી રીસરે,
મરદકુ કીતી રીસ;
જબ નેંનુ આપકી દેખીયા, શેહઝાદે કેરા શીશરે,
શેહઝાદે કેરા શીશ. ૧૨

—: ✳ :—

૩૮૭—૮૦

વૅ ચાદર તો ઓરતે, બેગે આપ લે ઓઢાઇ;
અને ઘરકે બાર, નીકલી સોણાઈ. ૧
કહયા મરદકુ દુનીમા, હુઇ તુજથી બેજારા;
અબ બેજાર હોકર, મેં લીયા રે ÷કિનારા. ૨

☆ મરદુદ + ઝિયારત ÷ દુર થવું

યું કૅકર કદમ, બાર લે ધરીયા;
તબ ખોલીને ઑાસેકુ, પુછના કરીયા. ૩
કે ઘરકુ છોડ કર, તુ કાં હે જાતી;
અને યતીમ ફરઝંદ, કયું હે કરાતી. ૪
તબ લઇન કરને, ફેર ઓરતને આખા;
તેં નબીકે ફરઝંદ કીયે, યતીમ રે દાખા. ૫
તેં નબી કે ફરઝંદ, યતીમ કરાયે;
તો ફરઝંદ તેરે, ના મેં ભી ચાયે. ૬
તો ફરઝંદ તેરે, કયું હોવે ના યતીમા;
જો દિલમા તેરે, ડર દીયા ના કરીમા. ૭
એતા ઓરત તો કૅકર, ચલ રે ગહી;
એક તલ ભી ઘરમા, ના ઠાડી રે રહી. ૮
પણ અવર કિસીકુ, ના કહી વૅ બાતી;
વૅ ચુપકર ઝુરી, નત આપકી જાતી. ૯
થી અનસારી કેરી, વૅ બેટી રે કહાઇ;
તો તબીયત ઓસમાથી, વૅસી રે આઇ. ૧૦
અનસારીઉં આપકી, જાત ફના થી કીતી;
સો નબીજી કે ઉપર, લે વાર થી દીતી. ૧૧
તો બેટી ને ભી વેસા, કીયા રે નેહા;
કે ફરઝંદ નબી કાજ, દીયા ધણીકુ છેહા. ૧૨
અને નસદન ઓરતે, રધન રે કીતા;
અનેરા રધન કરાયે કર, એતા મન દીતા. ૧૩

[ રે તું હી ]

નેહે કરાહી ઓનકા, વારીયા જનુ તનરે,
વારીયા જનુ તન;
મુનાફિક નબીજીસુ બોલતે, કપટ રાખા આપકે મનરે,
કપટ રાખા આપકે મન. ૧૪

૩૮૮—૮૧

સભાં હોતે બોલી, ઉઠ કર ચલીયા;
સો મુબારક શીશ, લેકર સોણીયા. ૧
સો ઝીયાદ કે બેટે કે, પાસ રે ગયા;
અને તબકુકે માંહે, લે શીશકુ ધરીયા. ૨
યું ઝીયાદ કે બેટેકે, જા આગે રે ધરીયા;
એોને અદબ તો કુછ, ના શેહઝાદેકી કરીયા. ૩
થી ઝીયાદ કે બેટેકે, હાથ છડી રે સોણાઇ;
વે મુબારક દાંતુકુ, લે રીસમા લગાઇ. ૪
તબ યઝીદ થે બેટે, અરકમ કેરે;
રજી અલ્લા અનહો, કહો નામસુ સવેરે. ૫
એ ☆કોબાર સહાબી, સેતી થે કૅલાતે;
વૅ મજલેસ માંહે, થે હાજર સોણાતે. ૬
તબ એોનુ ને એ દેખતે, શોર રે કીયા;
કહયા આહ કા નારા, ડાલ રધન સોણીયા. ૭
યા ઇબને મરજાન, કર એોસે રે બતાયા;
એ ×નરતે સોખન સુ, નામ એોસકા ધરાયા. ૮
મત લગા તુ લકડી, દાંત શેહઝાદેકે માંહાં;
તુ અદબ તો કછુ, કરે રે નાંહાં. ૯
ઇમામ હુસેન કી ખુબી, કુછ બુઝ રે મંના;
યું કૅ દલ રાખા, આપ ધ્રુજાયા તંના. ૧૦

[ રે તું હી ]

આગળ બેટે ઝીયાદ કે, ધરીયા શેહઝાદે કા શીશરે,
ધરીયા શેહઝાદે કા શીશ;
દાંતુકુ લગાઇ લકડી, કર બૅાત મન માંહે રીસરે,
કર બૅાત મન માંહે રીસ. ૧૧

☆ મોટા અસહાબી × ખરાબ બોલ

૩૮૯—૮૨

ભી સોગંદ ખુદાકી, ખાંકર આખા;
મેં નબીજીકા નેહે, બાત દેખા હે દાખા. ૧
અનુ હોઠુંકુ નબીને, હેં બોસે રે દીતે;
સો નેહેસુ કહીબાર, મેં દેખને લીતે. ૨
ભી એ દાંતુકુ હેં બોસે, નબીને દલાયે;
સો બાત બાત વકતુ, મેરી નજરૂ આયે. ૩
અસહાબે એતના, કેં રધન રે કીયા;
તબ સારી મજલિસ, રોઇ રે સુનીયા. ૪
તબ અબ્દુલ્લા ઝીયાદકુ, ચઢી રે રીસા;
અરકમકે બેટેકુ, કહયા ધધુનને શીશા. ૫
બાત બરસુકા કબી, તુજે મેં જાનુ રે નાંહાં;
અને સફેદી તેરી, મન આણું રે નાંહાં. ૬
તો અબી મેં તુજકુ, ગરદન રે મરાતા;
એતી ઝીયાદકે બેટેને, કહી રીસ માંહે બાતા. ૭
તબ સુનતે ઉઠે, બેટે અરકમ કેરે;
મેણા બેઠનારે સબુકુ, દીયા રે સવેરે. ૮
અહલ ઇજ્જત કે ચાના રે, રાજી હોના તમના;
મારે ફરઝંદ ફાતમા, કેરે રે તંના. ૯
અને અમીર એ કીતા, બેટા મરજાન કેરા;
યું ઝીયાદ કે બેટેકા, નામ ધરીયા સવેરા. ૧૦
અકરમ કે બેટે, એતા કેં બાર આયે;
અને ફેરાક હો સેતી, મન એતના લાયે. ૧૧

[ રે તું હી ]

શીશ ફરઝંદ નબીજી કેરડે, ધરીયા +ખાનમા લાવરે,
ધરીયા ખાનામા લાવ;

+ થાળામા

નાંહી દાવા દુરીજન છોડતે, કરતે હેં ફેર દાવરે,
કરતે હેં ફેર દાવ. ૧૨

૩૯૦—૮૩

—: બરહા :—

ખોલી શેહઝાદે કા શીશ, લે ગયા કુફે ગામરે;
ઝીયાદકા બેટા થા બેઠીયા, ધરીયા લે જા ઓસ ઠામરે. ૧
ઝીયાદકે બેટેકે હાથમા, લકડી તો થી સુની ગહી;
મુબારક દાંતુકુ લગાહી, બાત એ સાચી સહી. ૨
આસમાન તબ થા લરજીયા, જમીં ધુજે આપરે;
આદમી ભી દેખકર રોહીયે. કિયામત કેરે તાપરે. ૩
સુન સુન ભાઇ દીનકે, એસા હે રબ સુબહાનરે;
ચાવે સોહી આપ કરે, એસા હે સુરીજન જાનરે. ૪
નબીજી થે બોસે હોઠકુ, દેતે શેહઝાદે નામરે;
લે આ શીશ ઓનકા ધરીયા, આગે દુરીજનુ ઠામરે. ૫
દુરીજન હે દાવા કરે, અદબ ના રાખે મનરે;
લગાવે છડી અદબ બના, શેહઝાદે મુબારક તનરે. ૬
ચાતા ઇલાહી તુ કરે, ચાવે જે તુ સુબહાનરે;
મીતકુ દુની દે કસની, અંતે કરે બડી શાનરે. ૭
☆અય્યુબકુ દુઃખ પોચીયા, કીડે પડે સબ જાતરે;
ગાંમ સારેમા ગંધર્વ, હુઇ સુની એ બાતરે. ૮
યુસુફ નબી બેહકાઇયે, પરદેશકે સહી ઠામરે;
ગલી ગલી લેકર, ફેરાયે, ગોલામ ધર કર નામરે. ૯
એસા હે સુરીજન અપના, કરે હે મીતકી રીતરે;
દુનીયા તો જંનત કરને, ÷બેગાનેકુ હે લે દીતરે. ૧૦

☆ અય્યુબ ( અ. સ. ) પેગમબર હતા ÷ પરાયાઓને એટલે
અલ્લાહ તઆલા ના દુશમનોને

૩૯૧—૮૪

ભી ઝીયાદ કે બેટે ને શીશ પીછા રે ભેજાયા;
સો લશકર માંહે, ફેર ભેજાયા રે સોનાયા. ૧
કહયા સરકુ લેકર, તમે નેજેકુ બંધાહો;
અને દુજે સરૂં સાથ, શહેર માંહે આહો. ૨
પછે સાઅદકે બેટેકુ, શીશ પીછા લે આ દીતા;
પછે ઝીયાદકે બેટેને, જયું કહયા ત્યું કીતા. ૩
એક ફરસખ કુફેથી, દુર રે રહેયા થા;
સો સાઅદ કા બેટા, સુના રે ગયા થા. ૪
ઓસે શીશ તો મુબારક, ઓસ ઠામ થા પોચાયા;
પછે સાઅદ કે બેટેને, લે નેજાકુ બંધાયા. ૫
સો દુજે સરૂં કે, કીયા રે સાથા;
નેજેકુ બાંધ કર, દીયા એકકે હાથા. ૬
યું કુફેકી તરફ, શીશ સબ લે ચલીયા;
સો સાઅદ કા બેટા, જે નામ રે સોણીયા. ૭
અને શેહઝાદે કા ☆મહેલ, ભી ×હમાસાઉ કેરા;
સર ખોલે સબુકે, કીયે રે સવેરા. ૮
અને પગ ભી સબુકે, ખોલે રે કીતે;
અને હાથ તો સબુકે, બાંધ કર લીતે. ૯
યું કરને ઉંટ્ઠ પર, અનુકુ બેઠાયે;
એ સુન સુન મુમન, એતના લાયે. ૧૦

[ રે તું હી ]

શીશ મુબારક નેજેકુ બાંધકર, હરમકી એ ખોલે શીશરે,
હરમકી એ ખોલે શીશ;
એસા દાવા દુરીજનુ કીયા, મન ધર રીસરે,
મન ધર રીસ. ૧૧

☆ બીબી સાહેબા × સાથીઓના

૩૯૨—૮૫

—: નજમ :—

એસી મેલી દુનીયા હે ધુતી રે, તમે સુનોરે;
છળ પાડનારી હે એ ધુતી રે, તમે સુનોરે. ૧

બુઢી ડોસી કાલી હે કરાતી રે, તમે સુનોરે;
મકરૂંસુ છંદાઇ દેખાતી રે, તમે સુનોરે. ૨

ખાતમકે સામી થી આઇ રે, તમે સુનોરે;
મકર તો બૅાત થી લાઇ રે, તમે સુનોરે. ૩

ઉમ્મત ભુલાનેકુ ચાયા રે, તમે સુનોરે;
છંદીલીને છંદ થા બનાયા રે, તમે સુનોરે. ૪

આહી છંદુ ખાતમકે સામી રે, તમે સુનોરે;
દુનીયા જે ડોસી બુઢી નામા રે, તમે સુનોરે. ૫

વૅ તો થે ખાતમ નબી રે, તમે સુનોરે;
જે નબી થે જીવ ફીયે સબી રે, તમે સુનોરે. ૬

મહંમદ મુસ્તુફા [સ.અ.વ.] નામા રે, તમે સુનોરે;
કિયામત શફાએત ઠામા રે, તમે સુનોરે. ૭

ઓનુ આગે નાંહી કુછ ચારા રે, તમે સુનોરે;
તો સાચે મકર સવારા રે, તમે સુનોરે. ૮

અવરૂંકા અબ કેસા હાલા રે, તમે સુનોરે;
દોનીથી જે છોડે નાંહી ખયાલા રે, તમે સુનોરે. ૯

ફરઝંદ નબી કેરે શીશા રે, તમે સુનોરે;
બાંધે નેજે બૅાત કર રીસા રે, તમે સુનોરે. ૧૦

અહલએત ખોલે શીશ ફીતે રે, તમે સુનોરે;
એ સબ દુનીયાકે લીતે રે, તમે સુનોરે. ૧૧

૩૯૩—૮૬

સુનો એસી રીત સાઅદ કા, બેટા કર ચલીયા;
સો કુફેકી તરફ, મોં રે કરીયા. ૧
જબ ઝીયાદ કે બેટેકુ એ ખબર પોચાહી;
કે લશકર આનેકી, બાત રે સોનાહી. ૨
તબ ઝીયાદ કે બેટેને, ઢંઢેરા ફેરાયા;
કુફે સારેમા, અવાજ સોણાયા. ૩
કે હથીયાર બાંધનાર, કો' સામી ના રે જાવે;
ભી ☆મૉલસુ બાર, કોઇ ના રે આવે. ૪
ભી અસવાર હજાર ભેજ, નાકે રે બંધાયે;
સો મૉલ તો મૉલ તો, કે બાંધે રે સોણાયે. ૫
કે રખે કોઇ સીપાઇ, દેખ ફેરાક રે લાવે;
અને રધન રે કરને, રખે જંગ પર આવે. ૬
ઓર ખલકત તો દેખને, મલી રે સારી;
કામ આપકી સોધીયા, સબુને બેસારી. ૭
જે +મહેલને સરકુ. થા રે દખાતા;
વૅ રધનસુ નીર, થા નેનુ રે બવાતા. ૮
અને આહ કે નારે, બૅાત થા ડલાતા;
એ દેખનારે સબુકી, એસી સુની રે બાતા. ૯
અને બાલ તો ઓરતાં, થી આપકી તોડાતી;
જેતી દેખનેકુ આહી, થી રે સોણાતી. ૧૦
એ દેખ દેખ દુરીજન, ગમ માંહે આયે;
બૅાત ÷પશેમાન હુવડે, વૅ રે સોણાયે. ૧૧
તબ દુરીજન લાજ, આઇ રે બોતેરી;
એ સુન સુન સુમન, કરયા સવેરી. ૧૨

[ રે તું હી ]

☆ ઘરથી બહાર + બીબી સાહેબા ÷ શરમીંદા

શીશ ફરઝંદ નબીકે, શેર માંહે ચલાયેરે,
શેર માંહે ચલાયે;
લાઓબાલી દરગાહ રબકી, કરે જે આપ ચાયેરે,
કરે જે આપ ચાયે; ૧૩

૩૯૪—૮૭

—: બરહા :—

સુન સુન ભાઇ દીનકે, એસી હે દુનીયા રીતરે;
ફરઝંદ નબીકે મારીયે, દુનીયા કેરી પીતરે. ૧
નેજુંકુ શીશ લે બાંધીયે, દુશમની કેરે દાવરે;
એસા દાવા તો મન દીયા, રાખા જો દુનીયા ભાવરે. ૨
અહલબેતકે શીશ ખોલીયે, ખોલે તો કીયે પાયેરે;
ઉંટુ પર ખોલે બેઠાએ કર, શેરમા તો લેકર આયેરે. ૩
ઉમ્મતી કલાતે સાથ થે, કીયા જનુ એ કામરે;
ખાતમ નબીકુ બુઝતે, મહંમદ [સ.અ.વ.] જનુકા નામરે. ૪
દુનીયાકે જો પાલે પડે, ચઢાઇ દુનીને રીસરે;
ફરઝંદ ખાતમ નબીકે, કાટે અનુને શીશરે. ૫
નેજુંકુ શીશ બાંધ ચલીયે, આયે તો કુફે ગામરે;
દેખને સભી લોક મલે, રંતે જે કુફે ઠામરે. ૬
રદ્યન કી સબુ દેખતે, તોડે એ શીશકે બાલરે;
દુરીજન થે સબ લાજીયે, દેખતે ખલકકા હાલરે. ૭
ખલકને રદ્યન કીયા, લાજે તો સબ એ મનરે;
લાજના તો હે આગે સહી, કિયામત કેરે દનરે. ૮
એતી ચંતા આહી નાંહી, કીયા થા જબ તો જંગરે;
દુનીયાકે જો પાલે પડે, ઉલટે જો ઓસકે ઢંગરે. ૯
એસી હે ધુતી દુનીયા, વીર ના કીજીયો ભાવરે;
શરમ બંદા ગમાવતા, દુનીયા હે દેતી દાવરે. ૧૦

૩૯૫—૮૮

જબ શેહઆદેકે સરકુ, નજર થા કરતા;
વૅ ☆હેબતસુ બેહોશ, હો થા ગિરતા. ૧
સર મુબારક રોશન થા, અવરૂંકે માંહાં;
જું પુનમકા ચંદા, છુપા રે નાંહાં. ૨
જું ચાંદ તો તારૂંકે, માંહે રે દેખાવે;
શીશ શેહઆદેકા સબુમા, થા એસા રે સોણાવે. ૩
જું તારૂંકે માંહે, કહીયે રે ચંદા;
સુનો ખુબી તો એસી, રબે થા દેહંદા. ૪
થે અજીઅરહમ, કે બેટે રે લહીયે;
રજીઅલ્લા અનહો, અનુ નામસુ કહીયે. ૫
એ સુનકર કાનુ, આપ હેં રે કૅતે;
કે નેંનુ દેખ કાનુ, જે સુન હેં લેતે. ૬
કે શેહઆદેકા સર, જબ ગલીયું ફેરાયા;
અને જાં બેઠે થે, ઑસ ઠામ જબ આયા. ૭
એ બેઠે થે મેડી પર, છજેકે માંહાં;
શીશ મુબારક ફિરતા, જબ આયા રે તાંહાં. ૮
સો અનુકે બરાબર, જબ આયા રે સહી;
તબ શેહઆદેકે શીશને, બાત અનુકુ કહી. ૯
બાલ ઠાડે હુએ દેહશતસુ, સબુ અનુકે તંના;
અને સબ વૅ બોલ, સુન રાખા રે મંના. ૧૦
કે પૅલા એ સર, તેરા રે આખા;
યા ઇબને રસુલુલ્લાહ, કૅને દાખા. ૧૧
ઓરૂં ઔરૂને ÷નિદા, સબુને કીતી;
અરહમકે બેટેને, બાત કહી એ સોણીતી. ૧૨

[ રે તું હી ]

☆ દબદબો, શાનો શવકત ÷ પોકાર કરીને બોલવું

શહીદ હુઆ સો ના મરે, પણ મરે જે કપટી તનરે,
પણ મરે જે કપટી તન;
કે રબકુ જેને ના જાણીયા, નેહેસુ રાત ઓર દનરે,
નેહેસુ રાત ઓર દન. ૧૩

—: ❋ :—

૩૯૬—૮૯

—: બરહા :—

ધુતી એ દુનીયા એ ધુતીયા, સબ જગ તો સંસારરે;
દુનીકે જે પાલે પડા, મન કરને પિયારરે. ૧
ફરઝંદ નબી કેરડે, શહીદ તો કીયે સહી;
દુનીયાકે લોભે એ કીયા, ડર મન ના રાખા દહી. ૨
શીશ તો ઓનુકે કાટકર, બાંધે નેજુંકુ તનરે;
ગલી ગલી ફેરાહીયે, રીસકે તો લીતે જાનરે. ૩
મજલુમ યું પુરે કીયે, એસા હે સુરીજનહારરે;
મીતકુ દેવે દુની કસની, અંતે રે કરતા પીયારરે. ૪
દુનીયાકે જે પાલે પડા, લાજ નાંહી ઓસ તન માંહાં;
નસીહત સુન વીરા બાત રે, બીસારના એસકુ નાંહાં. ૫
ફરઝંદ ખાતમ નબીસુ, કીતી કેસી સુન રીતરે;
દુનીકે જો થે પાલે પડે, કર કર બાતજ પીતરે. ૬
લાજ ના ઓનુ કીતી દલુ, સુન સુન કિયામત દનરે;
મોં હેં દેખાના નબીકુ, લાજ નાંહી કીતી મનરે. ૭
કાજ એ દુનીયા કેરડે, ☆લીલજ વે હુએ સહી;
સક તો મુબારક કાટીયા, ડરના કછુ કીયા દહી. ૮
દુનીયાકે કાજ દુરીજનુ, કીતી તો એસી રીતરે;
નબીજીકે ફરઝંદ બુઝકર, રાખી ના મનમા પીતરે. ૯
તો જે ધુતારી દુનીયા, સેતી હે રાખે ભાવરે;
ઓસકા તો ડર મન રાખીયા, દેવેગા તોજકુ દાવરે. ૧૦

☆ બેશરમ

૩૯૭—૯૦

અરહમકે બેટે શીશ, દેખકર ચલીયે;
સો ઝીયાદકે બેટે, ચલ તરફ રે સુનીયે. ૧
બેટે ઝીયાદકે ઘર પાસ, સર રે લાયે;
અને નેજુંસુ ખોલ, કર લે ચલીયે. ૨
તબ મુબારક સરને, ☆તબસોમ કીતા;
અને કલમા પડના, જીભ પર દીતા. ૩
સો આયત પઢાઇ, કલામ રબ્બાની;
સો અરહમકે બેટેને, સબ સુની રે જાની. ૪
જબ શીશ લેયા ઝીયાદકે, બેટેકુ દીતા;
તબ ફેર ઓને શીશકુ, ઓચા કર લીતા. ૫
તબ હાથમા લેકર, નજર રે કીતી;
મોં મુબારક સામી, કીતી નજર સુનીતી. ૬
તબ દેખતે દિલમા, દેહેશત લગાઇ;
અને ધ્રુજન આસકે, તનકુ આઇ. ૭
તબ રાનકે ઉપર, સર મુબારક ધરીયા,
તબ નુર તો ઝલઆ, શીશ થી સુનીયા. ૮
સો જેસા રે ઉજાલા, હોવે ચઉદમી રાતા;
એસા ઝલકા શીશ, સુની રે બાતા. ૯
બાત બાલુંથી છુટી, +બો ÷મુશક હો કેરી;
સો દુરીજન સબુને, બુઝી રે સવેરી. ૧૦
સુનો ખુબી આકેબત, કેરી રે બાતા;
એ સુન સુન મુમનુ, કહયા દન ઓર રાતા. ૧૧

[ રે તું હી ]

ના દુનીયા ચાહી ઓનુ, અને રાખા રબસુ નેહેરે.
અને રાખા રબસુ નેહે;

☆ મુસકરાવું + ÷ કસતુરીની ખુશબુ

તો તન આપકા ના ચાહીયા, ગિરાહી રણમા દેહેરે,
ગિરાહી રણમા દેહે. ૧૨

૩૯૮—૯૧

તબ મુબારક સરથી, લોહી રે ચફીયા;
સો રાન કે ઉપર, ☆કબા પર ગિરીયા. ૧
ઓને કબાકુ છેદ કર, ÷જામા ભી છેદાયા;
અને ગોશતકે માંહે, લોહી પેઠા રે સોણાયા. ૨
પાડ પગકુ છેદ, બાર હુઆ રે સવેરા;
કર બિછાનુકુ છેદ, ધુસા જમીંમુ અનેરા. ૩
તબ ગિરતે જમીંમા, લોહી છુપ રે ગયા;
એ અચરત સબુને, દેખકર લહેયા. ૪
જબ ઝીયાદ કે બેટે કે, પગ છેદ રે કીતા;
તબ દરદ તો હુવડા, બૅાત રે સુનીતા. ૫
ઓને કીતી બૅાતેરી, ઓસ ઠામ +દારૂ;
પણ સુખ વૅ હોકર, ના હોવડા ×વારૂ. ૬
જબ મોસકકુ, નાલે ઉપર બંધાતા;
તબ તલ ભી જપ, થા રે પાતા. ૭
અને તલ બાજ દરદ, અપાર થા આતા;
સો જપ ના થી ઑસકુ, દન રે રાતા. ૮
એસા ઝીયાદ કે બેટેને, આજાર રે પાયા;
કે લખા રે ના ગયા, એસા થા રે સોણાયા. ૯
ઑસ આજાર હો સેતી, કટાયા શીશા;
સો શેહઝાદે કે બૅર કાજ, કાટા કરને રીસા. ૧૦
એ સુન સુન બાતી, સહી કર લીજે;
અને એક કર રબકુ, મન એતના દીજે. ૧૧

☆ ડગલો, ઝભ્ભો, શેરવાની ÷ પહેરેલાં કપડાં + દવા દારૂ
× સારૂં

[ રે તું હી ]

ખુબી દીતી રબને, ના બંદા છુપાવે જાનરે,
ના બંદા છુપાવે જાન;
કહી લાખ દુરીજન મલકર, હસદ કરે કભી માનરે,
હસદ કરે કભી માન. ૧૨

—: ✻ :—

૩૯૯—૯૨

સુનો અહલબેત સબુકુ, જબ લેકર આયે;
જબ ઝીયાદકી મજલિસ, માંહે રે ચલાયે. ૧
સુનો ચાવે ત્યું કરે, આપ સુરીજનહારા;
હે અવળા દુનીસુ, રબ કા પીયારા. ૨
સુન બીબી ઝૈનબ, આયે મજલિસ કહીએ;
સલામ કીયે હો બના, ચલીયે લહીયે. ૩
અને કિસીકે સામી, દેખા રે નાંહાં;
બેટે ઝીયાદકે સામી, બેઠે મજાલિસ માંહાં. ૪
સુનો દાવા તો દુરીજનુ, એસા રે કીતા;
અહલબેતકા ☆સતર, ખોલકર દીતા. ૫
તબ ઝીયાદકે બેટેને, પુછીયા નામા;
એ કુન હે બેઠા, સામી મજાલિસ ઠામા. ૬
તબ કહયા એ બીબી, ઝૈનબ રે જાનો;
સો સુરતુઆ અલીકી, બેટી રે પછાનો. ૭
જે શેહઝાદે હુસેનકી, કહીયે ભેના;
તબ ઝીયાદકે બેટેને, સુન દીયા રે મંના. ૮
કહયા સેફત હે સગળી, ખુદાકી જાતી;
કેસી જુઠી હુવડી, તમારી બાતી. ૯
બીબી ઝૈનબને સુનકર જેવાબ રે દીયા;
સબ સેફત ખુદાકુ, એતા આખીયા સોણીયા. ૧૦

☆ પરદો.

કે પેગંમ્બર આપકુ, રબે હોકમ ભેજાયા;
સો હમારી પાકી કા, બયાન સોણાયા. ૧૧
એ અહલબેત તમુકુ, કરે રે પાકા;
યું હોકમ તો હમારે, હક આયા રે ખુદાકા. ૧૨
એતી બીબી ઝૈનબને, કહી રે બાતી;
એ સુન સુન મુમ્નુ, કહયા દન ઓર રાતી. ૧૩

[ રે તું હી ]

બેટા ઝીયાદ કા બોલીયા, મન કેરી બાતરે,
મન કેરી બાત;
અહલબેતકુ જબ દેખીયે, ફરઝંદ નબીકી જાતરે,
ફરઝંદ નબીકી જાત. ૧૪

—: ✻ :—

૪૦૦—૯૩

એ ઝીયાદ કે બેટેકુ, બીબી ઝૈનબને આખા;
સો ☆મસહફ કી આયેત, પઢ કર દાખા. ૧
કહયા ÷ફાસેકકુ અલ્લા, કરે રૂસવાઈ;
બીબી ઝૈનબે ગોસેમા, એ બાત રે બતાઈ. ૨
કહયા ભુંડુકા ★સોખન, જુઠા કરે રહમાના;
એતા ઝીયાદ કે બેટેકુ, કહયા બીબીને જાના. ૩
તબ ઝીયાદ કે બેટેને, સુન બાત રે કહી;
સો મેણાં ફેર દીયે, બાત સુની એ ગહી. ૪
તબ બીબી ઝૈનબને જેવાબ રે દીતે;
અને બદદુઆ કેરે, બોલ કહે રે સોણીતે. ૫
તબ દુઆં કા તીર, લાગીયા નેશાના;
કે થોડે દનુ માંહે, હુઆ ફના રે જાના. ૬
તબ ઝીયાદ કે બેટેકુ, રીસ રે ચઢાઈ;
કરે કતલ બીબીકુ, એસી ચંતા રે આઈ. ૭

☆ કુરાન શરીફ ÷ ગુન્હેગાર ★ બોલ

તબ હરીસકે બેટે, ઉમરને કહયા;
એ કામ ના કરના, સુન ઓને રે લહયા. ૮
કે ઓરત દરદકે, લીતે હે બોલતી;
એસી મુસીબત પોચી, બોત હે રે સોણાતી. ૯
બોલ અસ કેરા દિલમા, મત રાખ તુ કીના;
એ સુન સુન મુમનુ, મન એતના દીના. ૧૦

[ રે તું હી ]

ઝીયાદકા બેટા રીસમા, આયા સુનતે બાતરે,
આયા સુનતે બાત;
કતલ કરના ચાહીયા, બીબી ઝૈનબકી જાતરે,
બીબી ઝૈનબકી જાત. ૧૧

—: * :—

૪૦૧—૯૪

જબ હરીબકે બેટેને, બાત રે આખી;
તબ ઝીયાદકે બેટેને, સુન મન રે રાખી. ૧
તબ કતલ કરના, ઓને મને રે કરાયા;
જે બીબીકુ મારના, ઓને થા ચાયા. ૨
પણ ફેરને બીબીકુ, ઓને મેંણે રે દીતે;
તબ બીબીને ભી જોવાબ, દીયા રે સોણીતે. ૩
સોચ કરીને આપસી, કહી બીબીને બાતી;
પણ દહેશત તો તલભી, મન આની ના સોનાતી. ૪
તબ અબ્દુલ્લા ઝીયાદ આજીજ રે આયા;
જબ બોલ તો જોવાબકા, ના ઓસે રે પાયા. ૫
તબ બીબીસુ ઓને, મોં રે ફેરાયા;
ઇમામ ઝૈનુલઆબેદીન, સામી રે દેખાયા. ૬
તબ દેખને સૈયદકા, ઓને નામ રે પઢાયા;
* * * * *. ૭

તબ અલી ઝૈનુલઆબેદીન, કહયા નામ રે જાના;
એ હુસેન કે બેટે, એ નામ હે પછાના. ૮
કહયા અલી ઇબને હુસેનકુ, હે ખુદાને મરાયા;
કૅવે ઝીયાદ કા બેટા, એસા હે રે સોણાયા. ૯
કહયા વૅ તો અલી, અકબર કહીયે;
ઇબને હુસેન શહીદ, જે હુએ રે લહીયે. ૧૦
એ તો અલી ઝૈનુલ, આબેદીન નામા;
એક કર એતના, કીયા કૅના રે કામા. ૧૧

[ રે તું હી ]

ફરઝંદ નબીકે બોલાયે કર, પુછી દુરીજન બાતરે,
પુછી દુરીજન બાત;
આઘે લેઆ ઠાડે કીયે, અહલબેત કેરી જાતરે,
અહલબેત કેરી જાત. ૧૨

—: * :—

૪૦૨—૯૫

તબ સૈયદ ને જોવાબ, સખત રે દીતા;
જબ બડે ભાઇ કતલ કા, ઓને નામ રે લીતા. ૧
તબ ઝીયાદ કા બેટા, રીસ માંહે આયા;
અને ચાકરૂંકુ એતના, ગુસેસુ બતાયા. ૨
કે અસકુ મૅાલમા, બેગે રે લે જાહો;
અને સર તો કાટકર, મેરે પાસ લાહો. ૩
તબ ચાકર તો ઑાસકે, એસે કામ કાજ આયે;
બીબી ઝૈનબ તો સૈયદકુ, દોડ બલગે સોણાયે. ૪
કહયા સુન તુ બેટે, ઝીયાદ કેરે;
તેં નબીકે ફરઝંદ, મારે હેં બોતેરે. ૫
હજુ મારને હો સેતી, નાંહી પેટ રે ભરાયા;
એતા બીબી ઝૈનબે, ઓસ કૅને સોણાયા. ૬

તો મારને મોજકુ, તુ ઓસથી પૅલા;
બીબી ઝૈનબ ને આખા, કર વાએ હે વેલા. ૭
તબ સૈયદે આખા, ફોફી છોડ દો હમનો;
દેઉં ઓસે મેં જેવાબ, જે ચાહું રે મંના. ૮
યું ફોફીકુ મને કર, સૈયદને આખા;
સો ઝીયાદકે બેટે કે, હો સામી રે દાખા. ૯
કહયા મારને હો સેતી, કયા હમકુ ડરાતા;
હો આદત કતલ કી, હમારી જાતા. ૧૦
તેં શહાદત મેરીમા, ☆કરામત જાની;
સો હે રબકી તરફસુ, મેં હે રે પછાની. ૧૧
એ સૈયદ ને આખા, ભી ઓર બાંત બાતા;
એ સુન સુન મુમનુ, કહયા દન ઓર રાતા. ૧૨

[ રે તું હી ]

ફરઝંદ નબીકે ઠાડે કીયે, દુરીજન કરે હેં રીસરે,
દુરીજન કરે હેં રીસ;
સો સૈયદ બાલે કેરડા, હે મંગાતા શીશરે,
હે મંગાતા શીશ. ૧૩

—: * :—

૪૦૩—૯૬

—: બરહા :—

ફરઝંદ નબીજીકે રણ રહે, અહલબેત કીયે બંદરે;
સુન સુન ભાઇ દીનકે, દુનીયાકે એસે છંદરે. ૧
અહલબેત ઠાડે કીયે, દુરીજન પુછે બાતરે;
રીસ તો તલ તલ હે ચઢે, ઓસે તો કૅતે બાતરે. ૨
મગરૂર હો બોલે સહી, રાતે તો કર કર નેંનરે;
મજ્લુમકુ ઠાડે કીયે, કૅવે તો કઠન બેંનરે. ૩

☆ બુઝુરગી, બડાઇ

શહીદ તો શેહઝાદે કીયે, કોટમ સારે સાથરે;
થે બાલ એક દુઃખી સહી. ઓનુકુ તો પકડે હાથરે. ૪
અહલબેત સબ બંદમા કીયે, લે આયે આપકે ઘેરરે;
સુન સુન ભાઇ દીનકે, એસી હે દુનીયા ☆પેરરે. ૫
ઝૈનુલઆબેદીન નામ થા, રહે થે જે એક તનરે;
સબ નબીકે ફરઝંદ મારીયે, એક રહે વે સુન મનરે. ૬
એ બાલ ફુલ ગુલાબસે, દુઃખી થી ઓનકી જાતરે;
ઓનુકુ તો લે આ ઠાડે કીયે, દુરીજન પુછે બાતરે. ૭
દુરીજન બાતાં પુછતે, આંખાં તો કીતી લાલરે;
કતલકા હોકમ કીયા, ઓસહી તો દેખતે હાલરે. ૮
ચાકરૂંને ઓને બોલાયે કર, કરને તો કહયા રીસરે;
એસેકુ તો ઠામ લે જાયેકર, લાહોને કાટને શીશરે. ૯
બીબી તો ઝૈનબ ઝુરીયે, નેંનુ ચલાયે નીરરે;
માતા ભી બાલકી ઝુરીયે, હુઇ ના સુનતે ધીરરે. ૧૦
એસી દુની ધુતી સહી, કીજીયે ના વીર તુ પીતરે;
યાદ એ હે રાખની, અહલબેત કી સુન રીતરે. ૧૧

૪૦૪—૯૭

જબ સૈયદને એતી, બાત રે કહી;
ઓર બોલ ભી કેતે, આખીયે સહી. ૧
જબ ઝીયાદ કે બેટેને, એ સુન રે લહેયા;
તબ સુનતે ફિકરમા, આપ રે ગહેયા. ૨
ચંતા કરને ચાકરૂં, કુ એતા રે આખા;
મોજે છોડાહો ઓનુસુ, એતા રે દાખા. ૩
ઓસ ટોળેસુ મોજકુ, કહયા જુદા રે કરાહો;
કે ઓનુકુ યાંથી, બાર લે કર જાહો. ૪

☆ રીત

કહયા ફલાની મસીત પાસ, વૅ ઘર હે કહીયે;
ઉઆં અનુકુ લે જાહો, કહયા ચાકરૂંકુ લહીયે. ૫
જબ ઝીયાદ કે બેટેને, એતી બાત રે કીતી;
તબ ચાકરૂંને સુન કર, વૅ બેગે રે લીતી. ૬
અહલબેતકુ લે ગહે. વૅ ઓસ રે ઠામા;
જસ હવેલી કેરા, ઓને કહયા થા નામા. ૭
ઉઆં અહલબેત સારે, જાકર રખાયે;
પણ કુફેકે લોક, ના કો' મલનેકુ આયે. ૮
સો ઝીયાદ કે બેટે કે, ખોફકે લીતે;
અહલબેતકુ મલને, ના કો' આયા રે સોણીતે. ૯
કે ☆તાજીએત કાજે, કોહી રે ના આયા;
એસા ઝીયાદ કે બેટે કા, ડર ઓનુકુ લગાયા. ૧૦
એ સુન સુન બાતી, પાક કરો આપ જાતી;
અને એક કર કહો, દન ઓર રાતી. ૧૧

[ રેતુંહી ]

દુનીયા કેરે ઢંગસુ, રાખીયે મનકુ નાસરે,
રાખીયે મનકુ નાસ;
ધુતી મન બુઝ દુનીયા, કીજે રબકી આશરે,
કીજે રબકી આશ. ૧૨

—: * :—

૪૦૫—૯૮

કહયા ઝીયાદ કે બેટેને, કેતેક દન રે બાજા;
અહલબેતકુ ભેજને, કા દીયા રે અવાજા. ૧
સો યઝીદ કે પાસ, ઓને ભેજના ચાયા;
ઓસ કાજ સામાન, લેને બનાયા. ૨
કે કસકા બેટા, જહર કહીયે;
અને સકીલકા બેટા, મહજ ભી લહીયે. ૩

☆ મોતના બાદ સગા વહાલોને દીલાસો આપવા

ઝુલ્લહબ્બસ કા બેટા, શોમર ભી જાના;
સાથ ભેજાયે ઓનુકુ, કરને સામાના. ૪
દીયે અસવાર ઓનુ સાથ, પાંચ રે હજારા;
સો પોચ્યાના શામકુ, સોચ રે સવારા. ૫
ઓનુ અહલબેત સાથ, ભી શીશ સબ લીયે;
યું યઝીદ કે પાસ, લેકર ચલીયે. ૬
સુનો ઇબને ખનક, બાત હેં કેતે;
જેસા આપકી નેંનુ હેં, દેખકર લીતે. ૭
શીશ મુબારક ચોકીકુ, આદમી છોડાયે;
સો ચોકી રે વાલે થે, પાંચ સો સુનાયે. ૮
થે ખનુક કે બેટે, ઓનુ ચોકીદારૂં માંહાં;
સબ સુતે ઓનુ, કુ નીંદ આઇ રે નાંહાં. ૯
તબ જાગતે ઓનુને, એસા દેખીયા નેંના;
એ સુન સુન મુમન, કહયા દલકે મેંના. ૧૦

[ રે તું હી ]

શીશ અહલબેત સંગ ચલાહીયે, શામ મુલકકે ઠામરે,
શામ મુલકકે ઠામ;
સો ભેજે ઓસ પાસ થે, યઝીદ જીસકા નામરે,
યઝીદ જીસકા નામ. ૧૧

—: * :—

૪૦૬—૯૯

અનુ જાગતે અવાઝ, સુના આસમાના;
તબ ખનુક કે બેટેને, ખુબ માંડે હે કાના. ૧
કે અવાજ જબ રે કરનાર, હે નજદીક આયા;
એસા આસમાન સેતી, અનુ અવાજ સોણાયા. ૨
દેખા અવાઝ કે પીછે, એક મરદ રે નેંના;
ઓનુ નુરાની કપડે, પેને તન રે મેંના. ૩

ઓનુ આપસકા સર, ખોલા રે કીતા;
ઇમામ હુસેન કે સરકુ, લગાયા સોણીતા. ૪
વૅ સંદુક કે માંહે થી. શીશ બાર થા લીયા;
યું શીશ લે હાથમા. બોસા મોંકુ દીયા. ૫
અને ઝારઝાર રોયે, નેંનુ ભરીયા પાની:
એ ખનુક કે બેટેને, બાત અજબ રે જાની. ૬
તબ અનુ ચાયા મરદથી, જા લે હમ શીશા:
જા સંદુકમા છોડું, કરે કો' રીસા. ૭
કે સબુ જાગે પૅલે. એ કામ રે કરાહું:
કે શીશકુ સંદુકમા, લેને ધરાહું. ૮
એ લેનેકુ ચલીયે, જબ સોચ એ આયા:
મને કીયે તબ અનુકુ, દુજા મરદ રે આયા. ૯
તુ ગુસ્તાખી મત કર, બેઠ રે ઠામા;
હેં એ આદમ સફી, આયે અનુકા નામા. ૧૦
જે આદમ સફીઅલ્લા, જનુકા નામા;
આયે હબીબ કે ફરઝંદ, કે માતમ કે કામા. ૧૧
તબ ખનુક કે બેટેને, અચરત કીતા;
યું અચરત હોકર, એ યાદ કીયા રે મીતા. ૧૨

[ રે તું હી ]

આદમ સફી આયે સહી, માતમ કેરે કામરે,
માતમ કેરે કામ;
જા દુરીજન જાં થી ઉતરે, શીશ જે લે એકજ ઠામરે,
શીશ જે લે એકજ ઠામ. ૧૩

—: * :—

૪૦૭—૧૦૦

ભી દોજા રે નારા, આહેકા સોણાયા;
ભી ખનુક કે બેટે કે, દલ અચરત આયા. ૧

તબ નુહુ નબી આયે, અલેહેસ્સલામા;
જા આદમ સફી થે, ઓસ રે ઠામા. ૨
પછે ઇબ્રાહીમ આયે, ખલીલ રહમાના;
પછે ઇસ્માઇલ ઝબીહ, આયે રે જાના. ૩
પછે ઇસહાક આયે, અલેહેસ્સલામા;
સબ્બુ આહેકા નારેકા, કીઆતે કલામા. ૪
સુનો ખાતમ અંબીયા, ઓનુ બાજ રે આયે;
સો બડે બડે અસહાબી, સાથ આયે રે સોણાયે. ૫
ભી મુર્તુઝા અલી, થે હમજા કહીયે;
ઇમામ હસનને જાફર, થે તૈયાર લહીયે. ૬
સબ્બુ શીશ થે ખોલે, કીયે થા બાલા;
સહી આસમાન સેતી, આયે અસરે હાલા. ૭
આવ શીશફી તાજીમ, સબુંને કરાહી;
અને કોરસી નુરાની, ઓસ ઠામ રે મંગાહી. ૮
સુનો મહંમદ [સ.અ.વ.] મુસ્તુફા, અલેહેસ્સલામા;
જે ખાતમ અંબીયા, કહીયે નામા. ૯
વૅં કુરશીકે માંહે, આવ રે બેઠાયે;
બેઠે દુજે નબી, આસપાસ રે સુનાયે. ૧૦
અનુ ખનુકકે બેટેને, સબ દેખીયા નેંના;
એ દેખ દેખ એતના, કહયા દલકે મેંના. ૧૧

[ રે તું હી ]

ખાતમ નબી સાથ અંબીયા, આયે થે માતમકે કામરે,
આયે થે માતમકે કામ;
અસહાબી ભી સાથ સહી, થે ☆મંજલ કેરે ઠામરે,
થે મંજલ કેરે ઠામ. ૧૨

☆ ઉતારાની જગા

૪૦૮—૧૦૧

એતે ફરીસ્તા એક, આયા રે દેખાયા;
એક હાથમા શમશેર, દુજે ગોરજ થા લાયા. ૧
આવ ખનુકકે બેટેકા, હાથ પકડાયા;
તબ ફરીયાદ કરતા, એ નબી પાસ આયા. ૨
યા રસુલ ખુદાકે, નાંહી મેં તમારા ☆બેગાના;
મેં દોસતી હું રાખતા, જે તમારા ઘરાના. ૩
એ કોમને મોજકુ, હે સાથ રે લીતા;
મેં તમારે ઘરસુ નેહે, દુર નાંહી કીતા. ૪
એતા કેંતે ફરીસ્તે, ને તમાચા દીતા;
દાગ કાલા પડીયા, તબ મોંહોકુ સોણીતા. ૫
તબ નબીજીને નુરીકુ, હોકમ પઢાયા;
હાથ છોડ દે અસકા, એતા રે બતાયા. ૬
તબ નુરીને હાથ, છોડીયા સહી;
તબ બેહોશ એ હુવડે, એસી ખબર રે કહી. ૭
એ સભાં રે હોતે, ફેર અકકલમા આયે;
તબ રાતકી બાતકા, સોચ મન રે લાયે. ૮
દેખા સર તો મુબારક, હે સંદુકકે માંહાં;
અને ઔરકે શીશકી, એ ખબર રે નાંહાં. ૯
પણ પગલે સંદુકકે, થે પાસ રે દેખાયે;
એ સુન સુન મુમનુ, મન એતના લાયે. ૧૦

[ રે તું હી ]

કરામતકી નીશાનીયાં, જાહેર દીસે બાતરે,
જાહેર દીસે બાત;
ખનુકકે બેટેને કહા, જે દેખીયા ઓનુ રાતરે,
જે દેખીયા ઓનુ રાત. ૧૧

☆ પરાયો, દુશમન

૪૦૯—૧૦૨

એ સભા હોતે, સારૂંમા, પરચરી બાતી;
કે ખનુક કે બેટેને, એસા દેખા રે રાતી. ૧
તબ શોમર ઝુલહબ્બસને, ઓનુકુ બોલાયે;
લોક સબ તો બાત, પુછનેકુ આયે. ૨
તબ આધા રે મોં થા, કાલા રે દેખાયા;
જાં તમાચા નુરીને, થા રે લગાયા. ૩
તબ સબુને મલકર, પુછી રે બાતી;
કહો કયા થા તમુને, દેખા આજ રાતી. ૪
તબ ખનુક કે બેટેને, બાત સગળી કહી;
અને આહકા નારા, પછે ડાલા રે સહી. ૫
ઓસને શીશકે સાથ, જીવ રે ગમાયા;
સો ખનુક કે બેટેકા. જીવ ચલીયા રે સોણાયા. ૬
થા કલેજા ઓનુકા, ☆તરસા સહી;
એ સબુને દેખકર, ખબર રે કહી. ૭
તબ દેહશત સબુકે, મન રે આવા;
થે જે ચોકી કરતે, શીશકી સોણાવા. ૮
ભી ઉઆંથી ઉઠકર, લીતા રાહા;
જબ શામ કે નજદીક, પોચે રે સોણાહા. ૯
પાસ દમીશક શેર કે, પોચે રે ઠામા;
એ સુન સુન સુમનુ, લીયા એતના નામા. ૧૦

[ રે તું હી ]

લાઓબાલી દરગાહ રબકી, સુન સુન મુમન વીરરે,
સુન સુન મુમન વીર;
શેહઝાદેકા શીશ જુદા કીયા, દુઃખ પાયા શરીરરે,
દુઃખ પાયા શરીર. ૧૦

☆ ડરી ગયા

૪૧૦—૧૦૩

થા દમીશ્ક શહેર, કેરા રે નામા;
જા ઓસકે પાસ, કીયા મંઝીલ મોકામા. ૧
તબ ડરકી ખબર, દુરીજનુ પાહી;
હે લશકર આતા, એસી બાત રે સોણાહી. ૨
હેકેકા એ ખજાઇ, લશકર રે મેલાતા;
વૅ શીશકુ છોડાને, હે રે ચાતા. ૩
કે રાતકુ આવકર, વૅ દેવેગા ☆રતબા;
યું મારને શીશકુ, વૅ છોડાવે સતાબા. ૪
કે શીશકી વાર, હે કરની ચાયા;
એ સુનતે દુરીજનુ, કુ ડર રે આયા. ૫
તબ દુરીજનુ સારે, ઓસ રાતકુ જગાયે;
એસા કટકાઇ કેરા, ડર મન લાયે. ૬
ભી સભાંકુ ચલકર, ઓર મંઝીલ રે લીતી;
ઉઆં શીશકી ચોકીકી, બૅાત ચંતા રે કીતી. ૭
તબ ઓસ ઠામ ડેરા, મુકામ દેખાયા;
આવ દુરીજનુ ઠામ, ખુબ કર ચાયા. ૮
કે ડેરેકી ઓનુને, પના રે ચાહી;
એસી દિવાલ, ઓસકી મજબુત દેખાહી. ૯
કર સકે ના કો' અસ ઠામ, કરે રતબે કામા;
એસા બુઝને મુકામ, કીયા ડેરે કે ઠામા. ૧૦
એ સુન સુન બાતી, સહી કર લીજે;
અને એક કર રબકુ, મન એતના દીજે. ૧૧

[ રે તું હી ]

ડેરા થા મંજલમાં, દુરીજનુ કીયા મુકામરે,
દુરીજનુ કીયા મુકામ;

☆ હમલો કરીને હલાક કરવું

પના જા ઓસકી પકડી, ☆ઓસતવાર બુઝી ઠામરે,
ઓસતવાર બુઝી ઠામ. ૧૨

—: * :—

૪૧૧—૧૦૪

તબ શોમર તો ડેરે કે, દરવાજે રે આયા;
અને ગુમાન હો સેતી, નારા રે ડલાયા. ૧
તબ પુજારા જે પુજારૂં, મા બડા થા સોણાતા;
ડેરે કે ઉપર, ચડીયા સોણીતા. ૨
ઓસે દેખતે લશકર, સવાર દેખાયે;
સો ડેરે કે આસપાસ, ઠાડે નજરૂં આયે. ૩
તબ પુજારે ને પુછા, એ હે લશકર કૈસા;
તમ કુન હો કહોને, હાલ તમારે જેસા. ૪
કહયા ઝીયાદ કે બેટેકે, હમ ચાકર હેં સહી;
એ શોમર ને પુજારે, કુ બાત રે કહી. ૫
કહયા કુફેથી દમીશકકુ, હેં હમુકુ જાના;
ફેર પુજારે ને પુછા, કામ કેસા મન આના. ૬
કે દમીશક જાનેકી, કેસી ÷મોહેમ હે ચાહી;
યું પુજારેને ફેરને, બાત રે પુછાહી. ૭
એ યઝીદસુ બાગી, ઇરાકમા કેંલાતા;
એ શોમરને ફેરકર, કહી પુજારેકુ બાતા. ૮
થા ઓસેકે જંગ કાજ, હમારા જાવા;
ઓસે હમુને મારકર, ફતે રે કરાવા. ૯
સબ કુટુમ હો સેતી, લે ઓસકુ મટાયા;
અને સર તો ઓસકા, હે નેજુંકુ બંધાયા. ૧૦
વૅ યઝીદ કે પાસ, મેં હું રે લેજાતા;
એ સુન સુન સુમન, કહયા દન ઓર રાતા. ૧૧

[ રે તું હી ]

☆ મઝબુત ÷ ભારે કામ, જોખમનુ કામ

પુજારા હે બાતાં પુછતા, શોમર દેવે જેવાબરે,
શોમર દેવે જેવાબ;
ખુબી શેહઝાદેકે શીશકી, દેખ દેખ પુછે સતાબરે,
દેખ દેખ પુછે સતાબ. ૧૨

—: ❋ :—

૪૧૨—૧૦૫

તબ પુજારે ને આવકર, શીશ રે દેખાયે;
તબ શીશ તો રોશન. ઓસ નજરૂ આયે. ૧
તબ પુછા કે બૅાત રે શીશ, કૂન ઓનુકે માંહાં;
તબ શેહઝાદે કે સરકુ, બતાયા તાંહાં. ૨
તબ પુજારે ને નેહેસુ. આવ નજર રે કીતી:
બૅાત ખુબી ઍાસકે, આઇ નજરૂં સોણીતી. ૩
કયું ડેરે પાસ આયે, ફેર પુજારે ને પુછાયા;
તબ શોમર ને ડેરે કા, બયાન બતાયા. ૪
કે સુના હે કે લશકર, લોક કે હેં લાતે;
વૅ સરૂંકુ છોડાના, હેં રે ચાતે. ૫
ઓસ કાજ ડેરેમા, હમ રૅવે ચાયા;
એ મજબુત ડેરા, હે હમુકુ દેખાયા. ૬
તબ પુજારે ને કહયા, બૅાત લોક હેં તમારા;
ના સબ હે સમાહો, છોટા ડેરા હે હમારા. ૭
ઓસ કાજ એતના, તમ કરો રે ઇલાજા;
કે શીશને ઓરતાં, બાઓ ડેરેમા આજા. ૮
અને આસપાસ ડેરેકે, તમ ચોકી રે કરાહો;
કે જાગતે રહો, રાતે આગ રે જલાહો. ૯
તો રાત હો સેતી, તમે પાહોગે અમાના;
એસા કામ તો કરો, તમે આજ દંના. ૧૦

તબ શોમરને બાત, એ કબુલ રે કીતી;
એ સુન સુન મુમન, એતી ચંતા ચંત દીતી. ૧૧

[ રે તું હી ]

પુજારાકુ નેહે લાગીયા, દેખતે શેહઝાદે શીશરે,
દેખતે શેહઝાદે શીશ;
અને એ કુને શીશ લે કાટીયા, ધરને મનમા રીસરે,
ધરને મનમા રીસ. ૧૨

૪૧૩—૧૦૬

તબ સર તો મુબારક, સંદુકમા બાયા;
અને શોમરને ☆કોલફ, ઑસકુ કરાયા. ૧
યું ડેરેકે માંહાં, સંદુક ધરાહી;
અને સંદુક કે કાજ, ચોકી રે બોલાહી. ૨
પણ કરની ચોકી કેને, કબુલી નાંહાં;
બેટે ખનુક કી બાત, યાદ રાખી દલ માંહાં. ૩
ઇમામ ઝૈનુલઆબેદીન, ભી અહલબેત સારે;
સબ ડેરે કે ભીતર, બેઠાયે કિનારે. ૪
અને પેટી ભી શીશકી, ડેરે માંહે ધરાહી;
અને કોલફ તો દીયા, એસી બાત રે સોણાહી. ૫
ઓસ પુજારેકુ શીશકા, સોચ દેખને કા આયા;
ઓસ કાજે વૅ ડેરેકે, આસપાસ રે ફેરાયા. ૬
થી જીસ ઠામ સંદુક, છોડી રે ગહી;
ઉઆં રોશની ગેબસુ, હુઇ રે સહી. ૭
તબ પુજારે ને દેખકર, અચરત કીતા;
જાના રોશની હે દીતી, અપને રે મીતા. ૮
એતા બુઝકર, દુજે ઘર માંહે આયા;
ઉઆં છેદ તો એક, થા રે દેખાયા. ૯

☆ કોફુલ, તાળું

ઓસ છેદકી તરફસુ, એ દેખને લાગા;
ઓસ દલ નેહે શેહઝાદે, કા પુરા રે લાગા. ૧૦
એ સુન સુન મુમનુ બાતી, પાક કરો આપ જાતી;
અને નેહેસુ કહો, દન ઓર રાતી. ૧૧

[ રે તું હી ]

પુજારા આશક હોયે કર, ફરે જું પતંગ રીતરે,
ફરે જું પતંગ રીત;
શેહઝાદે કા શીશ દેખતે, લાગી ઓસ દલ પીતરે,
લાગી ઓસ દલ પીત. ૧૨

—: * :—

૪૧૪—૧૦૭

જું જું દેખે તું અદકી, હોતી ગહી રોશનાઇ;
સો ☆સાએત સાએત, હોઇ અદકી સોણાઇ. ૧
સો રૅતે એસા, હુઆ રે ઉજાલા;
કે નેંનુ દેખા, ના ગયા ઓસ હાલા. ૨
એતે ડેરે કેરી છતર, ટુટી રે દેખાઇ;
અને આસમાન સેતી, એક અંબાડી આઇ. ૩
માંહે બેઠે થે બીબી, નુરાની દેહા;
વૅ માતમકુ આયે, બૅાત કરને નેહા. ૪
અને બૅાત થી બાંદીયાં, ઓનુ સાથ રે દેખાઇ;
સો +એહતેમામ કરતી, વૅ નજરૂં આઇ. ૫
કહયા રાહા દો હવા, સફીયતોલ્લા હેં આયે;
સો પુજારે કે કાનમા, અવાજ સોણાયે. ૬
ભી ઓરત રે આયે, દુજે ખલીલ રહેમાના;
વૅ ભી હવાકી રીતે, આયે રે જાના. ૭
સો બીબી સારે, જનુકુ કહીયે;
જે ઇસહાક કેરી, માતા લહીયે. ૮

☆ ઘડી ઘડી + બંદોબસ્ત

ભી ઓનુ બાજ આયે, બીબી હાજરા જાનો;
જે ઇસમાઇલ નબીકી, માતા રે પછાનો. ૯
પછે રાહીલ આયે, યુસુફકી માતા;
બીબી કુલસુમ મુસેકી, ભેંન આયે સોણાતા. ૧૦
ભી ફિરઓન કી ઓરત, બીબી આસીયા આયે;
એ સુન સુન મુમન, મન એતના લાયે. ૧૧

[ રે તું હી ]

બુઝુર્ગ પૅલી ઓરતાં, આઇ વૅ માતમ કામરે,
આઇ વૅ માતમ કામ;
સો ડેરેમા આઇ સહી, શીશ થા જીસહી ઠામરે,
શીશ થા જીસહી ઠામ. ૧૨

—: * :—

૪૧૧—૧૦૪

બીબી મરીયમ આયે, ઇસે કી માતા;
અસ માંહે અવાઝ, હુઆ સુની રે બાતા. ૧
ભી અંબાડી આવતી, ઓર ભી દેખાહી;
બીબી ખદીજા કુબરા, આયે બાત રે સુનાહી. ૨
ભી ઓમેહાતલમુમનીન, સુ ઓર ભી કહીયે;
બીબી ખદીજા કે સાથ, વૅ ભી આયે રે લહીયે. ૩
આયે બુઝુર્ગ ઓરતાં, સબ સંદુક કે પાસા;
સો જારત કરને, કેરી રે આશા. ૪
તબ શીશ તો સંદુકથી, સબ બાર રે લીતા;
અને અફસોસ દિલમા, બૅાત રે દીતા. ૫
તબ એક એક બીબીને, જારત કીતી;
બૅાત અફસોસ ચંતા, મન રે દીતી. ૬
એતે રધન તો કેરી, હુઇ રે રીતા;
એસા પુજારેને અવાજ, બૅાત કાનુ રે દીતા. ૭

એસે રધનમા આઇ, એક અંબાડી નુરાની;
બીબી ફાતમા કે આનેકી, વં બુઝી રે નીશાની. ૮
એ ખાતુન કિયામત, એસા અવાજ સુનાયા;
તુ મત રે દેખ, મને પુજારે કે કરાયા. ૯
એ પુજારા સુનતે, હુઆ રે બેહોશા;
કુછ તલ બાજ પીછે, એસે આઇ રે હોશા. ૧૦
તબ ઉઠ દેખા પરદા, હુઆ છેદકી ઠામા;
એ સુન સુન મુમન, યું લીયા રે નામા. ૧૧

[ રે તું હી ]

બીબીયાં બુઝુર્ગ મલકર, આઇ માતમકે કામરે,
આઇ માતમકે કામ;
ખાતુન કિયામત કેરડે, થે ભી જનુકા નામરે,
થે ભી જનુકા નામ. ૧૨

—: * :—

૪૧૬—૧૦૯

પછે છેદથી પુજારેકુ, કુછ ના દેખાયા;
પણ રધનકા અવાજ, કાનુ રે સુનાયા. ૧
ઓન બીબીને આવકર, સલામ રે કીતા;
અને એસા બયાન, કીયા રે સુનીતા. ૨
એ મજલુમ વાયે, માતા રે તેરી;
વાયે ગરીબ રે મજલુમ, કહયા રે સવેરી. ૩
ભી વાયે ☆નુરદીદ, કરને બયાન આખા;
વાયે ફરઝંદ પસંદ દીદે, કરને દાખા. ૪
મેં દાદ તો તેરી, લેઉં કિયામત દંના;
સો જેતે રે દુરીજન, તેરે રે તંના. ૫
ભી શાએરી કેરી, કેતી બેતાં રે પઢાઇ;
સો ફાતમાતુઝઓહરાને, પઢીયાં સુનાઇ. ૬

☆ આંખોના નુર

સબ પુજારે ને સુનકર, વૅ હકીકત પાહી;
* * * * *. ૭
જબ પુજારે ને બૅતાં, સુની ફેરાક હો કેરી;
તબ બેહોશી અસકુ, આઇ રે અનેરી. ૮
યું બેહોશ હોકર, બે આપ હો ગિરાયા;
કેતી હો બેર પીછે, શુધ માંહે આયા. ૯
તબ .ઉઠ સબ ગહી, વે મજાલેસ સારી;
તબ પુજારેકુ હેરત, મન લાગી રે કારી. ૧૦
તબ બેગેસુ ઉઠકર, ઘર બાર રે આયા;
એ સુન સુન મુમનુ, મન એતના લાયા. ૧૧

[ રે તું હી ]

પુજારા અજબ દેખતે, નેહે પુરા મન દીતારે,
નેહે પુરા મન દીતા;
જ્યું પતંગ દીપકકુ હે ભમેં, કરને બૅાત મન પીતરે,
કરને બૅાત મન પીત. ૧૨

૪૧૭—૧૧૦

—: બરહા :—

સુન સુન ભાઇ દીનકે, એસા હે સુરીજનહારરે;
દુનીઆ તન કસની કસે, જીસકુ હે આસકા પીયારરે. ૧
ફરઝંદ ખાતમ નબીકે, વીર સુન ઓનકી બાતરે;
શીશ દુરીજન લે ચલે, રણ માંહે રહી જાતરે. ૨
ઓનુ કાજ ઝુરે બીબી ફાતમા, ખાતુન કિયામત દનરે;
ઓનુ કાજ ઓર બીબીયાં, આયે થે કેતે તનરે. ૩
રધન કરે બીબી ફાતમા, ઓર બીબીયાં સબ સંગરે;
બીબી કે કાજે ઓન સબુ, કીયા થા માતમ રંગરે. ૪

બીબીને આપ ફેરાકસુ, બેતાં ઉઆં પઢીયાં કહી;
નેંનુ બહ્ના નીરરે, પુજારે ને દેખ બાત કહી સહી. ૫
સુન સુન ભાઇ દીનકે, એસા હે અપના મીતરે;
એ રીત મનમા બુઝની, કરની હે ઓસસુ પીતરે. ૬
દુનીયા કે ઢંગ નેહે રબકા, અવળે હેં દોની જાનરે;
નસીહત ભાઇ દીનકે, સુન સુન સહી માનરે. ૭
દુનીયાકુ જો ચાવે કભી, મન ધર ઓસસુ પીતરે,
યાદ તો તોજે આવે નાંહી, અપના જે હે વૅ મીતરે. ૮

—: ✻ :—

૪૧૮—૧૧૧

તબ પુજારા તો ધસકર, બાર રે આયા;
સો દરવાજે ડેરેકે, આયા રે સુનાયા. ૧
અને કોફલ થા ભારી, ઓસે પકડ તોડાયા;
અને પુજારા તો ધસકર, ભીતર રે આયા. ૨
સો સંદુક કા કોફલ, ખોલ રે ડાલા;
અને જમીં માંહે લોટા, ઓસ રે હાલા. ૩
અને રધન તો અપાર, કીયા રે સહી;
સો રોયે રોયે અપના, યાદ કીયા રે દહી. ૪
તબ શીશ તો મુબારક, હાથ માંહે લીતા;
અને ગુલાબ મોશકસુ, ધોયા રે સોણીતા. ૫
અને ☆સોથરા બીછાને, ઉપર ધરાયા;
આવ હાથ જોડ આગે, ઠાડા રહયા રે સોણાયા. ૬
અને રોને રે લાગે, ભર ભર નેંના;
અને એસે તો ઓને, કહે રે બેંના. ૭
એ ÷સરૂરે બાગ, નબુએત કેરે;
જે તોરેતમા બયાન, મેં દેખે થે અનેરે. ૮

☆ પાક સાફ ÷ ખુશી

વઁ સહી વઁસા મોજ દિલકુ, હુવારે યકીના;
કે નેંનુ મેરે, મેં દેખ સબ લીના. ૯
યું પુજારા તો કઁકર, રોયા ભર ભર નેંના;
એ સુન સુન મુમનુ, દીયા મનકે મેંના. ૧૦

[ રે તું હી ]

પુજારા નેંના ભર રોહીયા, દેખ દેખ મુબારક શીશરે,
દેખ દેખ મુબારક શીશ;
જંગ કર આયે થે દુરીજના, વઁ કેસે થે કર રીસરે,
વઁ કેસે થે કર રીસ. ૧૧

—: * :—

૪૧૯—૧૧૨

કે બીબીયાં બેહેતર, પઁલે રે જમાના;
હેં જનુકે નામકી, સબ કિતાબુ નીશાના. ૧
વઁ પુજારા હે કઁતા, તમુ માતમકુ આઇયાં;
અને ઝારઝાર રોતીયાં, વઁ બીબીયાં સુનાઇયાં. ૨
કિયામત કી ખાતુન, બીબી ફાતમા નામા;
વઁ ભી તમારે માતમકુ, આયે અસ ઠામા. ૩
અબ મોજકુ ખબરકી, તમ કહોને બાતી;
કે કેસી તમારી, હે રે જાતી. ૪
જબ પુજારે ને એતની, બાત રે કહી;
તબ ફરમાન એસા, હુઆ રે દહી. ૫
કે શેહઝાદેકા સર, ☆સોખનમા આયા;
બાતાં પુજારે સંગ, કરતા સુનાયા. ૬
કહયા સુન રે પુજારે, મેરી રે બાતી;
સહી મજલુમ હુવડી, મેરી રે જાતી. ૭
બૅાત ફેરને આખા, થા મોજકુ દેખાઇ;
બૅાત ગમકી હે બાત, ના કહે માંહે આઇ. ૮

☆ બોલવા લાગ્યા

અને મેં હું મકતુલ, મોજે કતલ રે કીતા;
કે દુશમનુ શમશેર, ઘાવ મોજકુ દીતા. ૯
કહયા ગરીબ ભી નામ, તુ બુઝ રે મેરા;
કે વતન ને ઘરથી, મેં હુઆ રે અનેરા. ૧૦
યું પુજારા હે સુનાતા, શીશ કૅવે રે બાતી;
એ સુન સુન મુમનુ, કહયા દન ઓર રાતી. ૧૧

[ રે તું હી ]

મજલુમ ફરઝંદ નબીકે, હુએ કેસે પરદેશરે,
હુએ કેસે પરદેશ;
શીશકુ દુરીજન લે ચલે, મોશકકે જેસે ☆કેશરે,
મોશકકે જેસે કેશ. ૧૨

—: ✻ :—

૪૨૦—૧૧૩

—: બરહા :—

શીશ જુદા કીયા તંના, ફરઝંદ નબીકે રણ માંયેરે;
શીશકુ દુશમન લે ચલે, તન રહે ઓસહી ઠાંયેરે. ૧
પુજારા તો બાત પુછે સહી, શીશકુ મન ધર નેહેરે;
શીશ શેહઆદેકા બોલીયા, જેસી તો બોલે દેહેરે. ૨
મજલુમ હું સિતમ કીયા, ગયા હે મેરી જાતરે;
સુન સુન તુ પુજારડે, શીશ કૅવે મેરી બાતરે. ૩
+મહમુમ હું મેં તો સહી, ગમ તો દેખાયા તનરે;
મહેનત મેં ખેંચી ઘણી, પુજારા તુ સુન ધર મનરે. ૪
મકતુલ હું મારા ગયા, દુશમનકી મેં ★તેગરે;
દુરીજનુને ઘાવ કીયે, કીયા નાંહી ×દરેગરે. ૫
પુજારા ભી મોજકુ જાનીયે, ગરીબ મેરા નામરે;
પરદેશમા પડીયા જુદા, વતન ગેર કો ઠામરે. ૬

☆ વાળ + ગમથી ભરેલો ★ તલવાર × અફસોસ

એસી રે મોજકુ જાનીયે, સુન સુન વીર એ બાતરે;
શીશ હેં દુરીજન લે ચલે, રણ માંહે રહી જાતરે. ૭
શેહઝાદે કા સર બાતાં કરે, સુનો પુજારા કાનરે;
ત્યું ત્યું તો નેહે ઓસે લાગીયા, હોતા તો હે આધાનરે. ૮
બાતાં શેહઝાદે શીશકે, માઠે તો લાગે બોલરે;
વીરા યું દેખ નેહે રાખીયા, નાંહી કો' તેરે તોલરે. ૯
બાતાં પુજારા સુનતે, ચુન ચુન લેવે કૅનરે;
બાતું કે જેતે શીશને, કહે તો ઓસકુ કૅનરે. ૧૦

—: ❊ :—

૪૨૧—૧૧૪

ભી ☆બીરને એ શેહઝાદેકી, સુનને બાતી;
કહયા આખોને અહવાલ, જે તમારી જાતી. ૧
તુ કયા પીયાસ કા હાલ, હે મેરા રે પુછાતા;
કૅવે શીશ તો બીર, કેસા એહવાલ હે ચાતા. ૨
જો તું ÷નસબપોરસી, કરતા હે મેરી;
તો શીશ કૅવે બીર, તુ સુનને સવેરી. ૩
મોજે ફરઝંદ મુસ્તુફા, કેરા રે જાની;
મોજે મુરતુઝા અલીકા, બેટા રે પછાની. ૪
જબ શેહઝાદેકે શીશને, એતી બાત રે કરેવા;
પુજારે ને સુનીયા, બૅાત કરને ભાવા. ૫
તબ બીરને આપસકે, ×તાબીર બોલાયે;
સો સીત્તર રે આદમી, થે રે સોણાયે. ૬
ઓનુ આગે સઘળી, બાત રે આખી;
જે શેહઝાદે કે શીશને, ઓસે થી દાખી. ૭
તબ ફરીયાદ સબુને, કીતી રે સુનાઈ;
અને ચાદરાં આપસકી, સબુને ફડાઈ. ૮

☆ પુજારી ÷ વંશ, બાપ દાદાનુ નામ પુછવું × ચેલા, તાબેદાર

અને કલમા શહાદત, ઓનુને પઢાયા;
એ સુનતે ઓનુ દલ, એકીનસુ આયા. ૯

[ રે તું હી ]

શીશ શેહઝાદેકુ બાતાં પુછતે, પુજારા લાયા ઇમાનરે,
પુજારા લાયા ઇમાન;
એસે ફરઝંદ નબીકે, કીતી રબને બુઝુર્ગ શાનરે,
કીતી રબને બુઝુર્ગ શાન. ૧૦

—: * :—

૪૨૨—૧૧૫

—: દોહા :—

સુન સુન ભાઇ દીનકે, હાં દીનકે,
એસી હે દીનકી બાતરે;
રબ હે છોડતા કસની, હાં કસની,
દુનીમા મીતકી જાતરે. ૧
દુનીકે ઢંગ હેં અનેરડે, હાં અનેરડે,
અરે હેં પીતમ પીતરે;
રૅવે જે દુની સેતી અળગા, હાં અળગા,
ચાવે આપસકુ મીતરે. ૨
જું દેખોને પુજારા થા પુજતા, હાં પુજતા,
ડેરે બુતકી ઠામરે;
વૅ તા રબને રસુલકા, હાં રસુલકા,
બુઝતા ના નામરે. ૩
દીનસુ થા રે દાવે પડા, હાં દાવે પડા,
બયાન ના સુનતા કાનરે;
પથરકુ રે થા વૅ પુજતા, હાં પુજતા,
રબ બના ખુબ જાનરે. ૪

દુનીયા સેતી પણ નાઠતા, હાં નાઠતા,
રહેયા થા વનવાસરે;
તબ ભી દુની સેતી નાઠતે, હાં નાઠતે,
કરતે પુજારેકી આસરે. ૫
ઓનુને કરામત દેખતે, હાં દેખતે,
દલ લગાઇ પીતરે;
ઇમાન તોરતજ લાયેકર, હાં લાયેકર,
સહી કર બુઆ મીતરે. ૬
રહે થે દુનીસુ જો અળગે, હાં અળગે,
લીયા થા વનવાસરે;
જો થે રે રબકુ વૅ ઢુંઢતે, હાં ઢુંઢતે,
હોકર આપ મન દાસરે. ૭
દિલ તો અનુકે હાથ થા, હાં હાથ થા,
દેખતે લાયે ઇમાનરે;
ધુતારી દુની યું બુઝતે, હાં બુઝતે,
હોવે મત નાદાનરે. ૮

૪૨૩—૧૧૬

—: રૂબાઇ :—

સુન સુન ભાઇ મેરે દીનકે, ધુતારી દુની કેરી રીતરે;
દુની સંગ નેહેસુ જેબ લગીયા, દુર હોવે પીતમકી પીતરે. ૧
ફરઝંદ ખાતમ નબીકે, રણ માંહે રહી સબ જાતરે;
તરસે રહે ને ઘેરે પડે, એસી સુન વીર બાતરે. ૨
તને તન શહીદ કરાહીયે, દુરીજનુ ધસ કીયે ઘાવરે;
બાલે તરસે સબ ટળવળે, એસા દીયા બુરીયુંને દાવરે. ૩
ફરઝંદ નબીકે રણમા રહે, જુદે જુદે કીયે સબ શીશારે;
નેજેકુ વૅ બાંધ રાહામા ચલીયે, બાત બાત મન ધર રીસરે. ૪

છંદાઇ દુની હે છંદ કરતી, રાખી જો દુની સંગ પીતરે;
સુન તુ ભાઇ મેરે દીનકે, એસી હે દુનીયાકી રીતરે. ૫
શરમાયે નાંહી તલ દુરીજના, કિયામત કેરા બુઝો મનરે;
નેહે જો દુની સંગ લાગીયા, શરમ ના આઇ કુછ મનરે. ૬
પુજારા કાફેર રેંતા વનમા, કરતા થા દેવુંકી સેવરે;
દુનીયા સેતી થા રેંતા અળગા, રબ ભુલે પાયા થા દેવરે. ૭
વેં તો રે હુઆ બેગે મુમના, કરામત દેખ આપ નેંનરે;
ઓસકુ શેહઝાદેકે શીશને, જબ કહે એહવાલ કે બેંનરે. ૮

—: * :—

૪૨૪—૧૧૭

ઇમામ ઝૈનુલઆબેદીન, હાથ બોસે રે દીયે;
એ નસલ નબીકી, ઓને સહી કર લીયે. ૧
કહયા બીરને ફરઝંદ, સુનો રસુલ હો કેરે;
જો હોકમ દો તો હમુકુ, કરો રે સવેરે. ૨
તો બાર હમ જાકર, ☆રતબા દેવે;
અને દુરીજનુ પાસે, જા બેર રે લેવે. ૩
તબ સૈયદને +જઝાકલ્લાહ, કર ફરમાયા;
★જઝા રબ તોજે દેવે, એતા રે બતાયા. ૪
સહી સુરીજન દમ દમ, સજા પાવેંગે આપા;
યું સૈયદને ઝેબાંસુ, કાઢા રે સરાપા. ૫
યું બીરકુ જોવાબ, સૈયદને દીયા;
વેં પુજારેને સુન કર, નેહેસુ લીયા. ૬
એતા બયાન તો કરતે, હો ગયા રે ઉજાલા;
કે રાત તો ગહી, પોચા સભાં કા હાલા. ૭
એતે દુરીજનુ ફેરને, કમર બંધાઇ;
ઉઠ રાહા માંહે ચલીયે, એસી ખબર રે પાઇ. ૮

☆ હમલો કરવો + અલ્લાહ બદલો તમોને આપે
★ બદલો, સવાબ

અહલબેતને વૅ શીશ, સબ સાથે રે લીયે;
સબ ડેરે થી બાર કર, લે ચલીયે સોણાયે. ૯
ભી ઝાડુંકુ બાંધકર, શીશ રે ચલાયે;
એ સુન સુન મુમનુ, મન એતના લાયે. ૧૦

[ રે તું હી ]

અહલબેત શીશ સબ લેહકર, ડેરેથી ચલીયે જાનરે,
ડેરેથી ચલીયે જાન;
યું દુરીજન લે સબ વલીયે, મંજલે મંજલ માનરે,
મંજલે મંજલ માન. ૧૧

૪૨૪—૧૧૮

સુનો કુમદરકુ પોચે, એ ચલે રે ગહે;
કસી મંજલમા મુકામ, ના કર રહે. ૧
તબ અકલાના શેર થા, પોચે ઓસ ઠામા;
થા યાકુબ અકલાની, હાકેમ કા નામા. ૨
વૅ શામકે ઉમરાવું, સેતી થા કૅલાતા;
જંગ કાજે દુરીજનુ, સંગ આયા થા સોણીતા. ૩
થા અકલાન શેર, ઍાસકે હવાલા;
એ ઓસ રે શહેરકુ, જબ પોચે જસ હાલા. ૪
તબ અનુ જા શહેરમા, શાદી રે કરાહી;
સો ☆ડુમડીયાં બોલા કર, ઓનુકુ ગવાહી. ૫
અને શરાબ તો પી પી, હુએ +મતવાલે;
સો એકેકુ ભર ભર, દીયે રે પિયાલે. ૬
અને શીશને અહલબેત, જેતે થે કૅલાયે;
સબ લે શહેરકે, આસપાસ ફેરાયે. ૭
તબ જરીર ખજાઇ, થા એકકા નામા;
વૅ શહેર માંહે ખડા થા, બાજારકે ઠામા. ૮

☆ ગાવા વાળી + મસ્ત, બેહોશ

જબ રાગ તો ઓને, બાૅત રે સોણાયા;
કાન મુબારકબાદી કા, સોખન ભી આયા. ૯
અને ઠામ ઠામ આદમી, મલતે દેખાયે;
એ સુન સુન મુમન, મન માંહે લાયે. ૧૦

[ રે તું હી ]

ખુશી હુએ સઘળે સહી, જે થે અકલાન શહેરરે,
જે થે અકલાન શહેર;
શીશકુ દેખ ખુશી ભયે, આઇ ના દલ માંહે મેરરે,
આઇ ના દલ માંહે મેર. ૧૧

—: ❋ :—

૪૨૬—૧૧૯

બાૅત જરીરકુ શહેરમા, જબ ☆શાદી રે દેખાઇ;
તબ એક રે કિસીકુ, ઓને બાત રે પુછાઇ. ૧
આજ શહેર હે ખુબીસુ, રોશન રે કીતા;
અને રાગ રંગ ખુશીસુ, હે બાૅત રે સુણીતા. ૨
એ કયા હે મુજકુ, કૅને બાતી;
કે ખુશાલી એતી, હે ÷કાતકી દેખાતી. ૩
તબ ઓનુ કહયા જાનતા, કયા તુ રે નાંહાં;
કહયા તુ હાજર શહેરમા, થા રે નાંહાં. ૪
તબ જરીરને કહયા, મેં કાલ હું આયા;
અને આજ તો અજબ, એ હે નજરૂં દેખાયા. ૫
તબ જરીરકુ સગળી, ઓને બાત રે કહી;
કે યઝીદકા દુશમન, મારા રે સહી. ૬
જે નેજુંકે શીશ, હેં વ઼ે ઓનુકે બંધાયે;
જે શહેરકે આસપાસ, હેં રે ફેરાયે. ૭
અને ઓરતાં હેં દીસતી, જે ×હોદુકે માંહાં;
અહલબેત ઓસકી, કો' અવર રે નાંહાં. ૮

☆ ખુશાલી ÷ કઇ ચીજની × ઉંટોપર બેસવાનો સાજ, સંબાડી

તબ જરીરને ફેરકર, ઓસે પુછી રે બાતી;
વેં થે રે મુમન, કે કાફરકી જાતી. ૯
થે સબ ઓનુ કહેયા, મુસલ રે માના;
પણ પાદશાહકા હુકમ, ના ઓનુ થા માના. ૧૦
કે યઝીદકે સામી, એ બાર થે આયે;
એ સુન સુન મુમન, મન એતના લાયે. ૧૧

[ રે તું હી ]

જરીર હેં ખબર પુછતા, શીશકે દેખકર બાતરે,
શીશકે દેખકર બાત;
કિસ કાજે મારે ગહે, કુન થી ઓનુકી જાતરે,
કુન થી ઓનુકી જાત. ૧૨

—: * :—

૪૨૭—૧૨૦

એ થે યઝીદ કે સામી, કિસ કાજે બાર આયે;
કિસ કાજે યઝીદકી, બેત મન ના લાયે. ૧
યું જરીરને ફેરને, ઑસે બાતરે પુછાઇ;
તબ ફેર ઓનુને એતની, ખબર બતાઇ. ૨
કહયા એ થે આપસકુ, ☆મહેતર કૅલાતે;
હમ +સઝાવારતર, હેં એસા મન માંહે લાતે. ૩
કે યઝીદસુ બેહતર, થે એ આપ કૅલાયે;
અસલ પાદશાહી હમારી, એસા મન માંહે લાયે. ૪
કે બાપને ભાઇ, થે મેરે રે ઇમામા;
તબ જરીરને પુછા, બાપ ઓનુકા નામા.
કે બાપ તો ઓનુકા, થા મેહતર કૅલાતા;
કે નામ તો ઓસકા, વેં કુન થી જાતા. ૬
તબ ઓનુને કહયા અનુકા, બાપ અબુ રે તોરાબા;
સો અલી ઇબ્ને અબી તાલેબ, કહયા રે સતાબા. ૭

☆ સરદાર, બહુ મોટા બુઝુર્ગ + વધારે લાયક

અને હસન તો અનુકે, ભાઇકુ કહીયે;
જેને યઝીદસુ સુલેહ, કીતી થી લહીયે. ૮
ફેર જરીરને પુછાતા, કયા નામ હે કૅલાતા;
તબ હુસેનકા નામ લે, ઓને કીતી રે બાતા. ૯
બેટી કિસકી જરીર, પુછે ઓનુકી માતા;
એ સુન સુન સુમનુ, કહયા દન ઓર રાતા. ૧૦

[ રે તું હી ]

જરીર બયાન હે પુછતા, જોવાબ દેવે સુનનારરે,
જોવાબ દેવે સુનનાર;
અચરત હો મનમા સહી, પુછે સબી બિચારરે,
પુછે સબી બિચાર. ૧૧

—: * :—

૪૨૮—૧૨૧

તબ ઓને કહયા માતા, બેટી પેગંમ્બર કેરી;
બીબી ફાતમા નામ, લીયા રે સવેરી. ૧
જબ જરીરને એતની, સુની રે બાતી;
તબ ફેરાકસુ આગ, લાગી શરીરકી જાતી. ૨
એતા સુનતે કાનુ. બેગે રે ધાયા;
સો શીશુંકે પાસે, ધસકર આયા. ૩
જબ શેહઝાદેકા શીશ, દેખીયા નેંના;
તબ આંસુ રે ચલીયે, નેંનુ કે મેંના. ૪
તબ રૂદન એ કરને, ભુ માં રે ગિરાયા;
અને રોતા જમીંમા, લોટતા સોણાયા. ૫
જબ અહલબેત અસકી, નજરૂ આયે;
તબ આંસુ નેંનુ, બાત રે ચલાયે. ૬
તબ સૈયદને આસકુ, પુછી રે બાતી;
કે જુઆન કુન હે, તેરી રે જાતી. ૭

તબ ઓનુ કહયા ગરીબ હું, સુનો સાહેબ મેરે;
તબ સૈયદને ઑાસકુ, ફેર પુછા રે સવેરે. ૮
કે શહેર તો સારા, ખુશી હોતા હે દેખાતા;
અને તુ કયું રો કર, હે આંસુ રે ચલાતા. ૯
તબ જરીરને કહેયા, મેં જાનતા હું તમના;
કે ફરઝંદ નબીકે, તમે હો રે તંના. ૧૦
યું જરીરને સૈયદસુ, બાત રે કહી;
અને યાદ તો કીતા, અપના દહી. ૧૧

[ રે તું હી ]

જરીરને અહલબેત દેખતે, નેંનુ ભરીયા નીરરે,
નેંનુ ભરીયા નીર;
રૂદન કરે વૅ એકલા, હોવે ના તલ ભી ધીરરે,
હોવે ના તલ ભી ધીર. ૧૨

—: ✻ :—

૪૨૯—૧૨૨

ના આતા કૅવે જરીર, અસ શહેર માંહાં;
તો દુઃખ એ નેંનુ, મેં દેખતા નાંહાં. ૧
હાયે દરેગ અસ ઠામ, મેં એકલા પડીયા;
યું જરીરને અફસોસ, દલ માંહે કરીયા. ૨
હાયે કબીલા તો મેરા, હે મુજસુ દુરી;
ના તો જંગ મેં કરતા, જેતી આસા રે પુરી. ૩
મેં દુરીજનુ સાથ, ઍસા જંગ રે કરાતા;
કે કિતાબુકે માંહે, નામ રે લખાતા. ૪
એ સૈયદને સુનતે, ભરા નેંનુ પાની;
અને જરીરકુ દુઆ, કીતી રે જાની. ૫
કુછ ☆મખદુમ મોજકુ, તમ કહોને કામા;
યું જરીરને સૈયદકુ, કહ્યા ઓસ ઠામા. ૬

☆ આકા, સરદાર

કે સાહેબ દિલમા, તમે જે રે ચાહો;
વૅ કામ તો મોજકુ, તમ ફરમાહો. ૭
વૅ કામ મેં કરાહુ, હોવે મેરી જે જાતી;
યું જરીરને સૈયદકુ, કહી રે બાતી. ૮
તુ સુન રે જુઆન, કર સૈયદને આખા;
જે હવાલે શીશ હેં, ઓસે દેખાકર દાખા. ૯
કે ઓસકુ ઉંટુંથી, વૅ રંવે રે દુરી;
મેરે બાપકે જે શીશ લે, હે ઉંટકે હજુરી. ૧૦
તો સબ કોઇ શીશકુ, દેખને જાવે;
તો અહલબેત સારે, પના લોકથી પાવે. ૧૧

[ રે તું હી ]

આવ જુઆન પાસ સૈયદકે, ચાયા ખિજમત કામરે,
ચાયા ખિજમત કામ;
સૈયદને કામ દીયા સહી, જરીર જીસકા નામરે,
જરીર જીસકા નામ. ૧૨

'૪૩૦—૧૨૩

—: બરહા :—

ફરઝંદ નબીજીકે મારીયે, શીશ તો લીયે સાથરે;
નેજુંકુ બાંધ ચલતે ફીયે, દે દે ઓફંકે હાથરે. ૧
અહલબેત ઉંટે બેઠલાઇયે, ☆સતર ફીતા દુરરે;
યાર થે વૅ તો ઝુઝે સહી, શેહઝાદેકે સાથ હો +શુરરે. ૨
વૅ શીશ શહેરમા ફેરીયે, અહલબેત ભી સાથ સહી;
ખલકત ઓસ શહેર કેરડી, દેખનેકુ મલી સહી. ૩
હેં સેસ ભાર લીયા કરે, એસા કીયા અપને દહી;
અવરૂંકુ સુન ભાઇ દીનકે, ગુમાન બાત હે કયા રહી. ૪

☆ પરદો + બહાદુર થઇને

ફરઝંદ નબી અપને કેરા, જો એસા હાલરે;
ગુમાન ઓર કો' કયું કરે, દેખા વૅ કિસકા ચાલરે. ૫
એસા તો સુરીજન અપના, સુન સુન ભાઇ દીનરે;
ફરઝંદ ખાસે નબીકે, ઓનુકુ તો યતીમ કીનરે. ૬
મુમન હો કો' કયું કરે, અવર કુછ ગુમાનરે;
બાત તો ખાતમ નબીકી, તુ સુન મનમા આનરે. ૭
દુનીયાકે એસે ઢંગ હેં, રબ પીત અવળા રંગરે;
ફરઝંદ નબીકે તરસે, કીયા તો રણમા જંગરે. ૮
સુન સુન ભાઇ દીનકે, રબકી હે કરની આશારે;
નત ડર એસકા રાખીયે, હોકર રહીયે દાસરે. ૯

—: * :—

૪૩૧—૧૨૪

જબ સૈયદને જરીરકુ, બોલ એતા રે આખા;
તબ જરીર તો ચલીયા, સુન મન રે રાખા. ૧
કીતી અસવાર સેતી, જા જરીરને બાતી;
તબ ઓનુ ના કબુલ, કીતી રે સુનાતી. ૨
તબ જરીરને દીયે, એસે દીનાર પચાસા;
અને બૅાત કર કહયા, ઍાસે હોને દાસા. ૩
ચું દેને અસવાર, રાજી રે કરાયા;
દુર શેહઝાદેકા શીશ, અહલબેતસુ રખાયા. ૪
ફેર જરીર તો સૈયદકે, આયા રે પાસા;
સો ખીજમત કેરી, મન ધરને આશા. ૫
યા ઇબને રસુલુલ્લાહ, કહયા દો મોજે કામા;
ભી કામ ફરમાહો, કૅ કીયા રે સલામા. ૬
તબ સૈયદને એતની, કહી રે બાતી;
કુછ કપડા હે ચાહતા, સબ ઓરતુંકુ જાતી. ૭

તબ જરીર તો બેગેસુ, જા કપડે લાયા;
સો એકેકકુ દો દો, લાયા કપડે સોણાયા. ૮
અને સૈયદકે કાજે, ☆જુબ્બા રે લાયા;
યું કામ કર જરીર, મન એતના લાયા. ૯

[ રે તું હી ]

જરીર કામ હે કરતા, નેહે રાખ આપ દલ જાતરે,
નેહે રાખ આપ દલ જાત;
હે સૈયદકુ ફેર ફેર પુછતા. ખિજ્મત કેરી બાતરે,
ખિજમત કેરી બાત. ૧૦

—: * :—

૪૩૨—૧૨૬

થા સૈયદકે કાજ, જુબ્બા રે લાયા;
અને ટોપીને પઘડી, લાયા રે સોણાયા. ૧
એતે જરીરને શોર, સુનીયા કાના;
સો બજારમા શોર, હુઆ રે જાના. ૨
તબ જરીરને ઉધર, નજર ફેરાઇ;
તબ શોરકી હકીકત, ઓસે એસી રે દેખાઇ. ૩
કે શોમર ઝુલહબસ, હે હો મસ્ત રે આતા;
અને ખુશાલીસુ નારે, વેં હે રે ડલાતા. ૪
અને ઓર ભી કેતુકા, એસા હે હાલા;
સો બજારમા ઓરતુંસુ, કરતે હેં ખેલા. ૫
તબ ગેરત દીન, રસુલુલ્લા કેરી;
તબ જરીરકે દલમા, આઇ રે બૅાતેરી. ૬
તબ દેખતે અસસુ, રેહે ના સકાના;
તબ શોમરકે પાસ, ગયા જરીર રે જાના. ૭
જાને શોમરકે ઘોડેકી, ×બાગ હાથ લીતી;
અને શોમરસુ બાત, ઉતારેકી રે કીતી. ૮

☆ શેરવાની, લાંબો ડગલો × લગામ

કહયા શોમર લઇન, પાયે ☆મોદબર જાતા;
એ સર તો કિસકે, હેં તુ નેજેકુ બંધાતા. ૯
હેં ઉંટું પર ફરઝંદ, તેં કિસકે બેઠાયે:
એ કામ તો કરતે, તેરે હાથ ના કટાયે. ૧૦
કહયા અનંત રે હોઇયો, તમુકુ અજાબા;
અને પડે સજા લાનત, દલ હોઇયો રે સતાબા. ૧૧
બાત જરીરકી સુનતે, ઓસે ગુસા રે ચઢાયા;
તબ જરીર તો એતના, સુન માંહે લાયા. ૧૨

[ રે તું હી ]

જરીરકુ નેંને દેખતે, ગેરત આઇ દિલરે,
ગેરત આઇ દિલ;
પાસ હુરીજન કાજે સીખાવના, જરીર ગયા ચલરે,
જરીર ગયા ચલ. ૧૩

—: ※ :—

૪૩૩—૧૨૬

તબ શોમરને ગુસેસુ, ચાકરૂંકુ આખા;
કે ÷દફે કરો અસકુ, ગુસેસુ દાખા. ૧
તબ જરીરકે ઉપર, સબ ધસકર આયે;
સો તલવારાં ખંજર, ધસ ધસ લાયે. ૨
અને શહેરકે લોકું, ભી પત્થર ડલાયે;
યું જરીરકુ આવને, સબુ ઘાવરે લગાયે. ૩
તબ જરીર બેહોશ હો, જમીંમા ગિરાયા;
સો મુઆ હો જેસા, ઓનુ નજરૂં આયા. ૪
તબ મુઆ રે જાનકર, વોં છોડ રે ગહે;
તબ જરીર તો ગિરે, ઓસ ઠાર રે રહે. ૫
રાત આધી રે જાતે, કુછ +જમીએત પાઇ;
તબ જરીરને આપકી, આંખાં રે ખોલાઇ. ૬

☆ બદનસીબ, કમબખત ÷ દુર કરો + હોશ, ચેન

અને આસપાસ આપસકે, કો' દેખા રે નાંહાં;
તબ કુછ કરાર, હુઆ દલ માંહાં. ૭
જબ યઝીદકુ ખબર, સબ રે પોચાહી;
શીશ લે આને કેરી, જબ હુઇ રે અગાહી. ૮
તબ શહેરકુ ખુબીસુ, સવારો આખા;
જાહો તમાશેકુ સારે, સબ શહેરકુ દાખા. ૯
સો દમીશ્ક શહેર, કેરા રે નામા;
સો દુરીજન સભાંકુ, જા પોચે ઓસ ઠામા. ૧૦
તબ શીશ રે દેખનેકુ, સબ ખલક રે આહી;
મુમન સુનતે, એ ચંતા મન લાહી. ૧૧

[ રે તું હી ]

શીશ ફરઝંદ નબી કેરડે, દુરીજન લેકર જાયેરે,
દુરીજન લેકર જાયે;
લોક સબ દેખને શહેરકે, તમાશે કાજ આયેરે,
તમાશે કાજ આયે. ૧૨

૪૩૪—૧૨૭

અને ઝોહેરકે વખત, ગયે યઝીદકે ડેરે;
બી લોક તો દેખનેકુ, બાત મલીયે સવેરે. ૧
તબ યઝીદને ચાકરૂં, કુ હોકમ રે કીતા;
સબ હવેલી સવારો, યું કહયા રે સોનીતા. ૨
તબ હવેલીકુ, ☆ઝીનત રે કીતી;
તખત +જડાવકા બિછાયા, બાર સુનીતી. ૩
અને તખતકે આસપાસ, લા ખુરશી બીછાઇ;
સો ઉમરાવું કાજ, બીછાઇ સોણાઇ. ૪
અનુ પર સબ શામકે, આવ બેઠે ઉમરાવા;
અને યઝીદ તો તખત પર, બેઠા રે સોનાવા. ૫

☆ શણગાર + તખતપર જડાવનુ કામ કરેલુ

એક શોમર ને દુજા, દો જેને પોચાયે;
અહલબેત ને શીશકુ. લે ગહે રે સોણાયે. ૬
તબ યઝીદને ઓનુકુ, અંદર બોલાયે;
અહલબેતકુ લેકર, એક ☆ગોશે રે બેઠાયે. ૭
અને શીશ સબ યઝીદકે, આગે જા ધરીયે;
અને એક એક શીશકુ, લે ★જ્જુએ કરીયે. ૮
તબ યઝીદ તો એક એક, સુનો સર હે દેખાતા;
અને હર હર શીશકી, પુછે હકીકત બાતા. ૯
એ હકીકત શીશ સબ, દેખ યઝીદે પુછાઇ;
એ સુનતે મુમનુ, દલ ચંતા એ આઇ. ૧૦

[ રે તું હી ]

શીશકુ દેખને મલીયે, લોક દમીશ્ક શહેરરે,
લોક દમીશ્ક શહેર;
દુરીજનુકી રીતે સહી. ના કરે હે કો' મેરરે,
ના કરે હે કો' મેર. ૧૧

—: * :—

૪૩૫—૧૨૮

સબ સર દેખ યઝીદે, હોકમ રે કીતા;
ઇમામ હુસેનકા સર લાહો, કહયા રે સોણીતા. ૧
તબ બશીર તો શેહઝાદેકા. શીશ રે લાયા;
અને યઝીદકે આગે, લે આને ધરાયા. ૨
અને ઝોબાંસુ આપસકી, તારીફ રે કીતી;
સો એસી બાત, કહી રે સુનીતી. ૩
તુ *ચોપગે ÷ભરદે, +રૂપાને ×સોના;
મેં એસા તો પાદશાહ, મારા સુન મંના. ૪

☆ ખુણામા ★ જુદે *, ÷ જાનવરના ભારો ભાર આપ
+, × ચાંદી ને સોનુ

જે ☆બહેતર પાદશાહ. થા રે કેલાતા;
ઔર ભી શેહઝાદેકે નસબકી, ઐાને કીતી રે બાતા. ૫
એ યઝીદકુ બાત, ખુશ રે ના આઇ;
તબ ઐસે તો સુનતે, બાત રીસ રે ચઢાઇ. ૬
કહયા એસી જો ખુબીસુ, થા મન રે દીતા;
તો કાયે કતલ, તેં ઐાસકુ કીતા. ૭
અબ તોજકુ ×ખેર, ઇનામ રે પોચાહુ;
પણ બલકે તોજકુ. લે કતલ કરાહુ. ૮
ઐતા યઝીદને કેકર, હોકમ રે કીયા;
કે બશીરકુ ફના કર; કાઢો રે જીયા. ૯
કહયા મોલમા લે જાકર, ઐાસે કતલ કરાહો;
યું ચાકરૂંકુ હોકમ, કીયા રે લે જાહો. ૧૦
બાજ કુફેકે લોકુંકુ, યઝીદે પુછાયા;
કયું હુસેનકુ તમુને, કતલ કરાયા. ૧૧
તબ શોમરને ઉઠકર, બાત રે આખી;
એ સુન સુન મુમનુ, મન ઐતના રાખી. ૧૨

[ રે તું હી ]

યઝીદ એહવાલ હે પુછતા, કતલ કેરી બાતરે,
કતલ કેરી બાત;
કે કેમ કર તમુને મારીયે, હુસેન કેરી જાતરે,
હુસેન કેરી જાત. ૧૩

—: ❋ :—

૪૩૬—૧૨૯

તબ શોમરને ઉઠકર, કહી રે બાતી;
કીતી કતલ જું ફરઝંદ, નબીકી જાતી. ૧
કહયા કેતનેક આદમી, સેતી થા આયા;
સો કરબલા ઠામ, હમુકુ દેખાયા. ૨

☆ સૌથી સારા × સારૂં

સો આપકા કબીલા, અને ચાકર લે સારે;
આવ ઉતરા થા, કરબલા કે કિનારે. ૩
હમ લશકર બૅાત, લેકર ગહે;
સો કરબલા ઠામ, જા ઠાડે રે રહે. ૪
તાંઇ બૅત કાજે હમુને, ઓનુકુ બતાયે;
વૅ કૅના તો હમારા, ખાતર ના લાયે. ૫
તબ સબુ મલ હમુને, હમલા કીતા;
જબ ઓનુને કૅના, મન હમારા ના દીતા. ૬
થોડી બૅરમા ઓનુકુ, હમુ કતલ રે કીતે;
સો જમીંમા પાડકર, ધુળમા દીતે. ૭
અને સર તો ઓનુકે, કાટ હમુને લીયે;
અને ધડ લોહી ખાકમા, રૅને રે દીયે. ૮
એ શોમરને, બાત રે આખી;
સો યઝીદને સુન. મન રે રાખી. ૯
પણ જેવાબ તો કછુ હે, દીયા રે નાંહાં;
અને સર રે હલાયા, અસ કૅનેકે માંહાં. ૧૦
એ સુન સુન બાતી, પાક કરો આપ જાતી;
અને નેહેસુ કહો, દન ઓર રાતી. ૧૧

[ રે તું હી ]

સુરીજન ઐસા જાનીયે, વૅ હે આપ સુબહાનરે,
વૅ હે આપ સુબહાન;
અંતે આપકે મીતકી, કરે હે બુઝુર્ગ શાનરે,
કરે હે બુઝુર્ગ શાન. ૧૨

—: * :—

૪૩૭—૧૩૦

તબ યઝીદને સોનેકા, ☆તાસ રે મંગાયા;
અને શેહઝાદેકા શીશ, લે આંસમા ધરાયા. ૧

☆ થાળ

ચું ધરને તાસમા, પાસ આપકે મંગાયા;
એક યઝીદકે હાથ, થી છડી રે સોનાયા. ૨
દાંત શેહઝાદેકે ઉપર, વેં છડી રે ધરાઇ;
દાંત ખુબ થે હુસેનકે, કર બાત રે કરાઇ. ૩
કહયા હોઠ ને દાંત, થે હુસેનકે ખાસા;
તબ પોકારને બોલીયા, એક થા ઍાસ પાસા. ૪
કે મજાલેસ માંહેથી, એક પોકારને આખા;
દુર કરને લકડી, એતા રે દાખા. ૫
સુન દુર કર લકડી, યઝીદ બાત રે મેરી;
કે નબીજીકે બુસુંકી, ઠામ હે રે અનેરી. ૬
રસુલુલ્લા અસ ઠામ, બોસે થે દિલાતે;
સો મેં ભી દેખે, થે ઓરૂંકુ દેખાતે. ૭
એ યઝીદકે ખાતરમા, આઇ ના બાતી;
તબ લકડી દાંતુકુ, લગાહી સોણાતી. ૮
કે દાંત હોઠ મુબારક, છડી રે લગાહી;
તબ અસહાબી બેઠે થે, રીસ ઓનુકુ ચઢાહી. ૯
જબ લકડી લગાઇ, ઓને દેખી રે નેંના;
તબ રીસ માંહે કહયા, દિલકે મેંના. ૧૦

[ રે તું હી ]

શીશ શેહઝાદેકા ×ખુનમા બાયેકર, ધરીયા યઝીદ પાસરે,
ધરીયા યઝીદ પાસ;
તબ યઝીદને લગાઇ લકડી, દાંત મુબારક ખાસરે,
દાંત મુબારક ખાસ. ૧૧

—: ✻ :—

૪૩૮—૧૩૧

થે શોમર બિન જદલ, નામ રે કહીયે;
રજીઅલ્લા અનહો, નામસુ લહીયે. ૧

× થાળમા

સો બુઝુર્ગ સહાબી, સેતી થે કૅહાતે;
વૅ તબ બોલ ઉઠીયે, રીસમા સુનાતે. ૨
સુન યઝીદ રે હાથ, અલ્લા તેરે કટાવે;
કે તુ લકડી મુબારક, દાંતુકુ લગાવે. ૩
કે નબીજીને બોસે, એસ ઠામ હે દીયે;
સો કહી કહી બૅર મેં, દેખ હેં લીયે. ૪
તબ યઝીદકુ રીસ, સુનતે ચઢાઇ;
અને શોમરકુ રીસમા, એસી બાત રે બતાઇ. ૫
તેં નબીજીસુ સોબત, રાખી આસ રે કાજા;
મેં તેરી આજ, હું રાખતા લાજા. ૬
અને નાંહે તો તોજકુ, ગરદન રે મરાતા;
એ શોમરને સુનકર, ફેર કહી રે બાતા. ૭
કહયા નબીજીસુ ☆મેલકી, હે તુ શરમ રખાતા;
એ હાલ તો તેરા, હે અજબ દેખાતા. ૮
કે ફરઝંદ નબીસુ, બેઅદબી હે કરતા;
તુ તબ તો લાજ, નાંહી મન રે ધરતા. ૯
જબ મજલેસ સારીને, સોણા એ કાના;
તબ નેંનુ આંસુ, ભરે સબુને જાના. ૧૦
તબ શોમરકુ યઝીદને, બાર રે કીતે;
એ સુનતે મુમનુ, હેં કૅતે ચું સોણીતે. ૧૧

[ રે તું હી ]

શોમરને બાત નસીહતકી, કહી યઝીદકુ ખોલરે,
કહી યઝીદકુ ખોલ;
નબીજીને બોસે હેં દીયે, નાંહી ઓન દાંતુકે તોલરે,
નાંહી ઓન દાંતુકે તોલ. ૧૨

☆ સોહબત, મુલાકાત

૪૩૯—૧૩૨

સુનો શેમરકુ યઝીદને, બાર કીયે એસ હાલા;
અને ફેર કર આપસકા, કીયા યઝીદને ખયાલા. ૧
તબ યહુદી કેરા, થા તાજીર નામા;
વૅ ભી ઍાસ દિન બેઠા થા, ઍાસ મજાલેસ ઠામા. ૨
ઓને શીશકુ દેખકંર, યઝીદકુ બતાયા;
એ શીશ હે કિસકા, એસા પુછાયા. ૩
તબ યઝીદને કહયા, થા એ ઇરાકકે માંહાં;
એ પાદશાહી આપસકી, ચાતા થા તાંહાં. ૪
તબ લશકર મેરે ને, કીતી ઓસસુ જંગાઇ;
અને શીશ કાટ લાયે, યાં બાત રે કરાઇ. ૫
તબ યહુદીને યઝીદકી, બાત સુન ફેર આખા;
કે એ શહેરકા સાહેબ, થા ☆શરીફ રે દાખા. ૬
કે ઇમામત કેરા, થા દાવા રે કીતા;
એ યઝીદને સુનકર, હાં કહયા રે સુનીતા. ૭
તબ યહુદીને ફેર કર, નામ રે પુછાયા;
તબ હુસેન કરને, યઝીદે બતાયા. ૮
ફેર યહુદીને પુછા, નામ બાપ હો કેરા;
તબ અલી કરને, કહયા યઝીદે સવેરા. ૯
તબ યહુદીયે ફેર કર, નામ પુછા રે માતા;
તબ યઝીદે ફાતમા, કર કહી રે બાતા. ૧૦
તબ યહુદી પુછા, વૅ બેટી કિસ કેરી;
તબ મોહંમદ રસુલુલ્લાહ[સ.અ.વ.],કહયા યઝીદને સવેરી. ૧૧
વૅ પેગંમ્બર યહુદીને, કહયા રે તમારા;
એ સુન સુન મુમનુ, દલ સુઆ રે સવેરા. ૧૨

[ રે તું હી ]

☆ શરીફ ખાનદાનનો

યહુદીને શીશકુ દેખતે, પુછી યઝીદકુ બાતરે,
પુછી યઝીદકુ બાત;
તબ યઝીદને ઍાસકુ આખીયા, નસલકી સબ જાતરે,
નસલકી સબ જાત. ૧૩

—: * :—

૪૪૦—૧૩૩

વે કહયા પેગંમ્બર તમારા, તબ યહુદીને આખા;
તબ યઝીદને હાં કર, જેવાબ રે દાખા. ૧
તબ યહુદીને આપસકા, સર રે હલાયા;
અને ફરીયાદ કરને, શોર રે કરાયા. ૨
વાએ તમારા પેગંમ્બર, થા રે સાચા;
યું યહુદી તો શોર કર, બોલા રે બાચા. ૩
મેં ફરઝંદ યઝીદ હું, નબી દાઉદ કેરા;
સીત્તર કુરસીયાં મેરી, હુઇ સુન તુ સવેરા. ૪
તો ભી જે યહુદી હેં મેરી, શરમ રખાતે;
નબી દાઉદકે ફરઝંદ, કાજ હેં ચાતે. ૫
અને મહંમદ આરબી, કા પાસ હે જમાના;
ઐસે પેગંમ્બર તમુને, હેં સારે જાના. ૬
કે ફરઝંદ ઍાસસુ, હો ઐસા રે કરાતે;
કે શરમ તો ઐાનુકી, નાંહી મન માંહી લાતે. ૭
તબ યઝીદકી ગુમાનમા, હુઇ આંખાં રે રાતી;
તબ ચુપ રેહ ગોસેમા, કહી યહુદીસુ બાતી. ૮
હે યહુદીકે હકમા, નબીજીકા ફરમાના;
અહલઝિમી પર પીયાર, કરા ઐસા હેં જાના. ૯
☆અહલેઝિમીકુ મત કો', આજાર પોચાહો;
મેં ગોસા રે કરૂંગા, ઐસા મન માંહે લાહો. ૧૦

☆ અહલે કિતાબ જે મુસલમાનોના તાબે થઇ જઝીયો આપતા હોયતે

જો એ ફરમુદા નબીકા, હોતા રે નાંહાં;
તો સર જુદા કરતા, તેરા અસહી ઠાંહાં. ૧૧
એતી યઝીદને યહુદીસુ કહી રે બાતી;
એ સુન સુન મુમનુ, કહયા દન ઓર રાતી. ૧૨

[ રે તું હી ]

દુનીયાકે કહી ઢંગ હેં, પણ જીવના કેતા જાનરે,
પણ જીવના કેતા જાન;
તો રબસુ નત ડરના, મત કો' કરે ગુમાનરે,
મત કો' કરો ગુમાન. ૧૩

૪૪૧—૧૩૪

તબ યહુદીને સુનકર, શીશ રે હલાયા;
અને યઝીદકુ એતના, ☆સોખન બતાયા. ૧
કો' યહુદીકે વાસ્તે, ગોસા રે કરાવે;
કે આપસકે કલેજે, કે ગોસેકુ ચાવે. ૨
નબી ફરઝંદ આપ કાજ, રીસ રે કરાવે;
કે યહુદીકે કાજે, ગોસેમા આવે. ૩
વાએ તુજપર, હોવે જમાના;
જબ કિયામત કેરા, હોવે રે દંના. ૪
તબ તોજપર હોવે, રીસ પેગંમ્બર કેરી;
બીબી ફાતમાતુઝઝોહરા, રીસ કેરે રે અનેરી. ૫
કે અરશકા દામન, હાથ રે લાવે;
બાત ફેરાક હો સેતી, જબ ફરીયાદ ચાવે. ૬
એતી યહુદીકી બાત સુન, રીસ યઝીદકુ આઇ;
બેગે જલ્લાદ બોલાયા, એસી ખબર સોણાઇ. ૭
તબ યહુદી તો કુદ કર, આઘા રે આયા;
આવ શીશ તો મુબારક, હાથમા ઓચાયા. ૮

☆ બોલ

યા અબા અબ્દુલ્લા મેં હું, તેરા રે ગુલામા;
સું ઇમાન તો યહુદી, કેં લાયા ઓસ ઠામા. ૯
અને કલમા શહાદત, પઢીયા સોણાયા;
એ સુનતે મુમન, મન એતના આયા. ૧૦

[ રે તું હી ]

યઝીદને યહુદીકુ કતલકા, કીયા જબ્બી ફરમાનરે,
કીયા જબ્બી ફરમાન;
તબ યહુદી મુમન હુવડા, સહી લાયા ઇમાનરે,
સહી લાયા ઇમાન. ૧૧

—: ❋ :—

૪૪૨—૧૩૫

તબ યહુદીને શહાદત, પઢીયા કલમા;
અને શીશકુ આખા, ઓસહી ઠામા. ૧
દિન કિયામત સૈયદ, તમ ગવાહી દિલાહો;
સો દાદે રે તમારે, કે પાસ જબ જાહો. ૨
કે મેં હો સાચા, લાયા રે ઇમાના;
એતા યહુદીને ઓસ ઠામ, કીયા રે બયાના. ૩
તબ યઝીદને આખા, મેં હું તોજકુ મરાતા;
અબ અસ રે વખતમા, તુ ઇમાન હે લાતા. ૪
મેં હુસેનસુ ☆ફાજલ, નાંહી યહુદીને આખા;
તે ઓનુકુ કતલ, કીયે રે દાખા. ૫
તો કેં કેં મોજકુ, બેગે કતલ કરાવે;
સહી સાચા ઉમેદ, મેરે મન એ આવે. ૬
જે શહીદ કેંલાયે, કરબલા કેરે;
કે મોજે ભી ઉઠાવે, રબ ઓનુમા સવેરે. ૭
તબ યઝીદને આખા, બેગે શહીદ કરાહો;
×નવમુસલિમ કેરા, ઉમેદ પોચાહો. ૮

☆ બુઝુર્ગ × નવો મુસલમાન

ભી એક થા નસારા, ઉઆં બેઠા રે સોણાયા;
વે ☆હાજેબ હોકર, કુછ +તોફે થે લાયા. ૯
ઓને શેહઝાદેકા શીશ, દેખીયા નેંના;
તબ આહકા નારા, ડાલા દલકે મેંના. ૧૦

[ રે તું હી ]

યહુદી શેહઝાદેકે શીશકુ, દેખતે લાયા ઇમાનરે,
દેખતે લાયા ઇમાન;
તન આપકા ફના કીયા, કર કર ખુબીકે બયાનરે,
કર કર ખુબીકે બયાન. ૧૧

—: * :—

૪૪૩—૧૩૬

—: બરહા :—

એસા તો દુનીયા રંગ હે, સુન સુન મુમન વીરરે;
ફરઝંદ નબીજીકે રણમા, દુઃખ પોચીયા શરીરરે. ૧
તનથી તો શીશ જુદા કીયા. નેજુંકુ બાંધ લે જાયેરે;
અહલબેત ભી સાથ લીયે, નેહે તલ મન ના લાયેરે. ૨
નબીને તો થે બોસે દીયે, શેહઝાદેકે મુખ આપ સહી;
હોઠુંકુ ભી થે બોસે દીયે, ખબર એ સુનકર લહી. ૩
શીશકુ તો આગે ધરા, લગાઇ છડી ઓસ ઠામરે;
દુનીકે લીતે દુરીજનુ, કીયે તો એસે કામરે. ૪
ઉમ્મતી કૅલાતે નબીકે, દુનીયાને ફાંદા ડાલીયા;
ધુતીને ઓનુકુ ધુતને, દલ ખેંચને થા વાલીયા. ૫
એસી હે ધુતી દુનીયા, સુન સુન ભાઇ દીનરે;
ફરઝંદ નબીકે મારીયે. લાજ ના કુછ મન દેનરે. ૬
થા યહુદીકુ નેહે રબકા, દુનીયા સો થા ÷તારેક રહયા;
શેહઝાદેકી તરફ કરને, કલમા શહાદત ઓને કહયા. ૭

☆ એલચી + ભેટ ÷ દુન્યા મુકી દીધેલી, દુન્યા તજનાર

તન તો ઓને ફના કીયા, વારીયા તો આપકા જીવરે;
દુનીસુ નેહે ના રાખતા, ચલ્યા જો એક કર પીવરે. ૮
દુનીઆંસુ નેહે ના કીજીયે, સુન સુન વીરા બાતરે;
ધુતીને બાત હેં ધુતીયે, એસી હે મેલી જાતરે. ૯

—: * :—

૪૪૪—૧૩૭

તબ નસારાને નારા ડાલ, યઝીદકુ આખા;
પેગંમ્બર હયાત, મેં દેખે રે દાખા. ૧
મેં સોદાગરી કાજ, ગયા ગામ થા મદીના;
* * *, * * *. ૨
ગયા મોસકકે ☆નાફે લે, મેં નબીજીકે પાસા;
સો બાત રે નેહેસુ, દેખનેકી આશા. ૩
અને પેગંમ્બર કેરા, જબ દેખા મેં જમાલા;
તબ યકીન હુવડા, મોજે ઓસહી હાલા. ૪
કે સહી એ પેગંમ્બર, સાચે હેં કેલાતે;
સહી +બખત ઓનુકે, જો હેં ઇમાન લાતે. ૫
એતા કરને હદીયા, વેં મેં આગે રે ધરાયા;
એક આહે કરને, તબ નબી એ પુછાયા. ૬
એ હે બેહતર હદીયા, મેં કરને આખા;
અને નબીજીકે કદમુ, તલે રે રાખા. ૭
તબ નબીજીને પુછા, કે નામ કયા હે તેરા;
તબ અબદોસ્સમસ, નામ કહયા સવેરા. ૮
તબ નબીજીને અબ્દુલ્લા, નામ મેરા ધરાયા;
કહયા લા તુ ઇમાન, ફેર એતા રે બતાયા. ૯
તો હદીયા તેરા, હે કબુલ રે કરના;
તુ ઇમાનકુ તેરે, જો મન હે ધરના. ૧૦

[ રે તું હી ]

☆ કસતુરીની થેલી, જે હરનની દુંટીમાથી નીકળે છે. + સારા નસીબ

નસારે નબીજીકુ દેખતે, બુઝી બુઝુર્ગ શાનરે,
બુઝી બુઝુર્ગ શાન;
જે મુમનકા બેટા નાંહી દીનકુ, બુઝે વે નાદાનરે,
બુઝે વે નાદાન. ૧૧

૪૪૫—૧૩૮

જબ નબીજીને ઇમાનકી, કહી રે બાતી;
નબ નબીજીકી નેહેસુ, દેખી રે જાતી. ૧
તબ બુઝા મેં કે પેગંમ્બર, હેં સહી રે સાચા;
જું ઇસે નબીને, કહી થી બાચા. ૨
એતા બુઝકર સહી મેં, લાયા રે ઇમાના;
સો ખાતમ નબીકે, હાથ દીયા રે ઇમાના. ૩
પણ ઇમાન થા મેરે મન, મેં છુપા રે રખાયા;
મેં ફરઝંદ સારે, હું દીન માંહે લાયા. ૪
હેં પાંચ બેટે મેરે, અને બેટીયાં ચારા;
એ ઇમાન હેં લાયે, કર નબીજીકુ પીયારા. ૫
યું નસારા હે બાતી, યઝીદસુ કરતા;
વેં યઝીદ તો મજાલેસ, સેતી હે સોનાતા. ૬
ઓમેસલમા કે ડેરે, નબી થે એક દંના;
ઉઆં મલનેકુ ગયા, કર નેહે રે મંના. ૭
એ નસારા હે કહેતા, હકીકત બાતી;
જેસી ઓસકે નજરૂ, હે બાત રે દેખાતી. ૮
તબ નવાસે નબીકે, આયે હજુરકી ઠામા;
સો નંને બાલક, થે હુસેન રે નામા. ૯
જે ખુવારીસુ શીશ, તેં આગે હે ધરાયા;
એ સુન સુન મુમનુ, દલ એતના આયા. ૧૦

[ રે તું હી ]

નસારા બયાન યઝીદસુ, કરે હે ખોલ ખોલ બાતરે,
કરે હે ખોલ ખોલ બાત;
જેસા નેંનુ દેખીયા, બુઝા આપકી જાતરે,
બુઝા આપકી જાત. ૧૧

—: * :—

૪૪૬—૧૩૯

તબ નબીજીને હુસેનકુ, ગોદ માંહે લીયે;
અને હોઠું ને દાંતુકુ, બોસે રે દીયે. ૧
કહયા ખુદાકી રહેમતસુ, દુર હોઇઓ વૅ જાતી;
જે તોજકુ નાહક, મારે કહી બાતી. ૨
યું નબીજીને હુસેનકુ, દે બોસે રે આખા;
સો નસારા હે કેંતા, સુન યાદ હે મેં રાખા. ૩
ભી દુજે દન મદીને, ફી મસજીદકે માંહાં;
કેવતાં સાથ નબીજી, બેઠે ઓસ ઠાંહાં. ૪
તબ હુસેન થે આયે, ભાઇ આપકે સાથા;
થા બડે ભાઇ ઓનુકે, પકડા હાથા. ૫
આવ ભાઇ દોનુને, નબીકુ આખા;
હમુ દોનુને કુશતી, ફીતી રે દાખા. ૬
પણ કોઇ કિસે ગિરા તો, સકીયા નાંહાં;
અબ કહો તમુ કુવ્વત હે, બાત કિસકે માંહાં. ૭
એ નાજાના કર કહી, નબીજીને બાતી;
અબ કુશતી ખેલનેકા, હાલ નાંહી તમુ જાતી. ૮
અબ જાહો તમે દોનુ, ખત રે લખાહો;
અને ખત દોનુ લખાકર, લે આને દેખાહો. ૯
વૅ પછે ખત તો જીસકા, ખુબ રે દેખાવે;
વૅ જોરાવર તમુમા, દોનુમા કૅલાવે. ૧૦

ચલે લખને શેહઝાદે, દોનુ રે ભાઇ;
એ સુનતે મુમન, દલ ચંતા એ આઇ. ૧૧

[ રે તું હી ]

નવાસે દોનુ નબીકે, આયે નબીકે પાસરે,
આયે નબીકે પાસ;
જોર હે દોનુમા કિસે ઘણા, પુછને કેરી આસરે,
પુછને કેરી આસ. ૧૨

—: * :—

૪૪૭—૧૪૦

તબ ખત જા દોનુ, ભાઇચુંને લખાયા;
આવ નબીજીકે હાથમા, દોનુ દેખાયા. ૧
સુનો દોનું જનુકુ, તબ નબીજીને કહેયા;
જબ લખા તો દોનુ કેરા, દેખ લહેયા. ૨
બાપ તમારે પાસ, એ લખા રે લે જાહો;
વેં ખતકુ હેં પછાનતે, જાહો અનુકુ દેખાહો. ૩
બુઆ રખે કોઇ દીલગીર, હોવે રે તંના;
એસા નેહે તો નબીને, રાખા ઓનુકા મંના. ૪
જો ખત ખુબ કેવે, નબી કિસી ભાઇ કેરા;
દલ દીલગીર હોવે, ભાઇ દુજેકા સવેરા. ૫
સહી ખત ખાતમ નબીને, એસી ચંતા રે કીતી;
એસી નબીજીકી પીત, થી અનુકુ સોણીતી. ૬
તબ શેહઝાદે તો દોનુ, ગહે બાપકે પાસા;
સો ખત તો દેખાને, કેરી રે આશા. ૭
વેં ખત જા દેખાકર, બાત સઘળી કહી;
જે નબીજીને ઓનુકુ, આખા થા સહી. ૮
ભી ઓનુકે ભી દિલમા, વેંસી ચંતા રે આઇ;
કે ખુશાલી ફરઅંદ, દોનુંકી ચાઇ. ૯

ભી ઓનુ કહયા તમારી, મા પાસ જાહો;
અને ખત તો જાકર, ઓનુકુ દેખાહો. ૧૦
આયે શેહઝાદે દોનું, બીબી ફાતમાકે પાસા;
સો ખત તો દેખાને, કેરી રે આશા. ૧૧
એ નસારા તો તેકીક, હે કર કર કહેતા;
અને એક ચંત હોકર, એતા મન હે દેતા. ૧૨

[ રે તું હી ]

નબી હેં રજામંદી ચાહતે, શેહઝાદુ કેરી જાતરે,
શેહઝાદુ કેરી જાત;
અલીને ભી વૅસી સહી, બુઝી મનમા બાતરે,
બુઝી મનમા બાત. ૧૩

—: * :—

૪૪૮—૧૪૧

બીબી ફાતમાકે પાસ, દોનુ શેહઝાદે આયે;
સો ખત તો લખા થા, વૅ દેખાનેકુ લાયે. ૧
આવ બાકી સઘળી, કહી રે બાતી;
જેસા એકકુ થા આખા, ખાતમકી જાતી. ૨
ભી અલીને કહયા થા, વે સબ રે આખા;
એ સુન બીબી ફાતમાને, મન રે રાખા. ૩
તબ બીબી સાહેબને, મન રે જાના;
જીસ કાંજે નબીને, કીયા થા બયાના. ૪
કે નબી નેહે ખુશાલી, અનુ દોનુકી ચાઇ;
ઓસ કાજે ખતમા, ના બીગત બતાઇ. ૫
તબ બીબીને ભી ચંતા, વૅસી કીતી રે મંના;
રખે દીલગીર હોવે, કોઇ દોનુકા તંના. ૬

એતી ચંતા કર બીબીને, શેહઝાદેકુ આખા;
કે ખત મેં પછાનતી. નાંહી રે દાખા. ૭
પણ મેરે પાસ મોતી, હેં રે સાતા;
મેં ઓનુકુ ઉછાળું, તમે સુનો રે બાતા. ૮
પછે બાત જે મોતી. ચુન હાથ રે લાવે;
સહી જોરાવર તમુમા, વે રે કેલાવે. ૯
તબ બીબીને વે મોતી. ઉછાડ ડલાયે;
એ સુન સુન મુમનુ, મન એતના લાયે. ૧૦

[ રે તું હી ]

બીબીફાતમાને દલથી ચાયા.જુનબીને ચાયા કર પીતરે,
જુ નબીને ચાયા કર પીત;
સો ખુશાલી શેહઝાદુ કેરડી, ચાહી સબને રીતરે,
ચાહી સબને રીત. ૧૧

—: * :—

૪૪૯—૧૪૨

તબ તીન મોતી ઇમામ, હસનને લીયે;
ઇમામ હુસેનને તીન, લીયે રે સોણીયે. ૧
તબ રબને નામુસકુ, કિયા ફરમાના;
કે ખુશાલી દોનુકી, ચાહી આપ રહમાના. ૨
બેગે પરમાર નામુસ, મોતી એક રે ભનાહો;
સો સાતમે મોતીકે, દો ભાગ રે કરાહો. ૩
સો જીબરાઇલ હોકમસુ, બેગે રે આયે;
એક મોતીકુ ભાન કર, દો ટુકડે કરાયે. ૪
તબ શેહઝાદુને દોડકર, મોતી આધા આધા લીયા;
યું રબને ભી દોનુકા, ખુશી કીયારે જીયા. ૫

દોનુ જોરાવર બીબીને, કહયા હોરે તમના;
તબ ખુશી તો હુવડી, દોનુકે તંના. ૬
એ નસારા હે યઝીદસુ, બાત રે કરતા;
જેસા દેખને તેકીક, કર મન હે ધરતા. ૭
તુ સુન રે યઝીદ, કર નસારે ને આખા;
કે મુસ્તુફાને ખુશાલી, ચાહી અનુકી દાખા. ૮
અને અલીને ભી અનુકી, રજાસંદી ચાહી;
બીબી ફાતમાકે દલ, ચંતા વેસી રે આઇ. ૯
અને રબને ભી ખુશાલી, ચાહી અનુકી સહી;
એ નસારેને બાત કર, યાદ કીયા રે દહી. ૧૦

[ રે તું હી ]

ખુશાલી ચાહી રબને, શેહઆદે દોનુકી જાતરે,
શેહઆદે દોનુકી જાત;
જું નબીને થા ચાયા સહી, સુન તુ યઝીદ એ બાતરે,
સુન તુ યઝીદ એ બાત. ૧૧

—: ❋ :—

૪૫૦—૧૪૩

યું યઝીદકુ નસીહત, નસારેને કહી;
કે રબને ભી ખુશાલી, ચાહી દોનુકી સહી. ૧
થા રોમકે મુલકમા, મેં એસા રે સોણાયા;
કે દો શેહઆદુમાં એકકુ, હે ઝેર રે દલાયા. ૨
યું શરબત શહાદત, ઓનુને પીતા;
હુએ કલેજેકે ટુકડે, સીત્તેર સોણીતા. ૩
અને સીત્તર દો શીશસુ, ભાઇ દુજેકા એ શીશા;
તેરે આગે જે હે ધરીયા, તુ હે કરતા રીસા. ૪

સુન વાએ તેરે હાલ પર, હોઇયો રે સવેરે;
વાએ જનુકા કામ, કીયા ચાકર રે તેરે. ૫
જબ એતી બાત, નસારેને કહી;
તબ મજાલેસ સારી, થરથરી રે સહી. ૬
તબ યઝીદકે દલમા, ડર રે લગાયા;
તબ નસારેકુ એતના, યઝીદે બતાયા. ૭
સુન અબ્દુલ્લા સમસ, બાત એસી હે બતાતા;
કે મોલકકુ મોજપર, તુ હે કડુઆ કરતા. ૮
તુ સબુકે દલમા, હે તરસ રે બાતા;
એ સુન સુન મુમનુ, કહયા દન ઓર રાતા. ૯

[ રે તું હી ]

અબ્દુલ્લા સસસકે બોલતે, મજાલેસે કીયા રઘનરે,
મજાલેસે કીયા રઘન;
યઝીદને નેંનુ દેખતે, ડર લગાયા મનરે,
ડર લગાયા મન. ૧૦

૪૫૧—૧૪૪

અબ્દુલ્લા સમસ તેં મજાલેસ, કડુઇ કરાઇ;
તેં ખબર તો એસી, લોકુકુ સોણાઇ. ૧
એ યઝીદને ઓસકુ, રીસ માંહે આખા;
તુ તો ભેજા રે કિસીકા, આયા હે દાખા. ૨
સહી ઑાસકી શરમ કાજ, હું તોજકુ છોડાતા;
અને નાંહી તો અસ ઠામ, તોજે કતલ કરાતા. ૩
તબ અબ્દુલ્લા સમસને, ફેર દીયા રે જોવાબા;
જે યઝીદ તેં આખા, અબ્દુલ્લાને સવાબા. ૪

તુ રસુલ ખુદાકી. નાંહી +હુરમત ચાતા;
અને ગેરકી હુરમત. હે તુ મન માંહે લાતા. ૫
તુ એસે ઇન્સાફસુ, બાત હે કરાતા;
તબ યઝીદ તો ગોસેમા, આયા સુણતે સોણાતા. ૬
તબ યઝીદ ચાકરૂં, કુ રે આખા;
મેરે આગળથી ખસાહો, એસે રે દાખા. ૭
તબ ચાકરૂંને આસકુ, બાર રે કીયા;
સો મજાલેસ સેતી, બાર કાઢા સુનીયા. ૮
એ સુન સુન બાતી, પાક કરો આપ જાતી;
અને એક કર કહો, દન ઓર રાતી. ૯

[ રે તું હી ]

અબ્દુલ્લાકી બાતસુ, યઝીદકુ ચઢીયા કાળરે,
યઝીદકુ ચઢીયા કાળ;
રીસ માંહે નેકાળીયા, મજાલેસથી આસ હાલરે,
મજાલેસથી આસ હાલ. ૧૦

—: * :—

૪૫૨—૧૪૫

એતી બાતાં કરતે, હુઆ આખર દંના;
તબ યઝીદને બોલાયે, અહલબેત તંના. ૧
લાહો અલીકી ઓલાદકુ, મેં ઓનુકુ દેખાહું;
અને ઓનુસુ તો બાતાં, મેં પુછને કરાહું. ૨
તબ બીબી ઓમેકુલસુમ, બીબી ઝૈનબ કહીયે;
ઇમામ ઝૈનુલઆબેદીન, એ થે ભી લહીયે. ૩
સુનો ઓનુકુ તો યઝીદ, કે પાસ રે લાયે;
સો તીનુ તન લે આકર, આગે ઠાડે રે કરાયે. ૪
ઝૈનુલઆબેદીન શીશ પર, ઓમેકુલસુમ ગિરીયે;
સો ફરીયાદ સેતી, પોકારે સોણીયે. ૫

+ ઇઝઝત

વાએ જદા મહંમદ [સ.અ.વ.], કર અવાજરે દીયા;
અને યઝીદકે સામની, મોં રે કીયા. ૬
તેરી ઔરતુંકુ પરદા, તુ હે કૈસા રે કરાતા;
અને ફરઝંદ નબીકે, તુ હે સબુકુ દેખાતા. ૭
નાંહી જાન તો અસકી, કેસી જજા રે તુ પાવે;
તુ અસ રે અમલસુ, કયું છુટ કર જાવે. ૮
બીબી કુલસુમે ઇતની, બાત જબ કહી;
તબ યઝીદ તો મનમા, લરજા સહી. ૯
કરે સુરીજનહારા, આપ જે ચાવે;
એ સુન સુન બંદા, કયું ના રૂન એ લાવે. ૧૦

[ રે તુંહી ]

બીબી કુલસુમ નારા ડાલકર, કહી યઝીદકુ બાતરે,
કહી યઝીદકુ બાત;
તબ ડર દલમા લાગીયા, ધ્રુજી ઑાસકી જાતરે,
ધ્રુજી ઑાસકી જાત. ૧૧

—: * :—

૪૫૩—૧૪૬

સુન બીબીકે સોખનસુ, દલ યઝીદ ડરાયા;
રજા દીતી પરદેમા, બેઠો રે બતાયા. ૧
ફેર બીબીને આખા, ભાઇ બુઝુર્ગ મેરા;
વૅ શીશ દો મુજકુ, દેખું દેદાર સવેરા. ૨
કે ફેર કર ભાઇકુ, દેખું ભર ભર નેંના;
કે હે બીછરન પડીયા, અસ જગકે મેંના. ૩
ચું રજા માંગ શીશકુ, બીબીને ઓચાયા;
અને મોં લે આપસકા, ઓનુ હોઠુંકુ લગાયા. ૪
ધરે લબું પર લબ, બૅાત કરને નેહા;
તબ બેહોશ હુવડી, બીબીકી દેહા. ૫

ફેર હોશ માંહે આવકર, યઝીદકુ આખા;
કે મેં બાત ગમ, ખાયા રે દાખા. ૬
અસ કામ માંહે રાહત, તુ નાંહી પાવે;
હે તુ હમુકુ રંજમા, ડાલ રે સતાવે. ૭
તબ યઝીદને આખા, એ કયા હુસેનકી બેંના;
કે જીભ તો ☆દરાજ, હે અસમેં મેંના. ૮
હાં બોલતી હેં હુસેનકી, બેંન કહયા ઓસ ઠામા;
ઓમેકુલસુમ ઓનુકા, હે રે નામા. ૯
તબ યઝીદને મને કાજ, ઝોબાં રે ચલાહી;
એ સુનતે મુમન, દલ ચંતા રે આહી. ૧૦

[ રે તું હી ]

જીસ તન કરવત વાહીયા, દાજે ઑસકા તનરે,
દાજે ઑસકા તન;
અવરાં દેખ રળીયાં કરે, જીનકુ નાંહી ગુમાનરે,
જીનકુ નાંહી ગુમાન. ૧૧

—: * :—

૪૫૪—૧૪૭

તબ યઝીદને બીબીકુ, સોખન રે દીયા;
કે મેંના તમારા, રદ રબને કીયા. ૧
જુઠા તમારા ચાના, ઓને કીયા રે ઇલાહી;
યું યઝીદને મેંનેસુ, જીભ રે ચલાહી. ૨
તબ બીબીને એ સુનકર, જેવાબ રે દાખા;
કે મુનાફક રબને, હેં જુઠે કર દાખા. ૩
કર રબ જુઠે કલામમા, ઓનુ લાઅનત ભેજાઇ;
ખબર વઇદે અજાબકી, કાજ ઓનુકે ભેજાઇ. ૪
તબ યઝીદને એ સુનકર, મોં બીબી થી ફેરાયા;
ઇમામ ઝેનુલઆબેદીન, સામી રખાયા. ૫

☆ જીભ લાંબી એટલે વધારે બોલવું.

કહયા કુન એ લડકા, હે નેનુ રે દેખાતા;
એ અલી ઇબ્ને હુસેન, કર કહી રે બાતા. ૬
તબ યઝીદે કહયા, એસા થા રે સોણાયા;
કે અલી ઇબ્ને હુસેન, હેં કતલ કરાયા. ૭
થે અલીકે બેટે, તીન બાત રે કહી;
અલી અકબર અસગર, હુએ શહીદ સહી. ૮
એ કૅનારેને યઝીદસુ, નામ લે કહી બાતી:
એ સુન સુન મુમન. કહયા દન ઓર રાતી. ૯

[ રે તું હી ]

સૈયદકુ યઝીદ હે પુછતા, દેખ કર ખડે નેંનરે,
દેખ કર ખડે નેંન;
દેખને કેરી રીત હે, પુછે ભી વૅસે બેંનરે,
પુછે ભી વૅસે બેંન. ૧૦

૪૫૫—૧૪૮

કહયા તીન ભાઇ માંહે. એ થે ☆ઔસત કૅલાયે;
એ બૅાત થે દુઃખી, હમ પકડ રે આયે. ૧
તું લડકે હે જાનતા, બાત યઝીદને કહી;
તેરે બાપને એસી, મન ચંતા થી લહી. ૨
પડે ખુતબા મિમ્બર પર, ચડ ઍાસકે નામા;
ઓન પાદશાહી કેરા, યું ચાયા થા મુકામા. ૩
શુકર અલ્લાહકા, વૅ +મકસદકુ પોચા રે નાંહાં;
એ સૈયદને યઝીદકા, બોલ સોચા દલ માંહાં. ૪
કહયા સયદને યઝીદકે, કેને મીમ્બર હે કીના;
મેરે બાપને કે તેરે, કુછ હે સુન લીના. ૫
હે પાદશાહી બૅાત, બાપ મેરે હો કેરી;
કે તેરે બાપકી, તું બોલને સવેરી. ૬

☆ ત્રણ ભાઇઓમાથી વચવાળા + મતલબ

ભી ઓર ભી સૈયદને, કહે રે બોલા;
જું યઝીદ ના આવે, અનુકે તોલા. ૭
ભી કિયામત કેરી, કહી રે બાતી:
તબ પુછા રે જાવેગા. કહયા તમારી જાતી. ૮
એ સુનતે યઝીદકુ, ગોસા રે ચઢાયા;
એતે કતલ હો કેરા, હોકમ પઠાયા. ૯
લે જા બાર ☆સરહંગકુ, કહયા કર રે રીસા;
એ લડકે કા કાટ કર, લે આ મેરે પાસ શીશા. ૧૦
એસી યઝીદને રીસમા, કહી રે બાતી;
એ સુન સુન મુમનુ. કહયા દન ઓર રાતી. ૧૧

[ રે તું હી ]

કતલ કેરા હોકમ કીયા, ઝૈનુલઆબેદીન તનરે.
ઝૈનુલઆબેદીન તન;
અહલબેત સુન બાત મન ધ્રુજીયે, એસા થા વૅ દનરે,
એસા થા વૅ દન. ૧૨

—: * :—

૪૫૬—૧૪૯

—: બરહા :—

યઝીદ આગળ છોડીયા, શેહઆદે કેરા શીશરે;
સૈયદકુ યઝીદે દેખતે, કીતી તા પુરી રીસરે. ૧
અસકુ કતલ કર તુ કહયા, સરહંગ સુનને બાતરે;
લડકેકુ લે જા બાર તુ. કતલ કરને જાતરે. ૨
ફરઝંદ નબીકે મારીયે, કરબલા રણકે માંયેરે;
ઇમામ ઝૈનુલઆબેદીન, બના કોઇ દીસે નાંયેરે. ૩
ઓનુકુ હોકમ કતલકા કીયા, મારને લાહો શીશરે;
યઝીદ ચું બોલીયા, મન ધર પુરી રીસરે. ૪

☆ લશકરી સરદાર, ચોબદાર

સૈયદ સુનતે ધુજીયે, ધરાસકા પડા ઓનુ મનરે;
ફરઝંદ નબીકે મારીયે, રહયા હે એક તનરે. ૫
ઓસકુ હોકમ કતલકા કીયા, નસલ નબીકી ના રહેરે;
યા રબ તોજે માલમ હે, જુલમ એતા કયું સહેરે. ૬
અહલબેત ધરાસકા પડા, ઝુરીયે તો નેંનુ નીરરે;
રધન કીયા એ સુનતે, હુઇ ના તલ મન ધીરરે. ૭
ઓમે કુલસુમે રધન કીયા, રોયે કરે ફરીયાદરે;
દાદે જે ખાતમ અંબીયા, કીયે તો ઓનુકુ યાદરે. ૮
શીશ તો દેખે વીરકા, આગે તો હે ધરીયા સહી;
ભતીજેકે કતલ કેરડી, યઝીદે એસી બાત કહી. ૯

—: ❋ :—

૪૫૭—૧૫૦

ઓમે કુલસુમ સુનતે, ધ્રસ બેગે રે આયે;
દોનુ સરહંગ પર, હાથ રે ડલાયે. ૧
અને ભાઇ કેરા બેટા, કર આંસે રે આખા;
હાથ બેટેકા છોડ દે, ચું કર દાખા. ૨
કહયા વૅલા એસ બના, કોઇ નાંહી રે દેખાતા;
બેટે નબીયુંકે માંહાં, ઓલાદકી જાતા. ૩
એ લડકા હે રહેયા, નબી નસલકે માંહાં;
અસ બના એકે લડકા, દીસે રે નાંહાં. ૪
એતા કૅને આરબી, બેતાં રે પઢાઇ;
ઓસ બૅતકે બયાનકી, એસી ખબર રે પાઇ. ૫
મેં ☆નિદા હો કરતી, વાએ દાદા રે મેરે;
એ દાદા મોરસલ, તમે રબ હો કેરે. ૬
કે હુસેન તો તમારા, કતલ હે કીતા;
અને નસલ તમારી, ×જાયે હોતી હે દેખીતા. ૭

☆ પોકારવું × ખતમ

એસેમા ઓનુકી બેત, જબ બીબી એ પઢાઇ;
તબ યઝીદકે મનમા, દેહશત રે આઇ. ૮
તબ ☆લરજા ઑાસકે, સબ તનમા આયા;
છોડ હાથ દે ઓસકા, તબ યઝીદે પઢાયા. ૯
તબ સરહંગે સૈયદકા, હાથ છોડ રે દીતા;
એ સુન સુન મુમનુ, એતા સોચ હે કીતા. ૧૦

[ રે તું હી ]

સરહંગે સૈયદકા હાથ લે, ચલા થા કતલ કામરે,
ચલા થા કતલ કામ;
ડર બાયા તબ રબને, યઝીદ દલકે ઠામરે,
યઝીદ દલકે ઠામ. ૧૧

—: * :—

૪૫૮—૧૫૧

યું ડરને યઝીદે. સૈયદ બચાયે;
અને આપસકે નઝદીક, લેને બેઠાયે. ૧
અને પુછને તો નેહેસુ, લાગા રે બાતી;
હે લડકા મેરા, સંગ તમારી જાતી. ૨
કહયા ઓસ સાથ કુસ્તી, આજ કરોગે તમના;
ફેર જેવાબ રે દીયા, સુન સૈયદે મંના. ૩
કહયા કુસતી લડની, હે રે આસાના;
હમ છડીચુંસુ લડીયે, એસા કહયા રે બયાના. ૪
યઝીદ એક દે છડી, હાથ બેટેકે તેરે;
અને એક દે છડી, તું હાથ રે મેરે. ૫
પછે હમ દોનુ છડીયાં, લે જંગ રે કરાવે;
સો મંજલેસ માંહે, એસા ખેલ રે બનાવે. ૬
પછે જે કોઇ ગાલીબ, દોનુમાં આવે;
વૅ ÷મગલુબકુ તો, લે કતલ કરાવે. ૭

☆ ધ્રુજ ÷ હારી ગએલો

અને તુ વૅ તમાશા. દેખ રે નેના;
રહેયા છાના યઝીદ. એ સુન મન મેના. ૮
એતે નોબત કેરે, નગારે કુટાયે;
તબ યઝીદકે બેટેને, સૈયદ બતાયે. ૯
કહયા મેરે બાપકી. એ હે નોબત બજાતી;
નાંહી નોબત તમારે, બાપકી દેખાતી. ૧૦
તબ સૈયદને કહયા, તલ સબુર રે કરના;
મેરે બાપકી નોબતકા. સોચ મન રે ધરના. ૧૧

[ રે તું હી ]

યઝીદકે બેટેને સુનતે, નગારે કીયા ગુમાનરે,
નગારે કીયા ગુમાનઃ
સૈયદ કૅવે ☆રે *સાંસતા, આખું ઑસકા બયાનરે,
આખું ઑસકા બયાન. ૧૨

૪૫૯—૧૫૨

એતે નોબત તો કુટાતી, છાની રે રહી;
અને બાંગીયેને આવકર, બાંગ રે કહી. ૧
અને બાંગ દીયે બાજ, કહી રે સલાતા;
તબ યઝીદકે બેટેકુ, કહી સૈયદને બાતા. ૨
એ નૌબત બાપ ને, દાદેકી મેરી;
તું યઝીદકા બેટા, સુનને સવેરી. ૩
તેરે બાપકી હે નૌબત, પાંચ દન રે બજાવે;
દુની ફાનીકે માંહે, વૅ ફના રે હો જાવે. ૪
વૅ કિયામત દન તક, રૅવે નૌબત હમારી;
એ જે યઝીદકે બેટે, તુ સુનીયો સવેરી. ૫
એતા સૈયદને યઝીદકે, બેટેકુ આખા;
ભી ઓર સોખન, બોત રે દાખા. ૬

☆, * જરા થોભીજા, વિસામો ખા

તબ યઝીદકા બેટા, ચુપ રહયા ઓસ હાલા;
ઓસે બોલને કેરી, ના રહી રે મજાલા. ૭
સબ બેઠનારે મજાલેસ, કેરે બાત એ સોણાહી;
તબ સૈયદકી સફાયેત, બોત નજરૂ આહી. ૮
વૅ સુન સુન સબુને, મન અચરત કીતા;
એ સુનતે મુમનુ. મન અચરત દીતા. ૯

[ રે તું હી ]

દીતી ખુબી રબને, છુપા ના સકે કોયેરે,
છુપા ના સકે કોયે;
જો કાજ ☆હસદકે, સબ જગ બેરી હોયેરે,
સબ જગ બેરી હોયે. ૧૦

—: * :—

૪૬૦—૧૫૩

ફેર યઝીદને સૈયદસુ, કીતી રે બાતી;
રદબદલ હુઇ, બૅાત રે સોણાતી. ૧
વૅ કિસ્સે કેરા છેહે, હુઆ એતના જાના;
કે આખર તો સૈયદે. એસા કીયા રે બયાના. ૨
સુન જીબરાઇલ યઝીદ, આયે ઘર રે હમારે;
* * * * , * * . ૩
હેં આયત રે આઇ, હક હમારે માંહાં;
અને તમારે હકમા, આઇ આયત રે નાંહાં. ૪
એસી બાતાં સૈયદે, સબ નીશાનીકી આખી;
સો બયાન હો રીતે, સબ ખોલકર દાખી. ૫
તબ યઝીદકે દલમા, બૅાત દેહશત રે આઇ;
તબ સૈયદકુ નેહેસુ, બાત રે પુછાઇ. ૬
યા ઇબને હુસેન, તમે કહોને બાતી;
જે આજાર રે મેરા, હોવે તમારી જાતી. ૭

☆ દીલમા બળવું

જે દરદકે લીતે. તમે દલ માંહે ચાહો;
સો મતલબ તમારી, કેં મોજે રે બતાહો. ૮
તમે ચાહો સો મતલબ, કરૂં તમારી પુરી;
એતા યઝીદને આખા. સબુકે હજુરી. ૯
તબ સૈયદને યઝીદકુ, કેંના રે ચાયા;
એ સુનતે મુમનુ દલ, એતા આયા. ૧૦

[ રે તું હી ]

યઝીદકે દિલ ડર લાગીયા, સૈયદે કીયા બયાનરે,
સૈયદે કીયા બયાન;
તબ યઝીદ તો લાગા પુછને, હો મન કુછ આધાનરે,
હો મન કુછ આધાન. ૧૧

૪૬૧—૧૫૪

કહયા સૈયદે મારનાર, મેરે બાપ રે કેરા;
તું ઑસકુ તો હવાલે, કર મેરે રે સવેરા. ૧
જો ઑસકુ દેવે તો, મેં મારૂં રે ઠામા;
એતા સૈયદને યઝીદકુ, દીયા કહો સો કામા. ૨
તબ યઝીદે જે ઉમરાવ, આપસ કેરે;
જે સરદાર જંગમા, થે હાજર સવેરે. ૩
ઓનુ સામી યઝીદે, દેખને પુછાયા;
કે હુસેનકા કતલ, હે કૅને રે કરાયા. ૪
કહયા ખોલી ઇબને, યઝીદ રે કહીયે;
ઓને હુસેનકુ કતલ, હેં કીતે રે લહીયે. ૫
તબ ખોલીકુ યઝીદને, હાજર બોલાવા;
પુછા હુસેનકુ કતલ, તેં હેં કરાવા. ૬
જબ ખોલીને યઝીદકી, દેખી આંખાં રે રાતી;
તબ બોલા મેં કતલકી, નાંહી બુઝતા બાતી. ૭

કહયા હુસેનસુ મેરે, કુછ નાંહી રે દાવા;
કિસ કાજે હુસેનકુ, મેં કરૂં રે ઘાવા. ૮
તો કોને એ કતલકા, કીયા રે કામા;
ફેર યઝીદે પુછા, કહો એસકા નામા. ૯
એ સુન સુન બાતી, પાક કરો આપ જાતી;
અને એક કર કહો, દન ઓર રાતી. ૧૦

[ રે તું હી ]

સુરીજન ચાવે સો કરે, એસા હે રહમાનરે,
એસા હે રહમાન;
અંતે મીનકુ ચાહકર, બુઝુર્ગ કરે હે શાનરે,
બુઝુર્ગ કરે હે શાન. ૧૧

—: * :—

૪૬૨—૧૫૫

તબ કૅને કહયા સામાને, એ કીયા રે કામા;
કે હુસેનકુ કતલ, કીયે રણકે ઠામા. ૧
તબ યઝીદે અનસકુ, સામી દેખને પુછાયા;
કે કતલકા કામ, હે તેં રે કરાયા. ૨
કહયા સામાનને લાઅનત, હોઇયો એસે સવેરી;
જેને કતલ હે કીતી, શેહઆદે હુસેન કેરી. ૩
તબ યઝીદને ગુસ્સા ખા, પુછી રે બાતી;
તો કૅને હે કતલ, કીતી હુસેનકી જાતી. ૪
તબ શોમર લઇનકા, કૅને લીયા રે નામા;
કે ઓને હે કીતા, એ કતલકા કામા. ૫
તબ યઝીદને આદમી, ભેજ શોમર બોલાયા;
કામ કતલ હુસેનકા, હે તેં રે કરાયા. ૬
યું શોમરકુ યઝીદને, પુછી રે બાતી;
તબ ☆મોકર રે ગહા, શોમરકી જાતી. ૭

☆ ઇનકાર કર્યો

તબ ☆મઆઝલ્લાહ શોમરને. જીભસુ આખા;
નાંહી હુસેનકા કતલ, મેં કીયા રે દાખા. ૮
ફેર યઝીદને પુછા. ચું કૅતે હેં સારે;
જે તેરે સાથે, થે ભયે અસવારે. ૯
કહયા શોમરને સબુને, કીતી જુઠી રે બાતી;
એ સુન સુન મુમનુ, કહયા દન ઓર રાતી. ૧૦

[ રે તું હી ]

કતલ શેહઝાદેકુ કીયા, જુઠે કેરા બોલનારરે,
જુઠે કેરા બોલનાર;
દાવા થા પુરા કીયા, ના પાવે અંતે કરારરે,
ના પાવે અંતે કરાર. ૧૧

—: ❋ :—

૪૬૩—૧૫૬

બાત શોમરે કહયા. સબુ જુઠી હે કરાઇ;
એ સુનતે યઝીદકુ, રીસ રે ચઢાઇ. ૧
રીસ ચઢાને કહા, કૅને કીતા એ કામા;
કે કતલ હુસેનકા. તમે લેઆઓને નામા. ૨
તબ જોવાબ તો કનીને, ફેર જુઠા રે આખા;
સો રીસ ચઢી તબ યઝીદે, એતા રે દાખા. ૩
હોઇયો લાઅનત ખુદાકી. સબ તમુ જાતી;
મોં ફેરા યઝીદને, એતા કૅને બાતી. ૪
તબ ઝેનુલઆબેદીન, કે સામી દેખ આખા;
ઓર કામ કુછ કહો, ચું રે દાખા. ૫
કહયા શીશ મેરે બાપકા, દોને હમના;
સો સગળે શીશ, સાથ જે તંના. ૬
કે શીશ એ લેજાકર, ઓનુ તંનુકે મિલાવે;
હમ એતની હાજત, તેરે પાસ રે ચાવે. ૭

☆ અલ્લાહની પનાહ, અલ્લાહ એવા કામથી બચાવે

તબ યઝીદને કહયા, બાત કબુલ મેં કીતી;
ઔર ભી કુછ કુહો, પુછા ખબર સોનીતી. ૮
ફેર સૈયદને કહયા, મન એતા હે ચાવે;
કરો રૂખસત હમુકુ, તુ યાંથી કરાવે. ૯
કે હમ તો જાવે, ગામ રે મદીના;
એ સુન સુન મુમનુ. મન એતના દીના. ૧૦

[ રે તું હી ]

સુન સુન ભાઇ દીનકે, એસા બુઝો રબરે,
એસા બુઝો રબ;
મીતકુ કસે સહી, એ રીત બુઝે સબરે,
એ રીત બુઝે સબ. ૧૧

—: * :—

૪૬૪—૧૫૭

કહયા અહલબેત સેતી, હમ જાવે રે મદીના;
યું સૈયદને આખા, સુનકર લીના. ૧
હમ જાકર રૅવે, રોજે દાદાકે પાસા;
ઉઆં ઇબાદત કરે, એસી મન હે આશા. ૨
સુન યઝીદને કહયા, એ કામ મોજે કરના;
ભી ઔર ભી કહો, કામ ચાહો સો સુનના. ૩
તબ સૈયદને કહયા, ☆સોભા જોમા હે દંના;
મોજે ખુતબેકા હુકમ દે, એતા ચાવે રે મંના. ૪
મેં મિંબર કે ઉપર, ચઢ ખુતબા પઢાહું;
એતા દિલ હે ચાતા, મેં રજા રે પાહું. ૫
તબ યઝીદને કહયા, એ ભી કબુલ મેં કીયા;
યું તીનું વાયેદું, કા જેવાબ રે દીયા. ૬
ઔર સભાકુ ખતીબ, કાજ ખુતબે ચઢાયા;
બૅાત *ફસીહ રે ઝોબાંથા, શામી રે કૅલાયા. ૭

☆ કાલે સવારે * બહુ સારૂ બોલનાર.

ચું વાયેદા જુઠા, યઝીદે કરાવા;
ભેજ આદમીને મસજીદમા, સબ એગઠે મેલાવા. ૮
સબ જુમાકી નમાઝકુ, એકઠે મેલાયે;
સબ બોલા યઝીદે. વં ધવ ધવ ચલીયે. ૯
સો ખુતબા ખતીબે, એસા પઢા ઓસ હાલા;
કે તારીફ કીતી, અબુ ☆સોફીયાન ☆આલા. ૧૦
અબુ સોફીયાન આલકી, બોત સેફત પઢાઇ;
એ સુન સુન મુમનુ, એતી ચંતા આઇ. ૧૧

[ રે તું હી ]

જે રબ ચાવે સોહી કરે, એસા સોરીજનહારરે.
એસા સોરીજનહાર;
મીત કલાવે જગમા, અંતે કરે હે પીયારરે.
અંતે કરે હે પીયાર.

—: ※ :—

૪૬૫—૧૫૮

અબુ તાલીબકી આલકી, ÷મઝમ્મત કીતી;
સો ખુબીકી અવળી, બાત રે કીતી. ૧
અને +બાતેલ હોકર, કીયા રે બયાના;
સો ઇમામ હુસેનકા, નામ રે જાના. ૨
અને યઝીદકી ખુબીકા, પછે કીયા રે બયાના;
એ સૈયદને જબ, સુનીયા કાના. ૩
તબ ચઢી બૅાત રીસા, આપ રેહ ના સકાયે;
તબ ગોસે માંહે સૈયદ, બોલે રે સોણાયે. ૪
કહયા અસ કુમ કેરા, તુ ખતીબ હે શામી;
યું સૈયદને આખા, જે ખતીબ થા નામી. ૫
કહયા ખુતબા બુરા, તેં રે પઢીયા;
કુમ સારેકે દિલમા, તેં ખતરા ધરીયા. ૬

☆ અબુ સુફીયાનની ઔલાદ ÷ બુરાઇ + જુઠા

તેં મખલુક કેરી, સના રે પઢાઇ;
કે હક કેરી બાતી, તેં રે છુપાઇ. ૭
તેં દીનકુ દોનીસુ, બદલ રે કીયા;
એતા સૈયદને જેવાબ, ખતીબકુ દીયા. ૮
યું ખતીબકુ કેને, કહી યઝીદકુ બાતી;
તુ વાયેદે કેરી, કર સાચી રે બાતી. ૯
તેં ખુતબેકા વાયેદા, થા મોજે રે દિલાયા;
વૅ સાચા કર તુ, સૈયદે બતાયા. ૧૦
મેં ખુતબા પઢને, કી રજા હો ચાતા;
એ સુન સુન મુમનુ, કહયા દન ઓર રાતા. ૧૧

[ રે તું હી ]

સૈયદ રજા હેં માંગતે, ખુતબા પઢને આપરે,
ખુતબા પઢને આપ;
ખતીબકા ખુતબા સુનતે, હુઆ રીસકા તાપરે,
હુઆ રીસકા તાપ. ૧૨

—: * :—

૪૬૬—૧૫૯

કહયા ચઢને મિંબર પર, મેં ખુતબા પઢાહું,
જુ રજામંદી ખુદાકી, વૅસા પઢને સોણાહું. ૧
અને રસુલ ખુદાકે, જું હોવે રે ખુશાલા;
વૅસા ખુતબા પઢું, મેં અસ રે હાલા. ૨
કે સુનનાર સુનતે, અજર રે પાવે;
દિલ ખુશાલી હો સેતી, ઓસે સુણના ચાવે. ૩
તબ યઝીદને મસલત, લોકુંસુ કીતી;
એસી શામકે લોકુંકુ, બાત કહી રે સોણીતી. ૪
કે આયા હે લડકા, બની હાશમી જાતા;
એ હે ફસીહ આરબ, નજરૂં આતા. ૫

અસ કાજે મોજે દિલમા, એસા ડર હે લગાતા;
બુરી આલ સુફીયાન કી, રખે કરે રે બાતા. ૬
એ શામકે લોક સુનતે, બોલે રે સતાબા;
કે એ હે લડકા. એસા દીયા રે જોવાબા. ૭
એસ લડકેમા એતની, સમજન કાંહાં;
કે જેસી ચંતા, હે તેરે મન માંહાં. ૮
એ આપસકે દિલકી, તારીફ પઢાવે;
વેં સુન હમારા દિલ, કરાર પાવે. ૯
યું +અકાબરૂં યઝીદકુ, કહી રે બાતી;
બાત યઝીદે કબુલી, ☆અછુટતે સોણાતી. ૧૦
કે અકાબેર કેરા, કૅના ફિરા ના સકીયા;
એ સુન સુન મુમનુ, મન એતના દીયા. ૧૧

[ રે તું હી ]

સૈયદ ચાવે ખુતબા પઢે. યઝીદ ડરાવે મનરે,
યઝીદ ડરાવે મન;
રખે લડકા ÷મઝમ્મત કરે, આલ અબુ સોફીયાનકે તનરે,
આલ અબુ સોફીયાનકે તન. ૧૨

૪૬૭—૧૬૦

×નાચાહકર હો યઝીદે, રજા રે દલાઈ;
જું સૈયદને ખુતબે, કી રજા થી ચાઈ. ૧
તબ સૈયદ તો મિંબરકે, ઉપર રે આયે;
પૅલી ★હમ્દ તો રબકી, કરતે સોણાયે. ૨
પછે ખાતમ નબીકી, ★સિફત રે કીતી;
સો ફસીહ રે ઝોબાંસુ, પઢી *શીરીંસુ સોણીતી. ૩

+ દરબારના મોટા લોકો, ઉમરાવ વીગેરે ☆ લાચારીએ ÷ બુરાઇ
× લાચારીથી નછુટકે ★ તારીફ * મીઠી બોલીથી

એ લોક તો સુનતે, અજબતાં આયે;
તબ સબુને કાન, સુનનેકુ લગાયે. ૪
અને ઓસ બાજ પઢી, નસીહત બાતી;
તબ સુનતે સબુકી, હૂઇ નરમ રે જાતી. ૫
કે પઢનેકી તાસીર, દિલ સબુકે લગાઇ;
એસી કરામત કેરી, ઝોબાં રે ચલાઇ. ૬
ઑસ બાજ કહયા સુનો. તમે લોક રે શામા;
જે બુઝતે હોવે તો, મેરા રે નામા. ૭
પણ બુઝો જે નાંહી, વૅ મોજે રે પછાનો;
સો ફરઝંદ રસુલકા, એ મોજે રે જાનો. ૮
જે રસુલ ☆મુખતાર, સહી રે જાનો;
જે ફરઝંદ ઓનુકા, હું રે પછાનો. ૯
જે મુસ્તુફા સૈયદ, આખર કૅલાયે;
અને હબીબ રે નામસુ, રબે મેરાજ રે બોલાયે. ૧૦
મેં હું ફરઝંદ ઓનુકા, કૅ એતા મન લાયે;
* * *, * * *. ૧૧

[ રે તું હી ]

ઝૈનુલઆબેદીન આપસકા નામ લે, કહી સબુકુ બાતરે,
કહી સબુકુ બાત;
મેં ફરઝંદ ખાતમ નબીકા, બુઝુર્ગ જીનકી જાતરે,
બુઝુર્ગ જીનકી જાત. ૧૨

—: * :—

૪૬૮—૧૬૧

ચું નબીજીકી તારીફ, બૅાત રે કીતી;
સો ×ફસીહ રે ઝોબાંસુ, કહી રે સોણીતી. ૧
કહયા મેં હું ફરઝંદ, ઓનુ રે કેરા;
એ શામકે લોક, તમે સુનીયો સવેરા. ૨

☆ ઇખતીયાર કરેલા, પસંદ કરેલા × ખુશ બયાન, સારૂ બોલનાર

પછે મુરતુઝા અલીકી, તારીફ પઢાઇ;
સો ફસીહ નામ લેકર, પઢી રે સોણાઇ. ૨
કે ઓનુકી સબ, બાતાં રે કહી;
એ સુનતે ખલક, હુઇ અચરત સહી. ૪
બીબી ફાતમાતુઝ્ઝોહરા, કી તારીફ કરાઇ;
સો ☆સય્યદુનનેસાકે, નામસુ બતાઇ. ૫
તબ બીબીકી ખુબીકા, સબ કીયા રે બયાના;
એ સુનતે ખલકત, સબ હુઇ રે આધાના. ૬
અને ઇમામ હસનકી, પછે તારીફ કહી;
તબ ખલકત એકઠી, બાત હુઈ રે સહી. ૭
મેં ફરઝંદ સૈયદ, હું મજલુમ કેરા;
જે ગરીબ ને *મહમુમ, તમે સુનીયો સવેરા. ૮
જે +નુરકે +દીદે, મુસ્તુફાકે કહીયે;
જે ×સરૂર રે સીને, અલીકે લહીયે. ૯
જે ★મોબતલા મેદાન, કરબલા ઠામા;
જે હુસેન શહીદ, કરબલા નામા. ૧૦
એ સુનતે ખલકને, રધન રે કીતા;
સો ઝારઝાર રોયે, બાત રે સોણીતા. ૧૧

[ રે તું હી ]

બયાન સૈયદકા સુનતે, ખલકે કીયા રધનરે,
ખલકે કીયા રધન;
શહેરમા પડીયા ÷ગોલગોલા, યઝીદ ડરાયા મનરે,
યઝીદ ડરાયા મન. ૧૨

☆ તમામ બીબીયોની સરદાર * ગમગીન, મઝલુમ + આંખોનુ નુર
× ખુશી ★ દુખ અને તકલીફોમા ઘેરાએલા કરબલામા ÷ શોર

૪૬૯—૧૬૨

સુનો રધન તો સબુને, સુનતે કરીયા;
શહેર દમીશકમા, ગોલગોલા પડીયા. ૧
તબ યઝીદકે દિલમા, ડર રે લગાયા;
કે સૈયદકે ઉપર, નેહે ખલકકા આયા. ૨
તબ યઝીદને બાંગીયે, કુ ☆એસારત કીતી;
કે બાંગ તો *બૅલી, કહી બાત રે સોણીતી. ૩
કે સૈયદ તો બોલતે, રંવે રે છાને;
લોક નેહે હો સેતી, સબ હોવે રે અજાને. ૪
જબ બાંગીએને અલ્લા, હો અકબર આખા;
તબ સૈયદને આમીન, કરને દાખા. ૫
★લાશૈઉન ★અકબર, મન હો કહેયા;
એ સૈયદને આખા, સુન સુન સબુને લહેયા. ૬
અશહદોઅલ લાએલાહા, ઇલ્લલ્લાહ પઢીયા;
જબ બાંગીયા એ પઢીયા, સૈયદે સોણીયા. ૭
તબ નઅમ શહીદી, કહે સૈયદને બેંના;
ઇલમી વશઅરી, કહયા અસ બોલ મેંના. ૮
વ જમીં વ બસરી, એોસ સાથ આખા;
એ કંને સૈયદે, મન એતના રાખા. ૯

[ રે તું હી ]

યઝીદે બાંગ દલાયેકર, કેતી કરાઇ બાતરે,
કેતી કરાઇ બાત;
થી ખલક સુન રોતી સહી, જે કંતે સૈયદ જાતરે,
જે કંતે સૈયદ જાત. ૧૦

☆ ઇશારો * વહેલી ★ કોઇ ચીજ મોટી નથી, અલ્લાહ સિવાય

૪૭૦—૧૬૩

અશહદોઅન્ન મોહંમદ, રસુલલ્લાહ પઢીયા;
જબ અવાજ તો બાંગકા, એ બાંગીએને કરીયા. ૧
તબ જમીં માંહે સૈયદે, સર રે ડાલા;
બાલ શીશકે ખોલીયે, એસ રે હાલા. ૨
સો બાલુકી ખુબી, જેસી મોસક હો કેરી;
તબ વૅ બાલ શીશકે, ખોલીયે સવેરી. ૩
એ મહંમદ [સ.અ.વ.] કેરી, તોજે સોગંદ રે કહી;
તુ ચુપ રે બાંગીયા, એ કહયા રે સહી. ૪
તબ બાંગીયા તો સોગંદથી, રહેયા રે છાના;
તબ સૈયદને યઝીદકે, સામી દેખા રે જાના. ૫
એ હે મહંમદ [સ.અ.વ.] દાદા, મેરા કે તેરા;
કહયા યઝીદ તુ જોવાબ, દેને સવેરા. ૬
જો તુ કૅવે એ હેં, દાદા રે મેરા;
તો જુઠા તોજકુ, સબ બુઝે રે સવેરા. ૭
અને જો તું કૅવે, એ દાદા રે તમારા;
તો કતલ કયું કીતા, તેં બાપ રે હમારા. ૮
જે બહેતર ફરઝંદ, નબીજી હો કેરા;
કાજ કતલકે લશકર, તેં ભેજા રે બાતેરા. ૯
અને ઓનુકુ તેં લશકર, ભેજ શહીદ કરાયે;
અંને શીશ ને અહલબેત, શહેર માંહે તેં ફેરાયે. ૧૦
સુન એસા કરા મોજકુ, તેં કીયા રે યતીમા;
એ સુનતે મુમન, એ યાદ કીયા રે કરીમા. ૧૧

[ રે તું હી ]

સૈયદને યઝીદકુ કહી, મેણે કેરી બાતરે,
મેણે કેરી બાત;
સો મસીતમા દિન જુમાકા, સુનતી થી કહી જાતરે,
સુનતી થી કહી જાત. ૧૨

૪૭૧—૧૬૪

યું સૈયદને મેણા, યઝીદકુ દીયા;
કે યઝીદ તેં દીનમા, ☆રખના કીયા. ૧
અને એસે ભી બોલ તું, હે રે પઢાતા;
અને કિબલેકે સામી. તુ મોં હે લે આતા. ૨
એતી સૈયદને યઝીદકુ, બાત રે કહી;
અને *ગરેબાંન આપસકા, લે ફાડા રે સહી. ૩
અને લોકુંકે સામી, દેખ એસા રે આખા;
સો મેણાકી રીતે, બોલ રે દાખા. ૪
હેં પેગંબર દાદા, તમુ કસીકા કલાયા;
સો મોજ બંના કસીકા, હેં દાદા રે દેખાયા. ૫
એસી સૈયદકી બાત સુન, સબુ રુદન રે કીતા;
સો પોકારને રોયે, સબ રે સોણીતા. ૬
અને કેતે બેહોશ, હુએ સુનો મંના;
તબ મસજીદમાં હુવડા, જેસા કિયામત દંના. ૭
સારે દમીશ્ક શહેરમાં, પડી રે પોકારા;
સબુ ગલી ગલી રુદનકા, સોચ રે સવારા. ૮
તબ યઝીદને ધુઠણા. ભર ખડે હો આખા;
કે તકબીર બેગે, બાંગીએકુ દાખા. ૯
તબ બાંગીયેને તકબીર, બેગે રે કહી;
એ સુન સુન મુમનુ, યાદ કીયા રે દહી. ૧૦
[ રે તું હી ]

☆ ફસાદ, ૫૮ * પેરણ છાતીમાથી

સૈયદકી બાતાં સુનતે, લોક હુએ આધાનરે,
લોક હુએ આધાન;
ગોલગોલા પડીયા શહેરમાં, દમીશ્ક નામસુ જાનરે,
દમીશ્ક નામસુ જાન. ૧૧

—: * :—

૪૭૨—૧૬૫

તબ બાંગીયેને બેગે. તકબીર કહી;
તબ નમાજ તો સબુને, કીતી રે સહી. ૧
તબ યઝીદકે દલમાં, બોત ચંતા રે આઇ;
કે ખલકત સૈયદકે, બોલુને ફેરાઇ. ૨
અબ મુલકમાં મોજકુ, હુઇ બદનામી:
મોજે સબ કોઇ દેખેગા, ગોસેસુ સામી. ૩
ઐસી ચંતા કરને, ઓને તદબીર કીતી:
બાજ અકાબર શામકે, બોલાયે સોણીતી. ૪
ઓને બડે બડે અકાબર, બોલાને બેઠાયે;
અને શીમર ને ઉમરાવ, કુફેકે બોલાયે. ૫
અને સોખન તો ઓનુકુ, ગોસેસુ બતાયે;
અને ઓનુકુ ઠામ થી, ☆તાગીર કરાયે. ૬
કહયા બેટે મોરજાનકે, હોઇયો લાનત તમના;
કહયા એસા કામ, કીયા તમુ ઓસ દંના. ૭
મોજે ઇરાક ને શામમાં, તમુ બદનામ કીતા;
એ કિતાબુમાં સઘળા, લખાવે દેખીતા. ૮
કેવે હુસેનકુ કતલ, યઝીદે કીયે;
અને ફરઝંદ ઓનુકે, શમશેર તળે લીયે. ૯
એ તો કિતાબુસુ ખલક સબ, બુઝે રે બાતી;
અને ગોસા તો સુન સુન, કરે મેરી વે જાતી. ૧૦

☆ બદલી

એ સુન ઉમરાવ બોલાને, એતા યઝીદે આખા;
એ સુન સુન મુમનુ, મન એતના રાખા. ૧૧

[ રે તું હી ]

અકાબર યઝીદે બોલાકર, સુન જાની હે બાતરે,
સુન જાની હે બાત;
બહાનેસુ ગોસા હેં કરતા, ઉમરાવુંકી જાતરે,
ઉમરાવુંકી જાત. ૧૨

—: ❋ :—

૪૭૩—૧૬૬

ઉમરાવુંકુ ગોસા, યું યઝીદે કીતા;
સો અકાબર સબુને, સુનકર લીતા. ૧
ઓનુ ખાતર તસલ્લી, કરનેકે કાજા;
તબ યઝીદે એસા, કીયા રે ઇલાજા. ૨
એતે એ તો મજાલસ, ઉઠ કર ગહી;
સબ કોઇ ઘરે ઘર, ગહે રે સહી. ૩
સુનો યઝીદને અહલબેત, કુ જાગો થી દીતી;
સો મોલ માંહે પાસે, જાગો દીતી થી સોણીતી. ૪
સુનો શેહઝાદેકી બેટીથી, એક ચાર રે સાલા;
ઓનસુ નેહેસુ શેહઝાદે, બોત ખેલાતે હાલા. ૫
કે આપસસુ જુદી, વે ના લડકી કરાતે;
યું શેહઝાદે નેહેસુ, બોત થે રે ચાતે. ૬
જબ શેહઝાદે તો શહીદ, હુએ રણકે ઠામા;
તબ લડકીને પુછા, કાં હેં લે નામા. ૭
તબ અહલબેતે કહ્યા, કહી ગામ હેં સધારે;
ઓસ લડકીકુ બાવા, બોત થે પીયારે. ૮
યું અહલબેત લડકીકુ, જોવાબ થા દીયા;
યું ફેસલાને દલાસા, થા રે કીયા. ૯

તો લડકીકે દલમાં, થા સંતોક રે આયા;
એ સુન સુન મુમનુ, મન એતના લાયા. ૧૦

[ રે તુંહી ]

બેટી શેહઝાદે કેરડી, થા નેહે બોત બાપકા મનરે,
થા નેહે બોત બાપકા મન;
શેહઝાદે ભી પાસે રાખતે, નેહેસુ નસ ઓર દનરે,
નેહેસુ નસ ઓર દન. ૧૧

—: ❋ :—

૪૭૪—૧૬૭

દેખા શેહઝાદેકી બેટીને, રાતે ખોવાબ રે નેંના;
આપ બેઠે રે દેખાયે, ગોદ શેહઝાદેકે મેંના. ૧
કે શેહઝાદેને ગોદ લે, બોત કીયા રે નેહા;
તબ લડકીકી ખુશાલી, બોત હુઇ રે દેહા. ૨
અને આંખાં રે ખોલતે, કુછ દેખીયા નાંહાં;
એ ફેરાક તો લડકી, કે લાગા દલ માંહાં. ૩
બેકરાર હોકર, રધન રે કીયા;
સો પોકારને રોના, કીયા રે સોણીયા. ૪
તબ અહલેબેતે રોનેકા, હાલ રે પુછાયા;
તબ લડકીને ખોવાબકા, બયાન બતાયા. ૫
અભી મોજકુ બાવા, થે રે ખેલાતે;
સો ગોદ માંહે બેઠાકર, બોત નેહે થે કરાતે. ૬
અબ દેખે રે નાંહાં, મેં ખોલતે નેંના;
વે કિસ ઠામ ગહે હેં, મોજે કોને બેંના. ૭
તબ અહલેબેત બોતેરા, દલાસા કીયા;
પણ લડકી કેવે, નાંહી સમજતા જીયા. ૮
મોજે તાકત સબુરકી, આતી રે નાંહાં;
એ સુન સુન મુમનુ. એતા દીયા ચંત માંહાં. ૯

[ રે તું હી ]

શેહઝાદેને બેટીકુ દેખીયે, રાતકુ ભર ભર નેંનરે,
રાતકુ ભર ભર નેંન;
રધન કીયા ફેરાકસુ, કૅ કૅ બીછરન બેંનરે,
કૅ કૅ બીછરન બેંન. ૧૦

—: ✻ :—

૪૭૫—૧૬૮

—: રૂબાઇ :—

સુનો ને સુનો ભાઇ દીનકે, એસા તો હેં અપના રબરે;
ફરઝંદ ખાતમ નબીકે, રણમાં રહે વે સબરે. ૧
તરસે રહે રે રણ ઘેરીયે, દુરીજન કરબલા ઠામરે;
કતલ કીયે રે સહી તરસે, શેહઝાદે હુસેન જે નામરે. ૨
અહલબેત બંદ પડે દુરીજના, શીશ લીયે જુદે કરસાથરે;
બાલે તો નંને સબ દુરીજના, સબુકુ લે ચલે કર હાથરે. ૩
ઝૈનુલઆબેદીન સાથ થે, લડકી ભી નંની એક જાનરે;
શેહઝાદેકુ સુપને માંહે દેખીયે, લડકી એક દન માંહે જાનરે. ૪
નીંદ જબ ગહીને જાગતે, શેહઝાદે ના દેખીયે નેંનરે;
રધન કીયા રે તબ બેટીયે, કૅ કૅ ફેરાકકે બેંનરે. ૫
નેંનુ તો મેહે રીતે નીર ચલીયા, હોવે નાંહી તલ મન ધીરરે;
બરહા આતસ લાગી બાલકુ, સુન સુન સુમન વીરરે. ૬
અહલબેત પરદેશ કેદમાં, દુઃખ એસા પાયા શરીરરે;
એસા હેં સુરીજન અપના, દાસ હો રહીયે સુન વીરરે. ૭

—: ✻ :—

૪૭૬—૧૬૯

તબ અહલબેતને દલાસા, બોતેરા કીતા;
તબ લડકીને જોવાબ, એસા રે દીતા. ૧

કે મોજકુ સબુરકી, તાકત રે નાંહાં;
ફેરાક રે બાપકા, બોત આયા દલ માંહાં. ૨
તમે બાપકુ મેરે, પાસ રે લાહો;
કે મોજકુ ઓનુકે, પાસ લે જાહો. ૩
એ અહલબેત સુનતે, સબ રધનમાં આયે;
સો પોકારને રધન, કરતે સોણાયે. ૪
સો ફેરાકકે લીતે, સબુ કીતી રે પોકારા;
એસા લડકીકે કાજે, દલ હુઆ બેકરારા. ૫
તબ યઝીદે એ સુનતે, ચોકી નીંદ થી જગાયા;
અને ખબરકે કાજ, આદમી ભેજાયા. ૬
દેખો વાકા અહલબેતકા, હે કેસા રે પડીયા;
કે અકાબર સબુને, સાથ રધન હે કરીયા. ૭
તબ આદમીને આવકર, ખબર પુછાઇ;
તબ અહલબેત સઘળી, બાત રે બતાઇ. ૮
ઓનુ યઝીદકુ જાને, ફેર ખબર પોચાઇ;
કહયા હુસેનકી બેટી, જે હેં નંની રે કલાઇ. ૯
ઓને બાપકુ સુપનેમાં, દેખીયે નેંના;
ઓસ કાજ હેં રોતે, સબ બુઝે રે મેંના. ૧૦

[ રે તું હી ]

અહલબેતને રધન ફેરાકસુ, કીયા એસા રાતરે,
કીયા એસા રાત;
કે યઝીદને નીંદથી જાગકર, બેગે પુછાઇ બાતરે,
બેગે પુછાઇ બાત. ૧૧

૪૭૭—૧૭૦

ઓસ કાજ હુસેનકી, હેં બેટી રે રોતી;
ઓસે તસલ્લી તો કચું ભી, નાંહી રે હોતી. ૧

તબ યઝીદને શેહઝાદેકા, શીશ રે ભેજાયા;
જાહો લડકીકુ દેખાહો, એતા રે બતાયા. ૨
કભી શીશકુ દેખતે, ઓસે સંતોક રે આવે;
કે ચુપ રેવે રેતી, દલ સબુર રે લાવે. ૩
વે શીશ થા સંદુકમાં, ખુબ રીતે રે રખાયા;
નીકાલ ઉઆંથી, ☆બા ÷ખાનમાં ભેજાયા. ૪
વે અહલબેત પાસ, શીશ રે લાયા;
વે યઝીદકે બોલ, સબ કેને સોણાયા. ૫
વે તબખ તો લેકર, આગે લડકીકે ધરીયા;
એક આહે પુછના, લડકીને કરીયા. ૬
તબ દીયા રે જોવાબ, જે તુ હેં ચાતી;
એ વે અસ ખુનમાં, હેં રે જાતી. ૭
તબ સર પોસ ખુનકા, દુર લડકીને કીતા;
અને શીશ તો નેંનુ, દેખકર લીતા. ૮
તબ શીશકુ લેકર, હાથમાં ઉચાયા;
અને નેંના ભર ભર, ખુબ રે દેખાયા. ૯
જબ બાપ કેરા શીશ, સહી રે પછાના;
તબ નારા ડાલને, એતા મન આના. ૧૦

[ રે તું હી ]

શેહઝાદેકા શીશ લે ભેજાયા, યઝીદે દેખાવન કામરે,
યઝીદે દેખાવન કામ;
સો લડકીકુ દેખાવને, ભેજા મોલકે ઠામરે,
ભેજા મોલકે ઠામ. ૧૧

—: ❊ :—

૪૭૮—૧૭૧

દેખ આહકા નારા, ડાલા લડકીયે સહી;
બોત રધન તો કરને, યાદ કીયા રે દહી. ૧

☆ મુકીને ÷ થાળમા

દેખ શેહઝાદે મોંકુ, ગાલ આપકે લગાયે;
ભી શીશકે હોઠુ પર, હોઠ આપકે ધરાયે. ૨
અને આહ કા નારા, ડાલા રે નીસાસા;
ફોત આપ તન કીયા, વલીયા ના સાસા. ૩
કે લડકીને તરત, દીયા રે જીઆ;
એસા બાપકા શીશ દેખકર, અફસોસ કીઆ. ૪
તબ અહલબેત તનમાં, આપ બરેહા દીઆ;
એ દાગ તો નવા, ઓનુ દલ સહેઆ. ૫
ફેર માતમ હો કેરી, હુઇ નવી રે રીતા;
ફેર શેહઝાદેકા દાગ, ઓનુ નવા મન દીતા. ૬
હુઆ દાગ હો કેરા, ઓનુ પેલા રે દંના;
એસા દાગ અહલબેત, લાગા રે મંના. ૭
તબ ભર ભર નેંના, રોએ રે સારે;
સો કેદમાં અહલબેત, હુએ રે બેચારે. ૮
યું અહલબેત રધન, બોત રે કીતા;
જે ચાવે સો કરતા, હે આપ રે મીતા. ૯
સુનો દીન કેરે ભાઇ, એસી જગમા હે રીતા;
તો ઉમેદ અંતકા, કર કહો કર પીતા. ૧૦

[ રે તુંહી ]

અહલબેત નેંના ભર રોહીએ, જું બરસે મેહે નીરરે,
જું બરસે મેહે નીર;
બરહા કરવત વાહીઆ, હોવે ના તલ ભી ધીરરે,
હોવે ના તલ ભી ધીર. ૧૧

૪૭૯—૧૭૨

—: રૂબાઇ :—

એસા જાનો આપ સુરીજના, ચાવે વે ચાતા કરે કામરે;
અંતકી ઉમેદ વીરા રાખની, પીત રબ યાદ કર નામરે. ૧
દુનીયામાં કસાવે આપ મીતકુ, એસા ને એસા હૈ રેહમાનરે;
અહલબેત ઝુરે વીરા કેદમાં, સુન સુન બુઝની શાનરે. ૨
શેહઝાદેકા શીશ ધરા સામની, લડકી રોવે દેખ બાલરે;
શીશ બાપકે નેંના ભર દેખતે, જીવ તો દીયા ઓસ હાલરે. ૩
પાણી બનાજુ મછીતળવળે, વેસી લાગી દાજીથી તંનરે;
ફેરાકસુ નારા તબ ડાલીયા, ખોયા જીવ તરતજ માનરે. ૪
મીતકુ જગમા હે કસતા, એસી ને એસી રીત રબરે;
એ તો રીત વીરા સહી બુઝીયે, મીત તો કૅલાવે જેતે સબરે. ૫
રબને સુનને વીર એસા કીયા, દુનીયા કેરા દેખ રંગરે;
પીત કરની વીરા રબસુ, દુર રહીએ દુનીયાકે ઢંગરે. ૬
અંતે ઉમેદ વીરા બુઝીએ, કીજીએ કીજીએ તન નેહરે;
નસ દન બુઝો મોત આવની, ફના હોની હે એ દેહરે. ૭

—: * :—

૪૮૦—૧૭૩

જબ લડકીકી ખબર, યઝીદને જાની;
તબ ઓનુને ભી તાજીએત, કૅલાઇ પછાની. ૧
ઓમેકુલસુમે યઝીદકુ, એસી બાત રે કૅલાઇ;
સો મોલ બાર હોનેકી, રજા રે મંગાઇ. ૨
તબ યઝીદને જાગો એક, મોકર રે કીતી;
ઉઆં અહલબેત જાનેકી, રજા રે દીતી. ૩
તબ અહલબેત ઓસ ઠાંમ, સબ રે સધારે;
જે ફરઝંદ ખાતમ, નબીજીકે પીયારે. ૪

ઉઆં ઔરતાં આહીઆં, ☆અકાબરૂ કેરી;
સો તાજીએત કાજ, સબ મળી રે સવેરી. ૫
તબ મરસીએ કેરી, થી જે કવતાઇ કીતી;
શહીદુ કે હાલકી, બાત કહી થી સુણીતી. ૬
વે મરસીએ કેરા, પઢીઆ બઆનાં;
તબ ઔરતાં સારી, રોઇ રે જાના. ૭
જે ખાતુન આઇ થી, આરબુ હો કેરી;
વે નેંના ભર ભર, રોઇ રે સવેરી. ૮
અહલબેતકુ ભી દેખને, બાત રધન રે કીતા;
સહી નારે ડાલ ડાલ, યાદ કીયા રે મીતા. ૯

[ રે તું હી ]

ખાતુના સબ આરબીકી, આઇ ×તાજીઅત કામરે,
આઇ તાજીઅત કામ;
તાજીઅત કાજ અહલબેતકુ, દીયા ચઝીદે ઠામરે,
દીયા ચઝીદેકુ ઠામ. ૧૦

—: ❊ :—

૪૮૧—૧૭૪

—: દોહા :—

દીનકે ભાઇ સુન મરના, હાં મરના,
બુઝીએ સાંસો સાંસરે;
તાજ હૈ દુની તન કરની, હાં કરની,
રાખની રબકી આસરે. ૧
ખાતમ નબી જગમા કીએ, હાં જગમા કીએ,
એસા હે સુરીજનહારરે;
જનુ કાજે સબ સરજીઆ, હાં સરજીઆ,
દોનુ જગ સંસારરે. ૨

☆ મોટા સરદારોની × મરનારના વારસોને દિલાસો આપવો

ઓનુકુ રબને બોલાલીએ, હાં બોલાલીએ,
રહે ના જગકે માંએરે;
અવરૂંકુ અબ જીવના, હાં જીવના,
ઉમેદ તલ ભી નાંએરે. ૩
ફરઝંદ ખાતમ નબીકે, હાં નબીકે,
શેહઝાદે હુસેન નામરે;
તરસે હુરીજનુ ઘેરીએ, હાં ઘેરીએ,
કતલ કાજ રણ ઠામરે. ૪
શહીદ કરે ઓનુ તરસે, હાં તરસે,
શીશ તો લીયા હાથરે;
બાલુકુ કેદ કર ચલીએ, હાં ચલીએ,
અહલબેત સબ સાથરે. ૫
ઓવરૂંકુ રે કૅસા જીવના, હાં જીવના,
સુનને વીર એ બાતરે;
એક રે દમ દુજા આવતે, હાં આવતે,
ઉમેદ નાંહી જાતરે. ૬
મરદ હોને વીરા મરના, હાં મરના,
આડા નાખા દોની કાજરે;
આડે તો હાથ દેતે મરતે, હાં મરતે,
આતી નાહી તુજે લાજરે. ૭

—: * :—

૪૮૨—૧૭૫

પછે અહલબેત કાજ, કીઆ રે સામાના;
સો યઝીદને સામાન, કીઆ રે જાના. ૧
સો જમે તો અહલબેત, કે સી દીતે;
અને અસવારી કેરે કીએ, સામાન સુણીતે. ૨

અને પોચાનેકુ સાથ, આદમી દલાએ;
યું કરને અહલબેત, મદીને ભેજાએ. ૩
અને સાથે ભી આદમી, પોચાનેકુ દીએ;
સાથ ભેજેકે લાએક થે, વેસે ભેજીએ સુણીએ. ૪
સો નોમાન બીન બશીર, ભેજીએ સહી;
તીસ અસવાર સેતી, બાત સુની એ ગહી. ૫
સો ☆મોકમલ ÷જરપોશી, કરને ભેજાએ;
અને નસીઅત ઓનુકુ, ભેજતે કરાએ. ૬
કે ખિજમત ખુબ, અહલબેતકી કરની;
અને ચોકીકી રીતા, પુરી મન ધરની. ૭
યું યઝીદને નસીઅત. અનુકુ દીતી;
વેસી અહલબેત કેરી, ઓનુ ખિઝમત કીતી. ૮
અને સૈયદને શેહઝાદેકા, શીશ સાથ રે લીયા;
સબ શીશુ સેતી, લીયા રે સોણીયા. ૯

[ રે તું હી ]

યઝીદને અહલબેત સીખ કર. ભેજે મદીને ગામરે,
ભેજે મદીને ગામ;
બેટા બશીરકા સાથ થા, નોમાન જીસકા નામરે.
નોમાન જીસકા નામ. ૧૦

૪૮૩—૧૭૬

—: રૂબાઇ :—

સુરીજનહાર પેલા જાનીયે, હોઇયે એ મન સેતી દાસરે;
રબકે હજુર ફેર ચલના, બખસન કેરી રાખો આસરે. ૧
ધુતી હે દોની રે મન જાનીયે, ઓસ ઢંગ રેહેના હે દુરરે;
દોની ઢંગ સબ રબ પુછછી, કિયામત કરને હજુરરે. ૨

☆ પુરેપુરી ÷ કપડા વીગેરે સરપોશી કરીને

ફરઝંદ નબીજીકે મારી, તન જુદે કર લીએ શીશરે;
તરસુ આવ ને ઘાવ કીએ, દુરીજનુ મન ધર રીસરે. ૩
*છંદાઇ દુનીને ઓનુ છેતરે, દોની સંગ રાખો જો નેહરે;
ઘાવ તો કીયા આવ રીસમાં, ફરઝંદ નબીજીકે દેહરે. ૪
દુનીયાકે રંગથી વૅ ભેદીયે, ઓનુ બુઝી ખુબી દન આજરે;
એૅસી દુનીને વૅ થે ધુતીયે. આહી નાંહી નબીજીકી લાજરે. ૫
સુનને વીરા ભાઇ દીનકે. એૅસી એૅસી દુનીયાકી રીતરે;
દુનીયાકુ તંન તાજ કરની, મત તલ મન દીજો પીતરે. ૬
ઇતબાર જીવકા ના કીજીયે, તલ પલ પોચની હે માૅતરે;
દંમ દંમ ચેતો ભાઇ દીનકે, એતી બેર હોના હે ફાૅતરે. ૭

—: * :—

૪૮૪—૧૭૭

ઇમામ ઐનુલઆબેદીન, શીશ રે લે આયે;
સો કરબલા માહે, આયે રે સુણાયે. ૧
સબ શીશ તો શહીદ, કે તન રે લગાયે;
સહી મીત તો રબને, હે અંતે રે ચાયે. ૨
થી વીસમી તારીખ, સફર હો કેરી;
તબ સૈયદ તો રણમા, પોચે રે સવેરી. ૩
સુનો મુબારક શીશ, શેહઆદેકા કહીએ;
વૅ કબરમાં પેલા, ધરીઆ લહીએ. ૪
પછે કબરમાં શીશ, સબ ધરે રે તના;
સો બીસમી સફરકી, રાખો મના. ૫
અબ અવર કો' જીવનેકા, કૅસા કરે રે ગોમાના;
એ સુન સુન બુઝના, હે રે બયાના. ૬
કે ચાલીસ રે દનુ, શીશ તનુકુ પોચાએ;
જે ફરઝંદ ખાતમ, નબીકે કેલાએ. ૭

* મકકાર

સુનો ☆લ્રાઓઆલી દરગા, હૈ રબ હો કેરી;
સહી સુરીજન મીતકુ, અંતે ચાવે રે સવેરી. ૮
અને દુનીઆ માંહે, દીસે અવળી રે રીતા;
સહી એ રીત રબકી, હૈ રે પીતા. ૯
તો રબ યાદ કરના, કર અંત રે આસા;
અને નસ દન કહીએ, હોકર દાસા. ૧૦

[ રે તું હી ]

બીસમી સફરકે માસકી, શીશ મેલ્રાએ તનરે,
શીશ મેલ્રાએ તન;
રબ ચાવે સોહી કરે, આપકા ચાતા મંનરે,
આપકા ચાતા મંન. ૧૧

—: * :—

૪૮૫—૧૭૮

નોમાન બીન બશીરને, બોત ખિઝમત કીતી;
સો ખિઝમત અહલબેત, કેરીં રે સોણીતી. ૧
બોત નોમાન બિન બશીર, અહલબેતકુ થે ચાતે;
વેસી ખિઝમત રાહામાં, કરતે સોણાતે. ૨
જાં અહલબેત ચાતે, ઓસ ઠામ ઓતરાતે;
અને જબ વૅ ચાતે, તબ સવાર કરાતે. ૩
અને આદમી આપસકે, દુર રે ખસાતે;
ચું પરદા અહલબેત, કાજ થે કરાતે. ૪
અસ રીતે લા અહલબેત, મદીને પોચાયે;
જબ મદીનેકે નજીક, ચલ કર આયે. ૫
ઓમેકુલસુમ આપસકી, ભેંન રે બનાએ;
* * *, * * *. ૬
સો બીબી ઝૈનબ, ઓનુકા નામા;
પુછા ભેંનને ઓનુકુ, પાસ મદીનેકે ઠામા. ૭

☆ બેપરવા, બેનિયાઝ

બોત નોમાનકા હક, હે ખિઝમત કેરા;
સહી ભેંન કુછ અસકુ, દીઆ ચાહીએ સવેરા. ૮
પણ કેસે કરના, મેરે પાસ કુછ નાહાં;
બીબી ઝૈનબે જોવાબ. દીયા સુન દલ માહાં. ૯
ભેન તમુ કહેઆ સાચી, એ સહી રે બાતી;
એ સુન સુન મુનનુ, કહયા દન ઓર રાતી. ૧૦

[ રે તું હી ]

ખિઝમત જાએ ના જાએસી. કરના નેકજ કામરે,
કરના નેકજ કામ:
અહલબેત થે રાજી હુએ, નોમાન કેરે નામરે,
નોમાન કેરે નામ. ૧૧

૪૮૬—૧૭૯

બીબી ઝૈનબે કહેયા, કયા દીજીયે ભેંના;
પણ દેનેકુ જર, નાહી ખીસે રે મેંના. ૧
હે ગરેના મેરા, સો અસકુ દીજે;
હે ખિજમત ઓસકી, સહી બુઝકર લીજે. ૨
તબ ગરેના સગલા, ઓસકુ ભેજાયા;
અને ☆ઓજરસાહી કા, જોવાબ રે કલાયા. ૩
કોઇ ÷જઝા હે તેરી, એ ખિજમત કેરી;
અહલબેત ને એતના, થા કલાયા સવેરી. ૪
અને કિયામત દન, રબ જઝા રે દલાવે;
યું અહલબેતે દુઆ, માગી રે સોણાવે. ૫
પણ નોમાને કછુ હે, લીતા રે નાહાં;
બોત ×દરેગ રે ખાયા, આપ દલ માહાં. ૬
અને ઓજરસાહી કી, બાત રે કલાહી;
કે યઝીદે તમુ સાથ, મોજે ભેજા રે સહી. ૭

☆ માફી માંગણી ÷ બદલો × અફસોસ

મે ☆હોરમત તમારી, જાન ખિઝમત કીતી;
સો દુનીયાકે કાજ, નાહી ચંત રે દીતી. ૮
દાદે તમારે કી ખોસાલી, મેં હે ચાહી;
ઓસ નેહેસુ ખિજમત, તમારી કરાહી. ૯
અલહમદો લીલ્લા, પુરે ભાગ રે મેરે;
એ નોમાનને ઓજરસાહી, આખીઆ સવેરે. ૧૦

[ રે તું હી ]

અહલબેતને +જરીયાન ભેજીયા, ખિજમત નોમાન કાજરે,
ખિજમત નોમાન કાજ;
ઓને પીછા ભેજા સહી. ઓજર કીયા કર લાજરે,
ઓજર કીયા કર લાજ. ૧૧

—: ❋ :—

૪૮૭—૧૮૦

સુનો નોમાન ને એસી, બાત રે કલાહી;
બોત ઓજરસાહી, કીતી રે સોણાહી. ૧
કે અહલબેત ખાતમ. નબીજી હો કેરી;
મેં ખિજમત ઓનુકી, પોચા રે સવેરી. ૨
એ ★બખતુ મેરે, ખિજમત પાઇ;
અહલબેત ને એસી, બાત રે કલાઇ. ૩
અસ નેમત હો કેરા. કેતા કરૂં શુકરાના;
કે જોબાં હો સેતી, પુરા હોવે ના બયાના. ૪
અહલબેત બાત સુન, દુઆ રે કીતી;
સો નોમાન કે હકમાં, દુઆ કીતી રે સોણીતી. ૫
સુનો અહલબેત મદીને, નોમાને પોચાએ;
પછે નોમાને પોચા કર, પીછે ફરીએ સોણાએ. ૬
જબ મદીનેકે લોકુને, સુની રે બાતી;
કહયા અહલબેત ફરઝંદ, આયે નબીજીકી જાતી. ૭

☆ બુઝુરગી + દાગીના ★ નસીબ

તબ માહાજરૂ કેરે. સામી કબીલે આયે;
સો નંને ને બડે. આયે રે સોણાયે. ૮
સબુ રોએ રોએ નેંનુ. ચલીઆ નીરા;
લીતે ફેરાક કે ઓનુ દલ, ના હુઇ રે ધીરા. ૯
ઓનુ પોકાર રધન. સબુને કીતા;
રોએ રોએ નેહેસુ, યાદ કીઆ રે મીતા. ૧૦

[ રે તું હી ]

મદીને કે લોક સામી ચલે. ખબર સુનતે કાનરે,
ખબર સુનતે કાન;
અહલબેતકુ વે દેખતે. રોયે રોયે હુયે આધનરે,
રોયે રોયે હુયે આધાન. ૧૧

—: * :—

૪૮૯—૧૮૧

—: રૂબાઇ :—

અહલબેત મદીને પોચીએ. શેહઆદે રહે રણ માંયેરે;
ઇમામ ઝૈનુલઆબેદીન બના, ફરઝંદ દીસે કોઇ નાંયેરે. ૧
ફરઝંદ ખાતમ નબીકે, સબ રહે રણ કે ઠામરે;
અહલબેત એકલે પોચીએ, વતન મદીના જે ગામરે. ૨
ઝૈનુલઆબેદીન એકલે, દેખ દેખ લોકુ ભર નેંનરે;
ઝુરે રે દેખને સારે સોરીજના, કૅ કૅ ફેરાકકે બેંનરે. ૩
જમીમાં ગિરને દાજે લોટીયે, રધન કીયા સુન વીરરે;
ચકોરકુ દેખે બના, ચંદકુ તલ ભી ના હોવે મન ધીરરે. ૪
વેસી રીતે નંને બડે તલ પલ, રેનેવાલે મદીને ગામરે;
ઝુરે રે ઝુરે સબ નેહેસુ, ફરઝંદ નબીકા લે નામરે. ૫
દલ ડમર દાજે છાહીયા, હઇયા આતો ગરજે અપારરે;
નેંનુ તો ભાદેવ લાહીયા, એક તલ ખેચે નાહી ધારરે. ૬

ઓસ દન મદીને ગામમાં, હુઆ જેસા કિયામત દનરે;
નંને ને બડે સબ ઝુરીયે, બેકરાર હુએ સબ તનરે. ૭
ચકોર જું ચંદ બના ટળવળે, જબ હોવે અંધારી રાતરે;
ખોફે રખ્રન વે રીતે કીયા, સુન સુન મુમન બાતરે. ૮

—: ❋ :—

૪૮૯—૧૮૨

ઇમામ ઝેનુલઆબેદીન, જબ એકલે દેખાયે;
ઓર ફરઝંદ નબીકે, કોઇ નજરૂ ના આયે. ૧
તબ ☆સોરીજન ગિરે, ભુમા રે લોટાએ;
અને નેંનુ આંસુ, બોત રે ચલાએ. ૨
તબ બરહા કરવત, ઓનુ તન રે વાયા;
ફરી દાજસુ સીના, ઓનુકા જલાયા. ૩
જું દેખાવે ના ચંદા, ચકોર કી નેના;
વેસા મદીનેકે લોકુ, બુઆ મન મેના. ૪
જબ ફરઝંદ નબીકે, કોઇ ના દેખાવે;
અને ઝેનુલઆબેદીન, એક નજરૂ આવે. ૫
અને દીસે બેટીયાં, શેહઝાદે કેરી;
એ મદીનેકે લોકુને, નેંનુ દેખા રે સવેરી. ૬
તબ +ગુરત ઓનુને, આપ તન લાઇ;
અને ફેરાકકી ઓનુને, કીતી રે અગાઇ. ૭
જું પતંગીયા દીપગ બંન, ચેન નાહી રે પાતા;
કે દેખે બાજ ઉડ કર, નાહી અલગા જાતા. ૮
વે વાર ફેર આપકુ, હે માહે રે ઝપાતા;
વે દેખે બના એક તલ, ચેન નાહી પાતા. ૯
એસી મદીનેકે લોકુંકી, સોણાઇ રીતા;
ઓનુ રોએ રોએ એતના, કીઆ દલકે પીતા. ૧૦

[ રે તું હી ]

☆ દોસ્ત લોક + ગમ

મદીનેકે લોક આયે સામની, રોતે નેંન ભર નીરરે;
રોતે નેંન ભર નીર,
અહલબેતકે ફેરાકસુ ઝુરીયે, હુઇ ના તલ મન ધીરરે,
હુઇ ના તલ મન ધીર. ૧૧

૪૯૦—૧૮૩

—: રૂબાઇ :—

અહલબેત ફેર કર પોચીયે, ફેરાકસુ મદીને ગામરે;
ખાતમ નબીકે રોઝેકી. આયે ચલે પેંલે વેં ઠામરે. ૧
આહકે નારે રગોમે ડાલીયે, ખાતમ નબીજીકે પાસરે;
દુખે રોજા જા મોબારક, સહી બુઝો ખાસરે. ૨
વાએ મહમદ આખીયા, વાંએ જદા કર કહી બાતરે;
યતીમ તમારે નબી હમના, યું બોલે અહલબેત જાતરે. ૩
ફરઝંદ ગરીબ તમારડે, રોવે બાંત ગમમા ભર નેંનરે;
મેહેનત પોચી નબી હમના, અહલબેત કહીયે બેંનરે. ૪
મઝલુમ હુએ યા રસુલલ્લા, ફરઝંદ તમારૂં કા નામરે;
મઝલુમ કીએ સહી હમના, કરબલા રણકે ઠામરે. ૫
ફરઝંદ તમારે રે મારીયે, ખંજરે કર કર ધાવરે;
તરસે થે હોઠ બાંત સુકતે, દુરીજનુ દીયા એ દાવરે. ૬
કીયે તો રૂદન અહલબેતને, સુનને સુન એસી રીતરે;
પોકાર રોયેરે આધે ખાતમા, બયાનકી રીતે એસોણીતરે. ૭

—: * :—

૪૯૧—૧૮૪

અહલબેત ચલ આયે, નબી રોઝે કે પાસા;
સો રોએ રોએ હુવડે, સહી એસી તંગાસા. ૧
બાંત ફેરાક હો સેતી, આએ રૂદન રે કરતે;
સો નેંનુ નીર મેંહે, રીતે રે ભરતે. ૨

વાએ માહંમદા કરને, નામ નબીજીકા આખા;
વાએ જદા કરને, બાજ રે દાખા. ૩
વાએ સૈયદા કર કર, બોલે રે સહી;
અને બોલ રધનકી, ખબર રે લહી. ૪
યું રોયે રોયે ફરીયાદ, અહલબેતે કીતી;
સો દુઃખકી હકીકત, સબ બાત રે કીતી. ૫
યું મોસતફા રોજેકે, આસ પાસ ફરીએ;
અને ફરીયાદ રીતે. બયાન રે કરીએ. ૬
ઉમેસલમ રજીઅલા, અનહોમ કહીએ;
સુનો ઉમેહાત મુમનીન, એોનુકુ કહીએ. ૭
એતા હૈ રે આપ. બાર રે આયે;
અહલબેતકા દુઃખ દેખ, રોએ રે સોણાયે. ૮
ખાક કરબલાકી નબીને, થી જનુકુ સોંપાઇ;
વૅ શેહઝાદે હુસેનકે, થી જનુને દેખાઇ. ૯
વૅ ઉમેસલમ, બુઝો રે નામા;
એ સુન સુન રાખો, દલકે ઠામા. ૧૦

[ રે તું હી ]

અહલબેત રોઝે પાસ આવ કર, રોયે ભર ભર નેંનરે,
રોયે ભર ભર નેંન;
તબ દાદી ને આવ કર, કહે દિલાસે કેનરે,
કહે દિલાસે કેન. ૧૧

—: * :—

૪૯૨—૧૮૫

શેહઝાદેકી બેટી, કુ ☆દુખતર કહીએ;
આવ દાદીને એોનુકા, હાથ પકડા લહીએ. ૧
જબ ઉમેહાત મુમનીન, અહલબેતકુ દેખાએ;
તબ રધન કરતે, બાત રે સોણાએ. ૨

☆ બેટી

આવ શેહઝાદેકી બેટીએ, દાદી ગલે રે લગાએ;
અને દાદીને ભી ઓનુકુ, બૉત નેહેસુ ચાએ. ૩
તબ ઉમેહાત મુમનીન, રોએ ભર ભર નેંના;
સો ફેરાક હો કેરે, કૅ કૅ બેંના. ૪
બૉત રથન તો કીતા, ઍાસ રે ઠામા;
વાએ મહમદ કરને, કહયા રે નામા. ૫
પછે ઉમેહાત મુમનીન, દિલાસા કીતા;
અહલબેતકુ દિલાસા, કીઆ રે સોણીતા. ૬
તબ ઉમેહાત મુમનીન, એતા ફરમાયા;
સો રોને હો કેરા, સવાબ બતાયા. ૭
ઇમામ હુસેનકુ યાદકર, જે રોએ રે જાતી;
ઓસે સવાબ હો કેરી, કહી રે બાતી. ૮
જું ફસલ ☆ઘોરમા, હૈ બયાન રે કીતા;
ત્યું ઉમેહાત મુમનીને, કહયા રે સોનીતા. ૯
સો ફરમાયા સવાબ, રોને હો કેરા;
એ સુન સુન મુમનુ, મન દીયા સવેરા. ૧૦

[ રે તું હી ]

નેંના ભર ભર રોહીએ, ઉમેહાત મુમનીન જાતરે,
ઉમેહાત મુમનીન જાત;
અહલબેતકુ નેહેસુ ચાહકર, કહી દિલાસા બાતરે,
કહી દિલાસા બાત. ૧૧

૪૯૩—૧૮૬

—: દોહા —

સુનને વીરા સહી મરના, હાં મરના,
ઘડી ઘડી તલ પલરે;
ઢંગ દુની કેરા તાજ કર, હાં તાજ કર,
મરદ હોને ચલરે. ૧

☆ પહેલી

લખીઆ લેખ ભાઇ પૅાચના, હાં પૅાચના,
બેગે આવે મૅાતરે;
અજલ પૅાચે સહી મરસી, હાં મરસી,
જીવના ના ચા બૅાતરે. ૨
કૅસે ચાવે બૅાત જીવના, હાં જીવના,
દુની કેરે કાજરે;
ધુતે કે ઢંગ મન ધરતે, હાં ધરતે,
આતી કયું નાહી લાજરે. ૩
ઉન ધુતી ને બૅાત ધુતીએ, હાં ધુતીએ,
જનુ ફીયા ચાવરે;
ફરઝંદ નબીજી કે રણમા, હાં રણમા,
કીયા ઓનુ આવ ધાવરે. ૪
થે કરબલામાં રહે તરસે, હાં તરસે,
ફીઆ દુરીજન ઘેરરે;
બાલ તો તરસુ તળવળે, હાં ટળવળે,
આવે ના ઓનુ દલ મૅરરે. ૫
ઢંગ દુની થે મોહીએ, હાં મોહીએ,
કર કર દલમાં ચાવરે;
ફરઝંદ નબીકે તુ બુઝકર, હાં બુઝકર,
ફીઆ ના કુછ ભાવરે. ૬
એસી હે ધુતી સુન દુનીયા, હાં દુનીયા;
સુન સુન બેગે ચેતરે,
અમલ હૈં રે નેક વાવને, હાં વાવને,
એ હૈ દુનીયા ખેતરે. ૭

જે થે રે રણ આવ ભડીએ, હાં ભડીએ,
વૅ ભી મુએ જાનરે;
☆વિસવાસો જીવ નાહી, હાં જીવ નાહી,
સુન સુન વીરા માનરે. ૮
મૉત કી રીત એસી જાનીએ, હાં જાનીએ,
આવે દનને રાતરે;
મરદ હો એ વીર મરીએ, હાં મરીએ,
દેજે દુનીઆ લાતરે. ૯

—: * :—

૪૯૪—૧૮૭

સુનો વઇલકા બેટા, હે બાત રે કરાતા;
બયાન વૅ સારા હે, કાગજુ લખાતા. ૧
જબ ઓનુકે બાપકુ, પોચી રે મૉતા;
તબ વઇલ થે હાઝર, હોતે રે ફૉતા. ૨
કે મૉતકે વખત, અબાં બાંધી રે ગહી;
અને મોં તો કાલા, દેખાયા સહી. ૩
તબ ખલકસુ વઇલને, વૅ હાલ રે છુપાયા;
અને બાપકુ લે જા કર, દફન કરાયા. ૪
અને બાપકી બોત, મન દીતી રે ચંતા;
એક તલ ભી ચંતા થી, ના રહે રે નચંતા. ૫
એતે રાતકુ *સોનામાં, બાપ રે દેખાયા;
મોં રોશન ઉજલે, કપડુસુ આયા. ૬
તબ વઇલકે બાપકુ, દેખ કહી રે બાતી;
કયું રબને બખસી, તેરી રે જાતી. ૭
કે મૉત વેળા મોંહ થા, તેરા અજબ દેખાયા;
તબ બાપને બેટેકુ, જવાબ દલાયા. ૮

☆ ભરૂસો. * ખ્વાબમા

રબે શરાબ કે કાજ, મોજે સજાથી દીતી;
પણ ખાતમ નબીને, મોજે દુઆ રે કીતી. ૯
પુછ્યા નબીજીને વઇલ, તેરા રે નામા;
હાં રસુલલ્લા આખા, મેં એસ રે ઠામા. ૧૦
તબ નબીજીને આખા, હૈ જે કવતાઇ કીતી;
અહલબેતને શહીદું, કે હકમા હે સુણીતી. ૧૧
વૅ પડને શાએરી, મરસીયા નામા;
એતા નબીજીને મોજેકુ, ફરમાયા કામા. ૧૨
તબ મરસીયા સારા, મેં બયાન રે કીતા;
તબ નબીજીને આંસુ, નેંનુ ભરીએ સુણીતા. ૧૩
તબ કપડે નબીજીને, હેં મોજે દીતે;
મોં રોશન હુઆ, મેરા કરમકે લીતે. ૧૪
યું વઇલ ને બેટેકુ, બાત રે કહી;
તબ બેટે ને જાગતે, યાદ કીયા રે દહી. ૧૫

[ રે તુંહી ]

વઇલ બેટેકુ આવકર, કહી સુનેમા બાતરે,
કહી સુનેમા બાત;
મરસીયા શહીદુંકા સુનતે, રોઇ ખાતમકી જાતરે,
રોઇ ખાતમકી જાત. ૧૬

—: * :—

૪૯૨—૧૮૫

—: નજમ :—

બૅાત ઢંગ ભરીયે હેં દુનીયા રે, તમે સુનો રે;
એસે બુઓને તન તો ફનીયા રે, તમે સુનો રે. ૧
ધુતીને બૅાત હે ધુતાએ રે, તમે સુનો રે;
એસે ઢંગસુ જે લોભાએ રે, તમે સુનો રે. ૨

ફરઝંદ ખાતમ નબી કેરડે, તમે સુનો રે;
ઓનુકુ ઘેરીએ અનેરડે, તમે સુનો રે. ૩
તરસે કરબલા ઠામ રે, તમે સુનો રે;
દુરીજનુ કીયા દાવા રે, તમે સુનો રે. ૪
ચલ ચલ ફીએ આપ દાવા રે, તમે સુનો રે;
કુછ મન તરસ ના આવા રે, તમે સુનો રે. ૫
દુનીયા કે જો ઢંગ થે વં મોએ રે, તમે સુનો રે;
ફરઝંદ નબી કે ના જોએ રે, તમે સુનો રે. ૬
દુની કેરા રાખા મન ચાવા રે, તમે સુનો રે;
તો આવ ફીએ ઓનુ ધાવા રે, તમે સુનો રે. ૭
દુની રંગ કેરી એસી રીતા રે, તમે સુનો રે;
એસા બુઝ કરો ના પીતા રે, તમે સુનો રે. ૮
રબ પાસે +જમીએત ચાની રે, તમે સુનો રે;
આખર ખેર દુઆ હૈ માંગની રે, તમે સુનો રે. ૯
હલાલ તો રોજી હલાહી રે, તમે સુનો રે;
એતા નત માંગી રબ પાસ સહી રે, તમે સુનો રે. ૧૦
પલ પલ મૉત દીજો ચંતા રે, તમે સુનો રે;
દુની કામ હોઇઓ ન ચંતા રે, તમે સુનો રે. ૧૧

—: * :—

૪૯૬—૧૮૯

ઇમામુ કે દુશમન, મારેકા બચાના;
* * *, * * *. ૧
સુનો ફરઝંદ નબી કે, મઝલુમ કીતે;
સો દોરીજનુ દુનીયા, કેરે રે રીતે. ૨
તો શેહઆદેકુ આવ કર, દુઃખ રે દીયા;
જો દુનીયા હો કેરા, લોભ રે કીયા. ૩

+ દિલને ચેન અને સંતોષ

તો મઝલુમ ફરઝંદ, નબીકે કૅલાએ;
જો ઢુંઢ ઢુંઢ આવ કર, શહીદ કરાએ. ૪
દાવે બના થે ફરઝંદ, નબીજી કેરે;
આવ ઢુંઢને અનુકુ, કીએ શહીદ સવેરે. ૫
તો મઝલુમ કરને, હેં કૅતે રે નામા;
પાસ ઇમામ નામ કે, હેં કૅતે રે ઠામા. ૬
તો બૅર તુ અનુ કા, કયું જાએ રે જાવે;
સબ ☆આતશી ને ÷નુરી, હેં જો અનુકુ ચાવે. ૭
થે નબીજી જનુકુ, બૅાત નેહસુ ચાતે;
રબ કરમસુ ×નામુસ, થે રે આતે. ૮
સો મોબારકી રબને, થી નબીકુ કૅલાઇ;
એસી ઇમામુ કેરી, ખુબી રે સુણાઇ. ૯
સુનો ★બૅર તો ઓનુકા, કયું જાએ રે જાવે;
કે અલ્લાહ ને રસુલ, હેં જનુકુ ચાવે. ૧૦
જે નવાસે ખાતમ, નબીજી હો કેરે;
જે ભસત કે જુઆન, કહીએ અનેરે. ૧૧
કયું ખાલી રે જાવે, ઓનુકા બેરા;
કયું દોરીજનુ શીશ, ના હોવે રે કેરા. ૧૨
એ સુન સુન રે બાતી, પાક કરો આપ જાતી;
અને એક કર કહો, દન ઓર રાતી. ૧૩

[ રે તું હી ]

ફરઝંદ ખાતમ નબીકે, મઝલુમ ધરીઆ નામરે,
મઝલુમ ધરીઆ નામ;
સુન સુન વીરા ચેતીએ, એસી દુનીયા ઠામરે,
એસી દુનીયા ઠામ. ૧૪

---

☆ જીન્નાત ÷ ફરિશતે × હ. જીબ્રાઇલ અ. સ. વ. ★ બદલો

૪૯૭—૧૯૦

સુનો ઇમામ હુસેન, નામ શેહઝાદે હો કેરા;
બીબી ફાતમા કે બેટે, તમે સુનીઓ સવેરા. ૧
સુનો કુનીએત અનુકી, થી અબદુલ્લા કેતે;
એ જનમ કે નામસુ, પછાન લેતે. ૨
અને લકબ તો અનુકા, થા ઝકી રે જાનો;
અને શહીદ ભી અનુકા, લકબ પછાનો. ૩
અને શહીદ ભી અનુકા, લકબ રે કહીએ;
અને સિબત ભી અનુકા, લકબ રે લહીએ. ૪
સિબત તો નવાસે, કેરા રે નામા;
એ બોલ હેં કેતે, આરબ કે ઠામા. ૫
એ શેહઝાદે હો નવાસે, ખાતમ કેરે;
ઓનુ કાજ સિબત કર, હેં કેતે રે સવેરે. ૬
સુનો જનમ અનુકા, મહીને માહા;
સો મંગલકા દિન, અવર રે નાહા. ૭
સો ચોથી રે શાબાન, અને ચોથા રે સાલા;
સો હીજરી બરસકા, કહીએ નામા. ૮
બુઝો સતાવન બરસકા, લેખા ઉમર હો કેરા;
સો બાસઠમાં બરસ, બુઝો હીજરી સવેરા. ૯
તબ ઇમામ હુસેન, હુએ શહીદ સહી;
દિન ☆દહાકા તારીખ, દસમી કહી. ૧૦
સો મોહરમ કેરા, બુઝો રે માસા;
એ સુન સુન રબકી, મન રાખો રે આસા. ૧૧

[ રે તું હી ]

☆ દસમી

ઇમામ હુસેન શહીદ કીએ, આશુરા કેરા દિનરે,
આશુરા કેરા દિન;
ઝવાલથી પેલા સહી, બુઝો એ રાખ મનરે,
બુઝો એ રાખ સન. ૧૨

૪૯૮—૧૯૧

—: પહલ —

ફરઝંદ નબીકે દુરીજનને મારે રે;
આજીઝ તરસે વૅ હુએ થે સારે રે. ૧
રણ માહે ઝાઝુને કીએ ધાવા રે;
દુરીજનુ ઍસા દીઆ દાવા રે. ૨
ઍસા બેર કયા ના જાવે રે;
દુરીજન સુખ વૅ કયું કર પાવે રે. ૩
જનુ નબીજીકે ફરઝંદ મારે રે;
અહલબેત યતીમ કીએ સારે રે. ૪
હાએ ઝાલ ઓનુ સર લીતી રે;
દુરીજનુ એતી ના ચંતા કીતી રે. ૫
દુનીકે કાજ હેં જંગ કરાતે રે;
ફરઝંદ નબી કે મરાતે રે. ૬
એ ખુન દુનીમા જાએ કયું એ જાના રે;
એતા દુરીજનુ મન ના આના રે. ૭
લાલચ કાજથી આંખાં મીચાહી રે;
આગમ ચંતા ના મન માંહે આહી રે. ૮
સુખ અબ કૅસા દુનીમાં પાહો રે;
લડકુમાં કયું તમ રહેસી ખાહો રે. ૯
અહલબેત તમુ યતીમા કીએ રે;
એ સબ કાજ દુનીકે લીએ રે. ૧૦

એસ દુનીમા કયું સુખ હે પાના રે;
એ તો દુરીજનુ ભેદ ના જાના રે. ૧૧
એ બૅર કયું કર જાએ જાવે રે;
દુરીજન દુનીમા સુખ ના પાવે રે. ૧૨
બેગે હોવે ઇમામુકી વારા રે;
નખોદ દુરીજન જાવે સારા રે. ૧૩

—: * :—

૪૯૯—૧૯૨

થા શેહઝાદેકા ગુલામ, કદીમ કૅલાતા;
વૅ નીશાન નેઝા, થા રે રખાતા. ૧
થા શેહઝાદે કે પાસે, લે નીસાન રે રહેયા;
થા કદીમ ગુલામ, સોણા રે ગહેયા. ૨
જબ શેહઝાદે હુસેન, રજીઅલ્લા અનહો કહીએ;
હુએ રણ માંહે શહીદ, સુન કર લહીએ. ૩
તબ ગુલામને નિશાન, લપેટ રે લીતા;
અને તંબુકે માંહે, ડાલ કર રે દીતા. ૪
એ તો ઉઠ કર કુફે, કી તરફ રે ચલીયા;
સો ઓને એસા સોચ, મન માંહે કરીયા. ૫
કે શહીદ હોનેકી, હેં કુફે માંહે ઠામા;
સો અમીરૂલ મોમનીન, અલી બુઝો રે નામા. ૬
અને રજીઅલ્લા, અનહો કહીએ;
સો મુરતુઝા અલીકે, નામ સાથ લહીએ. ૭
જાના ગુલામને એસ ઠામ, જા રહું કો દંના;
વૅ કુફેકુ ચલીઆ, એસા સોચ કર મંના. ૮
તબ જાતે રે કુફેમાં, નગારે સોણાએ;
સો સાદ નામ બાજતે, કાનમા આએ. ૯

સુન યઝીદ કે નગારે, હેં રે કુટાતે;
સો ખુશાલી કી રીતે, વે હેં રે બજાતે. ૧૦
એ સુનતે કુફે થી, પીછા રે ફરીઆ;
અને ફેરાકસુ એતા, મન ગમ રે ધરીઆ. ૧૧

[ રે તું હી ]

ગુલામ શેહઆદે કેરડા, ગયા કુફે કે તીરરે,
ગયા કુફે કે તીર;
નગારે યઝીદકે સુનતે, હુઇ ના મનમા ધીરરે,
હુઇ ના મનમા ધીર. ૧૨

—: * :—

૫૦૦—૧૯૩

વે ગુલામ કુફેથી, મદીને આયા;
પાસ નબીજીકે રોઝે કે, રેના મન રે લાયા. ૧
ઉઆં યઝીદ કે નગારે ભી, બાજતે સોણાએ;
સો સાદ નામ બાજતે, કાનુ રે આએ. ૨
વે નગારે ગુલામકુ, સુનતે કાના;
બાત અફસોસ ગુલામે, દિલ રે આના. ૩
તબ છોડ કર ચલીયા, શહેર રે મદીના;
અને સોચ મનમા, એતના કીના. ૪
કે ચલ મેં જાહુ, એસ રે ઠામા;
જાં મોહંમદ હનીફ, હેં રે નામા. ૫
જે મુરતુઝા અલીકે, બેટે રે કહીએ;
અને પહેલવાન જનુકુ, બુઝો રે લહીએ. ૬
તબ ગુલામ કે મનમા, એતા સોચ રે આયા;
સો અનુકી તરફ, જાના રે ચાયા. ૭

સો છેટા રાહકા, થા તીન રે માસા;
ઉઆં બેગેસુ ચલીઆ, એ નેહેસુ દાસા. ૮
જા પોચા ગુલામ, પાસે શહેર હો કેરે;
થે આડ તલે આદમી, ઓસે પુછા સવેરે. ૯
કે ઇઆં કા ખલીફા કો, કુન હે કૅલાતા;
અને ફેરાકસુ એતના, રાખા આપ જાતા. ૧૦

[ રે તું હી ]

ગુલામ તો બેગે પોચીઆ, જાને શહેરકે પાસરે,
જાને શહેરકે પાસરે;
મોહમદ હનીફ જાં રહે થે, હકીકત કૅને આસરે,
હકીકત કૅને આસ. ૧૧

—: * :—

૫૦૧—૧૯૪

જબ ગુલામ ને પુછા, ખલીફે કા નામા;
જે આદમી થે બેઠે, આડ નીચેકે ઠામા. ૧
તબ ઓનુ કહયા ખલીફા, હે રે પહેલવાના;
જે મોહમદ હનીફ, નામ રે જાના. ૨
કે બૅાત રે પાદશા, જનુ કેદ હેં કીતે;
વૅ પહેલવાન પાદશાહા, હેં જંગ રે જીતે. ૩
તબ ગુલામ ને કાગજ, ઉજલા લીતા;
કરબલા કા એહવાલ, સબ લખીયા સોણીતા. ૪
અને ગુલામને કપડે, ખુબ પેને રે જાતી;
અને ઓનુ પાસ ચલીઆ, એસી સુની રે બાતી. ૫
પુછા પાદશા કે પાસ, મેં કયું કર જાહું;
તમે કહો વૅ રીતે, મેં સોચ રે બનાહું. ૬

તબ ઓનુ કહયા જા તું, જબ વકત રે પાવે;
અને જબ તુ પાદશા, કી નજરૂ આવે. ૭
તબ પાદશા તુજકુ, પાસ રે બોલાવે;
સબ અહવાલ કી બાતી, તેરી રે પુછાવે. ૮
સહી પાદશા હો કેરી, હે એસી રે રીતા;
આવનારેકુ હે પુછતા, બાત કરને પીતા. ૯
એ સુન કર ગુલામ, દરબાર રે આયા;
અને ફેરાકસુ એતના, મન સોચ રે લાયા. ૧૦

[ રે તું હી ]

ગુલામે કાગજમા લખીયા, હકીકત કેરા બયાનરે,
હકીકત કેરા બયાન;
હકીકત કરબલા કેરડી, લખી સહી સબ જાનરે,
લખી સહી સબ જાન. ૧૧

—: * :—

૫૦૨—૧૯૫

જબ દરબાર માહે, પગ ગુલામે ધરાએ;
તબ મોહમદ હનીફ, સામી નજરૂ આએ. ૧
તબ આપસકા જામા, ગુલામે ફડાયા;
સો ટુકડે ટુકડે, ફાડ કર નખાયા. ૨
અને પગડી તો જમીંમા, લેને ડલાઇ;
અને ખાક તો જમીંથી, લે સર માંહે બાઇ. ૩
તબ મોહમદ હનીફ, દેખ આઇ રે મેરા;
કે જાત રે આપકુ, બાત કરતા હે કેરા. ૪
તબ મોહમદ હનીફકુ, દેખ આઇ રે મેરા;
કે જાત રે આપકુ, બાત કરતા હે કેરા. ૫

બૅાત મેહેર કર હાથથી, બેગે કાગજ રે લીતા;
અને ગુલામકુ પાસે, બોલાયા સોણીતા. ૬
જબ મોહંમદ હનીફ, વૅ કાગજ પઢાયા;
તબ ભાઇયું કેરા અહવાલ, સગળા બુઝાયા. ૭
તબ સરથી ટોપી, ભુમાં રે ડલાઇ;
અને ☆જામા તુ ફાડા, એસી ખબર સોણાઇ. ૮
અને તખતથી ભુમા, ગિરીઆ આપા;
અને જમીં માંહે લોટ, લાગા ફેરાકકા તાપા. ૯
અને લોટ લોટ રધન, બૅાત રે કીયા;
અને નેંનુ નીર ચલા, નામ એ લીયા. ૧૦

[ રે તું હી ]

બરહા કરવત વાહીઆ, સુનતે ભાઇકી બાતરે,
સુનતે ભાઇકી બાત;
તબ મોહમદ હનીફને તખતથી, ગિરાહી આપકી જાતરે,
ગિરાહી આપકી જાત. ૧૧

—: ❋ :—

૫૦૩—૧૯૬

એ ખબર તો સુનકર, સબ ઉમરાવ આયે;
આવ મોહંમદ હનીફકુ, જમીંથી ઓઠાયે. ૧
અને વૅ ભી સારે, લોટતે સોણાએ;
સો અફસોસ ઇમામકા, સબ મન રે લાએ. ૨
અને રધન તો સબુને, સુન સુન કીતા;
અને ઇમામુ કા ફેરાક, બૅાત મન રે દીતા. ૩
તબ મોહંમદ હનીફને, એતા ફરમાયા;
કે ઘોડે ને ખચર, બાર કાઢો રે બતાયા. ૪

☆ કપડા

અને લશકર સારા, કરો કાલી રે પોશા;
એતા શેતે કયા, જબ હુઇ કુછ હોશા. ૫
અને દુઆત અને કલમ, બેગે રે મંગાઇ;
અને કિતાબ એરાકકે, ઉપર લખાઇ. ૬
અને કાગજમાં એતની, લખી રે બાતી;
કે ફરઅંદ નબી કેરી, જેતી થી જાતી. ૭
વૅ દોસમન હાથ, કેદ હે પડાઇ;
કે દુરીજનો બેગે. આહો ને ભાઇ. ૮
* * *, યારી કરો ને તમના;
સહી બેગેસુ જાતે હૈં, મદીને હમના. ૯
કે બદ સબ જાકર, ખલાસ કરાના;
એ સોચ તો ભાઇ, બેગે મન લાના. ૧૦
સબ પાદશાહી મોલકકી, હે યઝીદે લીતી;
એ સુન સુન મુમનુ, મન ચંતા એ કીતી. ૧૧

[ રે તું હી ]

લશકર સબુને પોશાક કાલા કીયા, દીયા ફેરાકકુ મનરે,
દીયા ફેરાકકુ મન;
કાગજ ધવ ધવ લખીયા, આહો વીરા તનરે,
આહો વીરા તન. ૧૨

—: * :—

૫૦૪—૧૯૭

યું કાગજ તો લિખકર, એરાક ભેજાયા;
અને કાગજ ભી દુજા, લખા રે સોણાયા. ૧
સો તજીઆન કે, જાં કહીએ ઠામા;
જાં ઇભરાહીમ પાદશા, કેરા રે નામા. ૨

સહી કાગજ પેલે સી. લખી એસ માંહે રીતા;
અને કાગજ તો બેગે, ભેજ રે દીતા. ૩
ભી પાદશા કેલાતા, જે તબરેઝ કેરા;
સો તુગાને તોરક, નામ સુણીયા અનેરા. ૪
ભી એસકી તરફ, કાગજ લખાયા;
સો રીત રે પેલી, લિખને ભેજાયા. ૫
ભી મોહંમદ હનીફકે, જે ભાઇ રે કહીએ;
ભી એનુકુ કાગજ, લખીઆ લહીએ. ૬
સો એમર અલી, નામ રે જાનો;
અને તાલેબ અલી, ભી નામ રે પછાનો. ૭
અને એકીલઅલી, નામ રે કહીએ;
એ મોહંમદ હનીફકે, ભાઇ લહીએ; ૮
સો શામકે મુલકમાં, રેતે એક ઠામા;
ઉઆં રાજ હો કેરા, થા એનુકા નામા. ૯
સહી કિતાબત લિખકર, ઉઆં બેગે રે ભેજાઇ;
એ સુન સુન સુમનુ, દલ ચંતા એ આઇ. ૧૦

[ રે તું હી ]

મોહંમદ હનીફ કે દલમાં, લાગા બાત ફેરાકરે,
લાગા બાત ફેરાક;
તબ ધવ ધવ કાગજ લખીયા, જાં મોલક તોરક એરાકરે,
જાં મોલક તોરક એરાક. ૧૧

—: * :—

૫૦૫—૧૯૮

સુનો મોહંમદ હનીફને, કાગજ ભેજાયા;
સો ભાઇયું કે ઉપર, એસા બયાન લખાયા. ૧

કે સુનીઓ ભાઇ, થા એક દંના;
તબ અપન ભાઇ થે, અઢાર રે તંના. ૨
અપન બાપ કે હજુર, થે અઢાર ભાઇ;
એસી કાગજકે માંહે, ખબર લખાઇ. ૩
મેં હાથ હું બાંધ કર, ઠાડા રહેયા;
સો સરવરે આલમ, કેરા નામ હે લહેયા. ૪
સો મોહંમદ મુસ્તફા, નામ લે આખા;
અને સલલલ્લાહો અલૈહે, વસલ્લમ દાખા. ૫
અને દો ભાઈ બુઝરક, જે થે મેરે;
સો નબીકે નવાસે, તમ સુનીઓ સવેરે. ૬
ઇમામ હસન હુસેન, જો દો કહીએ;
રદીઅલ્લા અનહોમા, અનુ નામ સંગ લહીએ. ૭
સુનો ઇમામ હસનકુ, ઝેર રે દલાયા;
ઇમામ હુસેનકુ, કીએ શહીદ સુણાયા. ૮
સો તરવારે સહી, એ કરબલા ઠામા;
એસા યઝીદને બૅરકા, કીઆ રે કામા. ૯
અને ઓલાદ ઓનુકી, સબ બંદ હે કરાહી;
સો દમીશ્કકે શહેરમાં, હે કેદ માંહે બાહી. ૧૦
ઓસ કાજે મોહંમદ, હનીફ ચલીએ;
અને અસવાર હજાર, હેં બાર રે મલીએ. ૧૧
યું ભાઇયુંકુ કિતાબત, લિખને ભેજાઇ;
એ સુનતે મુમન, દિલ ચંતા રે આઇ. ૧૨

[ રેતુંહી ]

મોહંમદ હનીફ બેગે ચલે, થે અસવાર બાર હજારરે,
થે અસવાર બાર હજાર;
સો મોસતફાકે કાજ પોચીયે, કર બાત મનમા પીયારરે,
કર બાત મનમા પીયાર. ૧૩

—: ❋ :—

૫૦૬—૧૯૯

પછે મોહંમદ હનીફ, બેગેસુ ચલીએ;
કે પીઆદે ચલ, ના શકે રે મલીએ. ૧
અને ઘોડે ભી ચલનેમા, આજીઝ રે આએ;
એસે બેગેસુ જાને, મદીને પોચાએ. ૨
જા સુલતાન અંબીયાકે તરફ, રોઝું ઝિયારત રે કીતી;
સો બશારત માંગની, ચંત રે દીતી. ૩
યા રસુલલ્લા સલ્લેઅલા, અલૈહે વસલ્લમા;
બાત ઓલાદ તમારી પર, થા તમારા કરમા. ૪
એસી ઓનુ પર દુરીજનુ, સખતી સહી રે કીતી;
યું કે કર રોએ, બાત બાત રે સોણીતી. ૫
સો બશારત કેરા, સોચ દલ રે આયા;
ઓસ કાજ રધન, બાત રે કીતા. ૬
સહી રોશન ચંદા, તબ જગ કેરા;
સો ખોવાબમા ઓનુ ને, દેખા રે સવેરા. ૭
સો મોહંમદ મુસતફા, જનુકા નામા;
આવ દીદાર રાતકુ, દીઆ ઓસ ઠામા. ૮
સો મોહંમદ હનીફકુ, આવ બશારત દીતી;
યું નબીજીને દુઆ, બાત રે કીતી. ૯
જબ મોહંમદ હનીફને, બશારત પાહી;
તબ ખુશીસુ ચંતા, એતી દલ લાહી. ૧૦

[ રે તું હી ]

ખાતમ નબીકે સિરાને ગહે, મોહંમદ હનીફ જીનકા નામરે,
મોહંમદ હનીફ જીનકા નામ;
બશારત દીતી નબીને, નેહે કર ઓસહી ઠામરે,
નેહે કર ઓસહી ઠામ. ૧૧

—: * :—

૫૦૭—૨૦૦

—: નજમ :—

ઇમામુકી વારે સુન ધાયે રે, તમે સુનો રે;
મોહંમદ હનીફ સોણાયે રે, તમે સુનો રે. ૧
વીર બૅર કાજે કીતી વારા રે, તમે સુનો રે;
ફેરાક કા સોચ સવારા રે, તમે સુનો રે. ૨
હકીકત સુનતે કાના રે, તમે સુનો રે;
રોએ નેંના ભર ભર જાના રે, તમે સુનો રે. ૩
ફેરાક તો બૅાત મન કીતા રે, તમે સુનો રે;
☆સિયાહ પોશાં હુએ સોણીતા રે, તમે સુનો રે. ૪
ફરઝંદ નબી કાજ ધાએ રે, તમે સુનો રે;
દુઃખ અહલબેત મન લાએ રે, તમે સુનો રે. ૫
જેસા મન રાખતે થે પીતા રે, તમે સુનો રે;
વૅ સોચ બૅર મન દીતા રે, તમે સુનો રે. ૬
રીસ કર હુએ અસવારા રે, તમે સુનો રે;
જીવકુ ના કીતા પીઆરા રે, તમે સુનો રે. ૭
એસે બેગે ધસ કર ચલીએ રે, તમે સુનો રે;
પીઆદે ના ચલ સકે મલીએ રે, તમે સુનો રે. ૮
બેગે ધસ પોચા પેલવાના રે, તમે સુનો રે;
ભાઇ બૅર પુરા મન આના રે, તમે સુનો રે. ૯

☆ કાલો

પુછે અબ દુરીજનુ બાતી રે, તમે સુનો રે;
સઇદુંકી મારી જનુ જાતી રે, તમે સુનો રે. ૧૦
અહલબેત સીને કેરી *ઝાલા રે, તમે સુનો રે;
દુરીજનુ લાગી ઓસ હાલા રે, તમે સુનો રે. ૧૧
નિસાનકુ તીર થા લગાયા રે, તમે સુનો રે;
હુઆ કેરા તીર જે કલાયા રે, તમે સુનો રે. ૧૨
દુનીઆ ના દોરીઝન રેહેના રે, તમે સુનો રે;
ભાગ કાં જાવે જમીં મેંના રે, તમે સુનો રે. ૧૩

—: * :—

૫૦૮—૨૦૧

મોહંમદ હનીફને બશારત, નબીજીકી પાઇ;
બાત કરમકી નજર, નબીકી દેખાઇ. ૧
કહયા તમુકુ આફત, કુછ પૉચે રે નાંહા;
એ ફરમુદા નબીકા, હુઆ ખોવાબકે માંહા. ૨
કે ફતે તો બેગે, હોવે રે તમારી;
એ ભી ફરમુદા નબીકા, હુઆ રે સવારી. ૩
જબ મોહંમદ હનીફને, બશારત પાઇ;
તબ ઓનુકે દિલકુ, જમીએત આઇ. ૫
જબ મોહંમદ હનીફ, પોચે રે મદીના;
તબ તબલ બજાયા, સુન કર લીના. ૫
હે નગારા બનાકર, નામ તબલ ધરાતે;
ઓસે જીનકે હે નેકુ, હે રે બંધાતે. ૬
વેં મોહંમદ હનીફને, તબલ બજાયા;
સો મદીને પૉચતે, બજાયા સોણાયા. ૭
તબ ગુલગુલા પડીયા, ગામ રે મદીના;
કે તબલ તો આવને, કીઆ કંને રે કીના. ૮

* આહ

તબ મસીત ખાતમ, નબીજી હો કેરી;
થા મદીને કા હાકેમ, ઉઆં બેઠા રે સવેરી. ૯
સહી તબલ તો સુનતે, ઓસે ડર રે લગાયા;
મુમન કે દલ સોચ, એતના આયા. ૧૦

[ રે તું હી ]

મોહંમદ હનીફ જા પૉચીએ, બેગે મદીના ગામરે,
બેગે મદીના ગામ;
કીયા +ટણકારા તબલકા, પૉચતે સહી ઓસ ઠામરે,
પૉચતે સહી ઓસ ઠામ. ૧૧

—: * :—

૫૦૯—૨૦૨

સુનો ઓતબ વલીદ, થા હાકેમ કૅલાતા;
સો ખાતમકી મસીતમાં, બેઠા થા સોણાતા. ૧
અને મરવાન ઓસકે, પાસ બેઠા થા કહીએ;
જે ને શેહઝાદેસુ દાવા, પેલા કીઆથા લહીએ. ૨
ઓનુ તબલ સુનકર, ખબર મંગાહી;
સો આદમી ભેજાએ, બાત રે સોણાહી. ૩
જબ આદમી ઓનુકા, બેગે રે આયા;
તબ લશકર ☆ગાલેબ, ઓસે દેખાયા. ૪
કે મોહંમદ હનીફ, આયા પેલવાના;
હવે દુરીજનુ કેરા, અંત ઘટા રે જાના. ૫
મોહંમદ હનીફને આવ, ઓસે આવતે પુછાયા;
જે મદીને હો સેતી, થા ખબરકુ આયા. ૬
કે હાકેમ કુન હે, ગામ રે મદીના;
તબ ઓતબ વલીદકા, નામ ઓને રે લીના. ૭

+ અવાઝ ☆ મોટું

ભી મરવાન કેરા, દુજા લીઆ રે નામા;
હે યઝીદકે ચાકર, દોનુ મદીને ઠામા. ૮
જબ ☆નફરને એતની, બાત રે કહી;
તબ મોહંમદ હનીફને, ફેર કહયા સહી. ૯
કે ફરઝંદ નબીકે, ગામ બાર રે કીતે;
અને ઓતબને મરવાન, હેં એ હાકેમ સોણીતે. ૧૦
સો કરબલા માહે, ભેજ કતલ કરાએ;
જે ફરઝંદ નબીકે, થે રે કૅલાએ. ૧૧
અબ તમે આવ મુજસુ, કરો રે જંગાઇ;
એ સુનતે મુમનુ, દલ ચંતા એ આઇ. ૧૨

[ રે તું હી ]

મોહંમદ હનીફ રીસમાં, કહી જંગકી બાતરે,
કહી જંગકી બાત;
આહોને જંગકે કાજ તમે, હે કેસી તમારી જાતરે,
હે કેસી તમારી જાત. ૧૩

૫૧૦—૨૦૩

મોહંમદ હનીફ કહયા, દેખું કુવત તમારી;
તમે નીકલો ગામથી, બાર રે સવેરી. ૧
ફેર નફરને જા કર, ખબર રે કહી;
તબ ઓતબને મરવાન, બાર આએ રે સહી. ૨
થે અસવાર ઓનુકે, સાથ તેર હજારા;
થે પીયાદે સાઠ, હજાર સોમારા. ૩
સુનો એતના લશકર, ગામ મદીનેથી આયા;
સો ઓતબને મરવાન, સાથ થા કૅલાયા. ૪
અનુ લશકર કેરી, આવ સફાં રે બંધાઇ;
બાત વલીદને મરવાન, રહે પીછે રે સોણાઇ. ૫

☆ આવનાર આદમી

યું ફોજકુ બાંધ કર, ફીઆ જંગ રે સામાના;
તબ મોહંમદ હનીફ, સામી આએ પેલવાના. ૬
સો હજાર આડસુ, ઓનુ ઘોડે રે બાએ;
સો લશકર બીચ, ડાલે ઘોડે રે સોણાએ. ૭
જે કો' ફરઅંદ નબીસુ, હોવે દોસતી રખાવે;
સો આજ ઓનુ સેતી, જંગ રે કરાવે. ૮
સહી ખલઅત ઇનામ, વૅ રે પાવે;
જે સમસેર પુરી, દોરીજનુ બાવે. ૯
યું નકીબને અવાજ, તબ રે દીઆ;
એ સુન સુન મુમનુ, મન એતના લીઆ. ૧૦

[ રે તું હી ]

અપાર લશકર હુરીજના, આયા ચલ મેદાનરે,
આયા ચલ મેદાન;
તબ બૅર કાજ રીસમા ઝુઝીયે,ઓચક ઘોડા પેલવાનરે,
ઓચક ઘોડા પેલવાન. ૧૧

—: * :—

૫૧૧—૨૦૪

તબ મોહંમદ હનીફ, બોલે પેલવાના;
* * *, * * *. ૧
એ ભાઇ વાએ, દોસ્ત રે મેરે;
તમે ફરઅંદ નબીકે, યાદ કરો રે સવેરે. ૨
કે ઓનુ સાથ દોસતી, હો રાખતે મંના;
જે કરબલા માંહે, હુએ કતલ રે તંના. ૩
સો ઇમામ હુસેન, નામ રે જાનો;
રજીઅલ્લા અનહો, ઓનુ નામસુ પછાનો. ૪
સુનો કરબલા માંહા, વૅ શહીદ રે કીતે;
અને અહલબેત બંદ, કીએ રીસકે લીતે. ૫

તમે ઓનુકી દોસતી, મન હો રે ધરાતે;
તો જંગ કે કાજ સાથ મેરે હો આતે. ૬
અબ હે કોઇ તમમાં, પકડે મેદાના;
જું યઝીદકા ચાકર, એક આયા હે જાના. ૭
એતા મોહંમદ હનીફ, બોલે પેલવાના;
સો લશકર સબુને, સુન રે જાના. ૮
વૅ જે યઝીદકા ચાકર, ધસ રણ થા આયા;
થા બકતર બાંધને, જંગ સામાન બનાયા. ૯
અને સર પર ઝલમ, થી રે નખાઇ;
અને બરછી હાથમા, લીતી થી સોણાઇ. ૧૦
સહી એસા ☆સજ્જે કરને, થા રણ માંહે આથા;
ઓસે દેખતે મુમન, દલ સોચ એ લાયા. ૧૧

[ રેતું હી ]

યઝીદ કે ચાકરે આવકર, રણમાં કીતી બાતરે,
રણમાં કીતી બાત;
બોલા બૉાત ગુમાનસુ, કરને આપકી જાતરે,
કરને આપકી જાત. ૧૨

—: * :—

૫૧૨—૨૦૫

કહયા બોઝરક તમારે જે, થે રે કૅલાતે;
વૅ કરબલા માંહે, સબ મારે રે સોણાતે. ૧
અને ફરઝંદ ઓનુકે, બંદ યઝીદે કરાએ,
* * * *, * *. ૨
અબ તમે કયું આપકુ, હો મરાયા ચાતે;
કયું યઝીદ કા ડર, નાહી મન માહે લાતે. ૩
એ સુનતે સિપાઇ, બોલા પેલવાન કેરા;
આવ ખોઆરજી તુજકુ, મેં દેખું રે સવેરા. ૪

☆ પુરા સજીને

એતા કેં કર સિપાઇ, ઓસ સામી રે આયા;
તબ દોનુને રણમા, આવ જંગ રે કરાયા. ૫
આવ દો દો તીર હમલે કીતે, આમના સામી;
તબ બરછી પેરાઇ, જે સિપાઇ રે નામી. ૬
તબ ધસને યઝીદકા ચાકર ગિરાયા;
એસા સિપાઇને નેજા, ચલને લગાયા. ૭
ઓસે મારને પાર કર, કીઆ રે સોઆલા;
ભી યઝીદકા ચાકર, કોઇ આહો અસ હાલા. ૮
તબ એક ભી ફેર કર, સામી રે આયા;
ભી સિપાઇને ઓસે ભી, નેજેસુ ગિરાયા. ૯
સુનો અસ રીતે છતીસ, મારને ગિરાએ;
એતે પેલવાન હો કર, થે જે યઝીદકે આએ. ૧૦
સો એક તો સિપાઇને, વેં મારે રે સહી;
યું સિપાઇને માર માર, યાદ કીઆ દહી. ૧૧

[ રે તું હી ]

મોહંમદ હનીફકે ચાકરને, મારે છ ઓર તીસરે,
મારે છ ઓર તીસ;
યું એકલા રણમાં ઝુઝીઆ, કરને મનમા રીસરે,
કરને મનમા રીસ. ૧૨

—: * :—

૫૦૮—૨૦૧

તબ ઓતબને એતની, કહી રે બાતી;
હે રણ માંહે ઝુઝતી, એકલી જાતી. ૧
અને એકલે ને તીસ, હેં છ રે ગિરાએ;
અબ ઓસ સામી કોઇ, નાહી જાતે રે દેખાએ. ૨
તબ મરવાને કહયા, એ હે બાર રે હજારા;
અને અપના લશકર, હે રે અપારા. ૩

સબ લશકર મલ કર, હમલા કરાહો;
અને એક બાર સગલા, મલ કર જાહો. ૪
તબ યઝીદકા લશકર, સબ ધસ રે આયા;
સો એક બાર હમલા, મલ સબુને કરાયા. ૫
તબ ગુલગુલા કરને, સબુને શોર રે કીતા;
તબ અવાજ તો શોરકા, બૅાત હુઆ રે સોણીતા. ૬
સો જેસા રે હુવડા, કિયામત દંના;
પેલવાન કે લોક, હુએ ☆કવી રે મંના. ૭
તબ મોહંમદ હનીફ, ચલ આએ રે મેદાના;
આવ ધસ રણ રોકીઆ, ઓન શેર હે જુઆના. ૮
તબ બકરીંઉ રીતે, સબ આઘે રે કીતે;
સો દુરીજન જેતે, થ રે સોણીતે. ૯
અને શમશેર પુરી, રીસમા બાઇ;
એ સુનતે મુમનુ, દલ ચંતા એ આઇ. ૧૦

[ રેતું હી ]

પેલવાને રણ આવરોકીઆ, દુરીજનકાંહાંભાગ જાહોરે,
દુરીજન કાંહાં ભાગ જાહો;
ફરઝંદ નબીકે મારીએ, વૅ બાત મનમા લાહોરે,
વૅ બાત મનમા લાહો. ૧૧

—: ❋ :—

૫૧૪—૨૦૭

તબ પેલવાને શમશેર, પુરી રે બાઇ;
અને લશકર સારેને, કુલ કીતી રે જંગાઇ. ૧
ખુબ લશકર ગુઝીયા, ❋સુરીજનુ કેરા;
બૅાત દુરીજન મારે, સુનીયો રે સવેરા. ૨
એતે જંગ તો કરતે, હો ગહી રે શામા;
તીસ હજાર દુરીજન, મારે એસ ઠામા. ૩

☆ મઝબુત ❋ દોસતું

એતે પેલવાન રણથી. ફેર ડેરૂ રે આએ;
અને દુરીજન મદીના, માં ગહે રે સોણાએ. ૪
જો જીવતે રહે થે. વૅ ગહે ફેર ગામા;
અને મરે જો દુરીજન, વૅ રહે રણ ઠામા. ૫
તબ ઓતબ વલીદકા. જો બેટા રે કહીએ;
અને મરવાન સુમારકા, જો બેટા રે લહીએ. ૬
ઓનુ દોનુ મલને. કાગજ લખાયા;
સો યઝીદકુ કાગજ. બેગે રે ભેજાયા. ૭
કે મોહંમદ હનીફ, આએ રે પેલવાના;
તુ જાની કે ઓનુને, લીઆ રે મેદાના. ૮
તીસ હજાર હમારે, લોક રે મરાએ;
અબ હમ તો ઓનુકે, હૈ જંગથી હરાએ. ૯
અબ હમ તો ફેર કર, લડ સકે રે નાહા;
સહી દેશત લગાઇ, એસી હમુ દલ માહા. ૧૦
એસા કાગજમાં લખીયા, નાંહી હમારા ચારા;
એ સુનતે સુમનુ, કહયા દલ કે પીયારા. ૧૧

[ રે તું હી ]

હજાર તીસ મારે સહી, દુરીજન રણકે ઠામરે,
દુરીજન રણકે ઠામ;
સો બૅર કાજ આવ ગુઝીએ, મોહંમદ હનીફ જે નામરે,
મોહંમદ હનીફ જે નામ. ૧૨

—: * :—

૫૧૫—૨૦૮

—: નજમ :—

એસી સુનો રીત હે પીતા રે, તમે સુનો રે;
સુન બુઝો જંગ કેરી રીતા રે, તમે સુનો રે. ૧

સુન પેહલવાન ધાએ રે, તમે સુનો રે;
મદીને બેગે ચલ આએ રે, તમે સુનો રે. ૨
લશકર થા ઓનુ સાથા રે, તમે સુનો રે;
પકડા થા નેહે સેતી હાથા રે, તમે સુનો રે. ૩
ઓનુ તન કીઆ થા તાજા રે, તમે સુનો રે;
પીછે રેતે આઇ ઓનુ લાજા રે, તમે સુનો રે. ૪
એસા ઓનુ લગાયા થા નેહા રે, તમે સુનો રે;
તો ના કીઆ નેહે આપ દેહા રે, તમે સુનો રે. ૫
પેહલવાન સંગ તો પોચાએ રે, તમે સુનો રે;
મદીનેમાં ચલ સાથ આએ રે, તમે સુનો રે. ૬
રણ માંહે ધસ કીઆ જંગા રે, તમે સુનો રે;
દુરીજન માર કીએ એ ભંગા રે, તમે સુનો રે. ૭
કેને મારે નેજેસુ ગિરાએ રે, તમે સુનો રે;
કેને પગ પકડ ગિરાએ રે, તમે સુનો રે. ૮
કેને શીશ કાટને ડલાએ રે, તમે સુનો રે;
કેને ધસ ખંજરૂં મરાએ રે, તમે સુનો રે. ૯
કુવતે યું ચલ ચલ આયા રે, તમે સુનો રે;
દીપગ જું પતંગ ઝુપાયા રે, તમે સુનો રે. ૧૦
એ રણકુ ચમકે જું ચુર રે, તમે સુનો રે;
હુએ ઘાવ ઝોલમુકુ પુર રે, તમે સુનો રે. ૧૧
શેહઝાદે કે બેરે કેરે કાજા રે, તમે સુનો રે;
એસા કીઆ જંગ કા ઇલાજા રે, તમે સુનો રે. ૧૨

—: ❋ :—

૫૧૬—૨૦૯

જે યઝીદ કા શહેર, દમીશ્ક નામા;
યું લખને કાગજ આનુ, ભેજા ઓસ ઠામા. ૧

જબ યઝીદકુ ખબર, એ રે પોચાઇ;
તબ યઝીદકે મનમાં, દેશત રે આઇ. ૨
તબ મોં કા રંગ, હુઆ રે પીલા;
અને તન તો ઓસકા, હુઆ ડરસુ ઢીલા. ૩
તબ યઝીદને ઉમરાવ, આપકે બોલાએ;
અને ફિકર કાજે પાસ, ઓનુકુ બેઠાએ. ૪
જો કહયા મોજે એતના, પેલા રે જનાતા;
તો એ કામ હરગીઝ, મેં ના રે કરાતા. ૫
મેં એતના ના બુઝા, મોજે રીસ રે કરેગા;
કે મોહંમદ હનીફ ગોસા, મનમાં ધરેગા. ૬
અને રીસ તો કરને, અબ આયા પેલવાના;
અસ પેલા તો એસા, મેં ના થા રે જાના. ૭
જબ યઝીદ ને એતની, બાત રે કહી;
તબ ઓસકે લાકુને, સબ સુન કર લહી. ૮
તબ સબુકે કસણા, હુએ રે ઢીલે;
અને ડર કે લીતે, મોં હુએ રે પીલે. ૯
દેખ શેહઝાદેકુ એકલે, પેલી મસતીથી આઇ;
કને ડરસુ લાગે, અબ માહી રે ભાઇ. ૧૦

[ રે તું હી ]

યઝીદે પેલવાન કેરડી. સુની આએકી બાતરે,
સુની આએકી બાત;
મોં કા રંગ પીલા હુઆ, ધ્રુઝી ઓસકી જાતરે,
ધ્રુઝી ઓસકી જાત. ૧૧

—: * :—

૫૧૭—૨૧૦

તબ ઓમર સાદ, નામ જે કહીએ;
અને અબદુલ્લા ઝીયાદ, દુજા જે લહીએ. ૧

તબ ઓનુ દોનુ યઝીદકુ, બાત રે કહી;
સો યઝીદ ને સુન કર, લીતી રે સહી. ૨
કહયા એ તો હુસેનકા, બડા ભાઇ રે કાંહાં;
સહી એ તો હે કૅલાતા, નંને ભાઇયું કે માંહાં. ૩
તબ યઝીદને કહયા, અસે મેં હું જાનતા;
એ મોહંમદ હનીફકુ, હું રે પછાનતા. ૪
સહી પેલવાન એસા, અવર તો નાંહા;
સો સબ જગ ઢુંઢુ, અસ જમાને કે માંહા. ૫
એેતા યઝીદે કૅકર, ખબર પુછાઇ;
હે સાથ કોન કોન, મુજે કહોને અગાઇ. ૬
કયા એક હે મોસીબ, ફાક રે કહીએ;
જે અલીકા બડા, બેટા રે લહીએ. ૭
અને દુજા તો તોગાત, તોરક રે જાનો;
જે તબરેઝ કેરા, પાદશાહ પછાનો. ૮
ઓને પેલવાન કેરી, બૅત કબુલ હે કીતી;
વૅ ભી સાથ હે રે આયા, જાત વાર ને દીતી. ૯
અને તીજા તો હે અભરાહીમ, અજદર નામા;
કે પાદશાહી કરતા, હે નખ કે ઠામા. ૧૦
જે માલેક કેરા, બેટા રે કૅલાયા;
વૅ પેલવાન સાથ, હે રે આયા. ૧૧
